
તદ્દન નવો સ્ટોક આવી ગયેલ છે
બાંધણી
પ્યોર સિલ્ક
પટોળા
ઘરચોળા
Bhatia Creation
Sir Lakhajiraj Road, Rajkot
8238200086



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ-૯ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૧-૫-૨૦૨૫ - બુધવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૨૯ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT



હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક-લેસોટેક્ષ લેસર-HAL-IRC-K.S. દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર


### ૧૦ થી ૧૩ મે સુધી યોજાયેલી સિંહોની વસ્તી ગણતરી બાદ સતાવાર આંકડા જાહેર

# સિંહોની સંખ્યા ૮૯૧: અભ્યારણની બહાર સામ્રાજય વધાર્યુ

### ૧૯૬ નર, ૩૩૦ માદા, ૧૪૦ પાઠડા તથા ૨૨૫ બચ્ચા નોંધાયા



અમદાવાદ તા.૨૧

એશિયાઈ સિંહોની વસ્તી ધરાવતા એકમાત્ર ગીર અભ્યારણ તથા આસપાસના ભાગોમાં સાવજોની સંખ્યા ૮૯૧ પર પહોંચી છે. પાંચ વર્ષમાં વસતીમાં ૨૧૭નો વધારો થયો છે. સરકાર દ્વારા ગત ૧૦થી૧૩ મે સુધી હાથ ધરાયેલી વસ્તી ગણતરી બાદ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે સંખ્યા જાહેર કરવામાં આવી હતી.

ત્રણ દિવસની વસતી ગણતરીમાં



### ૨૦૨૦માં સંખ્યા ૬૭૪ હતી: 'પ્રોજેકટ લાયન' ૨૦૪૭ સુધીમાં સાકાર કરવાનો મુખ્યમંત્રીનો કોલ

કુલ ૮૯૧ સિંહો જોવા મળ્યા હતા તેમાં ૧૯૬ નર, ૩૩૦ માદા, ૧૪૦ પાઠડા તથા ૨૨૫ બચ્ચા નોંધાયા છે. ૨૦૨૦ની વસતી ગણતરીમાં સિંહોની સંખ્યા ૬૭૪ની હતી તેની સરખામણીએ ૨૧૭નો વધારો થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં યોજવામાં આવેલી ૧૬મી સિંહ વસ્તી અંદાજના આંકડાઓની ગૌરવપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું કે, રાજ્યમાં સિંહોની સંખ્યા ૮૯૧ની થઈ છે.

રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે ડાયરેકટ બીટ વેરિફિકેશન એટલે કે બ્લોક કાઉન્ટ પદ્ધતિથી સિંહની વસ્તી અંદાજની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ વર્ષે તારીખ ૧૦ થી ૧૩ મે દરમિયાન ૧૧ જિલ્લાના

(અનુ. પાના નં. ૧૨ પર)

### અત્યાર સુધી વર્ષમાં રિટર્ન ફાઈલ કરવાની મંજુરી હતી

## હવે કરદાતા ૪ વર્ષ સુધી ફાઈલ કરી શકશે અપડેટેડ આઈટી રિટર્ન

નવી દિલ્હી તા.૨૧

ઈન્કમટેકસ વિભાગ આઈટીઆર-યુ ને નોટિફાઈ કરી દીધો છે, તેનાથી કરદાતા કોઈ એસેસમેન્ટ યર માટે અપડેટેડ રિટર્ન એ વર્ષના અંતને લઈને ૪ વર્ષમાં ફાઈલ કરી શકે છે. અત્યાર સુધી ૨૪ મહિનામાં જ અપડેટેડ રિટર્ન ફાઈલ કરવાની મંજુરી હતી, જો કે આ વર્ષના બજેટમાં આઈટીઆર-યુ ફાઈલ કરવાના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને તેના મુજબ આઈટીઆર-યુને નોટિફાઈ કરવામાં આવ્યો છે. આ રીતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે એસેસમેન્ટ યર ૨૦૨૫-૨૬ માટે ઓરીજીનલ રિટર્ન ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધી ફાઈલ કરી શકાય છે. મોડેથી રિટર્ન ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ફાઈલ થઈ શકે છે. જયારે આમ ન થઈ શકે તો પણ અપડેટેડ રિટર્ન ૧ જાન્યુઆરી ૨૦૨૬થી ૩૧ માર્ચ ૨૦૩૦ સુધીમાં કયારેય પણ ફાઈલ થઈ શકે છે. સંબંધીત એસેસમેંટ પરના અંતરથી



(અનુ. પાના નં. ૧૨ પર)

### આવકવેરા વિભાગે આઈટીઆર-યુ નોટિફાઈ કર્યું

### છતીસગઢમાં સેનાના ૫૦ કલાકના સર્ચ ઓપરેશન બાદ મોટી સફળતા

# એક કરોડના ઈનામી સહિત ૨૮ નકસલીઓ ઠાર

### અબુઝમાડ વિસ્તારમાં ડીઆરજીના જવાનો અને નકસલીઓ વચ્ચે સામસામા ગોળીબારમાં એક જવાન શહીદ, એક ઘાયલ

નારાયણપુર (છતીસગઢ) તા.૨૧

છેલ્લા કેટલાક દિવસથી દેશના જવાનો દેશની અંદરના અને બહારના આતંકીઓની સાફસુફી કરી રહ્યા છે. પાકિસ્તાનમાં 'ઓપરેશન સિંદુર' મિશન અંતર્ગત ૧૦૦થી વધુ આતંકીઓને ઢેર કરવાની સાથે દેશની અંદરના આતંકીઓ નકસલીઓને પણ ઠાર કર્યાનું અભિયાન ચાલી રહ્યું છે. તાજેતરમાં જ અનેક નકસલીઓને ઠાર કરાયા બાદ આજે છતીસગઢમાં નારાયણપુરમાં ડીઆરજીના જવાનો સાથેની અથડામણમાં ૨૮ જેટલા નકસલીઓ માર્યા ગયા હતા. આ આંકડો વધી શકે છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ છતીસગઢના નારાયણપુર, બીજાપુર જિલ્લામાં ડીઆરજીના જવાનો અને નકસલીઓ વચ્ચે અથડામણ આ લખાય છે ત્યારે ચાલી રહી છે. અબુઝમાડ વિસ્તારમાં થઈ રહેલી અથડામણમાં અત્યાર સુધીમાં ૨૮ જેટલા નકસલીઓ માર્યા ગયાના અહેવાલ છે. આ સંખ્યા વધી શકે છે. નારાયણપુર, બીજાપુર અને દંતેવાડા ડીઆરજીના જવાનોએ મોટા



નકસલી લીડર્સને ઘેરી લીધા હતા. આ અથડામણમાં એક કરોડનો ઈનામી નકસલી બસવરાજ પણ ઠાર થયો છે.

જયારે અથડામણમાં એક જવાન શહીદ થયો છે અને એક જવાન ઘાયલ થયો છે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ અબુઝમાડમાં નકસલ ઓપરેશન ચાલુ છે. નારાયણપુર, બીજાપુર અને કોંડાગાંવના ડીઆરજીના જવાનોએ નકસલીઓના મોટા કમાન્ડરોને ઘેરી રાખ્યા છે. બન્ને તરફથી ફાયરીંગ ચાલુ છે. લગભગ ૨૮ નકસલીઓ માર્યા ગયાની ખબરો છે. માર્યા ગયેલા નકસલીઓની સંખ્યા વધી શકે છે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતુ કે ૨૦૨૬ સુધીમાં દેશમાં નકસલીઓનો ખાત્મો બોલાવવામાં આવશે. એ હકીકત છે કે છેલ્લા કેટલાક દિવસના ડીઆરજીના જવાનોના ઓપરેશન દરમિયાન મોટી સંખ્યામાં નકસલીઓ માર્યા ગયા છે. આ અથડામણ દરમિયાન સેનાનો એક જવાન શહીદ થયો હતો.

### વન બેન્ક, વન નંબર

## ગ્રાહકોને છેતરપિંડીથી બચાવવા બેન્કોને મળશે તેનો નેશનલ કોલીંગ નંબર

નવી દિલ્હી તા.૨૧

ગ્રાહકોને છેતરપીંડીથી બચાવવા ટુંક સમયમાં બેન્કો પોતાનો એક નેશનલ કોલીંગ નંબર લાવશે. બેન્કનો પોતાના રાષ્ટ્રીય નંબર હોવા અને તેના પર ઈનકમીંગ કોલની સુવિધાથી ગ્રાહકોની સુરક્ષા અને સુવિધા વધશે.

અહેવાલો મુજબ બેન્કોએ સરકાર સમક્ષ ''૧૬૦૦ XX'' સીરીઝમાં દરેકને માટે એક અલગ નંબરનો પ્રસ્તાવ કર્યો છે. એક અધિકારીએ જણાવ્યું છે કે પ્રત્યેક બેન્કનો પોતાનો રાષ્ટ્રીય નંબર હોય અને તેના પર ઈનકમીંગ કોલની સુવિધાથી ગ્રાહકોની સુરક્ષા અને સુવિધા વધશે. અમે આ મુદ્દે સરકાર અને રિઝર્વ બેન્ક સાથે ચર્ચા કરી છે.



### એક કલાકમાં ૨.૫૦ ઈંચ વરસાદથી મુંબઈમાં અનેક ભાગો જળબંબાકાર

# અરબી સમુદ્રમાં વાવાઝોડા સિસ્ટમ: મુંબઈ-ગુજરાતમાં વરસાદ

### ગુજરાતના ૩૧ તાલુકામાં વરસાદ: દિલ્હી, પંજાબ, યુપી, સહિત અનેક રાજયોમાં હવામાન પલ્ટાવવાની આગાહી

મુંબઈ તા.૨૧

અરબી સમુદ્રમાં આકાર પામી રહેલી નવી વાવાઝોડા સિસ્ટમના પ્રભાવ હેઠળ ગુજરાત, મહારાષ્ટ્ર જેવા રાજયોનાં અનેક ભાગોમાં હવામાન પલટા સાથે વરસાદનો દોર શરૂ થયો છે. આવતા દિવસોમાં વધુ રાજયોમાં વાતાવરણ પલટાવવાની તથા વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે કર્ણાટકનાં દરીયાકિનારા પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં વાવાઝોડાની સિસ્ટમ આકાર લઈ રહી છે. ૨૪ કલાકમાં લો-પ્રેસર બનશે અને તે શકિતશાળી બનવા સાથે ઉતર તરફ આગળ વધશે. સાયકલોનિક સરકયુલેશનના પ્રભાવ હેઠળ મહારાષ્ટ્ર સહીતનાં રાજયોમાં વરસાદી ગતિવિધી જોર પકડવાની તથા ૫૦-૬૦ કીમીની ઝડપના પવન સાથે વરસાદ થવાની શકયતા છે.



મૂંબઈ સહિતના ભાગોમાં ગઈ મોડીસાંજે જોરદાર વરસાદ ખાબકયો હતો અને અનેક ભાગો જળબંબાકાર બન્યા હતા. જોગેશ્વરીમાં એક કલાકમાં અઢી ઈંચ (૬૩ મીમી પાણી વરસ્યુ હતું) અંધેરી, મલાડ,કાંદીવલી, બોરીવલી, મીરારોડ, જેવા પરા વિસ્તારોમાં પણ ભારે વરસાદ થયો હતો. સાકીનાકા તથા અંધેરી સ્ટેશન વચ્ચે જળબંબાકારથી ટ્રાફિક જામ હતો. સબ-વે પાણીમાં ડુબી ગયો હતો. થાણે જેવા અન્ય ભાગોમાં પણ વરસાદ નોંધાયો હતો. આગામી તા.૨૪ સુધી તોફાની પવન સાથે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.રાયગર, પાલઘર સહિતનાં ભાગો માટે આગાહી થઈ છે.

ગુજરાતમાં પણ વરસાદી ગતિવિધી વધી હોય તેમ રાજયના ૩૧ તાલુકામાં અઢી ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. સિસ્ટમ આગળ વધવા સાથે વરસાદનું જોર વધવાની શકયતા છે.

(અનુ. પાના નં. ૧૨ પર)

### હવે જુલાઈ માસમાં રોજબરોજના ધોરણે સુનાવણી

## નેશનલ હેરલ્ડ મારફત સોનિયા-રાહુલે રૂા.૧૪૨ કરોડની અપરાધીક કમાણી કરી: ED

**સંપતિ જપ્ત થઈ ત્યાં સુધી અનેક આવક મેળવતા હતા: મની લોન્ડ્રીંગ પણ કર્યું: જો કે અદાલતે પણ અનેક પ્રશ્ન પૂછ્યા**




નવી દિલ્હી: કોંગ્રેસના પુર્વ પ્રમુખ સોનિયા ગાંધી તથા તેમના પુત્ર તથા વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામેના નેશનલ હેરલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ વિભાગે દિલ્હીની રાઉજ એવન્યુ કોર્ટને જણાવ્યું હતું કે સોનિયા અને રાહુલ ગાંધીએ આ કેસમાં અપરાધીક રીતે

(અનુ. પાના નં. ૧૨ પર)

### ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીતમાં પુટીને માહિતી આપી

## પુટીન-જીનપીંગની હાજરી સમયે મોસ્કો પર થયેલા ત્રાસવાદી હુમલાને મારી હટાવાયો હતો!

**યુક્રેન સાથે યુદ્ધ વિરામ છતાં ત્રણ દિવસમાં ૫૦૦થી વધુ ડ્રોન અને મિસાઈલ હુમલા પણ થયા હતા**



વોશિંગ્ટન: ભારતે આ માસમાં તા.૭-૮ના રાત્રીના ઓપરેશન સિંદુર મારફત પાકિસ્તાનમાં ત્રાસવાદી મથકો પર હુમલો કરીને તબાહ કર્યો તે સમયે હજારો કિલોમીટર દુર રશિયા તેની વિકટરી ડે પરેડ પણ મનાવી રહ્યું હતું

(અનુ. પાના નં. ૧૨ પર)

## કન્નડ લેખિકા બાનુ મુશ્તાકના પુસ્તક 'હાર્ટ લેમ્પ'ને બુકર પ્રાઈઝ: ઈતિહાસ રચાયો

### પુસ્તકમાં દક્ષિણ ભારતીય મહિલાઓના મુશ્કેલ જીવનની વાર્તાઓ કહેવાઈ છે

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય લેખિકા, વકીલ અને એક્ટિવિસ્ટ બાનુ મુશ્તાકે તેમના પુસ્તક હાર્ટ લેમ્પ માટે ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ જીતી ઈતિહાસ રચી દીધો છે. હાર્ટ લેમ્પ કન્નડ ભાષામાં લખાયેલ પ્રથમ પુસ્તક છે જેને બુકર પ્રાઈઝ એવોર્ડથી સન્માનિત કરાયું છે. દીપા ભષ્ઝીએ આ પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે.

બુકર પ્રાઈઝ માટે હાર્ટ લેમ્પને દુનિયાભરમાંથી નોમિનેટ કરાયેલા ૬ પુસ્તકોમાંથી પસંદ કરવામાં આવ્યું છે. આ એવોર્ડ મેળવનાર હાર્ટ લેમ્પ એ પ્રથમ શોર્ટ સ્ટોરી કલેકશન છે. દીપા ભષ્ઝી આ પુસ્તક માટે એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય અનુવાદક પણ બની ગયા છે.



બાનુ મુશ્તાક અને દીપા ભષ્ઝીએ મંગળવારે લંડનના ટેટ મોડર્નમાં આયોજિત કાર્યક્રમમાં આ એવોર્ડ રિસીવ કર્યો હતો. બંનેને ૫૦૦૦૦ પાઉન્ડનું ઈનામ મળ્યું હતું. જે લેખક અને ટ્રાન્સલેટર વચ્ચે સમાન હિસ્સે વહેંચવામાં આવશે.

હાર્ટ લેમ્પમાં દક્ષિણ ભારતીય મહિલાઓના મુશ્કેલ જીવનની

(અનુ. પાના નં. ૧૨ પર)

### તામિલનાડુની ક્રિશ્ચીયન મેડીકલ કોલેજ- આઈસીએમઆર દિલ્હીને સફળતા

# ફકત નવ દિવસમાં બ્લડ કેન્સરનો ઈલાજ

### બન્ને પ્રકારના બ્લડ કેન્સરમાં નવી સ્વદેશી થેરાપીથી પ્રતિરક્ષા પ્રણાલી મારફત દર્દીને કેન્સર મુક્ત કરાયા!: ૮૦% કેસ સફળ

ચેન્નઈ: દેશમાં કેન્સરની વધતી જતી બિમારી અને તેમાં અસાધ્ય જેવા બ્લડ કેન્સર એટલે કે રકતના કેન્સરમાં તો મોંઘા ઈલાજો બાદ પણ દર્દીને જીવિત રહેવાની શકયતા નહીવત છે. તેમાં ભારતીય તબીબોએ આ રકત કેન્સરનો કામીયાબ ઈલાજ શોધી કાઢયાનો દાવો થયો છે. વિખ્યાત ક્રિશ્ચીયન મેડીકલ કોલેજ વેલ્લોરના તબીબોએ આઈસીએમઆરની સાથે આ સફળ કામગીરી કી છે જેને 'વેલકારટી' નામ અપાયું હતું અને પ્રથમ વખત કાર-ટી સેલ્સ પ્રયોગશાળામાં બનાવાયા હતા અને તેમાં ૮૦% દર્દીઓને ૧૫ માસ બાદ કેન્સરની મુક્તિ મળી હતી પણ આ કેન્સર ખત્મ થવામાં ફકત ૧૫ દિવસનો ઈલાજ કરવામાં આવ્યો હતો.



આઈસીએમઆર દિલ્હીએ આ અંગે જાહેરાત કરી છે અને કેન્સરનો ઈલાજ સસ્તો-ઝડપી અને સટીક કરી શકાય

(અનુ. પાના નં. ૧૨ પર)


ગોરધનભાઈ ગોવિંદજી ચેવડાવાલા
તા. ૨૨/૫/૨૦૨૫ ગુરૂવારથી યુનિવર્સીટી રોડ બ્રાન્ચ ચાલુ કરીએ છીએ સંતોષ ચાપડી ઉંધીયાની બાજુમાં
99985 21450

વેચવાની છે
સ્કૂલ બેંચ
ટયુશન કલાસને અનુકુળ
સારી કંડીશનમાં, વ્યાજબી ભાવથી
સંપર્ક: 82004 19878 98981 88886
MANISH ads

ઓફીસ વર્ક માટે છોકરીની જરૂર છે
પગાર: ૧૨ હજારથી ૧૫ હજાર
એડ્રેસ:
R.K. ICONIC OFFICE NO.-B-520
Near Ayodhya Chowk, 150
feet ring road. rajkot
MO.-84608 75052,
84900 54391.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ગોલ્ડ લોન
0% પ્રોસેસીંગ ચાર્જ
રૂા. ૩ લાખ સુધી
તાત્કાલીક ધોરણે લોન પ્રોસેસ કરી આપવામાં આવશે.
આ યોજનાનો લાભ લેવા માટે આજે જ નજીકની શાખાનો સંપર્ક કરો

અંગ્રેજી 100% ગેરેન્ટીથી શીખો
25 વર્ષથી ચાલતી સંસ્થા
માસીક માત્ર ₹ 2000 માંજ
કુરેશ માસ્ટર (M.A., L.L.B.) M. 99244 02352
બિલ્ખા પ્લાઝા, સરગમ ફુડ ઉપર, ધરમ ટોકીઝ રોડ, રાજકોટ.

બર્થ ડે પાર્ટી
હોલ + સ્પેશ્યલ મેનુ સાથે
હોટલ કાવેરી
PGVCL સામે, કનક રોડ, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ
Cell : 63566 66777

જોઈએ છે
પેકેજીંગ બોય
સેલ્સમેન / સેલ્સ ગર્લ્સ
અક્ષર ક્રિએશન ૧૮-ગુંદાવાડી મહેશ મંડપની સામે, રાજકોટ
94267 81535 / 94291 68784

જાપાનીઝ ટેકનોલોજીથી
પાર્કીંગના પીળા પટ્ટા કરાવો
બીલ્ડીંગમાં વાહન પાર્કીંગ માટે પ્લાન સાથે માર્કીંગના પીળા પટ્ટા મારી આપીશું
PUNCHO ROAD MARKING PVT.LTD.-91067 16757

# UPIની નવી સુવિધાઓના ઉપયોગે જોર ન પકડયું




નવી દિલ્હી

શું નવી યુપીઆઈ સુવિધાઓ ખરેખર કામ કરી રહી છે? તાજેતરના આંકડા દર્શાવે છે કે ઘણી નવી સુવિધાઓનો ખૂબ જ ઓછો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આનાથી સવાલ ઉભા થાય છે કે આ સુવિધાઓ લોકો સુધી કેમ નથી પહોંચી રહી. વાસ્તવમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)એ ઘણા નવા ફીચર્સ લોન્ચ કર્યા છે. તેમાં યુપીઆઈ લાઈટ, વોલેટ પેમેન્ટ્સ, યુપીઆઈ રિકરિંગ પેમેન્ટ્સ, રૂપે ક્રેડિટ કાર્ડ યુપીઆઈ અને યુપીઆઈ સર્કલ સામેલ છે. આ બધાનો હેતુ નાના વ્યવહારો સાથે બેંકિંગ સિસ્ટમનો ભાર ઓછો કરવા અને નેટવર્કને ઝડપી બનાવવાનો છે. પરંતુ, માત્ર રિકરિંગ પેમેન્ટ અને ક્રેડિટ કાર્ડમાં જ યુપીઆઈમાં ઘણી વૃદ્ધિ જોવા મળી છે. બાકીના ફીચર્સ બહુ લોકપ્રિય થયા નથી. એક ખાનગી બેંકના વરિષ્ઠ બેન્કરે જણાવ્યું હતું કે વોલેટ આધારિત યુપીઆઈ પેમેન્ટ્સ અને યુપીઆઈ લાઈટ દર મહિને લગભગ ૧૦૦ મિલિયન ટ્રાન્ઝેક્શન થાય છે. આ ગ્રોથ મુખ્ય યુપીઆઈ પ્લેટફોર્મ કરતા ઘણી ધીમી છે.

### શું છે ફાયદો? :-

ડેટા અનુસાર, એપ્રિલમાં લગભગ ૧૨૦ મિલિયન યુપીઆઈ ટ્રાન્ઝેક્શન મોબાઈલ વોલેટ્સ અથવા પ્રીપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ (પીપીઆઇ) દ્વારા કરવામાં આવ્યા હતા. તેમની કુલ કિંમત લગભગ ૪૦૦૦ કરોડ રૂપિયા હતી. વોલેટ-આધારિત યુપીઆઈ ચુકવણીથી ગ્રાહકોને ફાયદો થાય છે કે તેઓ તેમના મોબાઈલ વોલેટથી ચૂકવણી કરી શકે છે. આનાથી તેમના બેંક સ્ટેટમેન્ટમાં ઘણી નાની એન્ટ્રી થતી નથી. બીજા બેન્કરે કહ્યું, 'આ શરૂઆતના દિવસો છે. એક વખત મર્ચન્ટ પેમેન્ટ અને ક્રેડિટ ફીચર્સ ઉમેરવામાં આવ્યા બાદ ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે.

### અપેક્ષાઓ કેટલી સાચી છે ?

- માત્ર રિકરિંગ પેમેન્ટ અને ક્રેડિટ કાર્ડથી થતી ચુકવણીમાં નોંધપાત્ર વધારો થયો છે. બાકીના ફીચર્સનો ઉપયોગ ખૂબ ઓછો થાય છે.
- ઓછી જાગૃતિને કારણે, કેટલીક સુવિધાઓ (જેમ કે યુપીઆઈ લાઇટ અને યુપીઆઈ સર્કલ) નો ઓછો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- ફિનટેક કંપનીઓ યુપીઆઈ ફીચર્સને પ્રોત્સાહન આપવા માટે વધુ રોકાણ કરવામાં ખચકાટ અનુભવે છે.

### આંકડા શું કહે છે ?

**૧૦ કરોડ:** દર મહિને યુપીઆઈ લાઈટ દ્વારા કુલ વોલેટ આધારિત યુપીઆઈ પેમેન્ટ અને ટ્રાન્ઝેક્શનની સંખ્યા રહી છે.

**૧૨ કરોડ:** એપ્રિલમાં મોબાઇલ વોલેટ્સ અથવા પ્રીપેઇડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (પીપીઆઇ) દ્વારા યુપીઆઈ ટ્રાન્ઝેક્શનની સંખ્યા રહી છે.

**૪,૦૦૦ કરોડ રૂપિયા:** ડેટા અનુસાર, એપ્રિલમાં મોબાઇલ વોલેટ અથવા પીપીઆઇથી યુપીઆઈ ટ્રાન્ઝેક્શનની કુલ રકમ હતી.

**૮ થી ૯ કરોડ :** દર મહિને યુપીઆઈ લાઈટ દ્વારા કરવામાં આવતા વ્યવહારોની સંખ્યા છે.

**૦.૫-૦.૬ ટકા :** યુપીઆઈ લાઈટ ટ્રાન્ઝેક્શનના કુલ યુપીઆઈ વોલ્યુમમાં હિસ્સો હતો.

**૪ કરોડ :** દર મહિને યુપીઆઈ ઓટોપે પર નોંધાયેલા નવા મેડિટ્સની સંખ્યા રહી છે.

### UPI લાઈટ કેટલી સફળ છે? :-

યુપીઆઈ લાઈટમાં, નાના પેમેન્ટમાં બીજી વખત વેરિફિકેશનની જરૂર હોતી નથી. દર મહિને ૮ થી ૯ કરોડ ટ્રાન્ઝેક્શન થાય છે. જે કુલ યુપીઆઈ વોલ્યુમના માત્ર ૦.૫-૦.૬ ટકા છે. માત્ર એપ્રિલમાં જ યુપીઆઈએ ૧૭ અબજ ટ્રાન્ઝેક્શન નોંધાવ્યા હતા, જેની કિંમત ૨૩.૯ લાખ કરોડ રૂપિયા હતી. સપ્ટેમ્બર ૨૦૨૨ માં શરૂ કરવામાં આવેલી, યુપીઆઈ લાઇટનો હેતુ નાની ચુકવણીઓને સરળ બનાવવાનો હતો. પરંતુ તેના વિશે ઓછી માહિતી હોવાને કારણે, તે વધુ લોકપ્રિય બની શક્યું નહીં.

### UPI સર્કલની સ્થિતિ શું છે? :-

એનપીસીઆઈએ ઓફલાઇન ટ્રાન્ઝેક્શન માટે યુપીઆઈ લાઇટ એક્સ પણ શરૂ કર્યો છે. તે જ સમયે, ગયા વર્ષે ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં લોન્ચ થયેલ યુપીઆઈ સર્કલ, સેકેન્ડરી યુઝર્સ જેમ કે બાળકો અથવા ઘરના લોકો, પ્રાયમરી યુઝર્સમાં વપરાશકર્તાના ખાતામાંથી ચુકવણી કરવાની મંજૂરી આપે છે. આ સાથે ફ્રોડથી પણ રક્ષણ મળે છે. જો કે, આના પર દર મહિને માત્ર કેટલાક લાખ ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા છે.

### રૂપે કાર્ડ શું છે? :-

તે રૂપે પેમેન્ટ નેટવર્ક દ્વારા ભારતની બેંકો દ્વારા જારી કરવામાં આવતું ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ છે. વિઝા અને માસ્ટરકાર્ડની જેમ રૂપે પોતે જ એક કાર્ડ નથી, પરંતુ પેમેન્ટ પ્રોસેસિંગ નેટવર્ક છે જે ઇલેક્ટ્રોનિક ટ્રાન્ઝેક્શનને સરળ બનાવે છે.

### UPI otp શું છે? :-

તેનો ઉપયોગ ઓટીટી સબ્સ્ક્રિપ્શન્સ અને નાણાકીય વ્યવહારો જેવા રિકરિંગ ચુકવણી માટે થાય છે.

### કંપનીઓ શા માટે દૂર ભાગે છે? :-

નિષ્ણાતોનું કહેવું છે કે ઝીરો મર્ચન્ટ ચાર્જ એટલે કે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર)ને કારણે ફિનટેક કંપનીઓ વધુ રોકાણ કરવામાં ખચકાટ અનુભવે છે. એક બેન્કરે જણાવ્યું હતું કે, મોટાભાગની મોટી ફિનટેક કંપનીઓ ઝીરો એમડીઆરને કારણે વધારે પ્રમોશન કે કેશબેક ઓફર આપતી નથી.

## ઓપરેશન સિંદુર મુદ્દે...

# ટ્રેનની ટિકીટ પર મોદીની તસ્વીરથી હોબાળો થતા રેલ્વે બચાવમાં- પીએમ વીરોનું સન્માન કરે છે

નવી દિલ્હી તા.૨૧

'ઓપરેશન સિંદુર'ના નાયકોને સલામ કરતી વડાપ્રધાન મોદીની તસ્વીર ટ્રેનની ટિકીટો પર જાહેર થતા તેને લઈને વિવાદ થતા તેને લઈને રેલ મંત્રાલયે ખુલાસો કર્યો છે કે ટ્રેન ટિકીટમાં મોદીની તસ્વીર સૈનિકોની વીરતા પ્રત્યેની શ્રદ્ધાંજલી છે. ટ્રેનની ટિકીટોમાં ઓપરેશન સિંદુરના નાયકોને સલામ કરતા વડાપ્રધાન મોદીની તસ્વીર સામે વિપક્ષોએ હોબાળો મચાવ્યો છે. આ મામલે રેલવે બોર્ડના માહિતી અને પ્રચાર વિભાગના કાર્યકારી ડિરેકટર




દિલીપકુમારે જણાવ્યું હતું કે વડાપ્રધાન ઓપરેશનના નાયકોને સલામ કરે છે અને તેમની સફળતાનો ઉત્સવ ઉજવે છે. ટિકીટો પર વડાપ્રધાન મોદીને સલામી આપતા દેખાડાયા છે અને ઓપરેશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દેશભરના ટોપ રેલવે સ્ટેશનોને તિરંગાથી સુંદરતાથી સજાવવામાં આવ્યા છે.

# ચંદ્રયાન બાદ હવે બ્રહ્મોસ અને આકાશ મિસાઈલની શૌર્યકથા બાળકોને ભણાવાશે

## કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આપ્યા સંકેત

નવી દિલ્હી તા.૨૦


ચંદ્રયાનની જેમ હવે ઓપરેશન સિંદુરમાં પાકિસ્તાનને ઘુંટણીયે પાડનાર બ્રહ્મોસ અને આકાશ મિસાઈલોના શૌર્યની કથા પણ શાળાના બાળકોને ભણાવવામાં આવશે. શિક્ષણ મંત્રાલય ટુંક સમયમાં જ બધી ભારતીય ભાષાઓમાં સ્કુલના બાળકો સુધી આ કથા પહોંચાડવાની તૈયારીમાં છે. જે સ્કુલોમાં બાળકો સુધી પાઠય પુસ્તકમાં રસપ્રદ રીતે રજુ કરવામાં આવશે.



કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે એક કાર્યક્રમમાં આ બાબતના સંકેત આપ્યા હતા અને કહ્યું હતું કે બ્રહ્મોસ અને આકાશની તાકત આપણી શિક્ષણ વ્યવસ્થાની મજબુતીનું પ્રમાણ છે. માનવામાં આવે છે કે આ પહેલથી બાળકોનાં મનમાં આવા સંશોધન પ્રત્યે વલણ વધશે જે રાષ્ટ્રીય હિતો પ્રત્યે શિક્ષણ નિતિમાં પણ બાળકોમાં સ્કુલી સ્તરે જ આવા બીજ રોપવાની ભલામણ કરાઈ છે.

# બે વિમા પોલિસી હોસ્પિટલનાં ખર્ચમાં રાહત આપી શકે

નવી દિલ્હી : જો તમે નોકરી કરતાં હો તો શક્ય છે કે તમને કંપની તરફથી હેલ્થ ઈન્શ્યોરન્સ પોલિસી મળી હોય અને તમે પોતે વ્યક્તિગત વીમા પોલિસી પણ લીધી હોય. આવી સ્થિતિમાં, જો કોઈ બીમારી અથવા સર્જરીમાં હોસ્પિટલનો ખર્ચ વધારે હોય, તો પછી તમે બંને વીમાનો ઉપયોગ કરીને આર્થિક બોજને ઘણી હદ સુધી ઘટાડી શકો છો.



### એક કરતાં વધુ પોલિસી હેઠળ વીમાનો દાવો કેવી રીતે કરવો :-

૧. હોસ્પિટલમાં દાખલ થયાનાં ૨૪ કલાકની અંદર પ્રથમ વીમા કંપનીને જાણ કરો.

૨. કેશલેસ કલેમ કરવા માટે મંજૂરી મેળવો અને જેવું બિલ પહેલી પોલિસીની વીમા રકમથી ઉપર જાય કે તરત જ બીજી વીમા કંપનીને જાણ કરો.

૩. ડિસ્ચાર્જના સમયે બાકીની રકમ તમારા ખિસ્સામાંથી ચૂકવી દો.

૪. તમામ મેડિકલ બિલ, ડિસ્ચાર્જની વિગતો અને અન્ય દસ્તાવેજો એકત્રિત કરો - પ્રથમ વીમા કંપની પાસેથી કલેમ સેટલમેન્ટ લેટર મેળવો.

૫. અન્ય વીમા કંપનીને કલેમ ફોર્મ્સ, સેટલમેન્ટ લેટર્સ, મેડિકલ બિલ્સ અને કેવાયસી ડોક્યુમેન્ટ્સ મોકલો.

૬. અન્ય કંપની વધારાનાં દસ્તાવેજોની માંગણી કરી શકે છે.

૭. તમે પ્રથમ કંપનીને કહી શકો છો કે તે વેરિફાઇડ ડોક્યુમેન્ટ્સ સીધાં જ બીજી કંપનીને મોકલે.

૮. તપાસ બાદ બીજી કંપની રિફંડની પ્રક્રિયા પૂરી કરશે.

૯. જો ભરતી નક્કી કરવામાં આવી હોય તો ૪૮ કલાક અગાઉથી માહિતી આપો.

૧૦. કેટલીક વીમા કંપનીઓ એક જ દિવસે સેટલમેન્ટ લેટર આપે છે, જ્યારે કેટલીક કંપનીઓ ૩૦ દિવસનો સમય લે છે.

### કઈ પોલિસી પસંદ કરવી જોઈએ ? :-

૧ કોર્પોરેટ પોલિસી પસંદ કરો.

૨. તેમાં ખાસ કરીને રાહ જોવાનો ગાળો, તેમજ શરતો પણ ઓછી છે.

૩. આ ખાનગી પોલિસીના નો-કલેમ બોનસની બચત કરે છે

૪. ફેમિલી ફ્લોટર પોલિસીમાં વીમાને અન્ય સભ્યો માટે સુરક્ષિત રહે છે.

### ખાનગી પોલિસી ક્યારે પસંદ કરવી :-

જ્યારે કોર્પોરેટ પોલિસીની વીમા રકમની મર્યાદા ઓછી હોય

જો હોસ્પિટલનો ખર્ચ ઊંચો રહેવાની અપેક્ષા હોય તો.

### નોંધવા જેવી બાબતો :-


૧. જો બંને વીમા કંપનીઓ કેશલેસ દાવાને નકારે છે, તો બે અલગ અલગ વીમા રકમનાં દાવા દાખલ કરો.


૨. જો બંને પોલિસી એક જ કંપનીની હોય, તો બંને તરફથી કેશલેસ કલેમ થવાની શક્યતા છે.

૩. સબ-લિમિટ ટ્રીટમેન્ટમાં, એક કરતાં વધુ પોલિસીનો ઉપયોગ કરી શકાય છે, દા.ત. મેટરનીટી લાભ એક કરતાં વધુ પોલિસીમાંથી લઈ શકાય છે.

# દિલ્હીનો આજે મુંબઈ સામે 'ડુ ઔર ડાઈ' જંગ

## પ્લેઓફમાં પહોંચવા બન્ને ટીમો માટે રસપ્રદ સમીકરણો : દિલ્હી જીતે તો પછી પંજાબ સામેનો જંગ નિર્ણાયક બનશે





મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડયાએ આજની નિર્ણાયક મેચ માટે પ્રેક્ટિસ-સેશનમાં જબરદસ્ત મહેનત કરી.



ટેસ્ટ-નિવૃત્તિ અને વાનખેડે સ્ટેડિયમમાં નવા સ્ટેન્ડના અનાવરણ બાદ પહેલી વાર મેદાનમાં ઊતરશે રોહિત શર્મા.

મુંબઇ:

IPL 2025ની ૬૩મી મેચ આજે મુંબઈ ઇન્ડિયન્સ (MI) અને દિલ્હી કેપિટલ્સ (DC) વચ્ચે રમાશે. ગુજરાત, બેન્ગલોર અને પંજાબે પ્લેઓફમાં તેમનું સ્થાન પાકું કરી લીધું છે અને હવે બાકીના એક સ્થાન માટેના દાવેદારો મુંબઈ અને દિલ્હી વચ્ચેનો આજનો મુકાબલો ખુબ જ નિર્ણાયક બની રહેશે. મુંબઈ ૧૪ પોઈન્ટ સાથે ચોથા નંબરે અને દિલ્હી ૧૩ પોઈન્ટ સાથે પાંચમા નંબરે છે. ચાલો જાણીએ બન્ને ટીમની પ્લેઓફમાં પહોંચવાની સંભાવનાઓ વિશે.

★ જો આજે મુંબઈ જીત્યું તો ૧૬ પોઈન્ટ સાથે પ્લેઓફમાં પહોંચી જશે.

★ જો દિલ્હી જીત્યું તો પછી બન્ને ટીમે પંજાબ સામેની છેલ્લી મેચનાં પરિણામ સુધી રાહ જોવી પડશે. પંજાબ સામે પણ જીત મેળવીને દિલ્હી ટોપ ફોરમાં પ્રવેશ કરી શકે છે, પણ પંજાબ સામે હાર્યું તો મુંબઈ પંજાબને હરાવીને બાજી મારી શકે છે.

★ જો વાનખેડેમાં આજે વરસાદે મેચ ધોઈ નાખી તો બન્ને ટીમનું ભાવિ મુંબઈકર શ્રેયસ ઐયરની ટીમ પંજાબ નક્કી કરશે. શનિવારે દિલ્હીએ પંજાબ સામે જીત મેળવ્યા બાદ પણ મુંબઈના મેચનાં રિઝલ્ટ સુધી રાહ જોવી પડશે. સોમવારે પંજાબ સામે મુંબઈ જીત્યું તો મુંબઈ, નહીંતર દિલ્હી પ્લેઓફમાં પ્રવેશ કરશે, પણ જો શનિવારે દિલ્હી જીત્યું તો પછી મુંબઈ અને પંજાબ મુકાબલો નકામો બની જશે.

★ જો આજે વાનખેડે અને ત્યાર બાદ પંજાબ સામેના જયપુરના બન્ને મુકાબલા પણ વરસાદે ધોઈ નાખ્યા તો મુંબઈ ૧૬ પોઈન્ટ સાથે દિલ્હી (૧૫ પોઈન્ટ)ને પછાડીને ટોપ ફોરમાં પ્રવેશ કરી લેશે.

**હેડ ટુ હેડ રેકોર્ડ**

| | |
|---|---|
| કુલ મેચ | ૩૬ |
| MIની જીત | ૨૦ |
| DCની જીત | ૧૬ |



### વાનખેડેમાં કોણ ભારી?

સીઝનની પહેલી ટક્કરમાં મુંબઈએ ૧૨ રને દિલ્હીને તેના જ હોમ ગ્રાઉન્ડ પર માત આપી હતી. વર્તમાન સીઝનની છેલ્લી પાંચ મેચમાંથી મુંબઈ માત્ર એક મેચ હાર્યું છે, જ્યારે દિલ્હી છેલ્લી પાંચમાંથી માત્ર એક મેચ જીતી શક્યું છે. બન્ને ટીમ વચ્ચે વાનખેડે સ્ટેડિયમમાં ૧૦ મેચ રમાઈ છે જેમાંથી મુંબઈએ સાત અને દિલ્હીએ ત્રણ મેચમાં જીત મેળવી છે. દિલ્હીએ વાનખેડે શૈકિરણ્યા છેલ્લે ૨૦૧૬માં હોમ ટીમને માત આપી હતી.

### મુંબઈએ પ્લેઓફ માટે એકસાથે ત્રણ રિપ્લેસમેન્ટની જાહેરાત કરી

પાંચ વખતની IPL ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સના ત્રણ શાનદાર ફોર્મ ધરાવતા વિદેશી પ્લેયર્સ ઈંડક્ની ગ્રુપ-સ્ટેજ મેચો બાદ નેશનલ ડ્યુટીને કારણે ટીમનો સાથે છોડી રહ્યા છે. તેમના સ્થાને મુંબઈએ પ્લેઓફ માટે એકસાથે ત્રણ અન્ય વિદેશી પ્લેયર્સને રિપ્લેસમેન્ટ તરીકે ટીમમાં સામેલ કર્યા છે. ઈંગ્લેન્ડના વિલ જેક્સ (૫.૨૫ કરોડ) ના સ્થાને ઈંગ્લેન્ડના જ વિકેટકીપર-બેટર જોની બેરસ્ટો (૫.૨૫ કરોડ) ને. સાઉથ આફ્રિકાના વિકેટકીપર-બેટર રાયન રિકલ્ટન (એક કરોડ)ના સ્થાને ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર રિચર્ડ ગ્લીસન (એક કરોડ)ને અને સાઉથ આફ્રિકાના ઓલરાઉન્ડર કોર્બિન બોશ (૩૦ લાખ) ના સ્થાને શ્રીલંકાના બેટર ચારિથ અસલંકા (૭૫ લાખ)ને ટીમમાં સ્થાન મળ્યું છે. જો મુંબઈ નોકઆઉટ રાઉન્ડ માટે ક્વોલિફાય થાય તો પ્લેઓફ તબક્કાથી ત્રણેય રિપ્લેસમેન્ટ પ્લેયર્સ રમવા માટે ઉપલબ્ધ રહેશે.

## આજનું ચિંતન



### હઠયોગ

**શરીર, મન અને આત્માને સંતુલિત કરવાનો માર્ગ છે**

હઠયોગ એ કોઈ બળજબરીપૂર્વકની સાધના નથી, પરંતુ શરીર, મન અને આત્માને સંતુલિત કરવાની એક સરળ અને અસરકારક પ્રણાલી છે. જ્યારે 'યોગ' ને 'હઠ' સાથે જોડવામાં આવે છે, ત્યારે તેનો અર્થ આધ્યાત્મિક બની જાય છે. 'હઠ' શબ્દ બે અક્ષરોનો બનેલો છે. 'હ' એટલે પિંગળા નાદી કે સૂર્ય સ્વર કે બે નસકોરામાંથી આવતો-જતો શ્વાસ અને 'ઠ'નો અર્થ થાય છે ઈડા નાડી કે ચંદ્ર સ્વર કે ડાબા નસકોરામાંથી આવતો શ્વાસ. આ બંને સ્વરોના મિલનનો અભ્યાસ એ હઠયોગ છે. જ્યારે આ બંને સંતુલિત થાય છે, ત્યારે ઊર્જા મધ્યમ ધબકારા 'સુશુમ્ના' માં વહે છે. હઠયોગના અભ્યાસનો આ મૂળ હેતુ છે. આ સાધનામાં મન અને આત્મામાં છુપાયેલી અનંત શક્તિઓનો વિકાસ થાય છે.



હઠયોગની પરંપરા પ્રાચીન સિદ્ધ પુરુષો અને યોગીઓની પેદાશ છે. દા.ત., આદિનાથ ભગવાન શિવ, ગુરુ ગોરખનાથ અને અન્ય મહાન યોગીઓ. હઠયોગને ગૃહજીવનમાં પણ અપનાવી શકાય છે, જે વ્યક્તિને માત્ર શારીરિક અને માનસિક રીતે જ સ્વસ્થ નથી બનાવતો, પરંતુ તેના શરીર, મન, ઇન્દ્રિયોને પણ સ્વસ્થ કરીને આધ્યાત્મિક પ્રગતિ તરફ પણ આગળ વધવામાં મદદ કરે છે. હઠયોગમાં ૮૪ લાખ આસનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે વિવિધ યોનિ સાથે સંબંધિત છે. આજકાલ યોગ અભ્યાસ, પ્રાણાયામ અને શરીરની શુદ્ધિ કરવાની પદ્ધતિઓ મોટાભાગે હઠયોગમાંથી લેવામાં આવે છે. એવું કહી શકાય કે હઠયોગ એ માત્ર શારીરિક અભ્યાસ જ નથી, પરંતુ તે જીવન ઊર્જાને જાગૃત કરવા અને અંતિમ શાંતિ અને આત્મરક્ષણ તરફ દોરી જવા માટેનો એક સંપૂર્ણ સાધન માર્ગ છે.

**હઠયોગના સાત મુખ્ય ભાગોનું વર્ણન કરવામાં આવ્યું છે**

**ષટ્કર્મ :** શરીરને શુદ્ધ કરવાની પ્રક્રિયા.

**આસનો :** શરીરને સ્થિર અને મજબૂત બનાવતો યોગ.

**મુદ્રા :** ઊર્જાને સ્થિર અને નિયંત્રિત કરવાની પદ્ધતિઓ.

**પ્રત્યાહાર :** ઇન્દ્રિયોને ભીતર તરફ વાળવી.

**પ્રાણાયામ :** પ્રાણશક્તિનું નિયંત્રણ અને સંતુલન.

**ધ્યાન :** આત્મસાક્ષાત્કારની પ્રક્રિયા.

**સમાધિ :** ચેતનાનું સર્વોચ્ચ સ્તર, જ્યાં સાધક મોક્ષની અવસ્થામાં રહે છે.

## સુવિચાર

**જિંદગીમાં જયારે કંઈક મોટુ મળી જાય ત્યારે નાનાને ન ભૂલતા કેમ કે જયાં સોયનું કામ હોય ત્યાં તલવાર કામ નથી આવતી**

# થકાવટ

## મૂલ્યોની મહેક

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

જયારે કોઈ વાતથી તંગ થઈએ છીએ ત્યારે થાક લાગે છે. તંગ અર્થાત ત્રાસ કે અસહ્ય થવાય છે. તંગ થવાય છે તંગીથી, ઓછપથી, ઘટથી. જે જોઈએ છે, જેવું જોઈએ છીએ તેની અપ્રાપ્તિ જીવનમાં તંગી લાવે છે. જીવન જરૂરીયાતવાળી ચીજો જેવી કે કેરોસીન, પેટ્રોલ, રાંધણ ગેસ, સાચુ દૂધ કે અન્ય રીતે મોંઘવારી, ગરીબી, ભૂખ, બીમારી જેવી અનેક બાબતોથી તંગ છે માનવ. હવે આ દુઃખમયી દુનિયા પરિવર્તનને આરે છે તેથી અનેક પ્રકારની તંગી જોવા મળી રહી છે. તંગી જરૂરી ચીજોની સાથે સંબંધોમાં પ્રેમ, હુંફ, વિશ્વાસ, સન્માન, સ્વીકાર્યતાની તો વળી વાણી, વર્તન અને વ્યવહારમાં સરળતા, પ્રસન્નતા, મધુરતા અને પ્રેમ સંપન્નતાની છે. દરેક આ અનુભવો જ છો ને? કઈ તંગી વર્તમાન સમયે વર્તાઈ રહી છે

પરંતુ મુખ્ય, જે દરેક મનુષ્ય સ્વયંના જીવનમાં અનુભવે છે તે છે મનની સાચી પ્રીતની રીતીની તંગી. બાકી ચીજો વગર તો પહેલા પણ માનવ ચલાવી લેતો હતો. પરંતુ આજે અનેક ઈચ્છાઓ અને અપેક્ષાઓથી ઘેરાયેલો મનુષ્ય ઈચ્છાપૂર્તિ ન થતા અહમ ભાવને કારણે, દુનિયાની ભીડ/મેળાવડામાં પણ સ્વયંને એકલો, અસુરક્ષિત સમજે છે. આ બાબત જ મનુષ્ય જીવનને ખત્મ કરી રહેલ છે! આજે વ્યક્તિના મનમાં સદ્દવિચાર, સદ્દભાવના, સહયોગ, સત્કર્મોનો અભાવ કે તંગી છે કારણ કે આત્મારૂપી બેટરી અનેક વખત પુનઃજન્મમાં આવતા આવતા ડિસ્ચાર્જ થઈ ગઈ છે. પરિણામે આંતરિક રીતે દરેક પોતાને ખોખલી એટલે કે શક્તિહીન સમજે છે. કોણ કોને સાંત્વના, આથહ કે ધીરજ આપે? જયારે કે દરેક પાસે પોતાના કર્મોની ગાથાઓ ભરેલી પડી છે. વેદના કોણ કોની સાંભળે! જ્યાં દરેક કોઈ ને કોઈ સહારો, આશરો શોધે છે! કે જ્યાં નિરાંતે બેસી એ થકાવટ ઉતારે!, મનનો બધો ભાર હળવો થાય અને આત્મ તૃપ્તિની પ્રાપ્તિ કરી શકે! તેવું આજના સમયે બાહ્યરૂપથી શક્ય નથી. આથી એક સંતોષરૂપી ધન જ ઉત્તમ ઔષધી છે મનનો બોજ હળવો કરી થાકથી મુક્ત થવા માટે. પરંતુ તે માટે પણ આત્મશક્તિને જાગૃત કરવી પડશે. એક પરમાત્માથી પ્રિત જ આત્માને શક્તિશાળી બનાવી શકે છે. પુરા વિશ્વનો બોજ ઉઠાવવા તે તૈયાર છે પરંતુ તેમને ઓળખવા પડશે ને!

આજે ભક્તિ તો સર્વ કરે છે અને તે વધી છે. અનેક મંદિરો બન્યા છે. તે માટે ધનદાન પણ થાય છે પરંતુ સાથે હોસ્પિટલો કિડિયારાની માફક ઉભરાય છે. વૃધ્ધાશ્રમ વધતા જાય છે, બાળગુના તીવ્રતાપૂર્વક વધી રહેલ છે. અન્નક્ષેત્રો ખુલ્યા છે જેથી ભૂખ્યાને ભોજન તો મળી જ રહે પરંતુ ચોરી, લૂંટફાટ, અપરાધ પણ વધ્યા છે. લોકો આજે અનેક તીર્થો, યાત્રા, વ્રત, તપ, જપ કરીને પ્રભુને પામવા મથી રહેલ છે પરંતુ પ્રભુ મિલન માટેની ઉત્કંઠા મનમાં ક્યાય નથી. ત્યાગ, તપસ્યા કે સાધના અને વૈરાગ્યવૃતિની તંગી છે. આથી હવે મન ભટકે, બુધ્ધિ વિચલિત થવાથી યથાર્થ સમજ ગુમાવ્યા છે. આમ સતોપ્રધાન આત્મા હતી તે અત્યારે કળિયુગના અંતના સમયે તમોપ્રધાન એટલે કે વિકારી, પતિત, ભ્રષ્ટાચારી, બેચેન, બેકાબૂ બની છે. ઘણુ બધુ હોવા છતા આજે અસંતુષ્ટ મનુષ્ય દુનિયાથી તંગ છે. થાકેલો છે. સ્વયંને હિમ્મતહીન સમજે છે. આમ મનની પરેશાનીથી, બેચેનીથી થાક છે. મંદિર, મસ્જિદ કે અન્ય ધાર્મિક સ્થળો પર જઈને મનુષ્ય બે ઘડી સુખ, ચેનની તલાશમાં છે પરંતુ સાચા સુખ-શાંતિની પ્રાપ્તિ તો આંતરિક જગતની દેન છે અને તેની આ નાસમજીને કારણે અનેક યાત્રાઓ બાદ પણ અશાંતી જ અનુભવે છે

તેથી જ આત્મ જાગૃતિ, પરમાત્મ પ્યાર અને સ્વ-દર્શાથી સ્વ-સશક્તિકરણ કરવા રાજયોગનો અભ્યાસ જીવનને ઉંચે લઈ જવા મદદ આપે છે. સૌ આ વાતને સમજીને સ્વયંને અનેક ચક્કરોથી મુક્ત કરવા આધ્યાત્મિકતાને જીવનમાં અપનાવે તે જરૂરી છે જેથી થકાવટ ઉતરે. સતયુગ કે રામરાજયમાં કોઈ થકાવટ હોતી નથી. સૌ બોજમુક્ત પ્રસન્નચિત્ત જીવન જીવતા હોય છે. આ માટે સ્વ પરિવર્તનની જરૂર છે

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ વદ-૧૦, તા.૨૨/૫/૨૫, ગુરૂવાર

સૂર્યોદય : ૬-૦૬, સૂર્યાસ્ત : ૭-૨૦, જૈન નવકારશી : ૬.૫૪
રાશિ : કુંભ (ગ.શ.સ.ષ), ૧૨.૦૭થી મીન (દ.ચ.ઝ.થ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-મેષ, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** સામાજિક સ્તરે છવાયેલા રહેશો, નોકરીમાં લાભ બદલીની ઈચ્છા ફળે, અચાનક કોઈ સારો લાભ.

**વૃષભ :** ભાગ્યોદયની તક માટે ઉતમ સમય રહેવાનો, નવી યોજનામાં સફળતા મળવાની, સ્વાસ્થ્ય બાબત જાળવવું.

**મિથુન :** મહેનતનું ફળ મળવાનું, સામાજિક પ્રતિષ્ઠા વધવાની, રહેણાંકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળ વાની, કર્જ ન કરવું.

**કર્ક :** આધ્યાત્મિક શકિત વધવાની, નાની વ્યકિતથી પ્રેરણા મળે, આવક વધારવાના પ્રયત્નો ફળવાના, વિદેશના પ્રવાસનો યોગ બને.

**સિંહ :** અંગત વ્યકિતઓને સમજવાની કોશીષ કરવી, મિલ્કતથી લાભ મળ વાનો, લગ્ન જીવનમાં એડજસ્ટમેન્ટ કરવાની સલાહ છે.

**કન્યા :** આત્મવિશ્વાસ જાળવી રાખવો, વધુ પડતી લાલચથી પણ દુર રહેજો, ઉધારી ધંધાથી દુર રહેજો, કાનુની પ્રશ્નોથી દુર રહેવું.

**તુલા :** નોકરીમાં ચીવટ રાખજો, શેર સટામાં જાળવજો, વિદેશ સાથેના બિઝનેસમાં સફળતા મળવાની પ્રવાસ થાય.

**વૃશ્ચિક :** સીઝનલ ધંધામાં અનુકુળતા રહે, લગ્ન જીવનમાં ગેરસમજો ટાળજો, નવા સંબંધો બાબત ઉતાવળ ન કરવી.

**ધન :** મહત્વના નિર્ણયો લેવા પડે, ધાર્મિક કાર્યમાં સફળતા ભાઈ- બહેનો સાથે પ્રવાસનું આયોજન થાય.


**મકર :** અનુભવોનો લાભ મેળવશો, લખાણ દસ્તાવેજોના કાર્યોમાં સફળતા રહે, સંગીત કલા ક્ષેત્રે ખેચાણ રહે.

**કુંભ :** વિદેશ વસતા મિત્ર તરફથી આર્થિક લાભ રહે, કાનુની પ્રશ્નોમાં સમાધાન વૃતિ અપનાવો, મિલ્કતથી લાભ.

**મીન :** લકઝરી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, મિત્રો સાથે નાણાકીય બાબતોમાં સતર્કતા રાખવી, પ્રવાસ થાય.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. વેકેશનમાં થતા કેમ્પ (૫)
૫. આવશ્યકતા (૪)
૭. મઝાર-નો તળપદો ઉચ્ચાર (૩)
૮. મેંગો (૨)
૯. ભારતનું પ્રતિષ્ઠિત બિઝનેસ એમ્પાયર (૨)
૧૦. મિસ્ટર ભારત-કહેવાતા અભિનેતા (૬)
૧૪. ટોટલ (૨)
૧૬. અંકલ (૨)
૧૭. પ્રવાહીનું માપ (૩)
૧૯. એક વસ્ત્ર (૪)
૨૧. સ્તબ્ધતાવાળુ મૌન (૩)
૨૨. પગલું (૩)
૨૩. માતા-મરાઠી (૨)
૨૪. નમસ્તે (૪)
૨૭. આંજણ (૩)
૨૮. ...નું વતેસર (૨)
૩૦. ગધેડો મારે (૨)
૩૨. ભય, બીક (૨)
૩૩. લાકડા કાપવાનું સાધન (૪)
૩૪. એક ડ્રાયફ્રુટ (૩)

### ઉભી ચાવી

૨. ડ્રગ્સ કેસમાં સંકળાયેલી મરાઠી અભિનેત્રી (૭)
૩. હોલી ડે (૨)
૪. કાળી-ધોળી કૂકરી અને સ્ટ્રાઈકર (૩)
૫. દેશી મહિલાનું નામ (૩)
૬. એક તેજાના (૨)
૮. અભિતાભ બચ્ચનની એક ફિલ્મ (૬)
૧૧. કાનો-ઉંધુ લખો (૨)
૧૨. લેન્ડલોર્ડ, મકાન ... (૩)
૧૩. રટણનું ટૂંકુ (૨)
૧૫. દવાલ-ઉંધુ લખો (૩)
૧૮. હુંફાળી ચાદર (૩)
૨૦. સ્પોર્ટસ વર્લ્ડ-ગુજરાતી (૬)
૨૩. રાજસ્થાનનો એક પ્રદેશ (૪)
૨૫. મનમરજીથી જીવનારો (૪)
૨૬. સાઇઠ મિનિટ (૩)
૨૯. ત્વરિત (૩)
૩૧. મલાઇ-કાઠીયાવાડી શબ્દ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુ | જ | રા | ત | ડે | | આ | વા | ર | ગી |
| મ | | | રા | મ | મં | દિ | ર | | ત |
| ના | પ | | પ | | | ત્ય | | કા | કા |
| મ | ના | ઈ | | જા | | | કા | ય | ર |
| | હ | ર | ફ | ન | મૌ | લા | | સ્થ | |
| કો | | ફા | | મ | લિ | ન | | | દ |
| કો | મ | ન | | સા | ક | ર | | | મા |
| | સ | ખા | વ | ત | | | ક | દ | મ |
| જ | લ | ન | | તા | વી | જ | | ક્ષિ | |
| લ | ત | | મા | ળી | | લ | ક્ષ્મ | ણ | |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો )

# ગેરકાયદે બાંધકામોનું જંગલ : ઈમ્પેકટ યોજનામાં ૧૦૦૬ મિલ્કતના કારસ્તાન પકડાયા

## છુટછાટવાળા કાયદામાં પણ રેગ્યુલર ન થાય તેવા બાંધકામોને હવે નોટીસની તૈયારી : ત્રણે ઝોનમાંથી ૧૨૨૭૬ અરજીઓ ઈન્વર્ડ થઇ : વેસ્ટ ઝોનનો આંકડો સૌથી ઉંચો..

રાજકોટ તા. ૨૧

રાજકોટમાં પણ પૂરા રાજયની સાથે ગેરકાયદે બાંધકામો નિયમબધ્ધ કરવાની ઈમ્પેકટ ફી સ્કીમ ચાલી રહી છે. પરંતુ મહાનગરમાં ગઇકાલે બાંધકામોનું જંગલ હોય તેવા આંકડા કોર્પો.એ છેલ્લા સમયમાં કરેલી કામગીરી પરથી સામે આવી રહ્યા છે. આ કાયદા હેઠળ કરવામાં આવેલી અરજીઓ પૈકી ૧૦૦૬ અરજી નામંજૂર થયાના આંકડા જાહેર થયા છે જેથી આવા બાંધકામો રેકર્ડ પર સંપૂર્ણ ગેરકાયદે જ હોય તેને ટીપી શાખા ડિમોલીશનની નોટીસ આપશે તેવું જાણવા મળ્યું છે.

સરકારની ઈમ્પેકટ ફી યોજનાનો લાભ આમ તો મુળ હેતુ મુજબ મધ્યમ વર્ગના રહેણાંક આસામીઓ લેતા નથી. અને કોમર્શિયલ અને મોટા બાંધકામો છેલ્લા સમયમાં રેગ્યુલર થયા છે પરંતુ અગ્નિકાંડ બાદ ટીપી વિભાગની મોટા ભાગની કામગીરી ઠપ્પ થઇ છે તેમાં સરકારની ઈમ્પેકટ ફી યોજનાની કામગીરીને પણ બ્રેક લાગી ગઇ છે. આ સાથે ગેરકાયદે બાંધકામોનો ઉદ્યોગ પણ છેલ્લા સમયમાં ખુબ ફુલ્યો છે. કારણ કે ડિમોલીશનની કાર્યવાહીને કાનુની અભિપ્રાયો હેઠળ મંદ કરી દેવામાં આવી છે.

રાજય સરકારે જાહેર કરેલા ઈમ્પેકટ ફી નિયમના લાભ કાયદાને આધીન મળે છે. આમ છતાં લાભ ન મળી શકે તેવા અનેક બાંધકામો ખડકી દેનાર અનેક લોકોએ આ પ્રકારના બાંધકામો નિયમીત કરવા માટે અરજી કરી હતી. જેમાંથી ૧૦૦૬ અરજીઓ નામંજુર થતાં હવે આ બાંધકામો ગેરકાયદેસર હોવાનું સાબિત થઈ ગયું છે. જેના લીધે ટુંક સમયમાં ટીપી વિભાગ આ તમામ બાંધકામોને ૨૬૦ની નોટીસ પાઠવી ડિમોલેશનની કામગીરી હાથ ધરશે તેમ સમજવામાં આવે છે.

સરકાર દ્વારા તા. ૧૭-૧૦-૨૦૨૨થી રાજ્યમાં ગેરકાયદેસર બાંધકામોને નિયત ફી લઈ નિયમીત કરવાનો ઈમ્પેકટ ફી કાયદો અમલમા મુક્યો છે. જે અંતર્ગત ટાઉન પ્લાનીંગ વિભાગમાં તેમજ ઓનલાઈન અરજીઓનો ઢગલો થયો હતો. જેમાં મનપાના સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે ૪૪૬૩ અરજી તથા ઈસ્ટ ઝોનમાં ૧૬૯૪ અરજી અને વેસ્ટ ઝોન માંથી ૬૧૧૯ અરજીઓ આવી હતી. ઈમ્પેકટ ફીના નિયમો હેઠળ ગેરકાયદેસર બાધકામ કરેલ હોય ત્યારે પાર્કિંગની જગ્યા સહિતના નિયમો લાગુ પડે છે. પરંતુ મકાનના ફળિયા ઉપર રૂમ બનાવી લીધા હોય અથવા દુકાનોનું વધારાનું બાંધકામ માર્જીનનો ઉપયોગ કરી કરવામાં આવ્યું હોય તેવી વધુમાં વધુ અરજીઓ આવતા તમામ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. જેના લીધે આ તમામ બાંધકામો ગેરકાયદેસર હોવાનું આસામીઓ દ્વારા જ જાહેર કરાયું હોય ટીપી વિભાગ દ્વારા તેની અલગ નોંધ કરવામાં આવી છે.

જનરલ બોર્ડમાં અપાયેલા જવાબ મુજબ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૨૨૭૬ ગેરકાયદેસર બાંધકામો નિયમીત કરવા માટેની અરજીઓ આવેલ હતી. જે અરજીની ચકાસણી કર્યા બાદ મિલ્કતના નકશાઓ ન આપવા તેમજ અપુરતી વિગતો તથા નિયમ મુજબ પાર્કિંગ અને માર્જિનની જગ્યા ન બતાવી સહિતના કારણોસર મનપા દ્વારા ૧૦૦૬ અરજીઓ નામંજુર કરી આ બાંધકામો વિરુદ્ધ પગલા લેવા માટેની તૈયારીઓ શરૂ કરાઇ છે. ત્રણે ઝોનવાઈઝ ગેરકાયદેસર બાંધકામોની યાદી મુજબ સેન્ટ્રલ ઝોનમાં ૧૮૦૭ ગેરકાયદેસર બાંધકામો તથા ઈસ્ટઝોનમાં ૪૨૯ ગેરકાયદેસર બાધકામો અને સૌથી વધુ વેસ્ટ ઝોનમાં ૨૨૪૭ ગેરકાયદેસર બાંધકામો જાહેર થયા છે.૫

# રાજયના ૭૫ લાખ રેશનીંગ ગ્રાહકોને 'સ્માર્ટ રેશનકાર્ડ' QR કોડવાળા અપાશે

## રેશનીંગની જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક બનાવવા સ્માર્ટ રેશનકાર્ડ યોજનાને રાજય સરકારની મંજૂરી પણ જિલ્લાના અનેક દુકાનદારો હજુ ચાલુ માસના પુરવઠાથી વંચીત

રાજકોટ તા.૨૧

રાજયના ૭૫ લાખ રેશનીંગ ગ્રાહકોને સ્માર્ટ રેશનકાર્ડ કયુઆર કોડ વાળા આપવામાં આવનાર છે. રેશનીંગની જાહેર વિતરણ વ્યવસ્થા પારદર્શક અને સુવિધાજનક બનાવવા માટે રાજય સરકારના પૂરવઠા વિભાગ દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવેલ છે.

જેમાં રાજયમાં હાલ હયાત જૂના રેશનકાર્ડને બદલે નવા બારકોટેડ રેશનકાર્ડ આપવાનું નકકી કરવામાં આવેલ છે. આ નવા રેશનકાર્ડ સંબંધીત ફોર્મ પણ ઈશ્યુ કરી દેવામાં આવેલ છે. જો કે તેની અમલવારી હવે પછી કરવામાં આવનાર છે. અરજદારો ઘરે બેઠા આ સ્માર્ટ કાર્ડ મેળવી શકે તે માટે બારકોડ રેશનકાર્ડના સ્થાને E-SIGN BASED તેમજ કયુઆર કોર્ડ વાળા સ્માર્ટ રેશનકાર્ડ ઈશ્યુ કરવા માટે નીતિગત મંજૂરી આપી દેવામાં આવી છે.



અહીં એ ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા રેશનીંગના ગ્રાહકોને સ્માર્ટ રેશનકાર્ડ આપવાની યોજના છેલ્લા લાંબા સમયથી વિચારણા હેઠળ હતી. તેના પર અંતે રાજય સરકારની મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે. રાજય સરકારના આ નિર્ણયથી રેશનકાર્ડની પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને ડીજીટલ બનશે. જેનો સીધો લાભ રાજયના લાખો રેશનીંગ ગ્રાહકોને મળશે. નવા સ્માર્ટ રેશનકાર્ડ અંગેની કામગીરી રાજય સરકાર દ્વારા આગામી ટુંક સમયમાં જ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

રાજય સરકારના પુરવઠા વિભાગ દ્વારા રેશનીંગ ગ્રાહકો માટે આ સ્માર્ટ રેશનકાર્ડ યોજના અમલમાં મુકવા માટે મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે પરંતુ રાજકોટ જીલ્લામાં રેશનીંગના અનેક દુકાનદારો એવા છે કે જેઓને મે માસનો રેશનીંગનો પુરવઠો પણ હજુ મળી શકયો નથી. જેના પગલે ગરીબ કાર્ડ ધારકોમાં દેકારો બોલી જવા પામેલ છે ત્યારે રેશનીંગના પુરવઠાની વિતરણ પ્રણાલીને સુદ્રઢ બનાવવા માટે પુરવઠા વિભાગે તાબડતોબ પગલા લેવા જરૂરી છે.

---

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, વાંકાનેર, મું. વાંકાનેર**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૩૩/૨**

શ્રી માનસીંગ ગગાભાઇ પરમાર ઉ.વ.આ. પુખ્ત વર્ષ, ધર્મે-હિન્દુ, ધંધો-મજુરી, રહે. હસનપર તા. વાંકાનેર જિ. મોરબી ..અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી,મુ. હસનપર તા. વાંકાનેર જિ. મોરબી ...સામાવાળા

**જન્મ-મરણ અધિનિયમ કલમ-૧૩(૩) અન્વયે જન્મ-મરણની નોંધ કરાવવા માટેના હુકમ માટેના હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારશ્રી માનસીંગ ગગાભાઇ પરમાર તેમના પુત્રી શ્રી સેજલબેન માનસીંગભાઇ પરમારનું તા. ૧૨-૧૨-૨૦૧૧ના રોજ વાંકાનેર તાલુકાના હસનપર મુકામે જન્મ થયેલ છે. તે વખતે કાયદાની અજ્ઞાનતા અને શરતચુકના કારણે તેમના જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસથી ૩૦ દિવસ સુધીમાં મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, તાલુકા સેવા સદન, વાંકાનેર મુકામે વાંધો રજુ કરવો, જો તેમ કરવામાં કસુર કરશો તો તમોને કોઇ વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

૨/૫/૨૦૨૫

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વાંકાનેર તાલુકા**

---

**જાહેર નોટીસ**

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકા ના રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ ગામ **મવડીના રેવન્યુ સરવે નંબર ૧૦૨,**સનંદ નં.૩૧ તા. ૧-૯-૧૯૬૪ ની બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસપૈકી ૨૪,૨૫,૨૬,૩૫,૩૬,૩૭ ની કુલ જમીન ચો.વા.આ. ૩૫૭૮-૨ માંહેથી પ્લોટ નં. ૨૬ પૈકી ની જમીન ચો.વા.આ. ૧૧૬-૬૭ ઉપર આર.સી.સી. બાંધકામ વાળો શેડ આવેલ છે. સદરહું શેડ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન નાપ્રોપર્ટીનંબર૦૭૭૯/૦૦૭૨/૦૦૦-૨૧/૦૪૬૫૯/૦૦૦/એકસ૦૦થી તથા વોર્ડ નં. ૧૩ માંઆવેલછે. જેના મીલ્કતના વ્યવસાય વેરા નં. PEC040076257 જેના વોર્ડ નં. ૧૩ છે. તથા પીજીવીસીએલ ગ્રાહક નં. ૩૦૬૦૮૩૬૪૫૪૧ તથા મીટર નં. એલ એન્ડ ટી ૧૦૪૩૪૬૫૪થી આવેલછે. (જેનું સરનામું ૪, ગોકુલ નગર, ગોકુલધામ સોસાયટી પાસે, રાજકોટ -૪) સદરહું શેડ વાળી મીલ્કત **શ્રી મનીષભાઈ ઠાકરશીભાઈ ખાંટ**ના કબ્જા, ભોગવટા અને માલીકીની આવેલ હોય તેઓ પાસેથી સદરહું મીલ્કત અમારા અસીલ ખરીદ કરવાની ઈચ્છા ધરાવેછે.

સદરહું ઉપરોકત ઉભા ઈમલાવાળા શેડ વાળી મીલ્કત તેમના માલીક પાસેથી મારા અસીલ ચુકતે અવેજ ચુકવી ખરીદ કરવા માંગે છે. સદરહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, દર દાવો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, ગીરો-બોજો, ટાઈટલ, અગ્રહકક કે કબ્જા, રસ્તા બાબતે, વારસાઈ હકક, ભરણ પોષણના હકક, બાબતે વાંધો તકરાર હોય તો **દિવસ-૭** માં અમોને લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો તકરાર કે હકક હીસ્સો નથી અથવા જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ રજી. વેચાણ દસ્તાવેજથી સદરહું ખેડવાણ જમીન ખરીદ કરશે. ત્યારબાદ કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર હશે તો તે મારા અસીલને બંધનકારક રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:રાજકોટ,
તા.૨૧/૦૫/૨૦૨૫

**સી. જી. ખુમાણ (એડવોકેટ)**

ચામુંડા સોસાયટી શેરી નં. ૧, રણછોડદાસ બાપુના આશ્રમ પાછળ, કુવાડવા રોડ, રાજકોટ. મો. ૯૦૯૯૪ ૧૪૩૭૮

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨
Email id : prant-rev- aj@gujarat.gov.in

**જાહેર નોટીસ**

**પરચુરણ અરજી નં. ૨૦૦/૨૦૨૫**

શ્રી વિનોદબા રામસિંહ ચાવડા વા/ઓ. જીતેન્દ્રભાઇ ચૌહાણ
રહે. સિહોર તા. સિહોર જિ. ભાવનગર ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી જન્મ અને મરણ નોંધણી અધિકારી અને નગરપાલિકા જસદણ તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રી વિનોદબા રામસિંહ ચૌહાણનો જન્મ તા. ૨૩-૧૧-૧૯૬૧ના રોજ જસદણ તાલુકાના જસદણ ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૬/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ**

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨
Email id : prant-rev-raj@gujarat.gov.in

**જાહેર નોટીસ**

**પરચુરણ અરજી નં. ૨૦૫/૨૦૨૫**

શ્રી અલ્પેશભાઇ નાથાભાઇ પાંચાણી રહે. આંબરડી તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, આંબરડી, તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રી અલ્પેશભાઇ નાથાભાઇ પાંચાણીનો જન્મ તા. ૨૬-૧૨-૧૯૮૧ના રોજ જસદણ તાલુકાના આંબરડી ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૬/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ**

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨
Email id : prant-rev-raj@gujarat.gov.in

**જાહેર નોટીસ**

**પરચુરણ અરજી નં. ૨૦૬/૨૦૨૫**

શ્રી અલ્પેશભાઇ નાથાભાઇ પાંચાણી રહે. આંબરડી તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી જન્મ અને મરણ નોંધણી અધિકારી અનેતલાટી-કમ-મંત્રીશ્રી, આંબરડી, તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના બહેનશ્રી રૂપલબેન નાથાભાઇ પાંચાણીનો જન્મ તા. ૦૬-૦૩-૧૯૮૬ના રોજ જસદણ તાલુકાના આંબરડી ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૬/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ**

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨
Email id : prant-rev-raj@gujarat.gov.in

**જાહેર નોટીસ**

પરચુરણ અરજી નં. ૨૦૪/૨૦૨૫

શ્રી અલ્પેશભાઇ નાથાભાઇ પાંચાણી રહે. આંબરડી તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, આંબરડી, તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના ભાઇશ્રી રોહિત નાથાભાઇ પાંચાણીનો જન્મ તા. ૦૬-૦૩-૧૯૮૬ના રોજ જસદણ તાલુકાના આંબરડી ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૬/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ**

---

**ઓફલાઇન ટેન્ડરનાં જાહેર નિવદા**

ભાયાવદર નગરપાલિકા, જી. રાજકોટને સને ૨૦૨૦-૨૧ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત ફિલ્ટર પ્લાન્ટ કેમ્પસમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઇટના કામ માટે ઓફલાઇન ટેન્ડર નગરપાલિકા કચેરીએથી તા.૨૦/૦૫/૨૦૨૫ થી ૦૨/૦૬/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફી રૂપિયા ૬૦૦-૦૦ ભરી મેળવી શકાશે. તથા ટેન્ડર સ્પીડ પોસ્ટ/આર.પી.એ.ડી./કુરિયરના માધ્યમથી સ્વીકારવાની છેલ્લી તા.૦૫/૦૬/૨૦૨૫ ના ૧૬:૦૦ કલાક સુધીમાં, ચીફ ઓફિસર, ભાયાવદર નગરપાલિકા, મુ. ભાયાવદર, જી. રાજકોટને મોકલાવી આપવાનું રહેશે.

ચીફ ઓફિસર, ભાયાવદર નગરપાલિકા
પ્રમુખ, ભાયાવદર નગરપાલિકા

---

**રાજકોટ શહેર (પૂર્વ) ના રાજકોટ-૧ ના રેવન્યુ સર્વે નં.૨૬ પૈકી ૩ ની ખેડવાણ જમીન અંગે.**

**જાહેર નોટીસ**

ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ શહેર (પૂર્વ) ના રાજકોટ-૧ ના **રેવન્યુ સર્વે નં.૨૬ પૈકી ૩** ની ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી.૦-૭૦-૮૨** માંહેથી ૭૫ ટકાનો અવિભાજય હિસ્સો **છગનભાઈ મોહનભાઈ પટેલ** રહે. 'આનંદ', અમૃતનગર સોસાયટી શેરી નં.૨, એસ.એન.કે. સ્કૂલની પાછળ, યુનિ. રોડ, રાજકોટના કબજા, ભોગવટા અને માલિકીની આવેલ છે. સદરહુ ઉપરોકત ખેડવાણ જમીન માંહેથી ૭૫ ટકાના અવિભાજય હિસ્સાની ખેડવાણ જમીન અમારા અસીલ ઉપરોકત ખેડવાણ જમીનના માલિક પાસેથી ખરીદ કરવા માંગે છે. સદરહુ ઉપરોકત ખેડવાણ જમીન બાબતે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, દરદાવો કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર હોય, તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૭ (સાત)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા- તકરાર આવશે નહીં, તો ઉપરોકત ખેડવાણ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ ઉપરોકત ખેડવાણ જમીન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા-તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની તમામ એ નોંધ લેવી.

અમારા મારફત — રાજકોટ તા. ૨૧-૦૫-૨૦૨૫

**સૌરભ પી. પટેલ - એડવોકેટ**

'આદર્શ સુખમ', ફોર્થ ફલોર, સંસ્કાર અને નક્ષત્ર-૨ બીલ્ડીંગની પાસે, કેકેવી. ચોકની પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

---

નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૨૫-૨૬

**નાયબ કાર્યપાલક ઇજનેર સિંચાઇ પેટા વિભાગ, ધ્રાંગધ્રા દ્વારા ઓફલાઈન ટેન્ડરીંગ સિસ્ટમથી નીચે દર્શાવેલ કામનું ટેન્ડર મંગાવવામાં આવે છે.**

| અ નં | કામનુ નામ | અંદાજીત કિંમત (રૂ.લાખ) |
|---|---|---|
| ૧ | પરચેસીંગ ઓફ ઓઇલ, ગ્રીસ ફોર ઓઇલિંગ એન્ડ ગ્રીસીંગ વર્ક એન્ડ પ્રોવાઇડિંગ લેબર વર્ક ફોર ગોડબોલે ગેટ ૧૦.૦૦ મી .X૪.૦૦ મી . )ઓટોમેટીક (ઓફ રાજ જસવંત સાગર )ફલ્કું ( ઇરીગેશન સ્કીમ ફોર યર ૨૦૨૫-૨૦૨૬ | ૧.૪૦ |

**કચેરીનું નામ -:**
નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ, ધ્રાંગધ્રા, ફલ્કું ઇન્સ્પેકશન બંગલો, મેવાડા ઓઇલ મીલ પાછળ, હળવદ રોડ , ધ્રાંગધ્રા , ગુજરાત રાજ્ય શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ વિગતવાર જાહેર નિવિદા તેમજ માહિતી ખાતાની વેબ સાઇટ www.statetenders.gujarat.gov.in ઉપર જોઇ શકાશે. ઓફલાઇન ટેંન્ડર છેલ્લી તારીખ.૦૯/૦૬/૨૦૨૫ ૧૮:૦૦ ક્લાક IST સુધીમાં મોકલવાના રહેશે.નિવિદામાં થનાર કોઇપણ ફેરફાર ઓફલાઇન જોવા મળશે.

માહિતી/સુરેન્દ્રનગર/૦૯૦/૨૦૨૫-૨૬

---

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વેરાવળ(ગ્રામ્ય)**
**તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ**
**ફોન નં. ૦૨૮૭૬-૨૪૪૨૯૯**
E-mail : mam-veraval@gujarat.gov.in

નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૭૩/૨૦૨૫

શ્રી તહેરીન ઇકબાલ તવાણી રહે. સુપાસી, તા. વેરાવળ જિ. ગીર સોમનાથ ...અરજદાર

**વિરૂધ્ધ**

તલાટી કમ મંત્રીશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, સુપાસી, તા. વેરાવળ ...સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે ફેર મુદત**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી અરજદારશ્રીનો પોતાનો જન્મ મું. સુપાસી તા. વેરાવળ મુકામે **તા. ૦૫/૦૭/૨૦૦૧**ના રોજ થયેલ છે. જેની જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, સુપાસી, તા. વેરાવળમાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી તહેરીન ઇકબાલ તવાણી રહે. સુપાસી તા. વેરાવળ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદત તા. ૨૧/૦૫/૨૦૨૫ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે** વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને જો આપે અરજી સાથે (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરેલ ન હોય તો આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૪/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વેરાવળ (ગ્રામ્ય)**

---

**જામજોધપુરના મહેરબાન મામલતદાર સાહેબની કોર્ટમાં,**

**મરણ નોંધ રજી. નં. ૧૫૮/૨૦૨૫**

**ખીમાભાઇ પોલાભાઇ ડાંગર** ઉ.વ.આ. ૪૭, ધંધો :- ખેતીકામ, રે. ચીરોડા મુળુજી, તા. જામજોધપુર ...અરજદાર

**વિરૂધ્ધ**

**જન્મ-મરણ નોંધણી રજી. શ્રી,** તલાટી કમ મંત્રીશ્રી, ચીરોડા મુળુજી, તા. જામજોધપુર

**અરજદારના વિ. વકિલશ્રી :- એચ.જે.ભારવડીયા**

**બાબત :- જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ મરણ નોંધ કરવા અંગે.**

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર **ખીમાભાઇ પોલાભાઇ ડાંગર,** રે. ચીરોડા મુળુજી, તા. જામજોધપુર, જી. જામનગરવાળાના માતા સ્વ. જાહિબેન પોલાભાઇ ડાંગરનું અવસાન તારીખ ૩૦/૦૯/૧૯૯૪ના રોજ ગામ ચીરોડા મુળુજી, તા. જામજોધપુર, જી. જામનગર મુકામે થયેલ હોવા અંગેની નોંધ સામાવાળા તેમના દફતરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે વાસ્તે અરજદારની અરજી મંજુર થવા સામે જે કોઇ વ્યકિત કે શખ્સને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિનથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં બપોરના ૦૪:૦૦ કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વકીલ મારફત હાજર રહેવું, અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા. ૧૯મી માહે મે ૨૦૨૫ના રોજ મારી સહિ તથા કોર્ટનું શીલ કરી આપ્યું.

**(કે.સી.વાઘેલા) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ જામજોધપુર**

---

**જામજોધપુરના મહેરબાન મામલતદાર સાહેબની કોર્ટમાં,**

જન્મ-મરણ નોંધ રજી. નં. ૨૮/૨૦૨૫

**નંદાણીયા રૂડીબેન ધનાભાઇ,** મુળ. રે. મોટી ગોપ, તા. જામજોધપુર, જી. જામનગર હાલ રે. રાજમોતી નગર શેરી નં. ૨, ઉપલેટા તા. ઉપલેટા, જી. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી, તલાટી કમ મંત્રી-મોટી ગોપ, તા. જામજોધપુર ...સામાવાળા

**અરજદારના વિ. વકિલશ્રી :- એચ.જે.ભારવડીયા**

**બાબત :- જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ મરણ નોંધ કરવા અંગે.**

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર નંદાણીયા રૂડીબેન ધનાભાઇ મુળ રે. મોટી ગોપ, તા. જામજોધપુર, જી. જામનગર હાલ રે. રાજમોતી નગર શેરી નં.૨, ઉપલેટાવાળાએ તેમના પુત્ર શ્રી બાબુભાઇ ધનાભાઇ નંદાણીયાનો જન્મ તારીખ ૦૧/૧૨/૧૯૭૯ના રોજ ગામ મોટી ગોપ, તા. જામજોધપુર, જી. જામનગર મુકામે ગયેલ હોવા અંગેની નોંધ સામાવાળા તેમના દફતરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે વાસ્તે અરજદારની અરજી મંજુર થવા સામે જે કોઇ વ્યકિત કે શખ્સને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિનથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં બપોરના ૦૪:૦૦ કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વકીલ મારફત હાજર રહેવું, અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા. ૧૯મી માહે મે ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનું શીલ કરી આપ્યું.

**(કે.સી.વાઘેલા) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ જામજોધપુર**

---

**સમરી દાવાનું જાહેર સમન્સ**

હાજર રહેવાનું સ્થળ: સંયુકત રજીસ્ટ્રાર અને સભ્ય, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ વિભાગ, રાજકોટ, બ્લોક નં.૨, પહેલો માળ, જિલ્લા સેવા સદન-૩, સરકારી પ્રેસ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

આથી તમો નીચે જણાવેલ શખ્સને ખબર આપવામાં આવે છે કે, શ્રી સદગુરૂ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી. ઠે. શોપ નં.૫/૬, ધર્મભકિત સંકુલ, ૭ વાણીયાવાડી મેઈન રોડ, ભકિતનગર સર્કલ પાસે, રાજકોટ તરફથી તમારી સામે સહકારી કાયદાની કલમ-૯૯ (૪) હેઠળ સમરી લવાદ કેસ દાખલ કરવામાં આવેલ છે. રજીસ્ટર્ડ પોસ્ટથી સમન્સ બજાવવાનો પ્રયત્ન કરવા છતાં નીચેના પ્રતિવાદીઓને સમન્સ બજેલ નથી, તેમનો અન્ય પત્તો કે સરનામું મળી શકેલ નથી. તેથી આ જાહેર સમન્સથી જણાવવામાં આવે છે કે આ સમન્સ પ્રસિધ્ધ થયાથી દિન-૧૦ની અંદર તમો જો બચાવ કરવા માંગતા હોય તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખતા હોય તે સાથે ઉપરોકત સરનામે હાજર થવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી. (મજકુર શખ્સો તેમની સામે દાખલ થયેલ આ દાવાની દાવા અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવાઓની નકલો અત્રે રૂબરૂ સંપર્ક કરી મેળવી શકશે.) જો તમો તેમ કરવામાં કસૂર કરશો તો દિન ૧૦ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે વાદી તમારી સામે દાવામાં લખેલ રકમનો વ્યાજ ખર્ચ સહિત એવોર્ડ મેળવવા હકકદાર થશે. જેની નોંધ લેશો.

આજરોજ કોર્ટનું સીલ મારી સહી કરી.**વાદી: શ્રી સદગુરૂ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી.**

| ક્રમ | લવાદ કેસ નં | પ્રતિવાદી નંબર અને નામ | કયા દરજજે | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧. | ૧૧૦/૨૦૨૩ | ૧.શ્રી નજમાબેન મહમદહનીફ શેખ રે. રાજકોટ<br>૨.શ્રી મહમદહનીફ અબ્દુલભાઈ શેખ રે. રાજકોટ<br>૩.શ્રી મોઈનભાઈ મહમદહનીફ શેખ રે. રાજકોટ | લોની<br>જામીન<br>જામીન | રૂા.૧૧,૬૪,૪૬૭/- |
| ૨. | ૫૨૩/૨૦૨૩ | ૨.શ્રી તેજલબેન ભાવિકભાઈ મકવાણા રે. રાજકોટ | જામીન | રૂા.૨૭,૨૩,૧૨૭/ |

રાજકોટ તા.૨૦/૦૫/૨૦૨૫

તૈયાર કરનાર (ડી.જે. ભટ્ટ) જુ.કલાર્ક

સરખાવનાર (એન.એ. હરિયાણી) સિ.કલાર્ક

(જયકાન્ત એન. દવે) સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ

---

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના ઉપલેટા શહેરમાં ઉપલેટા નગરપાલિકાની હદમાં આવેલ બિનખેતી રે.સર્વે નં.૨૨/૨ પૈકીની જમીનના પ્લોટો પૈકી પ્લોટ નં.૩૫ પૈકીની ૧૦૪-૫૧ ચો.મી. વાળી સ્થાવર મકાન મિલ્કત અમો નીચે સહી કરનાર કૃષ્ણકાંત અશોકભાઈ સોલંકી, કુંદનબેન અશોકભાઈ સોલંકી, ભગવતી અશોકભાઈ સોલંકીના સંયુકત કબ્જા ભોગવટા અને સંયુકત માલિકી હકકની આવેલ છે જે ઉપલેટા-૧ના ગામ નમુનો નં. ૮-અ માં અમારે નામે નોંધાયેલ છે તે જમીન ઈમલા સહિતની સ્થાવર મકાન મિલ્કત અમારી પાસેથી અંકુરભાઈ પરસોતમભાઈ સાવલીયાએ વેંચાણથી લેવા ખરીદ કરવા નકકી કરેલ છે.

સદરહું ઉપર જણાવેલ સ્થાવર મિલ્કત અમો કૃષ્ણકાંત અશોકભાઈ સોલંકીના પિતાશ્રી અશોકકુમાર બાબુલાલ સોલંકીએ ભારતીબેન હસમુખભાઈ કગથરા પાસેથી ખરીદ કરેલ હતી અને ભારતીબેન હસમુખભાઈ કગથરાએ શશીકાન્ત બચુલાલ વાગડીયા પાસેથી ખરીદ કરેલી અને તે અંગેનો વેંચાણ દસ્તાવેજ ઉપલેટાની સબ-રજી. કચેરીમાં તા.૧૭-૦૬-૧૯૯૪ના રોજ અનું. નં.૬૭૪થી નોંધાયેલ છે તે અસલ રજી. વેંચાણ દસ્તાવેજ ખોવાઈ ગયેલ છે અને આજદિન સુધી મળી આવેલ નથી જેથી આ અસલ રજી. વેંચાણ દસ્તાવેજ કોઈને મળી આવેલ હોય કે કોઈ વ્યકિત, સંસ્થા, બેંક વિગેરે પાસે તારણમાં હોય તો નીચેના સરનામે જાણ કરવી.

ઉપરોકત વિગતવાળી આ જમીન ઈમલા સહિતની સ્થાવર મકાન મિલ્કત માલિકી, ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટર, વેંચાણ, કબ્જા પરત્વે, કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગ-ભાગ દર-દાવા કે વારસાઈ હકક કે ભરણ પોષણ હકક હોય કે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંક કે સહકારી બેંક, સહકારી મંડળી, વ્યકિત, સંસ્થા કે પેઢી કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય તો તે તેમજ અન્ય કોઈપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ ૧૦માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોય તો તે જતો (ઠઅઈટઊ) કરેલ છે તેમ માનીને અમો અમારી માલિકીની સદરહું મિલ્કતના વેંચાણ, વ્યવહારો પૂર્ણ કરી આ સ્થાવર મિલ્કતનો પ્રત્યક્ષ કબ્જો સોંપી આપીને ખરીદ કરનારના નામજોગનો વેંચાણ દસ્તાવેજ નોંધાવી આપીશું ત્યારબાદ કોઈના વાંધા, તકરાર આવશે તો અંકુરભાઈ પરસોતમભાઈ સાવલીયાને શુધ્ધબુધ્ધીથી ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**૧. ચિરાગ એ. ગજેરા-એડવોકેટ**

સરનામું:- ઠે. સરદાર પટેલ રોડ, કોર્ટની સામે મું. ઉપલેટા મો.૯૯૯૮૪ ૭૨૦૦૯

સહી. કૃષ્ણકાંત અશોકભાઈ સોલંકી મારી સુચના અનુસાર
મો.૮૮૬૬૧ ૮૨૨૬૭ સરનામું:- ઠે.બી ૩૦૧, સરિતા રેસિડેન્સી-૧ સામે, નિકોલ અમદાવાદ ૩૮૨૩૫૦

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨
Email id : prant-rev-raj@gujarat.gov.in

**જાહેર નોટીસ**

પરચુરણ અરજી નં. ૨૦૭/૨૦૨૫

શ્રી અશોકભાઇ વિઠલભાઇ ગેડીયા રહે. હેલેન્ડા તા. રાજકોટ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી જન્મ અને મરણ નોંધણી અધિકારી અને નગરપાલિકા, જસદણ તા. જસદણ ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના માતાશ્રી શારદાબેન વિઠલભાઇ ગેડીયાનું મરણ તા. ૧૧-૧૦-૨૦૦૨ના રોજ જસદણ તાલુકાના જસદણ ગામે થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૬/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ**

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨
Email id : prant-rev-raj@gujarat.gov.in

**જાહેર નોટીસ**

પરચુરણ અરજી નં. ૧૯૭/૨૦૨૫

શ્રી જયંતિભાઇ લીંબાભાઇ પરમાર રહે. સ્ટેશન રોડ, તાલુકા પંચાયત કચેરી પાછળ,જસદણ તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી જન્મ અને મરણ નોંધણી અધિકારી અને નગરપાલિકા જસદણ તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રીશ્રી આસ્થા જયંતિભાઇ પરમારનો જન્મ તા. ૨૪-૧૦-૨૦૧૫ના રોજ જસદણ તાલુકાના જસદણ ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૬/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ**

---

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધોરાજીની કોર્ટ સમક્ષ**

મહેસુલ સેવા સદન, બીજો માળ, ગેલેકસી ચોક, ધોરાજી-૩૬૦૪૧૦
ઇ-મેઇલ -dycoll-dhor-raj@gujarat.gov.in
ફોન નં. ૦૨૮૨૪-૨૨૬૬૮૧

નં.જન્મ-મરણ/રજી. કેસ નં. ૩૭/૨૦૨૫ - તા.૦૯/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી **જયાબેન ડો/ઓ ગોપાલભાઇ મકવાણા વા/ઓ રાજુભાઇ લાલજીભાઇ જેઠવા**એ તેઓનાં જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ તેઓનો જન્મ **તા.૦૪/૦૩/૧૯૯૦**નાં રોજ **રાજકોટ** જિલ્લાનાં **ધોરાજી** તાલુકાનાં **ધોરાજી** મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો-તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારફત **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી** સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના **દિવસ-૩૦**માં વાંધો-તકરાર રજુ કરી શકે છે. જો કોઇ વાંધા-તકરાર રજુ કરવામાં નહીં આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

**(એન.એમ.તરખાલા) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ ધોરાજી**

---

**જાહેર નોટીસ**

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના રાજગઢ ગામના રેવન્યુ સર્વે નં. ૧૨, હે. ૦-૬૮-૮૦ ચો.મી.ના ક્ષેત્રફળની જમીન ખેતર નામે સમથેરવા કેડીનું જે જુની શરતની જમીન છે અને આ જમીન ખેતીલાયક ઉપયોગવાળી છે જે જમીન (૧) મંજુબેન પથુભા સારોલા (૨) સુરેશભાઇ પથુભાઇ સારોલા, (૩) ચંદ્રિકાબેન પથુભાઇ સારોલા, (૪) જગદીશભાઇ પથુભાઇ સારોલાના સંયુકત નામે તેમના સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે. સદરહુ ખેતીની જમીન મારા અસીલ શ્રી રઘુભાઇ હઠાભાઇ ગમારા, રહે. પલાંસ, તા. વાંકાનેરવાળા તેમની પાસેથી ખરીદવા માંગે છે.

ઉપરોકત ખેતીની જમીનના માલિકી કબજા, ટાઇટલ કે વેંચાણ સંબંધે કોઇને કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો, લેણુ, કર્જ, બોજો, ગીરો, લીયન, ભરણપોષણ કે વારસાઇ હકક કે અન્ય કોઇ હકક, હિત સંકળાયેલા હોય તો તેની જાણ અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં લેખીત આધાર પુરાવા સાથે ઉપર જણાવેલ સરનામા સાથે જાણ કરવી. મુદત વિત્યે આ જમીન પરત્વે કોઇનો કોઇપણ જાતનો હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે તેમ માનીને મારા અસીલશ્રી ઉપરોકત જમીનના માલિક પાસેથી રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી પૂર્ણ કરશે અને સદરહુ જમીનનો પ્રત્યક્ષ ખાલી કબજો સંભાળી લેશે અને ત્યારબાદ કોઇના કોઇપણ જાતના લેખીત કે મૌખીક આધાર-પુરાવા સાથેના વાંધા-તકરાર અમારા અસીલશ્રીને બંધનકર્તા રહેશે. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

વાંકાનેર તા.: ૧૯/૦૫/૨૦૨૫

**વકિલશ્રી પી.બી.રાઠોડ (એડવોકેટ)**

ઓફિસ : રસાલા રોડ, વાંકાનેર, જિ. મોરબી
મો. ૯૮૨૫૪ ૨૮૨૭૬

જેતપુરના ફૂલવાડી વિસ્તારમાં થયેલ મર્ડરનો ભેદ ઉકેલતી પોલીસ

# એક ફુલ દો માલી જેવાં ટ્રાએન્ગલ પ્રેમ પ્રકરણમાં બુટલેગર સાજીદ શેખની હત્યા થઈ 'તી

**એક વર્ષ પહેલાં પણ મૃતક સાજીદ અને આરોપીઓ વચ્ચે ડખ્ખો થયો 'તો, જે ખાર રાખી ફરીવાર તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો 'તો**



**જેતપુર સીટી પોલીસે ગણતરીની કલાકોમાં બે મહિલા સહિત સાત શખ્સોની ધરપકડ કરી**

રાજકોટ. તા.૨૧

જેતપુરના સામા કાંઠા વિસ્તારમાં રહેતા બુટલેગર સાજીદ શેખની ફૂલવાડી વિસ્તારમાં અજાણ્યાં શખ્સો હત્યા કરી નાસી છૂટતાં ચકચાર મચી ગઇ હતી. જે બનાવમાં ગણતરીની કલાકોમાં જેતપુર સીટી પોલીસે બે મહિલા સહિત સાત શખ્સોની ધરપકડ કરી બનાવનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. એક ફૂલ દો માલી જેવાં ટ્રાએન્ગલ પ્રેમ પ્રકરણમાં બુટલેગર સાજીદ શેખ અને આરોપીઓ વચ્ચે મારામારી થઈ હતી, જેનો ખાર રાખી સાજીદ પર ફરીવાર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે જેતપુરના ભાદરના સામા કાંઠે રહેતા સાજીદ ભાઈ ઉર્ફે સાજલો હાજીભાઈ શેખ ૨૫ ની ગઈ તા.૧૯ ના બપોરે ફૂલવાડી વિસ્તાર નજીકથી હત્યા કરાયેલી લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ૧૦૮ ને જાણ કરતા દોડી આવેલ ૧૦૮ ની ટીમે યુવાનને તપાસી મૃત જાહેર કર્યો હતો. ઘટના સ્થળે પહોંચેલ પોલીસની ટીમે તપાસનો ધમધમાટ આદરી બનાવનું કારણ તેમજ આરોપી સુધી પહોંચવા તજવીજ આદરી હતી.

વધુમાં મળતી વિગત મુજબ, મૃતક દેશી દારૂનો ધંધાર્થી છે અને ચારેક માસ પહેલાં જ પાસામાંથી જેલમાંથી છૂટી આવ્યો હતો. દરમિયાન ગઈકાલે તેમને કોઈ શખ્સો સાથે ઝઘડો થયો હતો અને તેને શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયો હતો. જો કે, તેમની પાસે પોલીસ વિગત લેવા પહોંચે તે પહેલા જ તે હોસ્પિટલેથી ભાગી ગયો હતો. જે બાદ આજે સવારે તેને અજાણ્યાં શખ્સો સાથે ફરીવાર ઝઘડો થતાં આરોપીઓએ બોથડ પદાર્થનો ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાનું પ્રાથમિક સામે આવી રહ્યું છે.

જે બનાવ અંગે જેતપુર સીટી પોલીસમાં ગુનો દાખલ થયાં બાદ પીઆઈ વિ. સી.પરમાર અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો અને ગણતરીની કલાકોમાં આરોપી સુનીલ ઉર્ફે સુની કરશન કટારીયા, શર્મીલાબેન સુનીલ ઉર્ફે સુની કટારીયા, કરશન ચના કટારીયા, જયાબેન કરશન કટારીયા, મુકેશ કાંતી કટારીયા અને ધવલ ઉર્ફે બકરો કિશોર દેગડા (રહે. તમામ જેતપુર) ની ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો.

વધુમાં પોલીસે જણાવ્યું હતુંકે, પકડાયેલ આરોપીમાં સુનિલ કટારીયા અને તેની પત્ની શર્મિલા દારૂના ગુનામાં સંડોવાયેલ છે. તેમજ સુનિલ અને મૃતક સાજીદ બંનેને એક જ યુવતી સાથે પ્રેમ સંબંધ હોય જે મામલે એક વર્ષ પહેલાં બંને પક્ષે મારામારી થઈ હતી. જે મામલે આરોપીઓએ સાજીદ વિરુદ્ધ ગુનો પણ દાખલ કરાવ્યો હતો. જે બનાવનો ખાર રાખી આરોપીઓએ લાકડી અને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી યુવાનને મોતને ઘાટ ઉતાર્યો હતો. જે બનાવમાં યુવતીનો ભત્રીજો ધવલ ઉર્ફે બકરો પણ ગુનામાં સામેલ હતો.

# રાજકોટમાંથી ૩.૬૭ લાખના હેરોઇન સાથે પેડલર શાહરૂખ ઉર્ફે ડોનુ ઝડપાયો

**શહેર એસઓજીને મળી મોટી સફળતા, ગાયકવાડીમાં રહેતો પેડલર ઘરેથી હેરોઇન ખિસ્સામાં ભરી વેંચવા નીકળ્યો અને પોલીસ ત્રાટકી, ૭૩.૫૨૦ ગ્રામ જથ્થો જપ્ત**

**રાજસ્થાની શખ્સ ત્રીજી વાર ખેંપ મારી ગયાની કબૂલાત આપતાં તેની શોધખોળ આદરી**




રાજકોટ. તા.૨૧

રાજકોટમાંથી ૩.૬૭ લાખના હેરોઇન સાથે પેડલર શાહરૂખ ઉર્ફે ડોનુને એસઓજીની ટીમે દબોચી લઈ ૭૩.૫૨૦ ગ્રામ જથ્થો જપ્ત કર્યો હતો. ગાયકવાડીમાં રહેતો પેડલર ઘરેથી હેરોઇન ખિસ્સામાં ભરી વેંચવા નીકળ્યો અને પોલીસ ત્રાટકી હતી. રાજસ્થાની શખ્સ ત્રીજી વાર ખેંપ મારી ગયાની કબૂલાત આપતાં તેની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા, એન.વી.હરિયાણીની રાહબરીમાં પીએસઆઈ એસ.બી.ઘાસુરા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાને અગાઉ મારામારીના કેસમાં પકડાયેલ શાહરૂખ અમીન વિકયાણી થોડી વારમાં પોતાના રહેણાંક મકાન ગાયકવાડી શેરી નં-૪ જંકશન પ્લોટમાં આવવાનો છે અને તેના મકાનમાં માદક પદાર્થનો જથ્થો છે, તેવી ચોક્કસ બાતમી મળતાં એસઓજીની ટીમે દરોડો પાડી ગાયકવાડી શેરી નં ૪ ના ખુણે આવેલ મકાનની બહાર શંકાસ્પદ હાલતમાં ઉભેલ શખ્સને કોર્ડન કરી નામ પુછતા પોતે પોતાનું નામ શાહરૂખ ઉર્ફે ડોનુ અમીન વિકયાણી (ઉ.પ.૩૦) હોવાનું જણાવેલ હતું.

બાદમાં એસઓજીની ટીમે આરોપીની ઝડતી લેતાં તેના ખીસ્સામાંથી પ્લાસ્ટીકના ઝબલામાં માદક પદાર્થ મળી આવેલ જે બાબતે પૂછતાં તે બ્રાઉન સુગર (હેરોઇન) હોવાનું જણાવેલ હતું. પોલીસે હેરોઇન ૭૩.૫૨૦ ગ્રામ રૂ.૩.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછતાછ હાથ ધરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સને રાજસ્થાનની શખ્સ હેરોઇન સપ્લાય કરી ગયો હતો અને શાહરૂખ અહીં સિલેકટેડ ગ્રાહકોને જ હેરોઇન વેંચતો હતો. અગાઉ બે વખત હેરોઇન રાજસ્થાનથી મંગાવ્યું હોવાની કબૂલાત આપી હતી. હાલ એસઓજીની ટીમે પ્ર. નગર પોલીસમાં ગુનો દાખલ કરતાં પીએસઆઈ રાણીગાએ વધુ તપાસ આદરી હતી.

યુ-ટયુબર બન્ની ગજેરાને મદદગારી કરવાના ગુનામાં અટક કરાયેલા

# આરોપી પિયુષ ગજેરાની પણ તબીયત લથડતા ગોંડલથી રાજકોટ સારવાર માટે ખસેડાયા

(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ,તા.૨૧

ચર્ચાસ્પદ યુટુબર બન્ની ગજેરાની મદદગારી નાં ગુન્હામાં સુલતાનપુર પોલીસ સ્ટેશન માં નોંધાયેલ ગુન્હામાં જામીન મુક્ત થયેલા દિનેશભાઈ પાતર ની તબિયત લથડતા સારવાર માં પ્રથમ ગોંડલ અને બાદમાં રાજકોટ ખસેડાયા બાદ અન્ય આરોપી પિયુષ ગજેરા ની પણ તબિયત લથડતા ગોંડલ સિવિલ હોસ્પિટલ માં ખસેડાયા બાદ બેભાન થઇ જતા પોલીસ જાપ્તા સાથે રાજકોટ ખાનગી હોસ્પિટલ માં ખસેડાયા છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ નાં જાહેર જીવન નાં આગેવાનો અને તેના પરિવાર ની મહીલાઓ અંગે અભદ્ર ટિપ્પણીઓ અને વાણીવિલાસ સાથે સોશ્યલ મીડીયામાં વિડીયો વાયરલ કરનાર બન્ની ગજેરા સામે સુલતાનપુર પોલીસ માં ફરિયાદ થતા તેની મદદગારી કરવાનાં ગુન્હામાં પિયુષ રાદડીયાની પણ ધરપકડ કરાઇ હતી.બાદમાં મોડી સાંજે જામીન મુક્ત થતા ગોંડલ બી'ડીવીઝન માં ભરતભાઇ ઢોલરીયાએ પોતાની તથા તેના પરિવાર ની મહીલાઓ ની બદનામી થાય તે પ્રકારે વિડીયો વાયરલ કરવા અંગે બન્ની તથા પિયુષ રાદડીયા સામે ફરિયાદ કરી હોય બી'ડીવીઝન પોલીસે તેની ધરપકડ કરતા પોલીસ સ્ટેશન માં તબીયત લથડતા સિવિલ હોસ્પિટલ માં લવાયો હતો.ત્યાં પિયુષ બેભાન થઇ જતા તેને પોલીસ જાપ્તા વચ્ચે રાજકોટ ખાનગી હોસ્પિટલ માં ખસેડાયો છે.

# ન્યારા પાટિયાએ બેભાન મળેલ અજાણ્યા પ્રૌઢનું મોતઃ વાલી વારસની શોધખોળ

રાજકોટ, તા.૨૧

રાજકોટ નજીક જામનગર હાઇવે પર ખોડીયાર હોટલ અને ન્યારા પાટીયા વચ્ચે રોડ પરથી અજાણ્યો આશરે ૫૦ વર્ષનો પુરુષ બેભાન હાલતમાં મળી આવ્યો હતો. ૧૦૮ મારફત તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. જ્યાં સારવાર દરમિયાન આ અજાણ્યા પુરુષનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવની જાણ થતા પડધરી પોલીસના એએસઆઈ પડધરી પોલીસના એએસઆઈ કે કે ગઢવી સ્ટાફ સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલે દોડી આવ્યા હતા અને મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. મૃતકની ઓળખ કરવા પ્રયત્ન થયા હતા પરંતુ તેની ઓળખ થઈ શકી નહોતી. જેથી પોલીસે હવે મૃતકના વાલી



વારીસની શોધખોળ હાથ ધરી છે. ઉપરોક્ત તસવીર વાળા વ્યક્તિને કોઈ ઓળખતું હોય તો પડધરી પોલીસના મો. નં.૬૩૫૯૬ ૨૫૭૨૬ ઉપર સંપર્ક કરવો અથવા એએસઆઈ કે.કે. ગઢવી મો. નં. ૯૩૨૮૫ ૧૩૯૮૨ ઉપર સંપર્ક કરવો.

## ઝેરી દવા પીધા બાદ કલ્યાણપુર પંથકના રાજશીભાઈનું સારવારમાં રાજકોટ ખાતે મોત

રાજકોટ, તા.૨૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં આવતા બાકોડી ગામે રહેતા અને ખેતી કામ કરતા રાજશીભાઈ અરજણભાઈ બૈડીયાવદરા(ઉં. વ.૪૪)એ ઝેરી દવા પી લીધી હતી. તેમને તત્કાલ નજીકની હોસ્પિટલ બાદ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. રાજશીભાઈના પરિવારજનો તરફથી મળતી વિગત મુજબ રાજશીભાઈ ખેતી કામ કરતા હતા તેમને સંતાનમાં એક દીકરો છે રાજશીભાઈ લાંબા સમયથી માનસિક અસ્વસ્થ રહેતા હતા. જેની સારવાર પણ ચાલુ હતી. જેના પગલે ઝેરી દવા પી આપઘાત કર્યો હોવાનું અનુમાન છે. પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો.

# સ્કુલ બસ વડે થયેલ અકસ્માતમાં ગ્રીલને થયેલ નુકશાનીના કેસમાં આરોપીને નિર્દોષ છોડતી કોર્ટ

રાજકોટ તા.૨૧

રાજકોટના રીંગ રોડ ખાતે અયોધ્યા ચોકની પાસે આવેલ બીઆરટી બસ સ્ટોપની નજીક અયોધ્યા ચોકથી માધાપર ચોકડી તરફ જવાના રસ્તા તરફ વેસ્ટ ગેટની સામેની તરફ આવેલ રીંગ રોડની બીઆરટીએસની લોખંડની સાત ગ્રીલ બસ વડે એક્સીડેન્ટથી તોડી તેને અંદાજીત એકાવન હજારની નુકશાની કરવાના ગુન્હામાં પકડાયેલ આરોપીનો નિર્દોષ છુટકારો ફરમાવતી રાજકોટ ન્યાય કોર્ટ.

બનાવની વિગતે માહિતી જોતા રાજકોટના રીંગ રોડ ખાતે અયોધ્યા ચોકની પાસે આવેલ બીઆરટીએસ બસ સ્ટોપની નજીક અયોધ્યા ચોકથી માધાપર ચોકડી તરફ જવાના રસ્તા તરફ વેસ્ટ ગેટ-૨ની સામેની તરફ ધોળકીયા સ્કુલની બસ જેના રજી. નં. જીજે ૦૩ એ ડબલ્યુ ૯૬૪૧ના ચાલકે માણસની જીંદગી જોખમમાં મુકાય તે રીતે પુરઝડપે બેદરકારીથી બસ ચલાવી બીઆરટીએસ બસના રૂટની લોખંડની સાત ગ્રીલ તોડી તેને અંદાજીત ૫૧,૦૦૦/-નું નુકશાન કરેલ જે અન્વયે બીઆરટીએસના જવાબદાર કર્મચારીએ બસના ડ્રાઈવર મેરૂભાઈ લખાભાઈ ગોહેલ ઉપર રાજકોટ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ભારતીય ફોજદારી અધિનીયમ અન્વયે ગુનો નોંધાયેલ હતો જેમાં આરોપીની ધરપકડ કરી પુરાવા એકત્ર કરી વિશેષ ઉલટ તપાસ કરતા ગુન્હા અંગેના કોઈ તત્વો કોર્ટમાં ફલીત થયેલ નહીં. ધોળકીયા સ્કુલના બસ ચાલક આરોપીને કેસમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ હતો. આરોપીના એડવોકેટ તરીકે ધ રાજપુતાના લો હાઉસના ધારાશાસ્ત્રી ભરતસિંહ જે. ગોહીલ, જીતેન્દ્રસિંહ જાડેજા, કીર્તીરાજસિંહ ઝાલા, પ્રકાશસિંહ ગોહીલ, વનરાજસિંહ ડોડીયા, ભાવીન પટેલ, આર.એસ. ઝાલા વિગેરે રોકાયેલ હતા.

# ટ્રાવેલ્સના ધંધાની હરીફાઈમાં બસને આંતરી ડ્રાઈવર-કલીનર પર હુમલો, તોડફોડ

**કુવાડવા ગામે રાધે હોટલ પાસેનો બનાવઃ અમદાવાદ ઈસ્કોન પાસે બસ નહીં ઉભી રાખવાનું કહીં દ્વારકાધીશ ટ્રાવેલ્સના ચાર શખ્સોએ આદેશ ટ્રાવેલ્સના ડ્રાઈવર-કલીનરને પાઈપથી ફટકાર્યા, બસમાં તોડફોડ, ગુનો નોંધાયો**

રાજકોટ. તા.૨૧

કુવાડવા ગામે રાધે હોટલ પાસે ટ્રાવેલ્સના ધંધાની હરીફાઈમાં બસને આંતરી ડ્રાઈવર-ક્લીનર પર હુમલો કરી બસમાં તોડફોડ કરતાં કુવાડવા રોડ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. અમદાવાદ ઇસ્કોન પાસે બસ નહીં ઉભી રાખવાનું કહીં દ્વારકાધીશ ટ્રાવેલ્સના ચાર શખ્સોએ આદેશ ટ્રાવેલ્સના ડ્રાઈવર-ક્લીનરને પાઈપથી ફટકારી બસમાં તોડફોડ કરી હતી.

બનાવ અંગે જામજોધપુરના મોટા વડીયા ગામમાં રહેતાં ભીખનભાઈ રમેશભાઈ કરંગીયા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દ્વારકાધીશ ટ્રાવેલ્સના ચાર અજાણ્યાં શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ આદેશ ટ્રાવેલ્સ જે દરરોજ જામજોધપુરથી ગાંધીનગર ચાલતી હોય તેમાં ડ્રાઈવીગ કરે છે. જે ટ્રાવેલ્સના નં. GJ-03-BZ-8988 છે.

ગઇ તા. ૧૯/૦૫/૨૦૨૫ ના રાત્રીના દશ વાગ્યે તેઓ અને ક્લીનર ઈરફાનભાઈ આદેશ ટ્રાવેલ્સની બસ લઈને જામજોધપુરથી પેસેન્જર ભરી ગાંધીનગર ગયેલ હતા. ગઈકાલે તેઓ ગાંધીનગર બસમાં સુતા હતા ત્યારે ક્લીનર પાસે ટ્રાવેલ્સનો મોબાઇલ ફોન હોય જેમાં દ્વારકાધીશ ટ્રાવેલ્સના માલિક રણછોડભાઇ સભાડનો ફોન આવેલ કે, તમે અમદાવાદ ઇસ્કોન ખાતે બપોરના એક વાગ્યે તમારી બસ ન લગાડતા અને ભપોરના ૦૧/૨૦ પછી તમારી બસ ત્યાં લગાડજો અને તમારા શેઠ સુનીલભાઇને કહેવુ હોય તો કહી દેજો અમારા બસના ડ્રાઇવર તેમજ કલીનર ખરાબ મગજના છે પછી ખોટી માથાકુટ થાય તો કહેતા નહીં.

આ બાબતે તેઓએ તેમની ટ્રાવેલ્સના માલીક સુનીલભાઇ ઓડેદરાને ફોન કરીને જાણ કરેલ હતી.

બાદમાં સવારના સાડા અગ્યારેક વાગ્યે ગાંધીનગરથી પેસેન્જર ભરી જામજોધપુર જતા હતા ત્યારે સાંજના આશરે પાચેક વાગ્યે અમદાવાદથી રાજકોટ તરફ જતા હાઇવે રોડ પર કુવાડવા ગામે રાધે હોટલની સામે બસ પહોચેલ ત્યારે રાજકોટ તરફથી એક સફેદ કલરની સ્વીફ્ટ ગાડી આવેલ અને બસની આડી ઉભી રાખી દીધેલ હતી. સ્વીફ્ટ ગાડીમાથી અજાણ્યા ચારેક જેટલા માણસો હાથમા લોખંડના પાઈપ લઈ ઉતરેલ અને તેમાથી એક માણસે પાસે આવી કહેલ કે, તુ નીચે ઉતર તેમ કહી હુમલો કરી દિધો હતો.

ત્યારબાદ બીજા ત્રણ માણસોએ બસના આગળના કાચમા તેમજ ડ્રાઇવરની કેબીનનો દરવાજા, કલીનર સાઇડના દરવાજા ઉપર લોખંડના પાઈપ મારી કાચ તોડી નાંખી તેમજ ચારેય શખ્સો કલીનર સાઈડનો દરવાજો ખોલી બસની અંદર આવી ડ્રાઈવર તથા કલીનરને આપી એક શખ્સ કહેતો હતો કે તમને અમદાવાદથી એક વાગ્યા પછી બસ ઉપાડવાનુ કહેલ હતુ, છતા પણ કેમ એક વાગ્યે બસ લગાડેલ હતી. કાલે પણ તમારી બસને આવી રીતે રોકીને તોડફોડ કરીશુ અને ગમે તે ડ્રાઇવર હશે તેઓને માર મારીશું તેમ કહીં આરોપીઓ કારમા નાસી છૂટ્યા હતાં.બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી હુમલાખોર અજાણ્યાં શખ્સોની શોધખોળ આદરી છે.

# દિકરીનો પીછો કરતાં શખ્સને ટપારતા ઘરે ઘસી જઈ મહિલાને ગાળો ભાંડી પતિને મારી નાખવાની ધમકી

**શ્રીરામ સોસાયટીનો બનાવઃ નિર્મળ વઘેરા સહિત છ શખ્સોની કરતુત, ગુનો નોંધાયો**

રાજકોટ. તા.૨૧

શ્રી રામ સોસાયટીમાં દિકરીનો પીછો કરતાં શખ્સને ટપારતા ઘરે ઘસી જઈ મહિલાને ગાળો ભાંડી પતિને મારી નાંખવાની ધમકી આપતાં બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે આરટીઓ પાછળ શ્રી રામ સોસાયટીમાં રહેતાં ૪૦ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નિર્મળ મહેન્દ્ર વઘેરાનું નામ આપતા બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ છુટક સફાઈનું કામ કરે છે. તેઓને સંતાનમા ચાર દિકરીઓ છે. તેમની સામેની સોસયટીમા રહેતો નિર્મળ વઘેરા જે ફરીયાદીની દિકરી સ્કુલે જતી હોય ત્યારે તેનો પીછો કરતો હોય જેથી તે બાબતે તેને વાત કરતા નિર્મળે તેઓની સાથે ઝઘડો કરેલ હતો. ગઇ તા. ૧૯ ના રાત્રીના ૧૧/૪૦ વાગ્યે નિર્મળ સોસાયટીના મુખ્ય ચોક ખાતે આવી અચાનક જ તેણીના ઘર તરફ હાથ બતાવી જોર જોરથી ગાળો બોલવા લાગેલ અને તેની સાથે બીજા પાંચ માણસો હતા. નીર્મળ સાથેના બીજા માણસોમાંથી બે માણસો પાસે પાઈપ હતા. જેથી તેણી અન્ય સોસાયટીના બહેનો ભેગા થઇ ગયેલ અને નિર્મળને જાહેરમાં ગાળો ના બોલવાનુ કહેતા નીર્મળે કહેલ કે, અન્ય સાથે અમારે કોઇ લેવા દેવા નથી અમારે તો મહિલાના પતિ અને તેના દિયરને સબક સીખવાડ વાનો છે તેમ કહી ગાળો બલવા લાગેલ અને શેરીના બીજા માણસો ભેગા થવા લાગતા આરોપીઓ નાસી છૂટ્યા હતાં. જતાં જતાં નિર્મળે કહેલ કે, તારો પતિ કે દિયર હાથમા આવસે તો તેઓને જાનથી મારી નાખીશ.બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# છરી બતાવી અપહરણ કરવાના ઈરાદો ધરાવનાર આરોપીઓની જામીન મુકત કરતી રાજકોટ સેશન્સ કોર્ટ

રાજકોટ, તા.૨૧

આ કેસની માહિતી મુજબ ગત તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ રાત્રીનાં સવા અગીયાર વાગ્યાની આસપાસ ફરીયાદી તેનું મોટર સાયકલ લઈ દુકાનેથી ઘરે જતાં હતા ત્યારે ફરીયાદીના ઘર પાસેની શેરીની અંદર પહોંચેલ ત્યારે સ્વીફ્ટ કાર ઉભી રહેલ અને તેમાં ચાર માણસો બેઠા હતા. તેમાંથી બે માણસોએ ફરીયાદીને છરી બતાવી કહેવા લાગેલ કે ગાડીમાં બેસી જા, જેથી ફરીયાદીએ ઈન્કાર કરેલ તો તેનું બાવડું પકડેલ ત્યારે ફરીયાદી મો.સા. માંથી નીચે પડી ગયેલ હતો અને રાડારાડી કરવા લાગતા, આરોપીઓ ફોર વ્હીલમાં બેસીને જતાં રહેલ હતા. જે બાબતની ફરીયાદ ફરીયાદીએ રાજકોટ ભકિતનગર પોલીસ સ્ટેશનમાં કરેલી હતી.

ત્યારબાદ પોલીસ અધિકારીની તપાસ દરમ્યાન કુલ પાંચ આરોપીઓની ધરપકડ થયેલ હતી. ત્યારબાદ રાજકોટનાં મહે. જયુ. મેજી. સમક્ષ કોર્ટમાં રજૂ કરતાં નામ. કોર્ટ દ્વારા આરોપીને જેલ હવાલે કરેલ હતા. જેથી આ કામના બે આરોપીઓ કરણ અશોકભાઈ સરવૈયા તથા મીત કિશોરભાઈ પરમાર એ જેલ મુકત થવાં એડવોકેટ જીજ્ઞેશ જે. તેરૈયા મારફત રાજકોટના નામ. સેસન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી કરેલ. જેમાં અરજદારના એડવોકેટ જીજ્ઞેશ જે. તેરૈયા એ કાયદાકીય દલીલો કરેલી હતી. જે દલીલો ગ્રાહય રાખી અરજદારોને જામીન મુક્ત કરવાનો હુકમ રાજકોટના મહે. સેસન્સ અદાલત દ્વારા ફરમાવેલ હતો અને અરજદારોને જામીન મુકત કરેલા હતા. આ કામમાં આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ જીજ્ઞેશ જે. તેરૈયા, જીતેન્દ્ર જી. કુબાવત, ધર્મેન્દ્રસિંહ જાડેજા, કરણસિંહ ચાવડા, ધારેશ દોશી, સાગર ભોણીયા તથા આસીસટન્ટ તરીકે સતીપ લુણશીયા રોકાયેલા હતા.

# ખોટા ગુનામાં પોલીસ ફીટ કરી રહ્યાનો એડવોકેટ દિનેશ પાતરનો આક્ષેપ

**ગોંડલના રાજકુમાર જાટના સીસીટીવી ફુટેજ પોલીસવડા પાસે છેઃ હું કલાયન્ટને મળવા ગયો એટલે ગુનેગાર બનાવી દેવાયો છેઃ પાતર**

(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ તા.૨૧

ગોંડલનાં જાહેર જીવન નાં આગેવાનો તથા તેના પરીવાર વિષે અભદ્ર ટિપ્પણીઓ કરતો વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ કરનાર બન્ની ગજેરા તથા પિયુષ રાદડીયાની મદદગારી માં ગોંડલ તાલુકા પોલીસ બાદ સુલતાનપુર પોલીસે પકડેલા એડવોકેટ દિનેશભાઈ પાતર જામીન મુકત થયા બાદ તેની તબિયત લથડતા પોલીસે ગોંડલ સિવિલ હોસ્પિટલ માં ખસેડ્યા હતા. બનાવ ની જાણ થતા મેઘવાળ સમાજ નાં યુવાનો નાં ટોળા દિનેશભાઈ નાં સમર્થન માં હોસ્પિટલ માં એકઠા થયા હતા.અને દિનેશભાઈ પાતરને પોલીસ ખોટી રીતે ફીટ કરતી હોવાનાં આક્ષેપ સાથે ઉગ્રતા વ્યાપી હતી.એક તબ્બકે પોલીસ ને હોસ્પિટલ માં નહી આવવાનું કહી આક્રોશ જતાવ્યો હતો.અને વાતાવરણ તંગ બન્યુ હતુ. હોસ્પિટલનાં બિછાને થી દિનેશભાઈ પાતરે જીલ્લા પોલીસ વડા સામે આક્ષેપ કરી એક પછી એક પછી ગુન્હામાં ખોટી રીતે ફીટ કરી રહ્યાનુ જણાવ્યુ હતુ.



તેમણે વધુમાં કહ્યુ કે રાજકુમાર જાટનાં સીસી ફુટેજ જીલ્લા પોલીસ વડા પાસેછે.જે જયરાજસિહ તથા ગણેશ નાં છે.આ અંગે હું જાહેરમાં બોલ્યો એટલે મને ખોટીરીતે ફીટ કરાઇ રહ્યોછે.હું મારા કલાયન્ટ ને મળવા ગયો હતો અને મને ગુનેગાર બનાવી દેવાયો છે.પોલીસ મને ત્રાસ આપી રહીછે.લોકઅપ માં ગોંધી રાખેછે.મારી કોઈ સલામતી નથી.

સુલતાનપુર પોલીસ માં મારા બપોર સમયે જામીન થઈ ગયા હોવા છતા સાંજ સુધી પોલીસે મને ગોંધી રાખ્યો હોય મારી તબિયત લથડી છે.પોલીસ મને ખોટી રીતે ગુજસીકોટ માં ફીટ કરી દેશે તેવી મને દહેશત છે.તેવુ જણાવ્યું હતું.

સિવિલ હોસ્પિટલ માં તબીબી સ્ટાફે દિનેશભાઈ પાતર ની સઘન સારવાર શરુ કરી હતી.બાદ માં વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા.


## દુઃખદ અવસાન-ઉઠમણું



**સ્વ.જસ્મીતાબેન કમલેશભાઈ શાહ**

સ્વ.તા.૧૮-૦૫-૨૦૨૫ વૈશાખ વદ-૫ રવિવાર

જસ્મીતાબેન કમલેશભાઈ શાહ (ઉ.વ.૪૮) તા.૧૮-૦૫-૨૦૨૫, રવિવારના અરીહંત શરણ પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સદ્ગતનું ઉઠમણું અને પ્રાર્થનાસભા

તારીખ : ૨૨-૦૫-૨૦૨૫ ગુરૂવારે, સમય : સવારે ૧૦ થી ૧૨ કલાકે,
સ્થળ : જનકલ્યાણ હોલ, જનકલ્યાણ સોસાયટી, રાજકોટ.

લી.

સ્વ.શાહ હસમુખરાય ઉજમશી (નાનુભાઈ સાધના)ના (પુત્રવધુ)
ગં.સ્વ.શાહ ચંદ્રિકાબેન હસમુખરાયના (પુત્રવધુ)
શાહ કમલેશભાઈ હસમુખરાયના (ધર્મપત્ની)
મોહિત અને ધ્રુવિલના (માતૃશ્રી)
ચકિનભાઈ, રાજુભાઈ, સંજયભાઈ તથા ગોપીબેનના (ભાભી)
આશાબેન અને કોમલબેનના (ભાભી)
હિનલ, જૈની, આયુષ અને નૈતિકના (ભાભુ)
સ્વ.ધીરજલાલ મોહનલાલ ઘાટલીયાની-વાપી (સુપુત્રી)

મહાવીર સ્ટીલ, સાધના મેન્યુફેકચર્સ, શાશ્વત ઈવેન્ટ, શાશ્વત પાઈપ
મો. ૯૭૨૬૧ ૫૫૫૯૬, ૯૪૨૮૨ ૩૦૭૨૦, ૭૩૮૩૯ ૧૮૯૧૮, ૯૭૩૭૧ ૩૦૭૨૦

નોંધ : સદ્ગતનું ઉઠમણું અને પ્રાર્થનાસભા બન્ને પક્ષની સાથે રાખેલ છે

SIMPLE



## ॥ શ્રધ્ધાંજલિ ॥



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે ગામ પડાણા હાલ જામનગર નિવાસી અમારા પિતાશ્રી સ્વ. મહેન્દ્રસિંહ કનુભા ઝાલા (ઉ.વ.૫૮) તા. ૨૦/૦૫/૨૦૨૫ મંગળવારેના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રભુને પ્રાર્થના.

**સ્વ. મહેન્દ્રસિંહ કનુભા ઝાલા**
સ્વ. તા. ૨૦/૦૫/૨૦૨૫ મંગળવાર

॥ બેસણું ॥

તારીખ ૨૬/૦૫/૨૦૨૫ સોમવારના રોજ સાંજે ૫.૦૦થી ૬.૦૦ સુધીનું બેસણું રાખવામાં આવ્યું છે.
સરનામું : અંકલેશ્વર મહાદેવ મંદિર, શિવ હોટેલની બાજુમાં, ગોલ્ડન સિટી, પોલીસ હેડ કવાટર્સની પાછળ, જામનગર.

❖ શોકપૂર્ણ ❖
• શિવરાજસિંહ મહેન્દ્રસિંહ ઝાલા - ૯૯૯૮૫૯૭૯૯૦
• યોગેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા
• દુષ્યંતસિંહ દિલીપસિંહ ઝાલા - ૯૫૩૭૬૬૧૧૭૭
જયવીરસિંહ કિશોરસિંહ ઝાલા • વિશ્વજીતસિંહ કિશોરસિંહ ઝાલા

લી.
આઈ.કે.સીલેકશન ક્રિકેટ ઈલેવન


## અવસાન નોંધ

**રાજકોટ:** મુકતાબેન વિઠ્ઠલદાસ કાનાણી (ઉ.વ.૮૬) તે સ્વ.વિઠ્ઠલદાસ કાકુભાઈ કાનાણી (ભાણવડ)ના ધર્મપત્ની, ભરત કાનાણી, (રીટાયર્ડ એસ.બી.આઈ) ગં.સ્વ. જયોત્સનાબેન ચાગલાણી તથા સ્વ.કિર્તીબેન કાનાબારનાં માતૃશ્રી,ચિંતન કાનાણી તથા વિદિતા મિતુલકુમાર ખંધેડીયાના દાદી અને સ્વ.મનસુખલાલ હંસરાજભાઈ મહેતા (ધ્રાફા-ગોંડલ)નો બહેનનું તા.૧૮ને રવિવારના રોજ નડિયાદ મુકામે અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૨ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે શ્રી સર્વેશ્વર મહાદેવ મંદિર, ઈનોવેટીવ સ્કૂલ સામે, મિલાપનગર, યુનિવર્સિટી રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**વાંકાનેર:** વાંકાનેર પ્રિન્ટીંગ પ્રસવાળા સ્વ.પ્રાણલાલ જટાશંકર મહેતાના પુત્ર હિમાંશુભાઈ (ઉ.વ.૭૮) તે ઉષાબેનના પતિ જીગીશભાઈ તથા રિદ્ધીબેનના પિતાશ્રી તથા સેજલબેનના સસરા જેતપુર નિવાસી છોટાલાલ પંચમીયાના જમાઈનું તા.૧૯ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું ઉઠમણુ તા.૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૦ કલાકે તેમજ પ્રાથના સભા સવારે ૧૧ કલાકે દિગમ્બર જૈન સ્વાધ્યાય હોલ, માર્કેટ રોડ વાંકાનેર ખાતે રાખેલ છે.

**ગોંડલ :** બ્રહ્મ ક્ષત્રિય મૂળ ગોંડલ હાલ ભાયંદર સ્વ.હિંમતલાલ પોપટલાલ આશરા ના પુત્ર સ્વ. વિનયભાઈ (ઉ.વ.૪૮) તારીખ ૧૮- ૫ -૨૦૨૫ ને રવિવારે શ્રી અરિહંત શરણ પામેલ છે સ્વ. પ્રભુદાસ પોપટલાલ આશરા ના ભત્રીજા તથા સ્વ .સુભાષભાઈ, અશ્વિનભાઈ, દિલીપભાઈ, પરેશભાઈ, ના નાનાભાઈ. સ્વ. વિનયભાઈ ની પ્રાર્થના સભા તા. ૨૨-૫-૨૫ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ રાખેલ છે. સ્થળ:- શ્રી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ પંચ ની વાડી, વેરી દરવાજા પાસે, મોટી બજાર, ત્રણ બત્તી ચોક, ગોંડલ મુકામે રાખેલ છે.

**રાજકોટ::**કાલીદાસ કુરજીભાઇ હદવાણી તે કિર્તનભાઈ કાલીદાસ હદવાણીના પિતાશ્રી તથા સુધીરભાઈ જયંતીભાઇ હદવાણીના કાકાનુ તા.૨૦ ના અવસાન થયેલ છે.બેસણું તા.૨૨ ને ગુરૂવારે સવારે ૮ થી ૧૧ શ્રી સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક સોસાયટી, શેરી નં-૪, ઈન્દીરા સર્કલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.કિર્તનભાઈ કાલીદાસ હદવાણી. મો.૭૨૬૫૦૦૩૮૨૦ સુધીરભાઈ જયંતીભાઇ હદવાણી. મો.૯૪૨૯૦૪૯૮૭૧

**રાજકોટ:** રાજકોટ નિવાસી ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ નયનાબેન મુકેશભાઈ દવે (નિવૃત આરટીઓ) તે સ્વ. મુકેશભાઈ જયંતિલાલ દવે (ડીસ્ટ્રીકટ કોર્ટ-રાજકોટ)ના પત્નિ, તથા આનંદભાઈ એમ. દવે અને આરતીબેન ધર્મેશભાઈ મહેતાના માતુશ્રી તથા હાર્દિકભાઈ બી. રાવલના મામીનું તા.૨૦ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૨ને ગુરૂવારના રોજ સાંજે ૫થી ૬ તેમના નિવાસસ્થાન બી-૧૦૧, હરીક્રિષ્ના હાઈટસ, રત્નમ રોયલ્સની સામે, માધાપર ચોકડી પાસે, રાજકોટ ખાતે રાખેલ છે. આનંદ દવે-૯૯૨૫૧ ૧૧૨૧૨).

**રાજકોટ:** હાલ રાજકોટ નિવાસી વાળંદ શારદાબેન દિનેશભાઈ ભટ્ટી (ઉ.૭૬) તે દિનેશભાઈ વૃજલાલભાઈ ભટ્ટીના પત્ની તેમજ ચંદ્રેશભાઈ, કેતનભાઈ, નિલેશભાઈના માતા તથા સ્વ. ડીગી, દર્શિતા, ક્રિષ્ના, ભાર્ગવ અને જયના દાદીમાનું તા.૧૭ને શનિવારના રોજ અવસાન થયું છે.

**રાજકોટ:** મોઢવણીક જસદણ વાળા સ્વ.શૈલેષભાઈ ઝવેરચંદ અંબાણી (ઉ.વ.૫૬) તે સ્વ.ઝવેરચંદ વીરચંદ અંબાણીના પુત્ર તેમજ હસમુખભાઈ, કિશોરભાઈ, નલીનભાઈ, નીતિનભાઈ, જયોત્સનાબેન પ્રદીપભાઈ શાહ તથા પ્રવિણાબેન ભરતભાઈ વડોદરિયાના નાનાભાઈનું તા.૨૦ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૨ના ગુરૂવારે સાંજે ૫ થી ૬ સ્થળ શ્રી નૂતન હોલ કાલાવડ રોડ કોટેચા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.અનીલભાઈ અમૃતલાલ ખીમાણી ખીમાણી ડેરી વાળા તા.૨૦નાં મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.તે દિનેશભાઈ, મેહુલભાઈ કૌશીકભાઈના પિતાશ્રી થાય બેસણું તથા સસરા પક્ષની સાદડી તા.૨૨ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે. શ્રી પંચનાથ મહાદેવ મંદિર લીમડા ચોક ખાતે રાખેલ છે.દિનેશભાઈ ખીમાણી ૯૭૨૫૩ ૧૬૪૮૫

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# વાહન અકસ્માત મૃત્યુના તથા ઈજાના કેસમાં વ્યાજ સહિત રૂ.૮૦ લાખનું જંગી વળતર મંજુર

## બે બાઈકને કાર અને ટ્રકે હડફેટે લીધાના બે જુદા જુદા અકસ્માત સર્જાયા હતા, જેના ક્લેઈમ કેસ રાજકોટ ટ્રીબ્યુનલમાં ચાલ્યા હતા

રાજકોટ, તા.૨૧

પોરબંદરના રાણાવાવ તાલુકાના બાપોદર ગામે રહેતા ગુજ.નાથાભાઈ રાજશીભાઈ બાપોદરા, નીલેશભાઈ નાથાભાઈ બાપોદરા તથા સગીર રમીલા નાથાભાઈ બાપોદરા પોતાનું મોટર સાયકલ ચલાવીને જતા હતા ત્યારે અકસ્માતમાં સંડોવાયેલ કાર નં.ડીએલ-૮ સીએપી ૬૪૨૪ વિરૂધ્ધ ફરીયાદ કરેલ હતી. ગુજ.જયંતીભાઈ વિરજીભાઈ મેઘાણી તથા વિપુલભાઈ માધાભાઈ મેઘાણી જે મોટી મોલડી તા.ચોટીલા જી.સુરેન્દ્રનગરમાં રહેતા પોતાનું બાઈક સાઈડમાં ચલાવી જતા હતા ત્યારે ટ્રેલર નં.આરજે-૦૬-જી સી-૦૭૭૭ના ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ હતી. આ બન્ને કેસો રાજકોટ ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ કોર્ટમાં વળતર અંગે દાવા અરજી દાખલ કરેલ હતી.

જે અંગેનો કલેઈમ કેસમાં ગુજરનારનાં વારસદારોએ રાજકોટ નામદાર ટીબ્યુનલમાં તેમના વકીલ રવીન્દ્ર ગોહેલ, સંદિપ એમ. રાઠોડ તથા વિવેક વી.ગઢવી દ્વાર તા. ૧૭/૦૪/૨૦૧૮ તથા ૦૩/૧૨/૨૦૧૮નાં રોજ દાખલ કરવામાં આવેલ. આ અકસ્માતનાં કારણે ગુજ.નાથાભાઈ



રવિન્દ્ર ગોહેલ સંદીપ રાઠોડ
એડવોકેટ

રાજશીભાઈ બાપોદરાનાં કલેઈમ કેસમાં વ્યાજ સહિત રૂા. ૩૧,૦૦,૦૦૦ થી વધારે અને ગુજ.જયંતીભાઈ વિરજીભાઈ મેઘાણી તથા વિપુલભાઈ માધાભાઈ મેઘાણીનાં કલેઈમ કેસમાં ૩૧,૮૫,૦૦૦ કે તેઓ તેમનાં કુટુંબમાં એકમાત્ર કમાવાળાવાળી વ્યકિત હતાં અને તેમનાં ઘરમાં તેમનાં સિવાય પરિવારમાં તેમનાં પત્ની તથા ચાર બાળકો અને માતાનું ભરણપોષણ કરતાં હતાં તેઓનું અકસ્માતે મૃત્યુ થયેલ હોય તેથી ગુજરનારનાં વારસદારોને મહત્તમ વળતર મળે તથા ગુજરનારની આવક મીનીમમ વેજીસ પ્રમાણે ગણવા તથા ગુજરનારની આવકમાંથી ૧/૪ રકમ બાદ કરી, ગુજરનારની પ્રોસ્પેકટીવ આવક ધ્યાનમાં લેવી તેવી દલીલો ગુજરનારનાં વકીલ રવિન્દ્ર ગોહેલ તથા સંદિપ એમ. રાઠોડ દ્વારા કરવામાં આવેલ તથા આ કામમાં હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટનાં જજમેન્ટ રજુ કર્યા હતા.


તે તમામ અરજદારોનાં વકીલની મજબુત દલીલો ધ્યાનમાં રાખી રાજકોટ ટ્રીબ્યુનલે ગુજરનારની ઉંમર ધ્યાને લઈને ૪૦ ટકા ફયુચર પ્રોસ્પેકટીવ આવક ધ્યાનમાં લઈને ગુજરનારની આવક માહેથી ૧/૪ રકમ બાદ કરેલ તથા ઈજા પામનાર વિપુલભાઈ મેઘાણીને રૂ.૬,૦૦,૦૦૦ નિલેશભાઈ નાથાભાઈ બાપોદરાને રૂા.૫,૬૦,૦૦૦/- તથા રમીલાબેન નાથાભાઈ બાપોદરાને રૂા. ૬,૦૦,૦૦૦/- આમ તમામ કેસોમાં વળતરની રકમ મંજુર કરવામાં આવેલ. આ કામમાં અરજદાર વતી રાજકોટ કલેઈમ કેસનાં નિષ્ણાંત વકીલ રવિન્દ્ર ડી. ગોહેલ(મો.૯૯૨૫૫ ૪૮૯૯૩), સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), તથા આસીસ્ટન્ટ તરીકે, દિનેશ ડી. ગોહેલ તથા જતીન પી. ગોહેલ તથા જયેશ મકવાણા વગેરે રોકાયેલ હતાં.

### ચીનમાં ૮ વર્ષની બાળકીનું બ્રેઈન ડેડમાં મોત

# કોરોના વાયરસ મગજ સુધી પહોંચવા લાગ્યા

## શરીરની રક્ષા પ્રણાલી ઓવરએકટ કરે પછી વાયરસ આક્રમક બને છેઃ અનેક નવા ચિહ્નો પણ જોવા મળ્યા

બિજીંગઃ પાંચ વર્ષ બાદ ફરી એક વખત વ્યાપક રીતે નોંધાઈ રહેલા કોરોનાના કેસમાં એક તરફ હોંગકોંગ, સિંગાપોર, ચીન જેવા દેશોમાં કેસ વધવા લાગ્યા છે અને ભારત પણ ફરી એક વખત એલર્ટ પર છે તે સમયે કોરોનાના નવા વેરીએન્ટે ચિંતા વધારી છે. સામાન્ય રીતે નાક-મોઢા મારફત કોરોનાના વાયરસ શરીરમાં શ્વાસ તંત્રમાં ઘુસીને ફેફસા સુધી પહોંચે છે. તે પ્રકારે પણ વાયરસ અસર કરે છે અને મૃત્યુ પણ નિપજાવે છે તો પ્રથમ વખત કોરોનાના વાયરસ હવે છેક મગજ સુધી પહોંચવા લાગ્યા છે અને તેના કારણે ચીનમાં આ પ્રકારના નવા શારીરિક લક્ષણ આઠ વર્ષની એક બાળકીનું મૃત્યુ થતા જ હવે તબીબ નિષ્ણાંતોની ચિંતા



વધી છે. બાદ સામાન્ય રીત આ વારસ જે રીત અસર કરે છે. તેના કરતા વધુ આક્રમક જોવા મળ્યો હતો. તાવ, શરદી વિ. ઉપરાંત તેના હાથ પગ પર લાલ ચડતા જોવા મળ્યા હતા. આ સ્થિતિ તેના માથાના પાછળના ભાગમાં જોવા મળી હતી અને તેને ઉલટીઓ થતી હતી અને તેના શરીરના કોરોના વાયરસ મગજ સુધી પહોંચી ગયા હતા તેને માથાનો દુખાવો વધતા તેની તપાસમાં આ સ્થિતિ જોવા મળી હતી અને બાદમાં શ્વાસ લેવાની તકલીફ થતી હતી. તેના મોઢામાં ફીણ વળવા જેવા પરપોટા થવા લાગ્યા હતા. તેના પગ હાથમાં જકડન જેવી સ્થિતિ બની હતી. જો કે પ્રારંભમાં તેના કોરોના ટેસ્ટ થયો નહી પણ બાદમાં તબીબોએ આ બાળાનો ગુઆંગઝો લેબમાં પરિક્ષણ કરાવતા તિવ્ર તેક્રો ટાઈમીંગ એન્સેફેલોપેથી જે એક મગજનો ખૂબજ જવલ્લે થતો રોગ છે તે જોવા મળ્યો અને તેને કોવિડ ૧૯ની અસર તરીકે પણ જોવામાં આવે છે અને બાળા બ્રેઈન ડેડ જાહેર થઈ હતી અને અભ્યાસમાં જણાવાયુ કે કોરોના વાયરસ મગજ સુધી પહોંચી શકે છે. આ સ્થિતિ એટલે બને છે કે શરીરના રોગ પ્રતિકારક શક્તિ કોવિડ કે ફલુના વાયરસ સામે ઓવરએકટ કરે છે. જે શરીરના તમામ કોષને અસર કરે છે. આ સ્થિતિ જયારે મગજમાં પહોંચે છે તો કોરોનાના વાયરસ મગજમાં કોષને ધીમે ધીમે ખત્મ કરે છે અને તે બ્રેઈન ડેડની સ્થિતિ સર્જે છે.

# સુપ્રીમકોર્ટના જજના નિવાસ આસપાસ ત્રાસવાદીઓને છોડી મુકવા જોઈએઃ ટ્રમ્પે વિવાદ સર્જયો

## ખાસ સાથીની ટુથ સોશ્યલ પરની પોસ્ટ પર ટ્રમ્પે રીપોસ્ટ કરીઃ ચૂકાદા વિરુદ્ધ જતા હોવાથી આક્રોશ

વોશિંગ્ટનઃ અમેરિકામાં ગેરકાનુની રીતે ઘૂસેલા લોકોને ટ્રમ્પ શાસન દ્વારા તડીપાર કરવાની ચાલી રહેલી કાર્યવાહીમાં એક તરફ અમેરિકાની અનેક અદાલતો ટ્રમ્પ શાસનના હાથ બાંધી રહી છે. તે સમયે ટ્રમ્પના એક નજીકના સાથી માઈક ડેવિસે ટુથ સોશ્યલ પર કરેલી પોષ્ટથી જબરો વિવાદ સર્જાયો છે અને ટ્રમ્પે પણ તે પોષ્ટને રીપોષ્ટ કરતા વિવાદ વધ્યો હતો. માઈડ ડેવિસે અમેરિકી ન્યાયતંત્ર સામે આક્રોશ દર્શાવતા કહ્યું કે વહીવટીતંત્રએ ત્રાસવાદીઓને સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિઓના ઘર આસપાસ છોડી દેવા જોઈએ. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિઓ ટ્રમ્પની તરફેણમાં ચૂકાદા નહી આપતા હોવાથી તેઓએ આ પ્રકારે આક્રોશ દર્શાવ્યા હતા અને તેમની



આ પોષ્ટને ખુદ ડોનાલ્ડ ટ્રમ્પે જ રીપોસ્ટ કરી હતી અને હવે એવુ માનવામાં આવે છે કે આ આઈડીયા ટ્રમ્પ શાસનનો જ હોઈ શકે છે.

હાલમાં જ કેટલાક ક્રિમીનલોને તડીપાર કરવા સામે અદાલતે ટ્રમ્પ શાસનના પગલાને બ્રેક મારી દીધી છે.

### વડાપ્રધાન મોદીએ પણ રાજીવ ગાંધીને યાદ કર્યા

# પૂર્વ પીએમ-પિતા સ્વ.રાજીવ ગાંધીને પુણ્યતિથિએ રાહુલે શ્રદ્ધાંજલિ આપી

## રાહુલે પિતાના સપના સાકાર કરવાની વાત કરી





નવીદિલ્હી,તા.૨૧

પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની પુણ્યતિથિ પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના પિતાને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ આપી હતી. રાહુલ ગાંધીએ પોતાના બાળપણના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા અને પોતાના પિતાના સપના પૂરા કરવાના વચનો અંગે વાત કરી હતી. રાહુલ ગાંધીએ X પર એક પોસ્ટમાં લખ્યું, 'પાપા, તમારી યાદો મને દરેક પગલે માર્ગદર્શન આપે છે. તમારા અધૂરા સપનાઓને સાકાર કરવાનો મારો સંકલ્પ છે અને હું એમ કરીશ.'

### પીએમ મોદીએ પણ પૂર્વ પીએમને યાદ કર્યા

આજે ભારતના પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની પુણ્યતિથિ છે. ૨૧ મે, ૧૯૯૧ના રોજ તમિલનાડુના શ્રીપેરુમ્બુદુરમાં એક આત્મઘાતી હુમલામાં તેમની હત્યા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર લખ્યું, 'આજે તેમની પુણ્યતિથિ પર, હું આપણા ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.'

### કોંગ્રેસ પ્રમુખ ખડગેએ શ્રદ્ધાંજલિ આપી

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ X પર એક વીડિયો શેર કરીને રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું, તેમના દૂરદેશી અને હિંમતવાન નિર્ણયોએ ૨૧મી સદીના પડકારો અને તકો માટે ભારતને તૈયાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી.'

# ધો.૧૦ની પૂરક પરીક્ષાના ઓનલાઈન ફોર્મ હવે તા.૨૨ સુધી ભરી શકાશે

## આવેદન ભરવાની મુદ્દત વધુ બે દિવસ લંબાવતું શિક્ષાણ બોર્ડ

રાજકોટ તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર-માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધો.૧૦ની પૂરક પરીક્ષામાં બેસવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના ઓનલાઈન ફોર્મ ભરવાની અંતીમ તા.૨૦ મે હતી જે વધુ બે દિવસ લંબાવીને તા.૨૨ મે (સાંજના ૧૭ કલાક) સુધી કરવામાં આવી છે.

આ અંગે શિક્ષણ બોર્ડના પરીક્ષા વિભાગના નાયબ નિયામકે જાણાવેલ છે કે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને સંસ્કૃત પ્રથમા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫માં જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષયોમાં ગેરહાજર રહેલ હોય અથવા એક કે તેથી વધુ વિષય/વિષયોમાં અનુતીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણ પત્રકમાં 'સુધારણાને અવકાશ' ધરાવે છે તેવા વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૨૫ની આ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

ધોરણ ૧૦ અને સંસ્કૃત પ્રથમાની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫માં જે વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયેલ છે પરંતુ પોતાના પરિણામને સુધારવા ઈચ્છુક છે તેવા વિદ્યાર્થીઓ પણ ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પૂરક-૨૦૨૫માં ઉપસ્થિત થઈ શકશે.

પૂરક પરીક્ષા ૨૦૨૫ માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઈન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વીકારવાની પધ્ધતિ અમલમાં નથી.


# પહેલીવાર TIME100 દાનવીરોની યાદી જાહેરઃ મૂકેશ અને નીતા અંબાણીનો સમાવેશ

## અગ્રણી આઈટી કંપની વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીનું નામ પણ આ યાદીમાં શામેલ

મુંબઈ, તા.૨૧

ટાઈમ દ્વારા બહાર પાડવામાં આવેલી આ પહેલી યાદીમાં ભારતના સૌથી ધનિક વ્યક્તિ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી તેમજ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને મુકેશ અંબાણીના પત્ની નીતા અંબાણીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અમેરિકાના અગ્રણી મેગેઝિન ટાઈમે પહેલીવાર TIME100 ફિલાન્થ્રોપી ૨૦૨૫ ની યાદી બહાર પાડી છે. ટાઈમે તેમાં વિશ્વના ટોચના ૧૦૦ દાનવીરોનો સમાવેશ કર્યો છે. ટાઈમ દ્વારા બહાર પાડવામાં આવેલી આ પહેલી યાદીમાં ભારતના સૌથી ધનિક વ્યક્તિ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી તેમજ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને મુકેશ અંબાણીના પત્ની નીતા અંબાણીનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુકેશ અંબાણી અને નીતા અંબાણી ઉપરાંત, વિશ્વના અગ્રણી દાનવીરોની યાદીમાં ઘણા અન્ય ભારતીયોના નામ શામેલ છે.



ટાઈમે આ યાદીમાં સમાવિષ્ટ ૧૦૦ લોકોને ૪ અલગ અલગ શ્રેણીઓમાં વિભાજિત કર્યા છે. ટાઇટન્સ, લીડર્સ, ટ્રેલબ્લેઝર્સ અને ઇનોવેટર્સ. મુકેશ અંબાણી અને નીતા અંબાણીને ટાઇટન્સ શ્રેણી હેઠળ આ યાદીમાં સમાવવામાં આવ્યા છે. ટાઈમે કહ્યું છે કે, મુકેશ અંબાણી અને નીતા અંબાણી કરોડો લોકોને સશકત બનાવવા માટે અદ્ભુત કાર્ય કરી રહ્યા છે. આ શ્રેણીમાં ભારતીય આઈટી કંપની વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીનું નામ પણ શામેલ છે, જેઓ ભારતમાં શિક્ષણ સુધારવા માટે કામ કરી રહ્યા છે. ભારતના જાણીતા યુવા ઉદ્યોગસાહસિક અને રોકાણકાર નિખિલ કામથને ઝઈખઊ૧૦૦ ફિલાન્થ્રોપી ૨૦૨૫ ની ટ્રેલબ્લેઝર્સ શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યા છે. નિખિલ કામથ દેશના સારા ભવિષ્ય માટે મોટી રકમ દાન કરી રહ્યા છે અને અન્ય યુવાનોને દાન આપવા માટે પણ પ્રેરણા આપી રહ્યા છે. ભારતીય મૂળના અમેરિકન પત્રકાર અને લેખક આનંદ ગિરિધરદાસનું નામ આ યાદીના ઈનોવેટર્સ શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યું છે. ટાઈમે તેની યાદીમાં દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટ, ભૂતપૂર્વ ઈંગ્લેન્ડ ફૂટબોલ ખેલાડી ડેવિડ બેકહામ અને માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સની ભૂતપૂર્વ પત્ની મેલિન્ડા ફ્રેન્ચ ગેટ્સ જેવા દિગ્ગજોના નામ શામેલ કર્યા છે.

# શાનદાર ઈનિંગ બાદ, વૈભવ સૂર્યવંશીએ ધોનીના ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા



ચેન્નાઇ, તા.૨૧

રાજસ્થાન રોયલ્સના યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ મહેન્દ્ર સિંહ ધોનીના ચરણ સ્પર્શ કર્યા અને તેમના આશીર્વાદ સાથે IPL ૨૦૨૫ની સીઝનની સમાપ્તિ કરી. મંગળવારે નવી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાન અને ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) વચ્ચેની મેચ રમાઈ હતી. આ સિઝનમાં રાજસ્થાનની આ છેલ્લી મેચ હતી અને ૧૪ વર્ષનો વૈભવ આ મેચમાં પણ પોતાની અસર છોડવામાં સફળ રહ્યો હતો. વૈભવ આ સિઝનમાં હેડલાઇન્સમાં રહ્યો હતો

મેચ બાદ જ્યારે બંને ટીમના ખેલાડીઓ એકબીજાને મળી રહ્યા હતા ત્યારે ધોની અને વૈભવ સામસામે આવી ગયા હતા અને આ યુવા બેટ્સમેને માહીના પગને સ્પર્શ કર્યો હતો. જોકે ધોની તેને રોકતો જોવા મળ્યો હતો. વૈભવ આઈપીએલમાં રમનાર સૌથી યુવા ખેલાડી છે અને તેણે પહેલા પણ સારા પ્રદર્શન સાથે ચર્ચા જગાવી હતી.

વૈભવને આ સિઝનમાં સાત મેચમાં રમવાનો મોકો મળ્યો અને તેણે ૨૦૬.૫૬ના સ્ટ્રાઈક રેટ અને ૩૬ની એવરેજથી ૨૫૨ રન બનાવ્યા. રાજસ્થાને મેગા ઓકશનમાં વૈભવને ખરીદ્યો હતો અને આ બેટ્સમેન ટીમની અપેક્ષાઓ પર ખરો ઉતર્યો હતો, જોકે, રાજસ્થાનની ટીમ પ્લેઓફમાં જગ્યા બનાવી શકી ન હતી અને ગ્રુપ સ્ટેજમાં જ તેની સફરનો અંત આવી ગયો હતો.

# ઈરાનના અણુમથકો 'એકલા હાથે' પણ તબાહ કરવા ઈઝરાયેલ તૈયાર!

## અમેરિકી ગુપ્તચર રિપોર્ટ : ટ્રમ્પ તંત્ર ચોંકયુઃ તેલઅવીવની સૈન્ય તૈયારી પર નજર

તહેરાનઃ : અમેરિકા અને ઈરાન વચ્ચે અણુ સમજુતી મુદ્દે યોજાયેલી વાટાઘાટોમાં કોઈ પ્રગતિ ન સધાતા હવે ઈરાનના અણુ કાર્યક્રમને તબાહ કરવા ઈઝરાયેલ મોટી કાર્યવાહી કરે તેવા સંકેત છે. અમેરિકાની ગુપ્તચર માહિતી મુજબ આ જવાબદારી ઈઝરાયેલની સેનાને સોપાશે. સીએનએનના એક રિપોર્ટ મુજબ હવે આ અંગે ઈઝરાયેલ અને અમેરિકામાં આંતરિક સહમતી બનાવવાની કામગીરી ચાલુ થઈ છે. ઈરાનના અણુમથક પર હુમલો કરાય તો ઈરાન પણ ઈઝરાયેલને ટાર્ગેટ કરશુ. ઈરાન માટે સરળ બની શકે છે. જો કે ટ્રમ્પ ખુદ આ અંગે હજુ સંમત નથી પણ ઈઝરાયેલ હવે મધ્યપુર્વમાં વળતો જવાબ આપે અને તે પણ અમેરિકાને ટાર્ગેટ બનાવે તેવા લાંબા અંતરના બેલેસ્ટીક મિસાઈલથી સજજ છે. જયારે કાયમી રીતે વર્ચસ્વ સ્થાપવા માંગે છે અને તેમાં ઈરાનને તોડી પાડયું તેના માટે જરૂરી છે. ટ્રમ્પને જો કે ઈરાન સાથે સમજુતીમાં રસ છે. તેમાં આ દેશમાં મોટો ધંધો થઈ રહ્યો છે. હવે ઈઝરાયેલની નજર અમેરિકા અને ઈરાનની વાતચીત પર છે અને તેઓએ ઈરાન તેનું શુદ્ધ કરાયેલુ યુરોનીયમ પુરી રીતે નાશ કરવા સંમત થાય નહી અને અણુ મથકો પર જે આંતરરાષ્ટ્રીય વોચ-હટાવી લીધી છે તે ફરી ગોઠવવા સંમત થાય નહી તો ઈઝરાયેલ તેના પ્લાનમાં આગળ વધી રહ્યું છે. ઈઝરાયેલની સેના જે રીતે યુદ્ધ અભ્યાસ કરી રહી છે અને તેના સમુદ્રી સહિતના ક્ષેત્રમાં પણ ગતિવિધિ વધારી રહી છે. તેનાથી અમેરિકી ગુપ્તચરને આશંકા છે કે ઈઝરાયેલ એકલા હાથે લડવા પણ તૈયાર છે.

VEHICLE FOR SALE
VEHICLE MODEL
AL BADA DOST I4
Model : 2023 • Reg No. GJ-36-V-9325
IndusInd Bank
2nd Floor, Business Empire, Opp. Swami Vivekanand Statue, Dr. Yagnik Road, Rajkot - 360001
PARTH JANI : 70430 78471

# ગુજરાત ફેડરેશન ઓફ સોલર ઈન્ડસ્ટ્રીઝ (GFSI) ભારતના સ્વચ્છ ઊર્જા ભવિષ્યને "રી-નેટવર્ક એકઝીબિશન અને વ્યૂહાત્મક પહેલોથી ગતિશીલ બનાવી રહ્યું છે

**પ્રતિનિધિ દ્વારા**

જ્યારે ભારત ટકાઉ અને જળવાયુ-પ્રતિરોધક ભવિષ્ય તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ગુજરાત ફેડરેશન ઓફ સોલર ઇન્ડસ્ટ્રીઝ (GFSI) દેશની સ્વચ્છ ઊર્જા પરિવર્તનને ઝડપ આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ઉધોગના સહયોગ અને નવીનતા દ્વારા ભારતની નવા ઈર્જા 3ko સિસ્ટમને સક્ષમ બનાવવાની અનમોલ પ્રતિબદ્ધતા સાથે, GFSI ભારત અને ખાસ કરીને ગુજરાતને વૈશ્વિક સોલર ઉત્પાદન અને નીતિ ક્ષેત્રે અગ્રણી બનાવવાના પ્રયત્નોમાં આગળ છે.

આ દ્રષ્ટિનું પ્રતિબિંબ છે આવતા **"રી-નેટવર્ક - સોલર બિઝનેસ-ટુ-બિઝનેસ એકઝીબિશન અને કોન્ફલેવ, જે ૨૨ અને ૨૩ મે ૨૦૨૫** ના રોજ થઈ રહેલી છે, The Forum - Celebration Convention, CLUB 07, શેલા, ગુજરાત ખાતે યોજાનારી ભારતની ઉત્સાહી નવા ઈર્જા ઉદ્યોગના વિવિધ ભાગીદારો - ઉત્પાદનકારો, સેવા પ્રદાતાઓ અને ટેકનોલોજી ઈનોવેટર્સ- દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે ભારતની ક્ષમતા વૈશ્વિક મેદાનમાં રજૂ કરવાનું લક્ષ્ય રાખે છે. આ એક મંચ છે જ્યાં નીતિનર્માતા, ઉદ્યોગપતિઓ અને રોકાણકારો એકઠા થઇને સ્વચ્છ ઊર્જા અપનાવવાની ગતિ વધારવા, મૂલ્યશૃંખલાને મજબૂત બનાવવા અને સોલર ટેકનોલોજી અને સેવાઓની નિકાસ ક્ષમતા વધારવા માટે ચર્ચા કરશે.

**ભારતના મહત્ત્વાકાંક્ષી પંચમૃત લક્ષ્યો સાથે સુમેળ**

ભારતના જળવાયુ પ્રતિબદ્ધતાઓ, માનનીય વડાપ્રધાન દ્વારા ઘોષિત, વિશાળ છે. દેશનો લક્ષ્ય છે કે 2030 સુધીમાં **500 GW બિન-ફોસિલ ઈંધણ ઊર્જા ક્ષમતા** હાંસલ કરવી, ઊર્જાના **50% માટે નવાઈર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરવો. ૧ બિલિયન ટન કાર્બન ઉત્સર્જન ઘટાડવું,** અર્થતંત્રનું કાર્બન તીવ્રતા **45%થી નીચે લાવવી,** અને અંતે 2070 સુધી કાર્બન નિષ્પક્ષતા પ્રાપ્ત કરવી.

ગુજરાતનો આ મહત્વપૂર્ણ યોગદાન અનિવાર્ય છે. રાજ્યને ૨૦૩૦ સુધીમાં **100 GW નવા ઈર્જા ક્ષમતા** આપવાનું લક્ષ્ય આપવામાં આવ્યું છે, જે રાષ્ટ્રીય લક્ષ્યનો 20% છે. ગુજરાત ફેડરેશન ઓફ સોલર ઇન્ડસ્ટ્રીઝ આ લક્ષ્યને હાંસલ કરવા માટે મુખ્ય પ્રેરક છે.

**ગુજરાતઃ PM સૂર્ય ઘર યોજના અને સોલર ઉત્પાદનનું નેતૃત્વ**

ગુજરાત દેશમાં **પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના** ના સફળ અમલમાં અગ્રણી છે, જે ઘરેલું સોલર ઇન્સ્ટોલેશનને પ્રોત્સાહન આપે છે અને નાગરિકોને ટકાઉ ઊર્જા સશક્ત બનાવે છે. આ યોજનામાં ગુજરાતની સફળતા રાજ્યને સોલર ઉદ્યોગમાં નેતૃત્વના પદ પર મુકે છે.

સાથે જ, ગુજરાત દેશનો મહત્વનો **સોલર મેન્યુફેક્ચરિંગ હબ** તરીકે વિકસી રહ્યું છે. શ્રી એસ.જે. હૈદર, વધુ મુખ્ય સચિવ (ઊર્જા), ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ, રાજ્ય સંપૂર્ણ દાયરામાં સોલર મેન્યુફેક્ચરિંગ વૈલ્યુ ચેઇન વિકસાવી રહ્યું છે - જેમાં સિલિકોન શુદ્ધિકરણ, ઈંગોટ અને વેફર ઉત્પાદન, સોલર સેલ ઉત્પાદન અને મોડીયૂલ એસેમ્બલીનો સમાવેશ થાય છે. આ સમગ્ર પ્રક્રિયા આત્મનિર્ભર ભારત ધ્યેય સાથે સંપૂર્ણ રીતે સંકલિત છે, જે આયાત પર નિર્ભરતા ઘટાડીને ભારતને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવે છે.

**નાના ઉદ્યોગો (MSME) માટે પ્રોત્સાહન અને વૈશ્વિક સ્તર પર પ્રવેશ**

GFSI નાની અને માઈક્રો, નાના અને મધ્યમ ઉદ્યોગોને (MSME) પણ પ્રોત્સાહન આપે છે, જે સોલર મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમના મુખ્ય સ્તંભો છે. ક્ષમતાઓ વિકસાવવા, નવીનતા માટે પ્રોત્સાહન આપવા અને વધુ બજારો સુધી પહોંચ માટે સહાય કરે છે, જેથી MSME પોતાની ગતિ ઝડપથી વધારી શકે.

આ પ્રયત્નો નાના ઉદ્યોગોને માત્ર ઘરેલું માંગ માટે જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ પોતાની સ્પર્ધાત્મકતા વધારવા અને નિકાસ માટે તૈયાર થવા માટે મદદરૂપ થાય છે. "રી-નેટવર્ક" એકઝીબિશનમાં આ તમામ પ્રોત્સાહનોને વધુ સશકત બનાવવામાં આવશે.

**નેતૃત્વ અને સતત મહેનત**

આ મહત્ત્વાકાંક્ષી લક્ષ્યો હાંસલ કરવા માટે GFSI ની કાર્યકારી ટીમમાં **પ્રેસિડેન્ટ કિશોરસિંહ ઝાલા**, સચિવો **ધિરજ રાવલ** અને **અશોક દવે**, ઉપપ્રેસિડેન્ટ્સ **વૈભવ ચોકસી** અને **નીલેશ પટેલ**, અને ઘણા સમર્પિત સભ્યોની દિવસ-રાત મહેનત સામેલ છે. તેઓ ઉદ્યોગ વચ્ચે સહમતિ બનાવવા, રોકાણ લાવવા, નીતિ સુધારાઓ માટે કામ કરવા અને નવાઈર્જા ક્ષેત્રમાં નવીનતા લાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે.

**-"રી-નેટવર્ક" એકઝીબિશનઃ ઉદ્યોગ અને નીતિ વચ્ચેનું સંગમ**

રી-નેટવર્ક એકઝીબિશન માત્ર એક પ્રદર્શન નથી, તે નીતિનર્માતાઓ અને ઉદ્યોગકારો વચ્ચે સહયોગ વધારવાનો એક મંચ છે. આ પ્લેટફોર્મ પર પડકારો અને તકોની ચર્ચા થશે, અને નવી ભાગીદારીઓ વિકસાવવામાં આવશે જે ભારતની નવા ઈર્જા પરિવર્તનને ઝડપ આપશે.

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને અન્ય સન્માન્યિત મહેમાનોની હાજરી આ સ્વચ્છ ઊર્જા ક્રાંતિ માટે સરકારની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**ટકાઉ અને ઊર્જા સુરક્ષિત ભવિષ્ય તરફ માર્ગદર્શન**

ભારતના 2070 સુધી નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન હાંસલ કરવા માટે GFSI ની પ્રવૃત્તિઓ અને સહકાર્યક નેતૃત્વ મહત્વપૂર્ણ છે. ગુજરાતનું નવા ઈર્જા મોડેલ અન્ય રાજ્યો માટે પ્રેરણા રૂપ છે.

રી-નેટવર્ક એકઝીબિશન ભારતને વૈશ્વિક નવીનીકર્તા તરીકે ઉભરવા માટે એક માઇલસ્ટોન રહેશે.

# TRP અગ્નિકાંડના પીડિતોને ન્યાય અપાવવા કોંગ્રેસ મેદાનેઃ પોલીસ કમિશ્નરને ઉગ્ર રજુઆત

## ગેમઝોન વિસ્તારના કોર્પોરેટરો, મેયર કે પદાધિકારીઓ સામે ગુનાઓ દાખલ થયેલ નથી, ફક્ત પૂછપરછ પણ કરી કલીનચીટ આપી પોલીસે બચાવી લીધાં

## પોલીસ તરફથી જવાન ન મળતાં હોવાનો આક્ષેપ, પોલીસ કમિશ્નર હાય-હાય, ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા

રાજકોટ. તા.૨૧

ટીઆરપી અગ્નિકાંડના પીડિતોને ન્યાય અપાવવા કોંગ્રેસ મેદાને આવી હોય તેમ પોલીસ કમિશ્નરને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. ગેમઝોન વિસ્તારના કોર્પોરેટરો, મેયર કે પદાધિકારીઓ સામે ગુનાઓ દાખલ થયેલ નથી, ફક્ત પૂછપરછ પણ કરી ક્લીન ચીટ આપી પોલીસે બચાવી લીધાં હોવાની રજુઆત કરી હતી.

પોલિસ કમિશ્નરને કરેલ ઉગ્ર રજુઆતમાં શહેરમાં બનેલ ટીઆરપી ગેમ ઝોન આગ કાંડમાં ૨૭ માનવ જિંદગી હોમાઈ ગઈ હતી. તેમના પરિવારને આજ દિન સુધી ન્યાય મળ્યો નથી, તત્કાલીન સમયે કોંગ્રેસ પક્ષ દ્વારા પત્રથી અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરેલ હતી, ત્રણ દિવસના ત્રિકોણબાગ ખાતે ઉપવાસ પણ કરવામાં આવેલ હતા. ત્યારે જણાવેલ હતું કે, ૨૭ લોકોના મૃત્યુ થયેલ તેના વારસદારોમાંથી એક વ્યક્તિને નોકરીની માંગ કરવામાં આવેલ હતી. ટીઆરપી ગેમઝોન કોના હુકમથી ઉભો કરાયો હતો તે અધિકારી કે પદાધિકારીઓ ઉપર શું કાર્યવાહી કરી તેનો આજ સુધી જવાબ મળેલ નથી.

આ ભ્રષ્ટાચારી અધિકારી કે પદાધિકારી કોણ છે તેની પણ જાણ કરેલ નથી અથવા તેના વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ નથી. ભ્રષ્ટાચારીઓની સામે પગલાં લેવાના તત્કાલીન માગણી હતી જે આજ સુધી પગલાં લેવામાં આવેલ નથી.

ટીઆરપી દુર્ઘટના ઘટી ત્યારે બે થી ત્રણ પોલીસ અધિકારીઓ સામે પગલા લેવાયા હતા જે કાર્યવાહી કડકાઈથી કરાઈ ન હતી. લાયસન્સની જવાબદારી હતી




પરંતુ વગર લાયસન્સ ગેમ ઝોન ચાલી રહ્યો હતો. દરેક પોલીસ સ્ટેશન વાઈઝ ટીમ બનાવી આ પ્રકારના એકમોને તપાસ કરવામાં જે તે સમયે તપાસ કરવામાં આવી નહોતી. ગેમ ઝોન જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતો હતો તે વિસ્તારના પીઆઈની જવાબદારી હોવા છતાં ગેમ ઝોન ગેરકાયદેસર રીતે ધમધમતો હતો.

ગેમઝોનની નિયમ મુજબ મંજૂરી હતી નહીં, મંજૂરી છે કે નહીં તે અંગે પોલીસ દ્વારા જીણવટભરી તપાસ કરવામાં આવી નહોતી. ગેમઝોનમાં જવલનશીલ પદાર્થ પેટ્રોલ, ડીઝલ, ગેસના બાટલાઓ સંગ્રહ કરવામાં આવેલ છે કે કેમ અને તેની મંજૂરી હતી કે કેમ તે બાબતની તપાસ દિશાહીન બનાવવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા અગાઉ પણ આવેદનપત્ર આપેલ છે, તેનો પોલીસ કમિશ્નર તરફથી કોઈ સંતોષકારક પ્રત્યુતર મળેલ નથી. રાજકોટ મહાનગરપાલિકાના કેટલાક અધિકારીઓ સામે તપાસ કરી ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે,લ પરંતુ રાજકોટના એ વિસ્તારના કોર્પોરેટરો અને મેયર કે પદાધિકારીઓ સામે તપાસ કરવામાં આવી હતી પરંતુ પોલીસમાં ગુનાઓ દાખલ થયેલ નથી ફક્ત પૂછપરછ પણ કરી આવા કેટલાક સત્તાધીશોના કોર્પોરેટરોને ક્લીન ચીટ આપવામાં આવી હતી ત્યારે એ બાબત પણ ફેર તપાસ કરવાની માંગ છે.

રાજકોટ મહાનગરપાલિકા અને શહેર પોલીસ તંત્રના સંકલનના અભાવે આ ગોઝારી ઘટનાની તપાસમાં ફિંડલુ વળી ગયું હોય તેવું માગે છે. પોલીસે તપાસનું ઠીકરું રાજકોટ મહાનગરપાલિકા ઉપર ફોડી દીધું હોય તેમ લાગી રહ્યું છે.

ગેમઝોનમાં અગ્નિકાંડના પિડીતોને ન્યાય અપાવવા પોલીસ કમિશ્નરને રજુઆત કરવા સમયે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયાની આગેવાની હેઠળ આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. કાર્યકર્તાઓએ પોલીસ કમિશ્નર હાય-હાય અને ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતાં. કાર્યક્રમમાં ડૉ.હેમાંગ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, ગાયત્રીબા વાઘેલા, યુનુસ જુણેજા, ડી પી મકવાણા, સંજય અજુડીયા, જગદીશ ડોડીયા, યજ્ઞેશ દવે, ગૌરવ પુજારા, કેતન તાળા, જગદીશ ડોડીયા, અજીત વાંક, દીપ્તિબેન સોલંકી, બિંદીયાબેન તન્ના, માવજી રાખશીયા, બીપીન રાઠોડ, દિલીપ આસવાણી, રાજુ ચાવડીયા, નયનાબા જાડેજા સહિતના કાર્યકરો હાજર રહ્યાં હતાં.

# દર્શન કોલેજના પ્રોફેસર ઈનવીનકુમારને ચેક રીર્ટનના કેસમાં એક વર્ષની સજા

રાજકોટ, તા.૨૧

દર્શન કોલેજના પ્રોફેસર ઈનવીનકુમારને ચેક રીર્ટનના કેસમાં અદાલતે એક વર્ષની સજાનો હુકમ કર્યો છે.


જીતેન્દ્રભાઈ ધુળકોટીયા
એડવોકેટ

કેસની વિગત અનુસાર ફરીયાદી વિજય પ્રભાતભાઈ જળુ (રહે. ભીચરી, રાજકોટ)એ આરોપી ઈનવીનકુમાર ઈથીરાજન (રહે. રાજકોટ)ને મિત્રતાના દાવે રૂ.૬ લાખ હાથ ઉછીના આપેલ. આ રકમ પરત કરવા આરોપીએ ચેક આપેલ. ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા ફન્ડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ. લીગલ નોટીસ મોકલી છતાં રકમ ચુકવેલ નહીં. જેથી અદાલતમાં ફરિયાદ નોંધાઈ હતી. જેનો કેસ ચાલી જતા આરોપી અને ફરિયાદીના વકીલે દલીલો કરેલી. તમામ દલીલો અને પુરાવાને ધ્યાનમાં લઈ અદાલત એવા મંતવ્ય ઉપર આવેલ કે, ફરીયાદી તથા આરોપી મીત્રો થતા હતા અને ઓળખતા હતા, આરોપી એ દેવા અને જવાબદારી પેટે ચેક આપેલ છે તેમજ અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે તે પુરવાર થાય છે, આરોપીએ ચેક મુજબની રકમ ચુકવેલ નથી તે પુરવાર થાય છે. આરોપી ઈનવીનકમાર ઈથીરાજનને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા તેમજ વળતરનો હુકમ સ્પે. નેગો. કોર્ટના જજએ ફરમાવેલ છે. આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ પિયુષભાઈ એમ. શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, નવીદભાઈ પારેખ, નીતેશભાઈ કથીરીયા, વીજયભાઈ પટગીર, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, હીલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, તથા આસીસ્ટન્ટ તરીકે રવીરાજભાઈ વાળા, રૂત્વીકભાઈ વધાસીયા, સંજયભાઈ મેરાણી તથા મીહીર શાહ રોકાયેલા હતા.

# ન્યારી નદીમાં ન્હાવા પડેલા ઈશ્વરીયાના વિજયભાઈ પરેશાનું મોત

## જેની સાથે નદીએ ગયેલ તે મિત્ર સાગરએ જ વિજયને બહાર કાઢી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ

## વિજયભાઈ મજૂરી કામ કરતા હતા, ૩ સંતાને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત

રાજકોટ, તા.૨૧

ન્યારી નદીમાં ન્હાવા પડેલા ઈશ્વરીયાના વિજયભાઈ બાબુભાઈ પરેશા(ઉં. વ. ૩૯)નું મોત થયું હતું. જેની સાથે નદીએ ગયેલ તે મિત્ર સાગરએ જ વિજયને બહાર કાઢી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ, જ્યાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

બનાવવાની પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ વિજયભાઈ બાબુભાઈ પરેશા ઉંમર વર્ષ ૩૯ રહે એશ્વર્યા ગામ તાલુકો પડધરી આજે સવારે ૧૧:૩૦ વાગ્યા આસપાસ ન્યારી નદીમાં નવા ગયા હતા ત્યારે ડૂબી જતા તેમને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અહીં ડોક્ટરે જોઈ તપાસીને વિજયભાઈ ને મૃત જાહેર કર્યા હતા.



પરિવારજનોએ જણાવ્યા મુજબ વિજયભાઈ ફોલ્ડીંગ દિવાલ ફેન્સીંગના કામમાં મજૂરી કરતા હતા. આજે સવારે તેઓ ઈશ્વરીયા ગામના જ તેના મિત્ર સાગરભાઇ સુખાભાઈ સીતાપરા સાથે નદીએ નાહવા માટે ગયા હતા. નદી ઈશ્વરીયા ગામ નજીક જ આવેલી હોય બંને મિત્રો સવારે ૧૧:૦૦ વાગ્યા આસપાસ નદીએ પહોંચ્યા હતા અને અહીં બંને નદીમાં નાહવા પડ્યા હતા. દરમિયાન અચાનક જ વિજયભાઈ લાગ્યા હતા. વિજયભાઈ ડૂબી જતા સાગરે તેના બચાવવા પ્રયત્ન કર્યો હતો અને તેને પાણીની બહાર કાઢ્યા હતા. જોકે વિજયભાઈ એ દરમિયાન બેભાન થઈ ગયા હતા. બેમાંથી એક મિત્ર પાસે મોબાઈલના હોવાના કારણે સાગર જેમતેમ કરીને વિજયભાઈને રોડ સુધી લાવેલ. અહીં કોઈ વાહન રાહદારી નીકળતા તેની પાસેથી મોબાઈલ લઇ ૧૦૮ માં ફોન કર્યો હતો. ૧૦૮ એમ્બ્યુલસ આવતા વિજયભાઈને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ અને ત્યાં તેને મૃત જાહેર કરાયા હતા. વિજયભાઈ ને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે તેઓ બે ભાઈ એક બહેનમાં વચેટ હતા. બનાવતી પરિવારમાં શોક છવાયો હતો.

# અમરેલી-રાજકોટ રૂટની એસટી બસનો ડ્રાઈવર ડમડમ હાલતમાં ઝડપાયો

## બસ ચાલક નશામાં હોવાની જાણ થતાં મુસાફરે એસટી વિભાગમાં કોલ કર્યો, રાજકોટ બસપોર્ટ પર બસ આવતા ડ્રાઇવરને બ્રેથ એનેલાઇઝરથી ચેક કરતા નશો કર્યાનું માલુમ પડયું: ગુનો નોંધાયો

રાજકોટ. તા.૨૧

અમરેલીથી રાજકોટ રૂટની એસ.ટી બસનો ડ્રાઇવર નશો કરી બસ ચલાવતો હોવાની મુસાફર દ્વારા જાણ કરાયા બાદ રાજકોટ એસ.ટી ડેપોએ બસ પહોંચતા ડ્રાઇવરને ચેક કરતા તેણે દારૂ પીધો હોવાનું સ્પષ્ટ થયું હતું.જેથી ડ્રાઇવર સામે એસટીના આસિ. ઇન્સ્પેકટરે ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે એસટીમાં આસિસ્ટન ટ્રાફિક ઇન્સ્પેકટર નરેશભાઇ લખુભાઇ ધાધલ દ્વારા એ ડિવિઝનમાં નોંધાવેલી ફરિયાદ આરોપી તરીકે ધર્મેશભાઇ સંગ્રામભાઇ સરવૈયા, (ઉ.વ. ૩૩,રહે. વડીયા, કૃષ્ણપરા, તા. કુકાવાવ, જી. અમરેલી) નું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, રાત્રીના રાજકોટ ડેપો મેનેજરનો ફોન આવ્યો હતો કે, અમરેલીથી ઉપડી રાજકોટ તરફ એસ.ટી. બસ આવી રહી છે ત્યારે બસમા બેસેલ પ્રવાસી મારફતે જાણકારી મળેલ કે બસ નં. જીજે ૧૮ ઝેડ ૪૧૪૮ ના ડ્રાઇવર કેફી પીણુ પીધેલી હાલતમા બસનુ ડ્રાઇવીંગ કરી રહ્યો છે. જેથી બસનુ ચેકીંગ કરવાની સુચના મળતા અમે તથા ટીસી રામભાઇ હરદાસભાઇ ચોચાએ રાજકોટ એસ.ટી. ડેપો ખાતે બ્રેથ એનેલાઇઝર મશીન સાથે રાખી એસ.ટી. ડેપોમા આવતી બસોમાં રાત્રીના ૧૦:૩૦ વાગ્યે અમરેલી-રાજકોટ રૂટની બસ આવતા બસના ડ્રાઇવરને બ્રીથ એનેલાઇજર મશીનથી ચેક કરતા તેણે કેફી પ્રવાહી પીધેલનુ જણાય આવ્યું હતું.જેથી તેનું મોઢુ સુંધી ખાત્રી કરતા મોઢામાથી કેફી પ્રવાહી પીધેલાની વાસ આવ તી હોય જેથી આ બસના ડ્રાઇવરને પુછપરછ કરી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ ધર્મેશભાઇ સંગ્રામભાઇ સરવૈયા હોવાનું જણાવ્યું હતું.જેથી સાથેના સ્ટાફ સાથે ડ્રાઇવરને લઇ અહી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોપેલ બાદમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે.

# ટ્રેનમાં ચાર્જિંગમાં રહેલ મોબાઈલ અને દાગીનાની ચોરી કરતો તસ્કર ઝડપાયો

## એ.ડિવિઝન પોલીસે બોટાદના શખ્સને કંસારા બજારમાંથી દબોચી ચોરાઉ દાગીના કબ્જે કર્યા

રાજકોટ. તા.૨૧

ટ્રેનમાં ચાર્જિંગમાં રહેલો અને થેલીમાં ટીંગાડીને રાખેલા દાગીનાની ચોરી કરી નાસી છૂટતા શખ્સને એ ડિવિઝન પોલીસે કંસારા બજારમાંથી દબોચી લઈ ચોરાઉ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદિશ બાંગરવા, એસીપી બી.જે.ચૌધરી દ્વારા મિલ્કત સબંધી ગુન્હા અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ વાહનચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે જેવા અનડિટેકટ ગુન્હોઓને શોધી કાઢવાની આપેલ સુચનાથી એ.ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી.વી.બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.એમ રાણા ટીમ સાથે તપાસમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ ધારાભાઈ વાનરીયા, કોન્સ્ટેબલ ધર્મેશ ખાડેખા તથા અમીતકુમાર ગોહેલને મળેલ ચોક્કસ બાતમીના આધારે કંસારા બજાર પાસેથી એક શંકસ્પદ



શખ્સને પકડી તેની પાસે રહેલ થેલીમાથી સોના ચાંદીના દાગીના તથા મોબાઇલ ફોન મળી આવેલ હતાં. જે બાબત પૂછતાછ કરતા તે ચોરીનો મુદામાલ હોવાની કબૂલાત આપતાં આરોપી વિક્રમ રણજીત ખાખોરીયા (ઉ.વ.૨૪, રહે. ઢાકણીયા રોડ બાપાસિતારામ મઢુલી પહેલી શેરી, બોટાદ) ની ધરપકડ કરી હતી. પોલીસે સોના ચાંદીના દાગીના અને મોબાઈલ મળી કુલ રૂ.૧ લાખથી વધુની મતા કબ્જે કરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપી રાજસ્થાન કોટા ગયો હતો અને ત્યાંથી મોબાઈલ ચોર્યા બાદ પરત ફરતી વખતે ટ્રેનમાંથી દાગીનાની ચોરી કર્યાની કબૂલાત આપી હતી.

# રાજસ્થાનમાંથી ૨૦૦ શખ્સોના ટોળામાંથી કુખ્યાંત તસ્કર રામેશ્વરને ઉપાડી લેતી ક્રાઈમ બ્રાંચ

## ક્રાઈમ બ્રાંચની ટીમ બાંસવાડામાં તસ્કરને ઘરે પહોંચી તો આસપાસમાંથી ટોળુ ભેંગુ થયું અને હલ્લાબોલ કર્યો: ટીમે ચીમકી આપતાં તસ્કર રાજકોટ પહોંચી ગયો

## મનાલી ટેક્સટાઈલ સહીતની દુકાનોને નિશાન બનાવી લાખોની મતા ચોરી કરી’ તી : જુગારમાં રૂપિયા હારી ગયાનું રટણ

## ક્રાઈમ બ્રાંચ પીએસઆઈ વિ.ડી.ડોડીયા અને ટીમે ત્રણ દિવસ જીવના જોખમે સફળતા મેળવી

રાજકોટ,તા.૨૧

દિવાનપરામાં આવેલ મનાલી ટેકસટાઈલમાં ચોરીની ઘટનામાં સંડોવાયેલ મુખ્ય સૂત્રધાર રામેશ્વર ઉર્ફે રમેશ નામના શખ્સને ક્રાઇમ બ્રાન્ચની ટીમ પકડવા રાજસ્થાનના બંસવાડામાં જતાં ૨૦૦ લોકોના ટોળાએ હલ્લા બોલ કર્યું હતું. જો કે પોલીસની ચીમકીથી આરોપી પોતે જ રાજકોટ આવી જતાં તેની ધરપકડ કરી કાર્યવાહી કરાઈ હતી. જોકે, તે ચોરીનો મુદ્દામાલ જુગારમાં હારી ગયો હોવાની કબૂલાત આપતાં પોલીસને મુદ્દામાલ હાથ લાગ્યો ન હતો.

બનાવ અંગે દિવાનપરા મેઈન રોડ પર આવેલ મનાલી ટેકસટાઈલ નામની દુકાનમાંથી તસ્કરોએ રૂ.૧૩ લાખથી વધુની મતાની ચોરી કરી નાસી છૂટ્યાની ફરીયાદ એ.ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ હતી. જે બનાવની ગંભીરતા દાખવી



શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી (કાઇમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી (ક્રાઇમ) બી.બી.બસીયા દ્વારા શહેરમાં થયેલ ઘરફોડ ચોરીના ગુન્હાઓ શોધી કાઢવાની આપેલ સૂચનાથી ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ .જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.ડી.ડોડીયા અને ટીમ પેટ્રોલીંગની સાથે તપાસમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ અમીત અગ્રાવત, રાજેશ જળુ અને કોન્સ્ટેબલ પ્રદીપસિંહ જાડેજાને મળેલ ચોક્કસ બાતમીના આધારે ચોરીના બનાવનો મુખ્ય સૂત્રધાર રામેશ્વ ઉર્ફે રમેશ રાજસ્થાનના બાંસવાડાના મલવાસા ગામ હોવાનો ચોક્કસ બાતમી મળતાં ટીમ ત્યાં દોડી ગઈ હતી. જો કે મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે આરોપીના ઘરે પહોંચતા જ તેને પોતાના સાગરીતને કોલ કરી જાણ કરતાં ૨૦૦ લોકોનું ટોળું ધસી આવ્યું હતું અને પોલીસ પર હલ્લા બોલ કરી દેતાં તસ્કર ત્યાંથી નાસી છૂટવામાં સફળ થયો હતો. જો કે, ૨૦૦ લોકોના ટોળાને ક્રાઇમ બ્રાન્ચની ટીમે ચીમકી આપતાં તસ્કર પોલીસ રાજકોટ પહોંચે તે પહેલાં જ તે રાજકોટ આવી પહોંચતા તેની ધરપકડ કરાઈ હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, ક્રાઇમ બ્રાન્ચની ટીમ જ્યારે મલવાસા પહોંચી ત્યારે આરોપીના ઘર નજીક રહેતાં તેના ભાઈના ઘરે પાર્ટી ચાલું હતી, પોલીસ આવ્યાની જાણ થતાં ૨૦૦ લોકો ધસી આવ્યા હતા અને ઘર્ષણ પર ઉતરી આવ્યાં હતાં. જો કે, પોલીસે તસ્કરને તો પકડી લીધો પણ મુદ્દામાલ હાથ લાગ્યો ન હતો, તસ્કર જુગારમાં રૂપીયા હારી ગયાની કબૂલાત આપી હતી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ તેનો સાગરીત ગ્રીનલેન્ડ ચોકડી નજીકથી નીતેશ શાંતિલાલ ખરાડી (ઉ.વ. ૨૩), (રહે-ફતેપુરા,બાંસવાડા રાજસ્થાન) ને પકડી પાડવામાં આવેલ હતો.

# લાખોની ઓનલાઇન ઠગાઈના ગુનામાં ધોરાજીનો એકાઉન્ટ હોલ્ડર ઝડપાયો

## સાયબર ક્રાઈમની ટીમે હિતેશ ગોહેલને દબોચી લીધો, ટાસ્ક પુરા કરી પૈસા કમાવાની લાલચ આપી છેતરપિંડી આચરાઈ હતી

રાજકોટ.તા.૨૧

ઓનલાઈન ટાક પૂરા કરી પૈસા કમાવાની લાલચ આપી રૂ. ૫૦.૮૯ લાખની ઠગાઈના ગુનામાં ધોરાજીના એકાઉન્ટ હોલ્ડરની સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર મોરબી રોડ પર રહેતા અને કોટક સિક્યુરિટીમાં નોકરી કરતા ૩૦ વર્ષીય યુવક જયમીન પરસાણાએ ગત તા.૦૯-૧૦-૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેના વોટ્સઅપ નંબર પર અજાણ્યા નંબરથી એક મેસેજ આવેલ હતો. જેમાં ટાસ્ક પૂર્ણ કરી પૈસા કમાવવા માટે ઓફર કરવામાં આવી હતી અને સાથે ટેલિગ્રામની એક લિંક પણ આપવામાં આવી હતી. જે લિંક ખોલતા



એક ટાસ્ક સામે આવ્યો હતો જે ટાસ્ક પૂર્ણ કરતા યુવાનને પ્રથમ રૂ. ૨૧૦ મળ્યા હતા. જે બાદ વિશ્વાસ બેસી જતાં તે લિંકમાં આગળ વધતા પૈસાનું રોકાણ કરી ટાસ્ક પૂર્ણ કરતા ઉંચું વળતર મળશે તેવી લાલચ આપવામાં આવી હતી. જેમાં ફસાઈને યુવકે કટકે કટકે રૂ. ૫૦,૮૯,૯૪૮ નું રોકાણ કર્યું હતું. જો કે, આં રકમ અને વળતરની રકમ પરત આપવા માટે સામાપક્ષેથી વધુ નાણાંની માંગણી કરવામાં આવતા યુવક પોતે છેતરપિંડીનો ભોગ બન્યો હોય તેવી જાણ થતાં સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં સાયબર ક્રાઇમ પોલીસના પીઆઈ જે એમ કૈલા અને આર જી પઢીયારની ટીમે ટેક્નિકલ સર્વેલન્સના આધારે ઠગાઈની રકમ જે બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી તે બેંક એકાઉન્ટના ધારકની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કરી હિતેશ ગોવિંદ ગોહેલ(ઉ.વ.૩૭ રહેમ જમનાવડ રોડ, નવી હવેલી, શિવમ પાનવાળી શેરીઝ ધોરાજી, રાજકોટ) ની ધરપકડ કરી હતી.

# રેલનગરમાં પરણીતાને પતિ સાસુ - સસરાએ ઢીકા પાટુનો માર માર્યો : સિવિલમાં દાખલ

રાજકોટ, તા.૨૧

સાનિયા સલમાન શેખ (ઉંમર વર્ષ૨૦, રેલનગર સનરાઈઝ સ્કુલ પાસે શ્યામ કૃષ્ણ એપાર્ટમેન્ટ) સાંજે સાડા પાંચ વાગ્યે પોતાના ઘરે હતી ત્યારે પતિ સલમાન અને સાસુ સસરાએ ઢીંકા પાટુનો માર મારેલ હતો. તેવા આક્ષેપ સાથે સાનિયા સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ હતી. તેણે જણાવ્યું કે, તેના લગ્ન બે વર્ષ પહેલા થયા હતા. તેના પતિ સાસુ અને સસરા સાથે રહે છે. સસરા વાતોનું ઓડિયો રેકોર્ડિંગ કરતા હોય જે બાબતે સાનિયાએ તેના માતા-પિતાને વાત કરી હતી. જામનગર રહેતા તેમના માતા હુસેનાબેન અને પિતા સલીમભાઈ રાજકોટ દીકરીના ઘરે આવ્યા હતા. બધા બેઠા હતા ત્યારે સસરાના ઓડિયો રેકોર્ડિંગ વાળી વાત નીકળતા ફરી ઝઘડો થયો હતો અને મારામારી થઈ હતી. જેમાં સાનિયાના પિતા અને માતાને પણ માર માર્યો હોવાનો આક્ષેપ કરાયો છે.

# ન્યારી રોડ પર લગ્ન પ્રસંગમા મોડી રાત સુધી ડીજે વગાડતાં ગુનો નોંધાયો, સંચાલકની ધરપકડ

## તાલુકા પોલીસે ડીજે સહિતનો મુદામાલ પણ કબ્જે કર્યો

રાજકોટ. તા.૨૧

ન્યારી રોડ પર લગ્ન પ્રસંઆ મોડી રાત સુધી ડીજે વગાડતાં ગુનો નોંધાયો હતો અને તાલુકા પોલીસે ડીજે સંચાલકની ધરપકડ કરી હતી.

બનાવ અંગે તાલુકા પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અજયભાઈ ભુંડીયાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ રાત્રીના તેઓ કોન્સ્ટેબલ ભીખુ મૈયડ સાથે પોલીસ મથકે હાજર હતાં ત્યારે પીસીઆર ઇન્ચાર્જએ જાણ કરેલ કે, ન્યારી રોડથી કણકોટ રોડ તરફ જતા રસ્તા ઉપર આવેલ ડ્રીમલેન્ડ પાર્ટી પ્લોટ ખાતે માઇક (સ્પીકર) ચાલુ હોવાનો કોલ મળેલ અને કોલવાળી જગ્યાએ જતા તીવ્ર ધ્વની વાળા સ્પીકર ચાલુ હોય જેથી એ સ્પીકર તથા એક એમ્પ્લીફાયર અને સાઉન્ડના માલીકને પોલીસ મથકે તેનું નામ પૂછતાં પોતાનું નામ લાલજી બધા સૌંદરવા (ઉ.વ.૨૮, ધંધો, ડીજે, રહે- સમ્રાટ ઇન્ડસ્ટ્રીઝ એરીયા શે.નં. ૩૦, એસ.ટી. વર્કશોપ પાસે ગોંડલ રોડ, મૂળ આમદપરા, કુતીયાણા) હોવાનું જણાવેલ હતું.

આરોપીએ રાત્રીના બાર વાગ્યા સુધી તીવ્ર ધ્વની વાળા સ્પીકરો ચાલુ રાખેલ જેથી પોલીસ કમીશનરના જાહેરનામાં ભંગ કરતાં ગુનો નોંધી કુલ રૂ.૮ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

# મનહરપુર-૧ વિસ્તારમાં જુગાર રમતા છ ઝડપાયા

## એલસીબી ઝોન-૨ ટીમે પકડી રોકડ મુદ્દામાલ જપ્ત કર્યો

રાજકોટ,તા.૨૧

જામનગર રોડ મનહરપુર-૧ પાણીના ટાંકા પાસેથી તીનપતીનો જુગાર રમતા છ ઈસમોને રોકડા રૂ.૧૦૨૫૦/-ના મુદ્દામાલ સાથે રાજકોટ શહેર એલ.સી.બી ઝોન-૨ ટીમે પકડી ગુનો નોંધાવેલ છે.ઈ.પો.સબ ઈન્સ જે.વી.ગોહિલ તથા એલ.સી.બી. ઝોન-૨ કર્મચારીઓ એલ.સી.બી. ઝોન-૨ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન એલ.સી.બી.ઝોન-૨ કર્મચારીઓને સંયુકત ખાનગી રાહે મળેલ હકિકત કે જામનગર રોડ મનહરપુર-૧ પાણીના ટાંકા પાસે ખુલ્લી જગ્યામાં લાઈટના અંજવાળે જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા સન્નીજમનભાઈ રાઠોડ, સન્ની હસમુખભાઈ પરમાર, શામજી મહેશભાઈ ધોળકીયા, રોહિત હિરાભાઈ મેસડીયા, કિશન મહેશભાઈ ધોળકીયા, ઉ.વ.૧૯ રહે મનહરપુર-૧ વાધાણી નર્સરીની બાજુમાં રાજકોટ અને સવજી રમેશભાઈ વરદોરીયા ઉ.વ.૨૨ રહે બેડી ગામ તા.જી.રાજકોટને રોકડ રૂા.૧૦૧૨૫ સાથે ઝડપી લઈ ગુનો નોંધેલ છે.આ કામગીરી ઈ.પો.સબ.ઈન્સ.જે વી.ગોહિલ તથા એ.એસ.આઈ. રાજેશભાઈ મિયાત્રા તથા પો.હેડ કોન્સ રાહુલભાઈ ગોહેલ, શકિતસિંહ ગોહિલ હેમેન્દ્રભાઈ વાધિયા ધર્મરાજસિંહ ઝાલા તથા પો.કોન્સ કુલદીપસિંહ રાણાએ કરી હતી.



# મારામારી ગુનામાં સંડોવાયેલ કમલેશ પાસામાં ધકેલાયો



રાજકોટ,તા.૨૧

રાજકોટના મારામારીનાં ગુનામાં સંડોવાયેલ શખ્સને પ્ર.નગર પોલીસે પાસામાં ધકેલી સુરત જેલ હવાલે કરેલ છે.પ્ર.નગર પોલીસે મારામારી સહિતનાં ગુનાઓમાં સંડોવાયેલ કમલેશ ઉર્ફે લાલુ ઉર્ફે જાબુ કાળુભાઈ પરમાર રે.વાલ્મીકી વાડી શેરી નં.૨ જામનગર રોડ, રાજકોટ વિરૂદ્ધ પી.આઈ.વી.આર.વસાવાએ દરખાસ્ત મુકતા પોલીસ કમિશ્નરે પાસા દરખાસ્ત મંજુરી કરી વોરંટ ઈસ્યુ કરતા વોરંટની બજવણી કરી પાસા તળે સુરત જેલ હવાલે કરેલ છે. આ કામગીરી પી.આઈ. વી.આર.વસાવા પો.સબ.ઈન્સ જે.બી.રાણીંગા, આર.કે.ગોહિલ રવિભાઈ વાઘેલા, જેન્તીભાઈ વાવડીયા, મયુરરાજસિંહ જાડેજા, ચાપરાજભાઈ ખવડ, તોફિકભાઈ મધરા, રીયાઝભાઈ ભીપોત્રા, નવરાજભાઈ બોરીચા, રવિભાઈ ચાવડા, ધર્મેશભાઈ મોણપરાએ કરી હતી.

# કોઠારીયા રોડ પર ક્વાર્ટરમાં રહેતા ૨૫ વર્ષીય પરિણિતા નીરૂબેન સોરાણીનો આપઘાત

## ઘરે છતના હુંકમાં કપડાં સૂકવવાની દોરી બાંધી પગલુ ભરી લીધું, બે પુત્ર મા વિહોણા થતા પરિવારમાં કલ્પાંત : આપઘાતનું કારણ અકબંધ

રાજકોટ, તા.૨૧

કોઠારીયા રોડ પર ક્વાર્ટરમાં રહેતા ૨૫ વર્ષીય પરિણિતા નીરૂબેન સોરાણીએ આપઘાત કરી લેતા બનાવથી ચકચાર મચી ગઈ હતી.

આ અંગે મળતી વિગત મુજબ નીરૂબેન અનિલભાઈ સોરાણી (ઉંમર વર્ષ ૨૫ રહે ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર કોઠારીયા રોડ રાજકોટ) ગઈકાલે બપોરે ૨ વાગે પોતાના ઘરે હતા ત્યારે છતના હુકમાં કપડાં સૂકવવાની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. તેમના પતિ ઘરે આવતા પત્નીને ગળાફાંસો ખાધેલી હાલતમાં જોઈ નીચે ઉતારીને તુરંત જ સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. જ્યાં ડોક્ટરે નીરૂબેનને મૃત જાહેર કર્યા હતા. પરિવારજનોએ જણાવ્યું કે નીરૂબેનના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતા. તેમને સંતાનમાં બે દીકરા છે. પતિ અનિલભાઈ લોખંડના પતરા બનાવતી રઘુવીર કંપનીમાં માલવાહક વાહન ચલાવવાનું ડ્રાઇવિંગ કામ કરે છે. પરણીતા એ શા માટે આપઘાત કર્યો તેનાથી પરિવારજનો અજાણ હોવાથી આજીડેમ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## રૈયા રોડ, આલાપગ્રીન સિટી પાછળનો બનાવ

# વીજ કરંટ લાગતા ૨૦ વર્ષીય કારખાનેદારના પુત્રનું મોત

## દીપક કાકુ ઘરે એલઈડી લાઈટ કાઢવા ગયો ત્યારે બનાવ બન્યો, મૃતકે ૧૨ પાસ કરી હજુ કોલેજમાં એડમીશન લેવાનો હતો : આશાસ્પદ યુવાનના મોતથી પરિવારમાં શોક છવાયો

રાજકોટ, તા.૨૧

રૈયા રોડ, આલાપ ગ્રીન સિટી પાછળ વીજ કરંટ લાગતા ૨૦ વર્ષીય કારખાનેદારના પુત્રનું મોત થયું હતું. બનાવથી ચકચાર મચી ગઈ હતી. મૃતક દિપક ચેતનભાઇ કાકુ ૧૨ પાસ કરી હજુ કોલેજમાં એડમીશન લેવાનો હતો. જોકે આશાસ્પદ યુવાનના મોતથી પરિવારમાં શોક છવાયો હતો. આ અંગે મળતી વિગત મુજબ, દીપક ચેતનભાઇ કાકુ (ઉંમર વર્ષ ૨૦, રહે. દ્વારકેશ પાર્ક શેરી નંબર ૬, આલાપ ગ્રીન સિટી પાછળ, રૈયા રોડ) રાત્રે ૧૨:૧૫ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતો, ત્યારે એલઇડી લેમ્પ બદલતો હતો ત્યારે વીજ કરંટ લાગતા ઘરે જ બેભાન થઈ ગયો હતો. તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં સારવાર દરમિયાન તેને દમ તોડી દીધો હતો. દિપક બે ભાઈમાં નાનો હતો. તેના પિતાને કારખાનું છે. દિપકએ હાલમાં ધોરણ ૧૨ પાસ કર્યું હતું. તે કોલેજમાં એડમિશન લેવાનો હતો. જોકે એ પહેલા જ તેના મોતથી પરિવારમાં ભારે કલ્પાંત છવાયો છે.

▶▶ આ વર્ષે ચોમાસુ વહેલુ છતાં કોર્પો.ની પ્રિ-મોન્સુન કામગીરી ગોકળગાયની ગતિએ : હવે તાત્કાલીક નવો પ્લાન બનાવવા અધિકારીઓમાં દોડધામ ▶▶

# ડ્રેનેજનું ૮૫%, સ્ટોર્મ વોટર મેન હોલનું ૮૦%, વાલ્વ ચેમ્બર સફાઇનું ૯૦% કામ બાકી!

## ભુગર્ભ ગટર કુંડીઓ ૫૧ હજારમાંથી ૪૮ હજાર જ સાફ થઇ : વરસાદી પાણીના નિકાલ માટેના કામ પણ અધુરા : કુલ ૬૫૩૫૦ લંબાઇના વોંકળામાંથી માત્ર ૩૫૮૦૦ લંબાઇમાં જ સફાઇ..


ગત વર્ષે ૧૫૦ ફુટ રોડના માધાપર ચોક તથા અન્ય વિસ્તારમાં વાહનો ફસાઇ જાય એટલા પાણી ભરાયા હતા. તેની ફાઇલ તસ્વીર.

રાજકોટ, તા.૨૧

રાજકોટમાં પણ ચાલુ વર્ષે ચોમાસુ વહેલુ બેસે તેવું લાગી રહ્યું છે. પરંતુ કોર્પોરેશને કેવી પ્રિ-મોન્સુન કામગીરીની તૈયારી કરી છે તે માવઠા જેવા વરસાદમાં પણ દેખાઇ આવ્યું છે. આ સંજોગોમાં શાસકોની ઉઘરાણી અને વિપક્ષની તડાપીટ વચ્ચે હવે કોર્પો. તંત્રએ નવો પ્રિ-મોન્સુન પ્લાન તૈયાર કરવા દોડધામ કરી છે. પરંતુ અત્યાર સુધીમાં થયેલી કામગીરીમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ મેન હોલ સાફ કરવાનું ૮૫ ટકાથી વધુ કામગીરી બાકી છે. તો ૮૦ ટકા ડ્રેનેજ મેન હોલ અને ૯૦ ટકાથી વધુ વાલ્વ ચેમ્બરની સફાઇ બાકી હોવાનું જાહેર થયું છે.મહાપાલિકાએ હજુ સુધી અંતિમ મોન્સુન પ્લાન જાહેર કર્યો નથી. પરંતુ અત્યાર સુધીમાં વોંકળા સફાઇ સહિતની કામગીરીમાં મોટા ભાગનું કામ બાકી હોવાનું આંકડા પરથી લાગી આવે છે. વરસાદી પાણીના નિકાલ માટે મહાપાલિકાએ કરોડોના ખર્ચે અનેક વિસ્તારોમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇન પાથરી છે. પરંતુ વરસાદી પાણીના નિકાલની જરૂર સમયે આ લાઇન જ જામ થઇ જાય છે. આ પ્રોજેકટ સંપૂર્ણપણે સફળ ગણાવાતો નથી. આ લાઇનના મેન હોલના સફાઇનું મોટા ભાગનું કામ બાકી છે. ૧૮ વોર્ડમાં આવા ૧૨૬૫૨ મેન હોલ છે અને તેમાંથી માત્ર ૧૮૨૨ની સફાઇ થઇ છે. જયારે ૧૦૮૩૦ મેન હોલની સફાઇ આજની તારીખે બાકી હોવાનું તંત્ર જ કહે છે. આવી લાઇનના મેન હોલ સેન્ટ્રલ ઝોનમાં ૩૫૯૬, વેસ્ટ ઝોનમાં ૪૮૨૪ અને ઇસ્ટ ઝોનમાં ૪૨૩૨ છે. રાજકોટના ૧૮ વોર્ડમાં વરસાદ વખતે સૌથી મોટી સમસ્યા ડ્રેનેજના મેન હોલ ઉભરાઇ જવાની આવે છે. કચરાના કારણે ગટરો જામ થઇ જાય છે. આ કારણે આગળના ભાગમાં ગટરો છલકાઇ અને અનેક વિસ્તારમાં ગંદા પાણી ઘરમાં પણ જાય છે. આવા ડ્રેનેજ હોલની કુલ સંખ્યા ૫૧૧૦૨ છે અને માત્ર ૬૨૮૫ની સફાઇ થઇ હોય, ૪૪૮૧૭ હોલ તો સાફ કરવાના બાકી છે. સેન્ટ્રલ ઝોનમાં આવા ૧૩૯૯૬, વેસ્ટ ઝોનમાં ૧૬૮૦૦ અને ઇસ્ટ ઝોનમાં ૨૦૩૦૬ છે.વરસાદમાં વાલ્વ ચેમ્બરની સફાઇ ખુબ મહત્વની હોય છે. ચાલુ વરસાદે પણ તંત્ર કામ કરે છે. અન્યથા પાણી સહિતની સપ્લાય ઉપર પણ અસર પડી શકે છે. ત્રણે ઝોનમાં આવી ૫૮૬૬ વાલ્વ ચેમ્બર છે. તેમાંથી માત્ર ૮૫૬ની સફાઇ થઇ છે અને ૫૦૧૦ની સફાઇ બાકી હોવાનું તંત્રએ કબુલ્યું છે.

**વોંકળા સફાઇ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ કાગળ પર વોંકળા સફાઇ તા.૧-૪થી શરૂ કરવામાં આવી હતી. તા.૩૦-૪ સુધીમાં રાજકોટમાં રહેલા ૬૨ પૈકી ૪૨ વોંકળા સાફ થયા છે અને ૨૨માં તો સંપૂર્ણ કામગીરી બાકી છે. પૂર્વ ઝોનમાં ૨૯, મધ્યમાં ૨૨ અને પશ્ચિમમાં ૧૧ વોંકળા છે. કામગીરીની દ્રષ્ટિએ જોઇએ તો વોંકળાઓની કુલ લંબાઇ ૬૫૩૫૦ છે અને તેમાંથી ૩૫૮૦૦ મીટરમાં જ સફાઇ થઇ છે. એટલે કે માત્ર અર્ધા વોંકળા વિસ્તારમાં સફાઇ થઇ છે. થોડા દિવસ પહેલાના માત્ર બે ઇંચ વરસાદે અમુક વિસ્તારમાં ઘરમાં પાણી ઘુસાડી દીધા હતા. રાજમાર્ગો જળબંબાકાર થયા હતા. આ સ્થિતિમાં હવે કોર્પો. પ્રિ-મોન્સુન માટે ઉંધા માથે થશે તે નકકી છે.

## દર વર્ષે પાણીમાં ડૂબી જતા વિસ્તારો, રાજમાર્ગોના પ્રશ્નનો જવાબ શું?

**માધાપર ચોક, બીગ બજાર, નાના મવા ચોક, જુદા જુદા બ્રીજ, લલુડી વોંકળી સહિતના ભાગો ભારે વરસાદ વખતે રેઢા બની જાય છે : રેડ ઝોનમાં વધુ ખતરો**


રાજકોટ, તા.૨૧

રાજકોટમાં ગત વર્ષે એવો જોરદાર વરસાદ પડયો હતો કે લોકમેળો પણ ધોવાઇ ગયો હતો. આ સાથે જ મનપાના કાગળ પરના અનેક આયોજન પણ સાફ થઇ ગયા હતા. આ સંજોગોમાં કોર્પો.એ બનાવેલા પ્લાન મુજબ રેડ, યેલો અને ગ્રીન ઝોનમાં આવતા વિસ્તારોમાં કઇ રીતે વધુ તકેદારી રાખવી તે નકકી કરવા હજુ થોડા દિવસનો સમય બચ્યો છે. કોર્પો.ના રેકર્ડ મુજબ ન્યુ રાજકોટમાં જયાં સૌથી વધુ જળબંબાકાર થાય છે તેવા વિસ્તારમાં ૧૫૦ ફુટ રોડના અનેક ચોક આવે છે. માધાપર ચોકડી તો બે-ચાર ઇંચ વરસાદમાં પણ ડૂબી જાય તેવી હાલત હોય છે. ત્યાંથી આગળ શેઠનગરના રસ્તે પણ આજ રીતે પાણી ભરાઇ છે. નાગેશ્વર તરફ જવાના રસ્તે પણ વાહનો અટવાઇ છે. આ સિવાય વધુ પાણી ભરાતા હોય તેવા વિસ્તારોમાં બીગ બજાર ચોક, રૈયા એકસચેંજ ચોક, બ્રીજ હેઠળનો નાના મવા ચોક જળબંબાકાર બને છે.

૧૫૦ ફુટ રોડ પર જેટલા બ્રીજ છે તેના શરૂઆતના અને અંતના ભાગમાં ચાલુ વરસાદે વાહનો નીકળી શકતા નથી. બીજી તરફ સેન્ટ્રલ ઝોનની વાત કરીએ તો લલુડી વોંકળી, આજી નદી કાંઠાના ઘણા ભાગો, રામનાથપરા, જંગલેશ્વર, પોપટપરા નાલા વિસ્તાર, ટાગોર રોડ ભારે વરસાદ વખતે અંડરબ્રીજ પાણી પાણી થાય છે. ભારે વરસાદમાં વાહનો માટે બ્રીજ બંધ કરવાની નોબત આવે છે.પૂર્વ રાજકોટમાં ચુનારાવાડ પુલ આજુબાજુનો અનેક ભાગ, બેડીપરા, માર્કેટીંગ યાર્ડ આગળ પાછળના કેટલાક ભાગોમાં અને ઝુંપડપટ્ટી વિસ્તારમાં જળબંબાકાર થાય છે. આ વિસ્તારો માટે કોર્પો.એ વહેલુ આયોજન કરવાની જરૂર હોવાનું કોર્પોરેટરો કહે છે.

# રાજકોટમાં વૃક્ષોના જંગલ કરતા સિમેન્ટના જંગલમાં વધારો!

## આ વર્ષે મહાનગર ધગધગી ઉઠતા વૃક્ષની જરૂરીયાત વર્તાઇ : ૪.૬૫ લાખ ઝાડ રોપાયાનો તંત્રનો દાવો : વડોદરામાં ડિવાઇડરમાં વૃક્ષ ઉગે તો રાજકોટમાં કેમ નહીં?



રાજકોટ તા. ૨૧

મ્યુનિ. કમિશ્નર દ્વારા છેલ્લા બે વર્ષમાં ૪.૬૫ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યાનો દાવો કરવામાં આવ્યો છે. પરંતુ રાજકોટમાં ચાલુ વર્ષે પડેલી વિક્રમી ગરમી વચ્ચે ગ્રીન કવરમાં કોઇ વધારો થયાનો લોકોને અનુભવ થતો નથી અને આ વૃક્ષારોપણ શું માત્ર કાગળ પર થયું છે તેવો સવાલ તંત્રએ જાહેર કરેલા આંકડા પરથી ઉઠયો છે.

છેલ્લા બે વર્ષમાં શહેરમાં ૪.૬૫ લાખ વૃક્ષોનું વાવેતર કર્યાનું મનપાએ ચોપડા ઉપર બતાવ્યું છે. પરંતુ છેલ્લા દાયકાથી દર વર્ષે થતાં વૃક્ષારોપણના આંકડાઓ પર નજર કરીએ તો રાજકોટમાં વૃક્ષોના જંગલના બદલે સિમેન્ટના જંગલ વધ્યા હોય તેવી સ્થિતિ દેખાઇ રહી છે.

જનરલ બોર્ડમાં કોર્પોરેટર દ્વારા માંગવામાં આવેલ માહિતીના આધારે મનપાની ગાર્ડન શાખા દ્વારા છેલ્લા બે વર્ષમાં ૪.૬૫ લાખ વૃક્ષોનું વાવેતર કર્યાનું જણાવવામાં આવ્યું છે. આગામી વર્ષોમાં પણ વધુ પાંચ લાખ વૃક્ષ વાવવામાં આવશે તેવું જણાવ્યું છે. છેલ્લા વર્ષમાં વોર્ડ નં. ૧માં ૭૫૪૨૭, વોર્ડ નં. ૨માં ૨૨૯, વોર્ડ નં. ૩માં ૪૦,૬૨૮, વોર્ડ નં. ૪ ૧૭૦, વોર્ડ નં. ૫ માં ૯૦, વોર્ડ નં. ૬માં ૩૦, વોર્ડ નં. ૭માં ૫૩, વોર્ડ નં. ૮માં ૧૨૮, વોર્ડ નં. ૯ માં ૨૧૫, વોર્ડ નં. ૧૦માં ૪૩૦, વોર્ડ નં. ૧૧માં ૩૬,૫૫૯, વોર્ડ નં. ૧૨માં ૮૦૮૩, વોર્ડ નં. ૧૩માં ૧૮૧, વોર્ડ નં. ૧૪માં ૩૧, વોર્ડ નં. ૧૫માં ૨૨૬૩, વોર્ડ નં. ૧૬માં ૪૧, વોર્ડ નં. ૧૭માં ૪૬, વોર્ડ નં. ૧૮માં ૩૦૩૩ વૃક્ષોનું રોપણ કર્યાનું દર્શાવાયું છે.

ન્યારી ડેમ ખાતે વર્ષ ૨૦૨૩-૨૪માં ૨ લાખ વૃક્ષનું વાવેતર કરવામાં આવેલ જે ૨૪-૨૫માં જીરો રહેલ છે. તેવી જ રીતે નાકરાવાડી ખાતે ૨,૯૭,૭૩૬ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જેના લીધે કુલ વૃક્ષારોપણની સંખ્યા ૪૬૫૩૭૩ બતાવવામાં આવી છે. જયારે ૨૦૨૫-૨૬ એટલે કે ચાલુ વર્ષમાં એડવાન્સ વેરો ભરતા દિવ્યાંગો તેમજ એકસ આર્મીમેન દ્વારા ૪૦ હજાર વૃક્ષો તથા પીપીપી ધોરણે ૧૦ હજાર તેમજ ૧૦ હજાર વૃક્ષનું વિતરણ અને ગાર્ડન હેતુના પ્લોટમાં ૨૫ હજાર વૃક્ષો અને મનપાના આઈલેન્ડ પ્લાન્ટેશન ૧૦ હજાર વૃક્ષો સહિત કુલ ૫ લાખ નવા વૃક્ષો વાવવાનું આયોજન પણ ચોપડે કરવામાં આવ્યું છે. શહેરમાં ૧૫૦ ફુટ રોડ સહિતના માર્ગો પર ગ્રીનરીની જરૂરીયાત વચ્ચે શહેરની ભાગોળે મીયાવાંકી ફોરેસ્ટ ઉભા કરાઇ છે. તે પણ ફાયદારૂપ છે પરંતુ ધગધગતા રાજમાર્ગો પર વૃક્ષારોપણ કેમ થતું નથી તે સવાલ છે. કારણ કે વડોદરા જેવા શહેરમાં ડિવાઇડરો વચ્ચે પણ વિશાળ વૃક્ષો રોપવામાં આવે છે.

# માંડવમાં પશુ બલી વખતે પોલીસ પર થયેલા હીંચકારા હુમલામાં મુખ્ય સુત્રધાર ભાવેશ વીકાણી જામીન મુક્ત

## સોમવારે ગોંડલ હાઇવે રોડ વેલનાથપરામાં બનાવ બનેલો, ૨૦૦ લોકોના ટોળાં સામે ગુનો દાખલ થયેલો, આરોપીના વકીલની ધારદાર દલીલો ધ્યાને લઈ કોર્ટે ભાવેશ વીકાણીના રિમાન્ડ પણ નામંજુર કરેલા

રાજકોટ, તા.૨૧

સોમવારે ગોંડલ હાઇવે રોડ વેલનાથપરા શેરી નંબર ૧માં રખા દાદાના માંડવમાં પશુ બલી વખતે પોલીસ પર થયેલા હીંચકારા હુમલામાં મુખ્ય સુત્રધાર ભાવેશ અરજણભાઈ વીકાણી (રહે. પી.ડી. માલવીયા કોલેજ પાછળ, નારાયણ નગર, ગોંડલ રોડ, રાજકોટ) જામીન મુક્ત થયેલ છે. ૨૦૦ લોકોના ટોળાં સામે ગુનો દાખલ થયેલો. પોલીસે રિમાન્ડની માંગ કરેલી પણ આરોપીના વકીલની ધારદાર દલીલો ધ્યાને લઈ કોર્ટે રિમાન્ડ અરજી પણ નામંજુર કરેલ હતી.

આ કેસની વિગત મુજબ, તા.૧૯/૦૫/૨૫ ના રોજ ગોંડલ રોડ, વેલનાથપરા, શેરી નં.૧, શિવ હોટલ પાછળ, રખાદાદાના માંડવમાં પશુ બલી આપેલ હોય જે અનુસંધાને વિજ્ઞાન જાથાની કાર્યવાહી દરમ્યાન પોલીસ બંદોબસ્ત ઉપર હતી. વિજ્ઞાન જાથાની ટીમ ફરીયાદ પોલીસ મથકે ગઈ ત્યારે બનાવ સ્થળે કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે પોલીસ હાજર હતી. ત્યારે ૧૫૦ થી ૨૦૦ માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલ. સમાજના આગેવાન ભાવેશભાઈએ પોતાની સાથેના માણસોને ઉશ્કેરણી કરી ગેરકાયદેસર મંડળી રચી પોલીસ પાસે આવી કહેવા લાગેલ કે, અમારી જ્ઞાતીના રિવાજ, પ્રથા હોય તમો કેમ અમારા સમાજને હેરાન કરો છો?


એડવોકેટ રોહિત ઘીયા, હર્ષ ઘીયા

તેમ કહી જેમ ફાવે તેમ ગોળો બોલવા લાગેલ અને બધાને શાંત રહેવા સમજાવવાતા વિખેરવા માટે પ્રયત્નો કરતા ઉશ્કેરાયેલ ટોળાના માણસોએ પી.સી.આર. વાનનો કાચ તોડી નાખેલ અને પથ્થર અને ધોકાઓ વડે પોલીસ પાર્ટી ઉપર હુમલો કરેલ. જે અંગેના આક્ષેપવાળી ફરીયાદીએ ફરીયાદ આજીડેમ પોલીસમાં નોંધાવતા પોલીસએ મુખ્ય આરોપી નં.૧ ભાવેશભાઈ, નં.૨ કાળુભાઈ ગોરસવા, નં.૩ હાર્દિકભાઈ સોલંકી, નં.૪ ગોવિંદભાઈ સોલંકી, નં.૫ વિકીભાઈ સોલંકી, નં.૬ રોહિતભાઈ પરમાર, નં.૭સંદિપભાઈ પરમાર, નં.૮ હિતેષભાઈ સોલંકી, નં.૯ સનીભાઈ સોલંકી, નં.૧૦ દિપકભાઈ જસાણીયા, નં.૧૧ રાહુલભાઈ ડાભી, નં.૧૨ પ્રવિણભાઈ જાડેજા તથા નં.૧૩ પ્રકાશભાઈ જસાણીયા (બધા રહે. રાજકોટ)ની અટકાયત કરી કોર્ટમાં રજુ કરી ભાવેશભાઈના ૩ દિવસના પોલીસ રિમાન્ડ માંગેલ. જેમા બચાવ પક્ષે રોકાયેલ એડવોકેટ રોહિત બી. ઘીયાએ એવી દલીલ કરેલ કે પોલીસએ મેન્ડેટરી પ્રોવીઝનનુ પાલન કર્યું નથી. એરેસ્ટ મેમોમાં ગ્રાઉન્ડ ઓફ એરેસ્ટ અને રીઝન્સ ઓફ એરેસ્ટ દર્શાવેલ નથી. અન્ય કેટલા આરોપીઓ સંડોવાયેલ હોય તેના નામ સરનામા માટે પોલીસ રીમાન્ડ આપી ન શકાય. તેમજ કેસની મહત્મ સજાની જોગવાઈ ૫ વર્ષ સુધીની છે ચાર્જશીટ રજુ થતા સમય લાગે તેમ છે જેથી પ્રિ-ટ્રાઈલ કનવીકશન થઈ શકે નહી તેમજ દલીલના સર્મથનમાં ઉચ્ચ અદાલતના રજુ રાખેલ ચુકાદા ઉપર ધ્યાન દોરતા કોર્ટે બચાવ પક્ષની દલીલ ગ્રાહય રાખી આરોપીના રીમાંડ નામંજુર કરી જામીન ઉપર છોડવાનો હુકમ કરવામાં આવેલ. આ કામમાં આરોપી વતી સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા તથા હર્ષ રોહીતભાઈ ઘીયા અને મદદમાં રિધ્ધિબેન ખંધેડીયા રોકાયેલ હતા.

# પડધરી પાસે રૂા.૭.૫૦ કરોડની સરકારી જમીન પર ખડકાયેલ ખેતી વિષયક દબાણ હટાવાયુ

## નારણકાના સરકારી ખરાબાના સર્વે નં.૧૧૬ની ૧૮ હજાર ચો.મીટર જમીન પરથી ત્રાણ આસામીના બે ઓરડી સહિતના દબાણ પર બુલડોઝર ફરી વળ્યું



રાજકોટ તા.૨૧

પડધરી નજીકના નારણકા ગામે જીલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ આજે ગ્રામ્ય પ્રાંત વિમલ ચક્રવર્તી તથા પડધરી તાલુકા મામલતદાર દ્વારા ઓપરેશન ડીમોલીશન હાથ ધરી રૂા.૭.૫૦ કરોડની સરકારી ખરાબાની જમીન પર ખડકાયેલા ખેતીવિષયક દબાણ હટાવવામાં આવેલ હતું.

નારણકા ગામના સરકારી ખરાબાના સર્વે નં.૧૧૬ની જમીનમાં ૩ જેટલા આસામીઓ દ્વારા આશરે ૧૮૦૦૦ ચો.મીટરનું ગેરકાયદેસર ખેતીવિષયક દબાણ ખડકી દીધુ હતું. જેની કિંમત રૂા.૭.૫૦ કરોડ જેટલી થવા જાય છે.

સરકારી ખરાબાની આ જમીનો પર અનઅધિકૃત રીતે ખડકાયેલા આ દબાણને હટાવવા માટે અગાઉ કલેકટર તંત્ર દ્વારા ત્રાણેય દબાણકારોને નોટીસ ફટકારવામાં આવેલ હતી. જેની સમય અવધી પૂર્ણ થતા જ પોલીસ બંદોબસ્ત હેઠળ આ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં ખેતીવિષયક દબાણ તેમજ આ જમીન ઉપર ખડકાયેલ બે ઓરડીના દબાણ બુલડોઝરથી તોડી પાડી રૂા.૭.૫૦ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લામાં છેલ્લા લાંબા સમયથી સરકારી જમીન પરના દબાણ હટાવવા માટે કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે જેમાં પડધરી નજીક રૂા.૭.૫૦ કરોડની સરકારી ખરાબાની જમીન પરથી દબાણની સાફસુફી કરવામાં આવી હતી.

# GCAS દ્વારા વિદ્યાર્થીઓને ચોઈસ ફીલિંગના આધારે પ્રવેશ ફાળવાશે

## સૌરાષ્ટ્ર યુનિ.સંલગ્ન ૨૮૯ કોલેજો અને ૨૯ અનુસ્નાતક ભવનોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પ્રક્રીયા

રાજકોટ,તા.૨૧

ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ જીસીએએસ પ્રકલ્પ હેઠળ રાજ્ય સરકારની ૧૫ સ્ટેટ કન્વેન્શનલ યુનિવર્સિટીઓ માટે સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોના પ્રવેશ અંગેની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી ચાલુ કરાયેલ છે.

હાલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટેના પ્રવેશ અંગેની કાર્યવાહી GCAS, અમદાવાદ દ્વારા ચાલુ કરવામાં આવેલ છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હેઠળની કુલ ૨૮૯ કોલેજો તથા કેમ્પસ સ્થિત ૨૯ અનુસ્નાતક ભવનોમાં કુલ ૪૬ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

ફોર્મ ભરવાની તથા વેરિફિકેશનની કાર્યવાહી પુરી કરવાના આજે છેલ્લી તા.૨૧ છે. ત્યારબાદ પ્રવેશ યોગ્યતાના આધારે વિદ્યાર્થીઓએ ચોઇસ ફીલિંગ કરેલ હશે તે મુજબ પ્રવેશ અંગેની કાર્યવાહી GCAS દ્વારા થશે.

# ઓપરેશન સિંદૂર અંગે વિવાદાસ્પદ પોસ્ટ મુકનાર પ્રો.ખાનને જામીન

## જોકે સુપ્રીમે પ્રોફેસરને ઠપકો પણ આપ્યો

નવીદિલ્હી તા.૨૧

ભારતીય સેનાના ઓપરેશન સિંદુર અંગે વિવાદાસ્પદ ટીપ્પણી કરનાર અશોકા યુનિ.ના એસો. પ્રોફેસર અલીખાન મહેમુદાબાદને આજે સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે અને તાત્કાલીક તેમને જેલ મુકત કરવા આદેશ આપ્યો છે. પ્રો.ખાનની વચગાળાની જામીન અરજીનો સરકારે વિરોધ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે જો કે પ્રો. ખાનને પણ આકરા શબ્દોમાં કહ્યું કે સસ્તી લોકપ્રીયતા મેળવવા માટે તમારે



આ પ્રકારના શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. બીજાને અપમાનીત કરાય તેવા શબ્દો તમે આ પ્રકારના પ્લેટફોર્મ ઉપર મુકી શકો નહીં

જો કે ખાન સામેની તપાસ સામે સ્ટે આપવાની તેમની અરજી નકારી હતી અને તપાસ માટે આઈજી રેન્કના અધિકારીના અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની ખાસ તપાસ ટીમ રચવા આદેશ આપ્યો હતો. બીજી તરફ પ્રો.ખાનને ભારત પાકિસ્તાન અને ઓપરેશન સિંદૂર અંગે કોઈપણ પ્રકારની ઓનલાઈન પોસ્ટ ન મૂકવા જણાવ્યું હતું.

# રાજકોટની ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી દ્વારા રૂા.૧૬.૭૨ કરોડની મહેસુલી આવક

## ગત વર્ષની સાપેક્ષમાં ૧૩૨ ટકા વધુ આવક



રાજકોટ,તા.૨૧

ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી-રાજકોટની ટીમ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે રૂા.૧૬.૭૨ કરોડની આવક કરી ગત વર્ષની સરખામણીએ કુલ ૧૩૨ ટકા વધુ મહેસુલી આવક મેળવાાઇ છે. ગત નાણાંકીય વર્ષમાં રોયલ્ટી તેમજ અન્ય ઓનલાઈન આવક પેટે કુલ રૂ.૧૨.૬૯ કરોડની આવક થઇ હતી.

આ ઉપરાંત, ધી ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ ૨૦૧૭ મુજબ બિન અધિકૃત ખનીજ વહન, ખનન, સંગ્રહ અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૨૩૮ કેસોમાં રૂા.૩.૭૭ કરોડની આવકની સાપેક્ષે નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫ અન્વયે કુલ ૨૮૮ કેસોમાં રૂ.૫.૦૨ કરોડની આવક થઈ છે.

વધુમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પર્યાવરણીય નુકશાન પેટેના ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશનમાં કુલ રૂા.૧.૭૨ કરોડની આવકની સાપેક્ષે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે કુલ રૂ.૨.૨૪ કરોડની આવક થઈ છે.

આમ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ રૂ.૧૬.૫૦ કરોડની આવકની સાપેક્ષે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે કુલ રૂા.૨૧.૭૫ કરોડની આવક થઈ છે. જે ગત વર્ષની સાપેક્ષે ૧૩૨% વધુ મહેસુલી આવક પ્રાપ્ત કરવામાં આવી છે.

રાજકોટ જીલ્લા કલેકટર અને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ પ્રભવ જોષીના નેતૃત્વમાં અને ભુસ્તરશાસ્ત્રી અંકિત ડી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા આ કામગીરી કરાઈ હતી.

પતિએ રૂા.૨૦ હજારનુ ઈનામ રાખ્યુ!

# પરિણીત મહિલા બે દિકરાઓ સાથે કાકાજી સસરા સાથે ભાગી!



લખનૌઃ ઉત્તરપ્રદેશના ઈટાવા જિલ્લાના પુરણપુરા ગામમાં એપ્રિલ મહિનાની શરૂઆતમાં એક પરિણીત મહિલા બે દિકરીઓ સહિત તેના કાકા સસરા સાથે ભાગી ગઈ હતી. આ મહિલાના પતિ જિતેન્દ્રકુમારે પત્ની અને દીકરીઓને શોધી આપનારને ૨૦૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. પોલીસે ગુનો નોંધીને શોધખોળ શરૂ કરી છે.

પુરણપુરાનો રહેવાસી જિતેન્દ્રકુમાર ટેકસી-ડ્રાઈવર છે. ૨૦૧૪માં તેનાં લગ્ન થયાં હતાં. તેના સંતાનોમાં બે દિકરી અને એક પુત્ર છે. જિતેન્દ્રએ પોલીસમાં જાણાવ્યું હતું કે તે ૩ એપ્રિલે કાનપુરથી ઘરે પાછો ફર્યો ત્યારે તેની પત્ની અને તેની બે દિકરીઓ ગાયબ હતી. પરિવારમાં તેના કાકા નંદરામ પણ ગુમ હતા. જિતેન્દ્ર અને તેના પિતા શ્યામ કિશોરે મહિલાને શોધવા માટે શકય તમામ પ્રયાસો કર્યા, પરંતુ કોઈ સફળતા મળી નહીં. એક દીકરો ઘરે રહી ગયો છે, જેને કારણે પરિવાર વધુ દુઃખી છે.

આ ઘટના અંગે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ બ્રિજેશકુમાર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે 'આ મામલો ભરથાણા ચોકી વિસ્તારનો છે. તપાસ બાદ જાણવા મળ્યું હતું કે મહિલા એક પુરુષ સાથે નાસી ગઈ હતી જે તેના કાકા-સસરા હતા. પોલીસે કેસ નોંધ્યો છે અને મહિલા અને બાળકોની શોધખોળ ચાલી રહી છે.

# સ્ટેન્ડ અપ કોમેડિયન હર્ષ ગુજરાલ ફરી વિવાદમાં બિહાર વિષે ઘસાતું બોલ્યો

## એક યુટયુબ વીડિયોમાં હર્ષે મજાક કરી: બ્લેક આઉટ જોવા બિહારના લોકો બહાર ઉમટી પડયા

પટણા(બિહાર),તા.૨૧

સ્ટેન્ડઅપ કોમેડિયન સમય રૈના અને રણવીરનો વિવાદ હજી શાંત થયો નથી, ત્યાં કાનપુરના કોમેડિયન હર્ષ ગુજરાલે એક વિવાદાસ્પદ ટીપ્પણી કરતાં સોશિયલ મીડિયા પર હોબાળો થયો છે. હર્ષ ગુજરાલે પોતાના કોમેડી શોમાં ઓપરેશન સિંદૂર મુદ્દે બિહાર અને બિહારના લોકો પર ટીપ્પણી કરતાં લોકોએ નારાજગી વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર યુઝર્સે તેનો પટણા શો રદ કરવા અને બહિષ્કાર કરવાની માગ કરી છે. ગુજરાલ ૨૩ મેથી ૨૬ જુલાઈ સુધી ૨૨ શહેરોમાં 'જો બોલતા હે, વહી હોતા હે.' કોમેડી શો કરવા જઈ રહ્યો છે. જેમાં ૭ જૂનના રોજ પટણામાં શો છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાના સફળ ઓપરેશન સિંદૂર મુદ્દે હર્ષ ગુજરાલે ત્રણ દિવસ પહેલાં જય હિન્દ નામથી એક કોમેડી શોનો વીડિયો પોતાની યુટ્યૂબ ચેનલ પર અપલોડ કર્યો હતો. આ વીડિયોમાં ગુજરાલે કહ્યું કે, 'બ્લેકઆઉટથી ભારત ભયભીત થઈ રહ્યું છે. બિહારમાં લોકો બ્લેકઆઉટ જોવા માટે બહાર ઉમટી પડ્યા હતાં. બિહાર જેવી તુચ્છ કોમ આખા દેશમાં નથી. બિહારમાં એક જણ બીજાને મળ્યું અને કહી રહ્યું છે કે, અંધારૂ જોવા આવ્યો છું. અંધારાનું મુખ્ય કામ છે, કોઈ દેખાય નહીં. જ્યારે આ લોકો તેને જોવા ગયાં. અંધારાને પોતાના અસ્તિત્વ પર શંકા ગઈ....અપશબ્દો બોલી ગુજરાલ બોલ્યો કે, આપણે શું? એક નકામા માણસને પૂછ્યું કે, બ્લેકઆઉટ શું છે ખબર છે? તો કહે ભાઈ કેચઆઉટ વિશે સાંભળ્યું છે મેં, પણ બ્લેકઆઉટ કોણ આપે છે, મેં કીધું થર્ડ એમ્પાયર, બ્લેકઆઉટ.' બોલિવૂડ સ્ટાર્સ અર્જુન કપૂર, ભૂમિ પેડનેકર અને રકુલ પ્રીત સિંહની ફિલ્મ 'મેરે હસબન્ડ કી બીવી'માં કામ કરી ચૂકેલો હર્ષ ગુજરાલ પહેલાં પણ વિવાદોમાં ફસાયો હતો.



### ઓપરેશન સિંદુરના પગલે ભારતે પાકિસ્તાન સાથેની સિંધ જળ સમજુતી સ્થગિત કરતા અસર દેખાવા લાગી

# પાક.ના કરાંચીમાં જળ જંગ : લોકો સડક પર : પોલીસનો લાઠીચાર્જ-અશ્રુવાયુ

## સમગ્ર સિંધ પ્રાંતમાં પાણીની તંગી : પંજાબ ભણી જતા માર્ગો પર લોકોનો ચકકાજામ : પાણી મુદ્દે હવે બિલાવલ ભુટ્ટો અને શરીફનો પક્ષ સામસામે

ઈસ્લામાબાદ, તા. ૨૧

પહેલગામ હુમલાના પગલે ભારતે સિંધુ જળ સંધિ સ્થગિત કરતા પાકિસ્તાનમાં પાણીનો દેકારો બલવાનું શરૂ થઇ ગયું છે. અને ગૃહ યુધ્ધ જેવી સ્થિતિ સર્જાઇ છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતના સૌથી મોટા શહેર કરાંચીમાં પાણી માટે લોકો સડક પર ઉતરી આવ્યા છે અને દેખાવકારો સાથે પોલીસને જબરી અથડામણ શરૂ થઇ ગઇ છે. કરાંચી પોલીસે લોકોને અંકુશમાં લેવા માટે અશ્રુવાયુનો ઉપયોગ કર્યો હતો પરંતુ છેલ્લા ત્રણ દિવસથી પાણી માટે વલખી રહેલા કરાંચીના લાખો લોકો હવે સરકાર સામે આંદોલન શરૂ કરી દીધુ છે. કરાંચીમાં કેટલી પોલીસ ગાડીઓને આગ લગાડવામાં આવી હતી. લોકો ખાનગી હથિયાર લઇને રોડ પર હવામાં ગોળીબાર કરતા જોવા મળ્યા છે અને કરાંચીના ગુલશન-એ-હદેદ રોડ પર તો પોલીસ અને દેખાવકારો વચ્ચે જબરી અથડામણ થઇ હતી. પોલીસને તેથી લાઠી ચાર્જનો ઉપયોગ કરવો પડયો હતો. લોકો પાણી માટે અંદરોઅંદર બાજી રહ્યા છે. કરાંચી થઇ ને પાકિસ્તાનના પંજાબ તરફ જતા માર્ગ પર લોકોએ ચકકાજામ કરતા હાઇવે પર વાહનોની લાંબી કતારો સર્જાઇ ગઇ છે અને તેના કારણે પંજાબમાં પણ હવે તેની અસર દેખાવા લાગી છે. ભારતે સિંધુ નદીનું પાણી રોકતા જ પાકિસ્તાન માટે જબરી પરિસ્થિતિ ઉભી થઇ છે. પાકિસ્તાનના કરાંચીથી લઇને છેક ઇસ્લામાબાદ સુધી પાણીની સમસ્યાઓ સર્જાય તેવી શકયતાઓ છે. અગાઉ જ પંજાબ અને સિંધ વચ્ચે પાણી મુદે વિખવાદ હતો. સિંધુ નદીથી પંજાબ તરફ જતી નહેરોમાં કોઇ વધારો કરવાની સામે પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના બિલાવલ ભુટ્ટોએ વિરોધ કર્યો છે. તેના કારણે શાહબાઝ અને ભુટ્ટોનો પક્ષ સામે સામે આવી ગયો છે. શાહબાઝની પાકિસ્તાન મુસ્લિમ લીગએ પંજાબ ઉપર પ્રભુત્વ ધરાવે છે. જયારે બિલાવલ ભુટ્ટોની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી સિંધ પ્રાંત પર રાજકીય વર્ચસ્વ ધરાવે છે. પાકમાં વધુ જો લાંબો સમય આ પરિસ્થિતિ રહે તો હાઇડ્રો પાવર પ્રોજેકટમાં પણ મુશ્કેલી સર્જાઇ શકે તેવી શકયતાઓ દેખાઇ રહી છે અને પાણીની સાથે વીજળીનો આંચકો પણ લાગી શકે છે. ભારતે ચિનાબ, જેલમ અને સિંધુ નદીના પ્રોજેકટ પર કામ ઝડપી બનાવ્યું છે. નવા ડેમ અને નહેરોથી પાકિસ્તાનમાં ખેતી અને વીજળી પર ૮૦ ટકા અસર થશે.

### કરાંચીમાં તોફાની ટોળાને વિખેરવા પોલીસનો ગોળીબાર : અનેક ઘાયલ

પાકિસ્તાનના કરાંચી શહેરમાં પાણીની તંગીએ હવે જબરી મુશ્કેલી સર્જી છે અને ઝી ન્યુઝના અહેવાલ મુજબ કરાંચીમાં પોલીસે તોફાની ટોળાને વિખેરવા ગોળીબાર પણ કરવો પડયો છે. જેના કારણે અનેક લોકો ઘાયલ થયા હોવાના પણ એક તરફ સિંધ પ્રાંતમાં ભારે ગરમી છે અને લોકો પાણી માટે તરસી રહ્યા છે તે સમયે આ સ્થિતિ સર્જાઇ છે.





# જસ્ટીસ વર્મા કેસ કાંડ : એફઆઈઆરની માંગણી સુપ્રીમે ફગાવી

## હવે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન જ જસ્ટીસ વર્માનું ભાવિ નકકી કરશે

નવી દિલ્હી, તા. ૨૧

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ યશવંત વર્માના નિવાસે લાગેલી આગમાં જે રીતે જંગી માત્રામાં રોકડ રકમ સળગી ગઇ હોવાના અહેવાલ બાદ હવે સર્વોચ્ચ અદાલતની તપાસ ટીમે તેમાં રોકડ સળગી હોવાના અહેવાલ આપ્યો છે અને સર્વોચ્ચ અદાલતે જસ્ટીસ વર્માને તેમની નોકરીમાંથી દુર કરવા માટે રાષ્ટ્રપતિને રીપોર્ટ સોંપ્યો છે તે સમયે વર્મા સામે એફઆઇઆર નોંધવાની એક માંગણી સુપ્રીમ કોર્ટે ફગાવતા આ માટે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સમક્ષ જવા સલાહ આપી



હતી. જસ્ટીસ વર્મા જોકે પોતે રાજીનામુ આપવા માંગતા નથી. હાલ તેમની બદલી અલ્હાહાબાદ હાઇકોર્ટમાં કરવામાં આવી છે. અગાઉના સંજીવ ખન્નાએ ત્રણ સભ્યોની તપાસ સમીટી મારફત જસ્ટીસ વર્મા સામે તપાસ કરી હતી અને ૪ મેના રોજ ચીફ જસ્ટીસને રીપોર્ટ પણ સોંપી દેવાયો છે. બીજી તરફ આ રોકડ અંગે જસ્ટીસ વર્મા સામે એફઆઇઆર નોંધવાની માંગણી અને કાનુની કાર્યવાહી કરવા માટે જે માંગણી થઇ છે તેમાં સર્વોચ્ચ અદાલતે તેમાં રાષ્ટ્રપતિ નિર્ણય લઇ શકે તેવું જણાવીને અરજી ફગાવી હતી.

# જનરલ મુનીરે કોર્ટ માર્શલથી બચવા ખુદ ફિલ્ડમાર્શલ બની ગયા!

## પાકિસ્તાનમાં જબરી ચર્ચા : ભારત સામેના પરાજયથી સૈન્ય કાર્યવાહી શકય હતી

ઈસ્લામાબાદ, તા. ૨૧

પાકિસ્તાનના સૈન્ય વડા જનરલ અસીમ મુનીરને ફિલ્ડમાર્શલનો દરજજો આપીને સંભવિત કોર્ટ માર્શલની કાર્યવાહીમાંથી પણ બચાવી લેવાયા હોય તેવા સંકેત છે. ભારત સામે જે રીતે પાકિસ્તાન સૈન્યનો કારમો પરાજય થયો તે બદલ એક તબકકે મુનીર સામે કોર્ટ માર્શલની પણ શકયતા હતી. અન્યથા ફિલ્ડમાર્શલનું પદ કોઇ મહત્વનું નથી ફકત ફાઇવ સ્ટાર જનરલ ગણાય છે અને કેટલીક સુવિધા મળે છે પરંતુ નોકરી નિયત મર્યાદામાં જ થાય છે. પાકિસ્તાનના અખબારો એ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે



કે પાક. સૈન્યને જે રીતે પરાજય સહન કરવો પડયો તે પછી તેમની સામે એક શકયતામાં સૈન્યની કોર્ટ દ્વારા કોર્ટ માર્શલની શકયતાઓ પણ હતી પરંતુ ફાઇવ સ્ટાર રેન્જના ફિલ્ડમાર્શલને આ પ્રકારે કોર્ટ માર્શલ કરી શકાતુ નથી. સામાન્ય રીતે વિજેતા જનરલને જ આ પ્રકારે ફિલ્ડમાર્શલની પદવી અપાઇ છે પરંતુ પ્રથમ વખત પરાજીત સૈન્ય વડાને આ સન્માન અપાયું. સુત્રોના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં પાકિસ્તાનમાં એક માત્ર અયુબ ખાનને ફિલ્ડમાર્શલનું પદ અપાયુ પણ તેને ખુદે મેળવી લીધુ હતું.

# શેરબજારમાં તેજી વચ્ચે ઉછાળે વેચવાલીઃ સેન્સેકસ ૮૨૦૦૦ કુદાવીને પાછો પડયો

રાજકોટ તા.૨૧

મુંબઈ શેરબજારમાં તેજી-મંદીનો અનિશ્ચિત દોર હોય તેમ ગઈકાલના કડાકા બાદ આજે ફરી તેજીનો ચમકારો હતો.જો કે, ઈન્ટ્રા-ડે ઉંચાઈ જળવાઈ શકી ન હતી. સેન્સેકસ ૮૨૦૦૦ કુદાવીને પાછો પડયો હતો.


શેરબજારમાં આજે શરૂઆત તેજીના ટોને થઈ હતી. વિશ્વબજારના પોઝીટીવ ટ્રેન્ડ, ચોમાસાનુ ઘણુ વ્હેલુ આગમન થવાની આગાહી, ભૌગોલિક ટેન્શન હળવુ થવાના સંકેત જેવા કારણોથી તેજી ઉંચે ચડવા લાગી હતી. પરંતુ વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલી, કોરોનાની સાવચેતી જેવા કારણોથી ઉંચા મથાળેથી પીછેહઠ દેખાવા લાગી હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે નવા સંગીન કારણોની ગેરહાજરીમાં માર્કેટ બેતરફી હિલોળા લેતુ હોવાની છાપ છે.

શેરબજારમાં આજે ભારત ઈલે., સીપ્લા, ટાટા સ્ટીલ, લાર્સન, મહીન્દ્ર, નેસલે, એનટીપીસી, ટાટા મોટર્સ, ટીસીએસ, ટેક મહીન્દ્ર, એશિયન પેઈન્ટસ, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક જેવા શેરોમાં ઉછાળો હતો. મારૂતી, ઈન્ડુસઈન્ડ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, કોલ ઈન્ડીયામાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૪૧૯ પોઈન્ટના ઉછાળાથી ૮૧૬૦૬ હતો. તે ઉંચામાં ૮૨૦૨૧ તથા નીચામાં ૮૧૨૩૭ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૨૨ પોઈન્ટ વધીને ૨૪૮૦૬ હતો. તે ઉંચામાં ૨૪૯૪૬ તથા નીચામાં ૨૪૬૮૫ હતો.

# દાહોદમાં બાળકી પર દુષ્કર્મ-હત્યા કેસમાં આચાર્યને ૧૦ વર્ષની જેલ

સીંગવડની તોરણી પ્રાથમિક શાળામાં આચાર્ય ગોવિંદ નટ દ્વારા ૬ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ અને હત્યાના મામલામાં કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. આરોપી ગોવિંદ નટને લીમખેડા સેશન્સ કોર્ટે ૧૦ વર્ષ જેલ અને ૨ લાખ રૂપિયાના દંડની સજા ફટકારી છે. આ નરાધમ આચાર્યએ ૬ વર્ષીય બાળકીને શારિરીક અડપલાં કર્યા હતા અને ગળું દબાવીને હત્યા કરી




હતી, ત્યારબાદ પોલીસે સમગ્ર મામલાની જાણકારી જિલ્લા શિક્ષણ અધિકારીને આપી હતી અને તે રીપોર્ટ બાદ આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

# બ્રોકરોને મોટી રાહતઃ રોકાણને વ્યવસાયની વ્યાખ્યા લાગુ નહી પડે

નવીદિલ્હી,તા.૨૧

કેન્દ્ર સરકારે સિક્યોરિટીઝ કોન્ટ્રાકટ રેગ્યુલેશન રૂલ્સમાં સુધારો કરીને બ્રોકર્સને મોટી રાહત આપી છે. હવે બ્રોકર્સ તેમના વ્યવસાયમાંથી મળેલા નાણાંનો ઉપયોગ રોકાણ માટે કરી શકશે. જોકે, આ માટેની શરત એ છે કે તેમાં ગ્રાહકના નાણાં કે સિક્યોરિટીઝનો સમાવેશ ન થવો જોઈએ અને તે બ્રોકરેજ યુનિટ પર કોઈ



નાણાકીય જવાબદારી ઉભી ન કરે. આ સુધારાને નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા ૧૯ મેના રોજ જાહેર કરવામાં આવ્યો છે.

નિયમ ૮ માં સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ બ્રોકર્સ દ્વારા કરવામાં આવેલા રોકાણને વ્યવસાય ગણવામાં આવશે નહીં સિવાય કે તેમાં ગ્રાહકના નાણાં અથવા સિક્યોરિટીઝનો સમાવેશ થતો હોય અથવા તે બ્રોકર પર નાણાકીય જવાબદારી ઉભી કરે. અગાઉ, નિયમ ૮ બ્રોકર્સને સિક્યોરિટીઝ અથવા કોમોડિટી ડેરિવેટિવ્ઝ સિવાય કોઈપણ વ્યવસાયમાં જોડાવા પર પ્રતિબંધ મૂકતો હતો. જોકે, વ્યવસાયની અસ્પષ્ટ વ્યાખ્યાને કારણે, સેબી અને એક્સચેન્જોએ તેનું અલગ રીતે અર્થઘટન કર્યુ હતું.

આ સુધારો એટલા માટે જરૂરી હતો કારણ કે ભૂતકાળના કેટલાક કિસ્સાઓમાં સેબી અને સ્ટોક એકસચેન્જ દ્વારા અલગ અલગ અર્થઘટનોએ બ્રોકર્સ માટે સમસ્યાઓ ઊભી કરી હતી. જેમાં કોટક સિક્યોરિટીઝના કિસ્સામાં, એનએસઈ એ કહ્યું હતું કે તેણે ચાર સહયોગી કંપનીઓમાં રૂપિયા ૬૨૪ કરોડનું રોકાણ કર્યું છે. જે નિયમ ૮નું ઉલ્લંઘન હતું. જયારે જિયોજિત ઈગડ પરિબાના કિસ્સામાં સેબીએ એ કહ્યું હતું કે પેટાકંપનીને આપવામાં આવેલી લોન વ્યવસાય નથી, પરંતુ વેન્ચર ગ્રોથ અને સિક્યોરિટીઝના કિસ્સામાં સેબીએ તેને નિયમોનું ઉલ્લંઘન માન્યું.કોટક સિક્યોરિટીઝે એનએસઈના નિર્ણયને બોમ્બે હાઈકોર્ટમાં પડકાર્યો જ્યાં કેન્દ્રએ નિયમોમાં સ્પષ્ટતા લાવવાનું વચન આપ્યું.તેની બાદ સપ્ટેમ્બર ૨૦૨૪ માં એક કન્સલ્ટેશન પેપર જાહેર કરવામાં આવ્યું હતું અને હવે આ સુધારો અમલમાં આવ્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હસ્તે દાહોદ ખાતે પ્રથમ લોકોમોટિવ એન્જીન દેશને સમર્પિત કરાશે

## મેઈક ઈન ઈન્ડિયા અભિગમ સાથે ૯૦૦૦ એચ.પી.નું પ્રથમ એન્જિન પર લખાશે મેન્યુફેકચરિંગ બાય દાહોદ :૧૦ વર્ષમાં ૧૨૦૦ એન્જિન આ યુનિટમાં તૈયાર કરવાનો લક્ષ્યાંક

ગાંધીનગર,તા.૨૧

ઓપરેશન સિંદૂર બાદ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રથમ વખત પોતાના વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાનશ્રી ૨૬ અને ૨૭મેએ ગાંધીનગર, કચ્છ અને દાહોદ એમ ત્રણ જિલ્લામાં આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. કચ્છના ભુજમાં મીરજાપર રોડ પર જાહેર સભા બાદ તેઓ માતાના મઢ આશાપુરા મંદિરના દર્શન કરશે. ઉલ્લેખનીય છે કે, દાહોદ ખાતે ૨૦ હજાર કરોડના ખર્ચે રેલ્વે પ્રોડક્શન યુનિટનું નિર્માણ થયું છે, જેમાં બનેલા ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટિવ એન્જિનનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.






દાહોદ ખાતે પીપીપી મોડલ પર તૈયાર થયેલા રેલ કારખાનામાં ૧૦ વર્ષમાં ૧૨૦૦ એન્જિન તૈયાર કરવામાં થશે અને ભવિષ્યમાં તેને દેશ-વિદેશમાં એક્સપોર્ટ કરવામાં આવશે. દાહોદમાં બનેલા લોકોમોટિવ એન્જિનને આગામી સમયમાં ૧૦૦% મેઈક ઇન ઇન્ડિયાના તર્જ પર બનાવવામાં આવશે. આ લોકોમોટિવ એન્જિનની ખાસિયત એ છે કે, તે ૪૬૦૦ ટનના કાર્ગો વહન કરવાની ક્ષમતા ધરાવે છે. એન્જિનમાં પ્રથમ વખત ચાલક માટે એસી તેમજ ટોયલેટ મૂકવામાં આવ્યા છે. આ સાથે દુર્ઘટનાથી બચવા માટે કવર સિસ્ટમ પહેલેથી જ લગાવવામાં આવ્યા છે. દાહોદમાં ૨૦ હજાર કરોડના ખર્ચે તૈયાર થયેલા રેલ કારખાનામાં આગામી ૧૦ વર્ષમાં ૧૨૦૦ જેટલા લોકોમોટીવ એન્જિન તૈયાર થવાના છે. દાહોદમાં હાલ ૪ એન્જિન હમણાં તૈયાર થઇ રહ્યા છે. આ તમામ એન્જિન ઉપર મેન્યુફેકચરિંગ બાય દાહોદ લખાશે.

આ પ્રોજેક્ટના પગલે દાહોદ સહિતના વિસ્તારોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૧૦ હજાર માનવીઓને રોજગારી મળશે તેમજ સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળશે. આ ઉપરાંત, સૌથી નીચા બીડર તરીકે બહાર આવેલી મલ્ટિનેશનલ કંપની દ્વારા રેવે એન્જિનના ઉત્પાદન માટે વિવિધ ચીજોની જરૂરિયાત માટે પાવર સેકટર, એન્જિનિયરિંગ સેક્ટરની નાની-મોટી કંપનીઓ માટે પણ ચીજ વસ્તુઓ પૂરી પાડવા માટે તક ઊભી થશે. ઉલ્લેખનીય છે કે, ૯૦૦૦ એચપીના ૬ એક્સલવાળા ઇલેક્ટ્રિક એન્જિનની સરેરાશ ઝડપ ૭૫ કિ.મી. કલાક રહેશે. પશ્ચિમ બંગાળના ખડગપુર, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ, છત્તીસગઢના રાયપુર અને મહારાષ્ટ્રના પૂણે ડેપોમાં આ એન્જિનનું મેઈન્ટેનન્સ કરવામાં આવશે.

### વામ્બે આવાસમાં નિલેશ ઉપર મિત્ર ધવલ ધકાણે તલવારથી હુમલો કર્યો



રાજકોટ, તા.૨૧ : શહેરના કાલાવડ રોડ ઉપર આવેલ વામ્બે આવાસ યોજનામાં રહેતો નિલેશ કિશોરભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૪) ગઈકાલે રાત્રે પોતાના ઘર પાસે હતો ત્યારે, તેના જ મિત્ર ધવલ રમેશભાઈ ધકાણે ઝઘડો કરીને તલવાર વડે માર મારતા માથામાં ઈજા થઈ હતી. નિલેશને તત્કાલ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. નિલેશએ જણાવ્યું કે, અગાઉના ઝઘડાનો ખાર રાખીને આ હુમલો કરાયો હતો. પોલીસે આ બાબતે વધુ તપાસ હાથ ધરી છે.

### પોતાને પોલીસ તરીકે ઓળખાવતા માનવએ ભીમનગરના વિનોદ પર ચમચીથી હુમલો કર્યો

રાજકોટ, તા.૨૧

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વિનોદ ઘેલાભાઈ પરમાર (ઉંમર વર્ષ ૪૨ રહે ભીમ નગર પાસે) ઈજાગ્રસ્ત હાલતમાં દાખલ થયો હતો. તેણે આક્ષેપ સાથે જણાવ્યું કે, તેની પત્ની ભાવના પહેલા કામ કરતી ત્યાં માનવ નામનો યુવાન તેના પરિચયમાં આવેલ. આ માનવને તે ભાઈ કહી બોલાવતી. બાદમાં ભાવનાએ નોકરી છોડીને દીધી હતી. પછી અવાર નવાર માનવ આવતો અને પોતાને પોલીસ તરીકે ઓળખાવતો. ગઈકાલે સાંજે ૬ વાગે વિનોદના ઘરે હતો ત્યારે માનવ તેના ઘરે આવ્યો હતો. ઝઘડો કર્યો હતો. મારી બેન ભાવનાને કેમ ત્રાસ આપેશ તેમ કહી ચમચી વાસાના ભાગમાં મારી ઢીંકા પાટુનો માર માર્યો હતો. કડિયા કામ કરતા વિનોદનું નિવેદન નોંધી રાજકોટ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# વડોદરામાં કોંગ્રેસ નેતાના પુત્રનુ યુવતિ પર દુષ્કર્મઃ ગર્ભપાત પણ કરાવી નાખ્યો

### મામલો પોલીસમાં પહોંચતા આરોપી ફરાર



વડોદરા તા.૨૧

વડોદરા જિલ્લાના કોંગ્રેસના નેતા રાજેન્દ્રસિંહ ગોહિલના પુત્ર અનિરુદ્ધસિંહ ગોહિલે યુવતીના ઘરે અને હોટલમાં લઈ જઈને વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ દરમિયાન યુવતી ગર્ભવતી થઈ હતી અને ત્યાર બાદ આરોપી અનિરુદ્ધસિંહ ગોહિલે જબરદસ્તી એબોર્શન કરાવી દીધું હતું. આ વાતની જાણ યુવતીના પરિવારને થઈ હતી, જેથી યુવતીએ અનિરુદ્ધસિંહ ગોહિલ સામે દુષ્કર્મ અને એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી છે. ત્યાર બાદ પોલીસે યુવતીનું મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. નંદેસરી પોલીસે ટીમો બનાવીને આરોપીની શોધખોળ શરૂ કરી છે.

પીડિતાએ જણાવ્યું હતું કે અનિરુદ્ધના મામાના છોકરા જયદીપે મારો મોબાઈલ નંબર અનિરુદ્ધને આપ્યો હતો, જેથી હું અને અનિરુદ્ધ છેલ્લાં બે વર્ષથી સંપર્કમાં આવ્યાં હતાં. અનિરુદ્ધે મને અનગઢ ખાતે આવેલા મસાણી માતાના મંદિર પાસે બોલાવી હતી અને મારી સાથે દુષ્કર્મ આચર્યું હતું અને મારી સાથે લગ્ન કરવાનો વાયદો કર્યો હતો.

પીડિતાએ વધુમાં જણાવ્યું હતું કે અનિરુદ્ધે મારી સોનોગ્રાફી કરાવી હતી અને મને કહ્યું હતું કે બાળકના મગજમાં પ્રોબ્લેમ છે, એબોર્શન કરાવવું પડશે, જેથી મેં એબોર્શન કરાવવા માટે ના પાડી દીધી હતી. તો તે મને મારતો મારતો લઈ ગયો હતો. ત્યાર બાદ તેણે તેના મિત્રોને કાર લઈને બોલાવ્યા હતા. તેના મામાને પણ ગન લઈને બોલાવ્યા હતા. તેમણે મને મારવાની દવા આપી હતી. ત્યાર બાદ તેઓ મને એબોર્શન માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. અનિરુદ્ધનાં મા-બાપ, મામા- મામી અને તેને મિત્રો સહિત ૭થી ૮ લોકો અને નર્સની પણ સંડોવણી છે. એને કારણે હું ડિપ્રેશનમાં જતી રહી હતી આરોપીના પિતા તાલુકા પંચાયતની નંદેસરી બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા યુવતીએ ધો. ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે. આરોપી અનિરુદ્ધસિંહ ગોહિલના પિતા રાજેન્દ્રસિંહ ગોહિલ તાલુકા પંચાયતની નંદેસરી બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા, તેઓ ભાજપના ઉમેદવાર સામે હારી ગયા હતા. અગાઉ તેઓ ભાજપમાં હતા અને ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયા હતા. આરોપી અનિરુદ્ધસિંહના દાદા મંગળસિંહ ગોહિલ વડોદરા રૂરલ બેઠક પર ધારાસભ્ય હતા. તેઓ ૧૯૯૦માં જનતા દળમાંથી ચૂંટણી લડીને જીત્યા હતા.

# કૈલાસ માનસરોવર માટે ૫૫૬૧ લોકોની અરજી : ૭૫૦ને જ તક મળશે

## આરોગ્ય અને શારીરિક રીતે ફીટ હોય તેવા લોકોની પસંદગી માટે લોટરી સિસ્ટમ અપનાવાશે

નવી દિલ્હી, તા. ૨૧

આ વર્ષની કૈલાસ માનસરોવર યાત્રા આગામી માસથી શરૂ થશે અને ઓગષ્ટ સુધી ચાલશે જેમાં કુલ ૫૫૬૧ લોકોએ ઓનલાઇન અરજી કરી છે. વિદેશ મંત્રાલય દ્વારા આ અંગે હવે લોટરી સિસ્ટમથી પસંદગી કરાશે. કુલ ૪૦૨૪ પુરૂષ અને ૧૫૩૭ મહિલાઓ દ્વારા અરજી કરાઇ છે. પરંતુ ફકત ૭૫૦ યાત્રીકોને જ કૈલાસ માનસરોવરમાં દર્શન કરવાની તક મળશે. દરેક બેચમાં ૫૦ યાત્રીકોએ લઇ જવાશે. આ વર્ષે બે માર્ગે યાત્રા યોજાશે. પહેલો માર્ગ ઉતરાખંડના લીપુલેખ મારફત જશે જયાં પાંચ બેચ હશે. બીજો માર્ગ નાથુલા તરફથી જશે જે સિકકીમમાંથી પસાર થશે. ૧૦ બેચ તેમાં સામેલ થશે. બંને માર્ગો વાહન ચલાવી શકે તેવા બનાવ્યા છે અને તેથી ઓછામાં ઓછી પદયાત્રા કરવી પડશે. આ યાત્રા માટે મેડીકલ ફીટ હશે તેની આખરી પસંદગી કરવામાં આવશે.

### એકટ્રેસ પર હત્યાના પ્રયાસનો આરોપ


# ધરપકડ બાદ બાંગ્લાદેશની એક્ટ્રેસ નુસરતનું દર્દ સોશિયલ મીડીયામાં છલકાયું

## ભરોસો રાખો- ભલે મોડી પાણ સચ્ચાઈ એક દિવસ બહાર આવશેઃ નુસરત

ઢાકા (બાંગ્લાદેશ) તા.૨૧

એક હત્યાના પ્રયાસના કેસમાં ધરપકડ કરાયેલી બાંગ્લાદેશની એક્ટ્રેસ નુસરત ફારિયાનો એક ભાવુક વિડીયો સોશિયલ મીડીયા પર વાયરલ થયો છે, જેમાં તે કહે છે- હું ખુદને નિર્દોષ માનુ છું. મને ન્યાય વ્યવસ્થા પર વિશ્વાસ છે. સચ્ચાઈ ભલે મોડી પાણ બહાર આવશે, ત્યારે હું મજબૂત થઈને સામે આવીશ.

આ અંગેનો મામલો એવો છે કે ઢાકામાં એક છાત્ર પર હુમલો થયો હતો. આ હુમલો વિરોધ



સરકાર સામે પ્રદર્શન દરમિયાન થયો હતો. નુસરત સામે આરોપ છે કે તે આ હુમલામાં કથિત રીતે સામેલ હતી અને આ હુમલામાં તેની સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. તે જયારે ઢાકાના હજરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર થાઈલેન્ડ જવા રવાના થઈ રહી હતી ત્યારે અધિકારીઓએ તેની ધરપકડ કરી હતી.

# કાચી પડેલી ફાયનાન્સ પેઢીની ઓફિસે 'ભાજપ નેતા'ની બઘડાટી

**કેટલાક બાહુબલીએ લખાવી લીધુ, : હવે માથાએ હાથ ઉંચા કરી લીધા : બે નંબરના વ્યવહારના કારણે સૌ ચૂપ**

**ઈન્દીરા સર્કલ પાસે ઓફિસ અને સામાકાંઠે બેઠક ધરાવતા સૌથી મોટા રોકાણકારે કેપેસીટી બહારનો પથારો કર્યો હતો**

**ભાજપના અમુક લોકો જમીન, મકાન લખાવવા દોડયા : શાંતિથી વ્યાજ લેનારા સંખ્યાબંધ રોકાણકારો ડૂબ્યા**

**અમુક વર્ગ-૧ના અધિકારીઓના કાળા નાણા પણ ફરતા હતા : હવે મધ્યસ્થી કરનારાને પણ જવાબ દેવાના ફાફા**

રાજકોટ તા.૨૧

રાજકોટમાં લીકવીડીટી ક્રાઈસીસમાં ફસાયેલા બે ફાઈનાન્સરને કારણે સમગ્ર રીઅલ એસ્ટેટ તથા ઉદ્યોગજગતના નાણાંકીય ચકકરને મોટી અસર થઈ છે ત્યારે એક ફાઈનાન્સર પાસેથી સામાકાંઠાના રાજકીય નેતા એવા લેણદારે કરોડો રૂપિયાની પ્રોપર્ટી લખાવી લીધી છે જયારે નાણાં કઢાવવામાં બાકી રહી ગયેલા સીનીયર દિગ્ગજ નેતાએ ઓફિસે જઈને ધમાલ મચાવતા વેપારઉદ્યોગકારોમાં સોપો પડી ગયો છે.

ફાઈનાન્સનો વ્યવસાય ચલાવવાનુ બંધ કરી દીધો હોવા છતાં ઓફિસ ખોલીને બેસતા આ ફાઈનાન્સરની ઓફિસે નાની-મોટી ધમાલ હવે કાયમી જેવી બની ગયાના સંકેત છે.

દોઢેક દાયકા પુર્વે સામાકાંઠેથી ફાઈનાન્સનો વ્યવસાય શરૂ કરનારા અને છેલ્લા વર્ષોમાં સામ્રાજય ફેલાવવા સાથે કરોડો રૂપિયાની લેવડદેવડ ઉપરાંત જમીન મકાનના ધંધામાં પણ હાથ અજમાવનારા આ ફાઈનાન્સર કેટલાંક વખતથી 'નબળા' પડી ગયાનું સંબંધીત વર્ગમાં જાહેર થઈ જ ગયુ હતું. આ ફાઈનાન્સરના વ્યવહારોમાં મુદત પડવાની શરૂ થયા વિશે અગાઉથી ગંધ આવી જતા રીઅલ એસ્ટેટ પ્રોજેકટોમાં તેમની ભાગીદારીને પણ અન્ય ભાગીદારોએ પુરી કરી નાખી હતી અને વાત અન્ય વર્ગો સુધી પહોંચવા લાગતા નાણાં કઢાવવાનો સિલસિલો શરુ થઈ ગયો હતો. માર્કેટમાં વાત 'ફરી' વળતા નવી ડીપોઝીટ આવવાનુ અટકી ગયુ હતુ. લેણદારોને રોકડા ચુકવી શકવાની સ્થિતિ ન હતી એટલે તેઓએ જમા રકમના બદલામાં પ્રોપર્ટી આપવાનુ શરૂ કરી દીધુ હતુ. કેટલાકે શરૂઆતમાં આનાકાની કર્યા બાદ લખાવી લેવાનું શરૂ કર્યુ હતું.

જાણકારોમાં એવી ચર્ચા છે કે સામાકાંઠાના જ વગદાર રાજકીય નેતાએ પણ પોતાના લેણા પેટે ફાઈનાન્સર પાસેથી મસમોટી મિલ્કત પડાવી લીધી હતી. રીઅલ એસ્ટેટ સહિતના વ્યવસાયોમાં ખુલ્લેઆમ સામે થવાને બદલે પડદા પાછળ રહીને વ્યવસાય કરતા આ નેતાને નાણાં કઢાવવામાં પણ સામ-દામ-દંડ-ભેદનો આશરો લેવો પડયો હતો. બીજી તરફ પ્રોપર્ટીને બદલે રોકડા પાછા મેળવવા રાહ જોવાનુ પસંદ કરનાર અન્ય એક સીનીયર રાજકીય નેતાની હવે ધીરજ ખુટી હોય તેમ ફાઈનાન્સરની ઓફિસે જઈને ધમાલ સર્જી હતી. સામાજીક-ધાર્મિક જેવા કાર્યક્રમોમાં પણ આગળ રહેતા આ નેતાઓ ધડબડાટી સર્જતા ઉદ્યોગજગતમાં સ્તબ્ધતા છવાઈ હતી. કારણ કે આ નેતાની લેણી રકમનો આંકડો ૨૦ કરોડથી અધિકનો હોવાનું કહેવાય છે.

બજારમાં થતી ચર્ચા પ્રમાણે ફાઈનાન્સરે તો હવે હાલ તુર્ત નાણાંકીય જોગવાઈ ન હોવાનુ કહેવાનુ શરૂ કરી દીધુ છે. ચોખ્ખી મિલ્કતો લેણદારોએ અગાઉ જ લખાવી લીધી છે. હવે ખાસ ચોખ્ખી મિલ્કતો પણ રહી નથી. પરિણામે બાકી રહેલા લેણદારો ફસાઈ ગયાની હાલતમાં આવી ગયા છે. અમુક 'વિવાદવાળી' મિલ્કતો હોવાનુ કહેવાય છે. પરંતુ તે વર્ષોથી 'વગોવાઈ' ગઈ હોવાથી અને કલીયર થવાનુ ઘણુ મુશ્કેલ હોવાથી તેમાં કોઈ હાથ નાખવાની હિંમત કરતુ નથી.

એમ કહેવાય છે કે ફાઈનાન્સર પાસે હજુ રાજકીય આગેવાનોથી માંડીને ઉદ્યોગકારો-વેપારીઓના લાખો-કરોડો રૂપિયા લેણા નિકળે છે અને આ આંકડો ઘણો મોટો છે ત્યારે મામલે સુલ્ટી શકે છે કે કેમ તે વિશે તરેહ-તરેહની ચર્ચા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં ટોચની વ્યાખ્યામાં આવતા બે ફાઈનાન્સરો ટુંકા સમયગાળામાં જ નબળા પડવાને કારણે સમગ્ર વેપારધંધાને માર પડયો હતો. કારણ કે વેપારઉદ્યોગના ફાઈનાન્સ ચકકરમાં બન્ને ફાઈનાન્સ પેઢીઓનો મોટો હિસ્સો હતો. રિયલ એસ્ટેટ, જીનીંગ, એગ્રીકલ્ચર, ઉદ્યોગો સહિતના ક્ષેત્રોમાં કરોડો રૂપિયાની નાણાંકીય લેવડદેવડ થતી હતી. બીજા ટોચના ફાઈનાન્સરના ભાગીદારે તાજેતરમાં ઝેરી દવા પી લીધાની પણ ચર્ચા હોવાનું નોંધનીય છે.

### અનેક રાજકીય આગેવાનો તથા અધિકારીઓના નાણાં પણ ફસાયા

સરકારી અધિકારીઓમાં ભ્રષ્ટાચારની વાતો જગજાહેર છે જ. ટીઆરપી ગેમઝોનકાંડ ફેઈમ સાગઠીયા હોય કે અન્ય ભ્રષ્ટાચારીઓના કાળા કરતૂતો પકડાય ત્યારે બહાર આવે છે. બાકી ઝપટે ન ચડે ત્યાં સુધી બધુ ચાલતુ રહે છે. ભ્રષ્ટાચારના નાણાંનુ રોકાણ ફાઈનાન્સમાં પણ કરવામાં આવતુ હોય છે. નબળા ફાઈનાન્સર પાસે પણ અનેક અધિકારીઓ ઉપરાંત રાજકીય આગેવાનના નાણાં હોવાનુ અને હવે તે ફસાઈ જતા અધિકારીઓના બીપી વધી ગયા છે.

### ફાઈનાન્સરની પડખે રહેતા સામાજીક-રાજકીય આગેવાનો ધીમે-ધીમે ખસી ગયા

માર્કેટમાં થતી ચર્ચા પ્રમાણે ફાઈનાન્સરનો સૂર્ય મધ્યાહને હતો અને તેઓ કરોડો રૂપિયામાં આળોટતા હતા ત્યારે તેમની ઓફિસ કાયમી ધોરણે રાજકીય-સામાજીક આગેવાનોથી ભરચકક રહેતી હતી. પરંતુ વ્યવસાયમાં માર પડતા અને કરોડો રૂપિયાના વ્યવહારો અટકી હતી. આ આગેવાનો ધીમે-ધીમે ખસી ગયા હતા.

એમ કહેવાય છે કે પ્રાથમીક તબકકે સેટલમેન્ટની વાત ઉપસી હતી. અમુક ટકામાં તમામને નાણાં આપીને બાકીની મુદત માટે પ્રસ્તવ થયો હતો. પરંતુ કાયમી પડખે રહેતા અને નાનામોટા વિવાદોમાં ફાઈનાન્સરની મદદે આવતા આગેવાનો આ વખતે પડખે આવ્યા ન હતા. ઉલ્ટાનુ પોતપોતાના નજીકના લોકોના નાણાં કઢાવવામાં પડી ગયા હતા. હવે આ ફાઈનાન્સરની પડખે એકાદ આગેવાન સિવાય કોઈ ન હોવાનું કહેવાય છે.



## બલુચિસ્તાનમાં સ્કૂલ બસ પર થયો આત્મઘાતી હુમલોઃ ૪ બાળકોના મોત હુમલામાં ૩૮ જેટલા લોકો ઘાયલ

ઈસ્લામાબાદ (પાકિસ્તાન) તા.૨૧

બલુચિસ્તાનમાં એક સ્કૂલ બસ પર આત્મઘાતી હુમલામાં ચાર બાળકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. આ અંગેની વિગત મુજબ પાકિસ્તાનના દક્ષિણ પશ્ચિમ વિસ્તારમાં એક સ્કૂલ બસને નિશાન બનાવી કાર બોમ્બ વિસ્ફોટમાં ચાર બાળકોના મોત નિપજયા હતા. જયારે ૩૮ લોકો ઘાયલ થયા હતા.

# રાજકોટની બેંકોમાં રૂા.૮૪૧૪ કરોડની NRI ડીપોઝીટ

**સમગ્ર ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં બીનનિવાસી ભારતીયોની ડીપોઝીટમાં ૧૮ ટકાનો વધારો**




અમદાવાદઃ ગુજરાતમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એનઆરઆઈ ડિપોઝિટમાં ૧૮ ટકાનો વધારો થયો હતો. રૂપિયા સામે યુએસ ડોલરની મજબૂતીથી એનઆરઆઈએ મોટી સંખ્યામાં ડિપોઝિટ કરાવી હતી. ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં એનઆઈઆર ડિપોઝિટ ૩૬ ટકા વધીને ૧.૦૯ લાખ કરોડ પર પહોંચી છે. સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીના રિપોર્ટ પ્રમાણે, માર્ચ ૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં કુલ એનઆરઆઈ ડિપોઝિટ ૧.૦૯ લાખ કરોડ છે, જે માર્ચ ૨૦૨૪માં ૯૨ હજાર કરોડ હતી.

આ વધારાનું કારણ યુએસ ડોલર સામે ભારતીય રૂપિયાનું મજબૂત થવું હતું, જેના કારણે એનઆરઆઈ ડિપોઝિટમાં વધારો થયો હતો. જે ભારતીયો વિદેશથી પૈસા મોકલીને વધુ વળતર મેળવવા માંગતા હતા તેમની આ સમયગાળા દરમિયાન સંખ્યા નોંધપાત્ર વધી હતી. અગાઉના નાણાકીય વર્ષમાં માર્ચ ૨૦૨૩માં માત્ર ૦.૪૫ ટકાનો નજીવો વધારો જોવા મળ્યો હતો, ત્યારે થાપણનો આંકડો રૂ. ૯૧ હજાર કરોડ હતો જે માર્ચ ૨૦૨૧ના રૂ. ૮૦ હજાર કરોડના આંકડા કરતાં ૧૪ ટકા વધુ હતો.

ગુજરાતના ૫ જિલ્લામાં જ કુલ એનઆરઆઈ ડિપોઝિટના ૭૧ ટકા એટલે કે ૭૭,૭૭૫ કરોડ રૂપિયા જમા થયા હતા. જેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૫ હજાર કરોડથી વધુ રૂપિયા જમા થયા હતા. ટોચના જિલ્લામાં વડોદરા, કચ્છ, રાજકોટ અને આણંદનો પણ સમાવેશ થયો હતો. વડોદરામાં ૧૮,૦૦૦ કરોડ, કચ્છમાં ૧૬,૯૭૯ કરોડ, આણંદમાં ૯૧૬૫ કરોડ, રાજકોટમાં ૮૪૧૪ કરોડ જમા થયા હતા. આ ઉપરાંત સુરતમાં ૮૨૧૬ કરોડ, નવસારીમાં ૬૪૩૩ કરોડ રૂપિયા એનઆરઆઈના જમા છે. પોરબંદર, જામનગર, ગાંધીનગર, વલસાડ અને ભરૂચમાં ૧૨૦૦ કરોડથી લઈ ૩૦૦૦ કરોડ રૂપિયા એનઆરઆઈ ડિપોઝિટ છે. ગુજરાતની બેંકોમાં કુલ ડિપોઝિટ ૧૩.૨૬ લાખ કરોડ રૂપિયા છે, તેમાંથી એનઆરઆઈ ડિપોઝિટનો હિસ્સો ૮.૨૨ ટકા છે. છેલ્લા એક વર્ષમાં ગુજરાતીઓની કુલ બેંક ડિપોઝિટ ૬.૭૬ ટકા વધી છે અને કુલ લોનમાંથી એનપીએનો હિસ્સો ૭૪૧ કરોડ ઘટ્યો છે.

આ દેશોમાંથી સૌથી વધુ રૂપિયા મોકલે છે એનઆરઆઈ અમેરિકા, કેનેડા, યુકે અને ખાડી દેશોમાં વસતા ગુજરાતી મૂળના એનઆરઆઈ દ્વારા મોકલવામાં આવતી રકમમાં થયેલા નોંધપાત્ર વધારાને કારણે એનઆરઆઈ થાપણોમાં વૃદ્ધિ જોવા મળી છે. વતન સાથેના મજબૂત જોડાણને કારણે, ગુજરાતીઓ ઘણીવાર તેમની કમાણી ફિક્સ્ડ ડિપોઝિટ અને અન્ય સુરક્ષિત બેંકિંગ સાધનોમાં પોતાના દેશમાં રોકે છે, જેના કારણે પણ એનઆરઆઈ ડિપોઝિટમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત એનઆરઆઈમાં આવેલી જાગૃતિના કારણે પણ ડિપોઝિટમાં વધારો થયો છે.

## અમેરિકાનું રક્ષણ કરવા ગોલ્ડન ડોમની ટ્રમ્પની જાહેરાતઃ ઈઝરાયેલના આયર્ન ડોમથી મજબૂત હશે

**૧૭૫ બિલિયન ડોલરની આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનો ચીન-રશિયાના જોખમથી અમેરિકાનો રક્ષણ કરવાનો હેતુ**

વોશિંગ્ટન,(અમેરિકા),તા.૨૧

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે મહત્વકાંક્ષી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ગોલ્ડન ડોમ પ્રોજેક્ટની જાહેરાત કરી છે, જેની અંદાજિત કિંમત ૧૭૫ બિલિયન ડોલર જણાવવામાં આવી રહી છે. ગોલ્ડન ડોમનો મુખ્ય હેતુ ચીન અને રશિયા જેવા દેશોથી ઉત્પન્ન થતાં જોખમથી અમેરિકાનું રક્ષણ કરવાનો છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ડોમ ઈઝરાયલના આયર્ન ડોમથી અનેક ગણું મજબૂત હશે.



વ્હાઈટ હાઉસથી બોલતી વખતે ટ્રમ્પે ખુલાસો કર્યો કે, તેમણે આ પ્રોજેક્ટ માટે અંતિમ ડિઝાઈનની પસંદગી કરી લીધી છે અને અમેરિકન સ્પેસ ફોર્સના જનરલ માઈકલ ગ્યૂટલિનને આ પહેલના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'અમે ગોલ્ડન ડોમ મિલાઈલ ડિફેન્સ શીલ્ડ વિશે ઐતિહાસિક જાહેરાત કરી રહ્યા છીએ. રોનાલ્ડ રીગન (૪૦માં અમેરિકન રાષ્ટ્ર પ્રમખ) તેને અનેક વર્ષો પહેલાં જ બનાવવા ઈચ્છતા હતાં. પરંતુ, તેમની પાસે ટેક્નોલોજી નહતી. જોકે, હવે આ જલ્દી જ આપણી પાસે હશે. અમે તેને ઉચ્ચતમ સ્તરે મૂકવા જઈ રહ્યા છે... ચૂંટણી પ્રચાર દરમિયાન મેં અમેરિકાના લોકોને વચન આપ્યું હતું કે, હું અમારા દેશને વિદેશી મિસાઈલના હુમલાના જોખમથી બચાવવા માટે અત્યાધુનિક મિસાઈલ ડિફેન્સ શીલ્ડ બનાવીશ અને અમે આજે પણ આ જ કરી રહ્યા છીએ...'

ઓવલ ઓફિસમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'ગોલ્ડન ડોમ આપણી માતૃભૂમિની રક્ષા કરશે. કેનેડાએ પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રસ દાખવ્યો છે. જોકે, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીના કાર્યાલય તરફથી આ સંબંધિત કોઈ ટિપ્પણી કરવામાં નથી આવી.'

ગોલ્ડન ડોમ પાસેથી આશા કરવામાં આવે છે કે, તે આવનારી મિસાઈલ વિશે જાણકારી મેળવશે, ટ્રેક કરશે અને સંભવિત રૂપેતેને રોકવા માટે સેંકડો ઉપગ્રહો પર નિર્ભર રહેશે.



## ગાજીપુરમાં હાઈ ટેન્શન વાયરના સંપર્કમાં આવવાથી ચારના મોત


**કાશીદાસની પૂજા માટે વાંસ લગાવવામાં આવતો હતો ત્યારે વીજ પ્રવાહ વાંસમાં ઉતરતા દુર્ઘટના સર્જાઈ**

ગાજીપુર તા.૨૧

નરવર ગામે કાશીદાસ પૂજનના આયોજન દરમિયાન વાંસ લગાવતી વખતે ઉપરથી પસાર થતા હાઈ ટેન્શન વાયરના કારણે કરંટ લાગતા ચાર લોકોના મોત થયા હતા. આ દુર્ઘટના પર સીએમ યોગીએ શેક સંવેદના પાઠવી છે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ પિપનાર ગામમાં કાશીદાસ બાબાની પૂજાની તૈયારી દરમિયાન ઝંડો લગાવાતો હતો ત્યારે ૭ લોકો હાઈટેન્શન વાયરની ઝફટમાં આવી ગયા હતા. જેથી કરંટ લાગતા ચાર લોકોના મોત થયા હતા. જયારે અનેક લોકો ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા.

**પાકિસ્તાને ફિલ્ડ માર્શલનું સન્માન આપતા..**

## 'મુનીર' સોશિયલ મીડિયામાં 'બદનામ' થયો! યુઝર્સે મીમ્સ બનાવી મજાક ઉડાડી



નવીદિલ્હી તા.૨૧ પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરને હાલમાં એક પ્રમોશન મળ્યું છે. તેમને ફિલ્ડ માર્શલની પદવી મળી છે. આ પદવી મળ્યા બાદ મુનીરની વરદી પર હવે ફાઈવ સ્ટાર નજરે પડશે. પણ આ મામલે સોશિયલ મીડિયા પર લોકોએ મુનીરની ફિરકી લેવાનું શરૂ કર્યુ છે. સોશિયલ મીડિયા પર જનરલ મુનીરની મજાક થઈ રહી છે. લોકો મીમ્સ મુકી રહ્યા છે. એક યુઝર્સે લખ્યું- ઈઝરાયેલે બધાય યુધ્ધ જીત્યા, પણ કોઈ મેડલ ન મળ્યા. બીજાએ કટાક્ષ કર્યો છે. પાકિસ્તાન બધા યુધ્ધ હાર્યુ પણ મેડલ લાહોર પાકેટથી લાવ્યુ. એક મીમમાં બોલિવુડ ફિલ્મ 'પદ્માવત'ના એક દ્રશ્યનો ઉપયોગ થયો છે તેમાં રણવીરસિંહના પાત્રનો એક ડાયલોગ છે આ ભેટ અમે ખુદને આપી દીધી છે. અકે મીમ ફિલ્મ 'ધી ડિટેકટરમાંથી લેવામાં આવ્યું છે. એક મીમ ફિલ્મ 'પદ્માવત'નું છે જેમાં તે બોલે છે યહ તોહફા હમને ખુદ કો દિયા હૈ'. જેમાં તે ખુદને મેડલ આપતા જોવા મળે છે.


**એક યુઝર્સે લખ્યું-યહ તોહફા હમને ખુદ કો દે દીયા!**

## ચીન પાસે પૈસા ખુટયા?ઃ અધિકારીઓને સરકારી પૈસે મોજ ન ઉડાડવા આદેશ

**સરકારી ખર્ચમાં પણ કાપ મુકવા અભિયાન શરૂ**

બીજીંગ (ચીન) તા.૨૧

ચીનની આર્થિક સ્થિતિ સારી નથી. અમેરિકા સાથેના ટ્રેડ વોરના કારણે, શી જિનપિંગની સરકાર પાસે એટલા બધા પૈસા ખૂટી ગયા છે કે તેણે સરકારી અધિકારીઓ માટે આદેશ જારી કરવો પડ્યો હતો.



ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીએ ખોટા ખર્ચ ઘટાડવા કેટલાક મહત્ત્વના નિર્ણય લીધા છે. ચીન સરકારે નવો નિયમ અમલી કરતા જાહેરાત કરી છે કે, હવે કોઈ પણ સરકારી કાર્યક્રમોમાં ઉચ્ચ અધિકારીઓ સરકારી પૈસે મોંઘા દારૂ-સિગારેટની મજા નહીં માણી શકે.

તેમજ સરકારી કામ કરતી વખતે સરકારના પૈસે સ્ટાર હોટલોમાં મોંઘું ભોજન પણ નહીં કરી શકે. મહેમાનોને એરપોર્ટ પર મૂકવા જવા પણ ખોટા ખર્ચ નહીં કરી શકે. એટલું જ નહીં, દરેક સરકારી કાર્યક્રમોમાં સ્ટેજની આસપાસ મોંઘા ફૂલોથી સજાવટ પણ નહીં કરી શકે. નોંધનીય છે કે, ચીનમાં શી જિનપિંગ સરકારે સરકારી ખર્ચમાં કાપ મૂકવા માટે અભિયાન શરૂ કર્યું છે.

ખર્ચ ઘટાડવાની સૂચનાઓની અસર શેરબજાર પર પણ જોવા મળી છે. ૧૯ મેના રોજ, ચીનના કન્ઝ્યુમર વસ્તુઓના શેરને સૌથી વધુ નુકસાન થયું, જેમાં CSI 300 ઈન્ડેક્સ સબ-ગ્રુપ ૧.૪% ઘટ્યો. લોકપ્રિય ચીની દારૂ ઉત્પાદક કંપનીના શેરની કિંમત પર પણ અસર જોવા મળી.

## પાકમાં તોઈબાના ત્રાસવાદી આમીર હમ્ઝા પર ગોળીબારઃ ગંભીર ઘાયલ

**બે દિવસ પુર્વે અબુ સૈફુલ્લાહ ઠાર મરાયા બાદ વધુ એક ભારતનો વોન્ટેડ પણ નિશાન પર આવ્યો**

નવી દિલ્હીઃ ભારતના ઓપરેશન સિંદુરમાં જે રીતે પાક. કબ્જાના કાશ્મીરથી પાક.ના પંજાબ સુધીના ત્રાસવાદી મથકોને તબાહ કરી દેવાયા અને ૧૦૦થી વધુ ત્રાસવાદીઓનો ખાત્મો કરાયો તેમાં જૈશ એ મોહમ્મદનું પુરુ કુટુંબ સાફ થઈ ગયું. તે હુમલામાં પાકના લશ્કરે તોઈબાનો નંબર-ટુ આમીર હમ્ઝા બચી ગયો હતો પણ હવે તેના પર ગોળીબાર થયો છે અને ગંભીર રીતે ઘાયલ થતા લાહોરની હોસ્પિટલમાં દાખલ થવાની ફરજ પડી છે. હમ્ઝા એ તોઈબાના હાફીસ સઈદનો ખાસ સાગ્રીત છે જેમ પાક.માં તોઈબાના ખાસ-ખાસ ગણાતા ત્રાસવાદીઓ રહસ્યમય રીતે ઠાર થઈ રહ્યા છે. તેઓ હમ્ઝા હજું બચવામાં સફળ રહ્યો પણ ભારતની એરીયલ સ્ટ્રાઈકમાં તે નાસી છુટયો હતો પણ તેના પર અજાણ્યા લોકોએ ગોળીબાર કરતા અને તેને હવે લાહોરની એક હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. જયાં પણ પાક જાસૂસી એજન્સી આઈએસઆઈ તેને સુરક્ષા આપી રહી છે તે પાક પંજાબના ગુજરાનવાલા ત્રાસવાદી કેમ્પમાં હતો અને ૨૦૧૨માં અમેરિકાએ પણ તેને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કર્યો હતો. પાકમાં હજુ ત્રણ દિવસ પુર્વે એક ટોચના ત્રાસવાદી સૈફુલ્લાહ ને અજાણ્યા શખ્સોએ ઠાર માર્યા પછી તોયબાને માટે નેતૃત્વની કટોકટી છે. એકલો હાફીસ સઈદ હવે ભારતના ખૌફથી બચવા સંતાતો ફરે છે. આમીર હમ્ઝાએ અફઘાન મુજાહીદીન તરીકે ઓળખાય છે અને તે સઈદ ઉપરાંત અબ્દુલ રહેમાન મકકીનો સાગરીત છે. હમ્ઝા એ ૨૦૦૫માં બેંગ્લુરુની ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ પરના હુમલાનો તે આરોપી છે. ૨૦૧૮માં આમીર સઈદ જૈશ એ મનફઝાની રચના કરી હતી અને બાદમાં ફરી લશ્કરે તોઈબા સાથે જોડાઈ ગયો હતો.



**ગભરાવવાની જરૂર નથી, સંક્રમણ ખુબ જ હળવા પ્રકારનું**

# દેશના ૧૧ રાજયોમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ

**કેરળમાં સૌથી વધુ ૯૫ તથા તામીલનાડુમાં ૬૬ કેસઃ સરકાર સાવધ**

નવી દિલ્હી તા.૨૧

દેશના કેટલાંક ભાગોમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે ત્યારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે કોરોનાનું હાલનું સંક્રમણ ખુબ જ હળવા પ્રકારનું છે અને તેનાથી ગભરાવવાની જરૂર નથી. જોકે દેશમાં સક્રિય કેસો જોઈએ તો ૨૦ રાજયોમાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે.

સ્વાસ્થ્ય મંત્રાલયનાં આંકડા અનુસાર ૧૨ મેના પૂરા થયેલા સપ્તાહ દરમ્યાન દેશમાં કોરોનાનાં ૯૩ સક્રિય કેસો હતા જયારે ૧૯મેનાં રોજ પુરા થયેલા સપ્તાહ દરમ્યાન તે વધીને ૨૫૭ સુધી પહોંચી ગયા છે. એક સપ્તાહમાં ૧૬૪ નવા સંક્રમણ થયા છે આ વૃદ્ધિ લગભગ ૧૮૦ ટકાની છે.



મંત્રાલયનાં અનુસાર હાલનાં સમય ૧૧ રાજયો અને કેન્દ્ર શાસીત રાજયોમાં કોરોનાના સક્રિય કેસ છે તેમાં પુડુચેરીમાં સંક્રમણમાં ઘટાડો થયો છે અને બાકી બધા રાજયોમાં વધારો જોવા મળી રહ્યો છે.

**સિંગાપોર અને હોંગકોંગે ચિંતા વધારીઃ**

સિંગાપોર અને હોંગકોંગ જેવા દક્ષિણ પૂર્વ એશીયાઈ દેશોમાં કોરોનાના વધતા કેસોએ ચિંતા વધારી દીધી છે. ત્યાના સ્વાસ્થ્ય અધિકારીઓ સતર્ક રહેવાની અને સાવધાનીથી વર્તવાની સલાહ આપી રહ્યા છે. એક રિપોર્ટ અનુસાર ત્રણ મેએ પુરૂ થયેલા સપ્તાહમા હોંગકોંગમાં કોરોનાના ૩૧ ગંભીર કેસ હતા સિંગાપોરમાં સ્વાસ્થ્ય મંત્રાલય અને સંચારી રોગ એજન્સીએ કહ્યું હતું કે ૨૭ એપ્રિલથી ૩ મેના સપ્તાહ માટે કોરોનાના કેસની અનુમાનીત સંખ્યા ૧૪,૨૦૦ હતી તેના પહેલાના સપ્તાહમાં આ આંકડો ૧૧,૧૧૦ હતો.

**કયા રાજયોમાં કેટલા કેસ**


| | |
|---|---|
| પશ્ચિમ બંગાળ | ૦૧ |
| તમિલનાડુ | ૬૬ |
| સિકકીમ | ૦૧ |
| રાજસ્થાન | ૦૨ |
| મહારાષ્ટ્ર | ૫૬ |
| પુડુચેરી | ૧૦ |
| દિલ્હી | ૦૫ |
| ગુજરાત | ૦૭ |
| હરિયાણા | ૦૧ |
| કર્ણાટક | ૧૩ |
| કેરળ | ૯૫ |

### ગુજરાતમાં કોરોનાએ ફરી માથુ ઉચક્યુંઃ સાત કેસ નોંધાયા

અમદાવાદ : ગુજરાતમાં પણ ફરી કોરોનાએ માથુ ઉચક્યુ છે. ૧૬ મેથી ૨૦ મે સુધીમાં અમદાવાદમાં કોરોનાના સાત કેસ નોંધાયા હતા. વટવા,નારોલ, દાણીલીમડા, બહેરામપુરા, ગોતા, નવરંગપુરા અને બોપલમાં કોરોનાના કેસ નોંધાયા હતા. બે વર્ષના બાળક અને ૧૫ વર્ષના બે સગીરો કોરોના વાયરસથી સંક્રમિત થયા હતા. હાલ તમામ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૫૫-૨૪૦૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૦૫-૨૩૫૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૮૦-૨૨૩૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૩૦-૨૧૮૦ |
| પામોલીયન તેલ | ૧૯૯૫-૨૦૦૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૭૦-૨૧૦૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૩૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૭૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૯૮૮૦૦(+૨૮૦૦) | 100300(+૪300) |

# સ્વ. ડેનિયલ વર્ગીસ ઓપન રાજકોટ કેરમ ટુર્નામેન્ટ સંપન્ન

## છ દિવસની ટુર્નામેન્ટમાં કુલ ૯૬ ખેલાડીઓએ પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું

રાજકોટ, તા.૨૧

શહેરના રેસકોર્સ રીંગ રોડ સ્થિત એ.જી.ઓફિસ રીક્રિએશન કલબના પ્રાંગણમાં સ્વ. ડેનિયલ વર્ગીસની યાદમાં ઓપન રાજકોટ કેરમ ટુર્નામેન્ટનો સમાપન સમારંભ ભવ્ય રીતે ઉજવાયો. છ દિવસ સુધી ચાલેલી આ ટૂર્નામેન્ટમાં કુલ ૯૬ ખેલાડીઓએ પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી પ્રેક્ષકોની દાદ મેળવી, જેમાંથી અંતિમ દિવસ રોમાંચક મુકાબલાઓ સાથે પૂરતો ઉત્સાહજનક રહ્યો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે નેમારામ (ડેપ્યુટી અકાઉંટેંટ જનરલ), સંજય અનડ્કટ (કલ્યાણ અધિકારી), એન.વી મકવાણા (ચીફ રેફરી) સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.વિજેતાઓને ૧૬,૦૦૦/- નાં રોકડ પુરસ્કાર, ટ્રોફી તથા પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કેરમ ચાહકો,પૂર્વ ખેલાડીઓ અને સ્થાનિક લોકોએ પણ હાજરી આપી.

જેમાં જયેશ ભુવા,અર્જુન પંડિત/ સાગર વાઘેલા,વિપુલ સોઢા,જીતુ બારૈયા, વિજય માંડલિયા, હિતેશ પારેખ/ રાજેન્દ્ર વાઘેલા વિજેતા જાહેર થયા હતા.







# વિરાણી પૌષધ શાળામાં બહેનો માટે સંસ્કાર જ્ઞાન શિબિરનું દિવ્ય આયોજન

રાજકોટ તા.૨૧

શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ, વિરાણી પૌષધશાળા રાજકોટના આંગણે પૂ.શ્રી ધીરગુરૂદેવના આજ્ઞાનુવર્તી પ્રવર્તિની પૂ.વનિતાભાઈ મ.સ. પૂ.હંસાબાઈ મ.સ. આદિ ઠાણાની નિશ્રામાં તા.૨-૬-૨૫થી તા.૬-૬-૨૫ સુધી સવારે ૮થી સાંજના ૫ વાગ્યા સુધી ૧૨થી ૪૦ વર્ષ સુધીના બહેનો માટે ધાર્મિક સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. શિબિરના પ્રવેશ પત્ર સંઘની ઓફિસમાંથી મેળવી તા.૨૮/૫ સુધીમાં પરત કરવાના રહેશે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે.

વિરાણી પૌષધશાળામાં પ્રતિક્રમણ અનુમોદના યોજનામાં ઈશ્વરભાઈ કેશવજી દોશી (હ.જયોતિબેન દોશી) તથા સહયોગીમાં પ્રજ્ઞાબેન મહેન્દ્ર મહેતા, ભાવના સતીશ બાટવીયા, મિલન જયવંતભાઈ મીઠાણી લાભાર્થી બન્યા છે. ૨ દાતાના નામ આકાર્ય છે. વધુ વિગત માટે દિનેશભાઈ દોશીનો સંપર્ક કરવો. તાજેતરમાં આર્કિટેકટ આનંદ શાહનું સન્માન કરાયં હતં.

# રવિવારે રોયલપાર્ક ઉપાશ્રયના આંગણે ધાર્મિક લઘુમતી દાખલો તથા બિનઅનામત વર્ગની જાણકારી આપતો કેમ્પ યોજાશે

રાજકોટ,તા.૨૧

શ્રી રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી. એમ. શેઠ પૌષધશાળા ખાતે ધાર્મિક લઘુમતી દાખલો તથા બિનઅનામત વર્ગ માટેનું પ્રમાણપત્ર માટેની જાણકારી આપતા કેમ્પ નું આયોજન તા.૨૫ને રવિવાર સવારે ૧૦ થી ૧૨ રોયલ પાર્ક સ્થા. જૈન સંઘ-સી. એમ. શેઠ પૌષધશાળા (ઓમાનવાળા ઉપાશ્રય), ૨/૮ રોયલ પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ધાર્મિક લઘુમતી તથા બિન અનામત પ્રમાણ પાત્ર દરજ્જો શું છે? તેના લાભ કયા કયા છે? જાણવાની શિબિર નું આયોજન કરેલ છે. જેમાં જૈન ફોર યુગ્રુપના પ્રમુખ જીજ્ઞેશ શાહ સંપૂર્ણ માહિતી આપશે. આ કાર્યક્રમમાં નવા ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમને ફોર્મ જમા કરવા હોય તેઓ પણ આ કાર્યક્રમ અચૂક પધારવું પુરાવા સાથે રાખવા ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવા અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર, રહેઠાણના પુરાવા રહેઠાણના પુરાવા તરીકે લાઈટ બીલ, રેશનકાર્ડ, ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખ કાર્ડ, આધાર કાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઈપણ એકની નકલ, આધાર કાર્ડ નકલ ખાસ જોડવી, અરજદારનો પાસપોર્ટ સાઈઝ ફોટો, ૧/ ૪/૧૯૭૯ પછી જન્મનાર અરજદારે પિતા, કાકા, દાદા, કેફોઈ નો શાળા છોડયાનો દાખલો, જરૂરી છે. જે દાખલો કઢાવવો હોય તેનું ફોર્મ બહુમાળી ભવનથી મળી શકે છે.તેમજ દેરાસર કે ઉપાશ્રય નો દાખલો લાવવો જરૂરી. ફોર્મ દીઠ એક-એક ઝેરોક્ષ નકલ લાવવાનું ફરજિયાત રહેશે.આ કેમ્પમાં રોયલ પાર્ક સેવા સમિતિના કાર્યકર્તા ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહીતી માટે સંપર્ક : જગદીપભાઈ દોશી (મો.૯૭૨૩૪ ૮૮૪૮૯) જૈન ફોર યુ ટીમ વર્ષાબેન દોશી (મો. ૭૯૮૪૦ ૭૩૪૮૮) અથવા પુષ્પકભાઈ જૈન (મો.૯૪૯૨ ૫૫૫૮૮)નો સંપર્ક કરવાનો રહેશે.

# શિવધામ સોસાયટીના રહેવાસી રાજેશ ભાતેલિયાની રાજકોટ મ્યુનિસિપલ કમિશનને રજૂઆત

## શિવધામ સોસાયટી તેમજ શહેરમાં વરસાદી પાણીના ચોક્કસ નિકાલ માટે બોર કરવા માંગ

રાજકોટ, તા.૨૧

શિવધામ સોસાયટીના રહેવાસી રાજેશ જે. ભાતેલિયા દ્વારા રાજકોટ મ્યુનિસિપલ કમિશનને શેરી નં.૩ માં પાણી ભરાતું હોવાની તેમજ શહેરમાં જ્યાં જ્યાં વરસાદી વરસાદી પાણી ભરાતું હોય ત્યાં બોર કરી અને પાણી જમીનમાં ઉતારવામાં આવે તે અંગે રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યું છે કે, વરસાદી પાણી શિવધામ સોસાયટી શેરી નં.૩ ભરાઈ છે. શિવધામ સોસાયટી શેરી નં.૩ માં ૧૦૦૦ ફૂટના બોર કરી ઉપર ત્રણ મજબૂત જાળી મૂકવામાં આવે જેથી વરસાદી પાણી જમીનમાં ઉતરે તળ સાજા થશે અને શિવધામ સોસાયટી શેરી નં.૩ નો વરસાદી પાણી ભરાવવાનો પ્રશ્ન હલ થશે. તદ્પરાંત આગામી ચોમાસા આપેલા આ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે. તેમજ રાજકોટમાં જે જે રોડ ઉપર, કે સોસાયટીમાં વરસાદી પાણી ભરાતું હોય ત્યાં પણ બોર કરી સ્ટીલની મજબૂત અલગ અલગ હોલ વાળી જારી મુકવામાં આવે. જેથી જમીનમાં વરસાદી પાણી ઉતરતા તળ સાજા થશે અને વરસાદી પાણી ભરાવવાનો પ્રશ્ન હલ થશે.




# દેશળદેવ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નોટબુક કંપાસ બોકસના નિઃશુલ્ક વિતરણનો કાર્યક્રમ યોજાશે

## બ્રહ્મસમાજ હોલ ખાતે ૫૦૦ બાળકોને વિતરણ કરાશે

રાજકોટ, તા.૨૧

શ્રી દેશળદેવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત ખવાસ-રજપૂત સમાજ રાજકોટ તથા રાવણા રાજપૂત યુથ ગુજરાત તેમજ રાષ્ટ્રીય ચામુંડા સેવા સંસ્થાન રાવણા રાજપુત ભારતના સંયુક્ત ઉપક્રમે રાજકોટના દાતા શ્રેષ્ઠ સ્વ.કેશુભાઈ ભગવાનજીભાઈ ચૌહાણ, સ્વ.ગૌરીબેન કેશુભાઈ ચૌહાણ, સ્વ. સજ્જનબેન કેશુભાઈ ચૌહાણ, સ્વ. બ્રિજેશભાઈ કેશુભાઈ ચૌહાણના સ્મરણાર્થે ચૌહાણ પરિવાર દ્વારા સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડા તથા કે.ટી. એન્જિનિયરિંગ વાળા રાજેશભાઈ ચૌહાણના સહયોગથી કંપાસબોકસ-ટુલકીટ નિઃશુલ્ક વિતરણ કાર્યક્રમ તારીખ: ૨૫-૦૫-૨૦૨૫ રવિવાર સવારે ૧૧ થી ૨ રૈયારોડ બ્રહ્મસમાજ ચોક બ્રહ્મસમાજ હોલ રાજકોટ ખાતે રાખેલ છે.

જેમાં ૫૦૦ બાળકોને વિતરણ કરવામાં આવશે. આ આયોજનને સફળ બનાવવા કાનાભાઈ ચૌહાણ, મોનાલી ચૌહાણ, અરવિંદ વાઘેલા, જીવાભાઈ સોલંકી નરેન્દ્રભાઈ ચૌહાણ, કાલુસિંહ રાઠોડ, રઘુવીરસિંહ ચૌહાણ, કૈલાસસિંહ રાઠોડ, વિક્રમસિંહ ચૌહાણ, ધર્મરાજસિંહ પવાર, નરેન્દ્રસિંહ ભાટ્ટી, અશોકસિંહ શાંખલા, પ્રદીપસિંહ ચૌહાણએ સાંજ સમાચારની મુલાકત લીધી હતી.

# રાજકોટમાં રોયલ એકેડેમી ઈન્ડિયાના સિંગર્સની અદ્દભૂત જમાવટ- કાર્યક્રમમાં લોકો ઝૂમી ઉઠયા

રાજકોટ,તા.૨૧

શ્રી રોયલ એકેડેમી ઈન્ડિયા દ્વારા રોયલ એકેડેમી ઈન્ડિયાના ૫૪ સિંગર્સ સભ્યોએ ડયુએટ સોંગ્સ સાથે બે દિવસના કાર્યક્રમમાં જમાવટ કરી હતી. ડયુએટ સ્પેશિયલ ના અનોખા કાર્યક્રમમાં બહોળી સંગીતપ્રેમીઓ ઝૂમી ઉઠયા હતા.તેમજ સિંગર્સ સભ્યો તરીકે સમીરભાઈ શાહ, સુનિલભાઈ લાખાણી, મહેશભાઇ ચાવડા, ડો. જનકભાઈ ઠક્કર, અતુલભાઈ મહેતા, મુકેશભાઇ ઝાટકીયા, વિનોદભાઇ ઠકરાર, યજ્ઞેશભાઈ પાનેરી, કિરીટભાઈ વ્યાસ, જિગરભાઈ શાહ, હરેશભાઈ ધીરવાણી, જવાહરભાઈ રાયચંદાણી, મયંકભાઈ મહેતા, દિનેશભાઇ રાઠોડ, કેતનભાઈ મહેતા, જયેશભાઈ દવે, સતિષભાઇ કાંચા, વિમલભાઈ દેસાઇ, જયેશભાઈ દોશી, હિતેશભાઈ મહેતા, પ્રકાશભાઇ રાવરાણી, કિશોરભાઇ શાપરિયા, દીપકભાઈ રાવલ, અમિતભાઈ માંડલીયા, નીતિનભાઈ ટાંક, અલ્પેશભાઈ સોની, માણસુરભાઈ દાવેરા, હિરેનભાઈ કનૈયા, દેવદતભાઈ યાજ્ઞિક, સંજયભાઈ સંઘવી, કુંદનભાઈ નાર, સહજભાઈ પંડયા, ઉષાબેન જોશી, વર્ષાબેન દોશી,ભૂમીબેન ઠક્કર, પ્રજ્ઞાબેન જોશી, દિપ્તીબેન જોશી, કામીનીબેન રાણપરા, પ્રીતિબેન તન્ના, મયુરીબેન ભાલાળા, વૈશાલીબેન ચાંપાનેરીયા, ચાંદનીબેન રાણીંગા, સુમનબેન બારૈયા, નિશાબેન ભટ્ટી, પલ્લવીબેન સોલંકી, ઉષાબેન જોશી,





આભાબેન શાહ, કલાબેન રાવલ, ઉષાબેન વ્યાસ, નિતાબેન સોની, ધરાબેન કોઠારી, નયનાબેન પંડયા, સાધનાબેન સંઘવી સિંગર્સ સભ્યોએ ભાગ લીધેલ હતો.

# રાહત દરે દંત યજ્ઞ અને બત્રીસી કેમ્પ આયોજન

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન રાજકોટ દ્વારા તા ૨૫-૫-૨૫ ને રવિવારે મેગા દંત યજ્ઞ અને દાંત ની રાહતદરે બત્રીસીના કેમ્પનું ભવ્ય આયોજન સવારે ૯ થી ૧, ''જશ-પ્રેમ ધીરસંકુલ '' ૫/વૈશાલી નગર ,રૈયા રોડ, ધ સીટી સેન્ટર સામે રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. દાંતના કેમ્પમાં ડો.જયસુખ ભાઈ મકવાણા અને તેમની ટીમ મોનિકા ભટ્ટ,જાગૃતિ ચૌહાણ અને ડો.સંજય અગ્રાવતા, ડો.કુશરાજસિંહ સિસોદિયા, ડો.હરેશ માળી સેવા આપશે.

# અમદાવાદની GCRIના કેન્સર દર્દીઓના લાભાર્થે મહારકતદાન કેમ્પ યોજાયો

## ૧૯૦ બોટલ રકત એકત્ર થયુ

રાજકોટ,તા.૨૧

સ્વ.ગોરધનભાઈ લીંબાભાઈ વિરડીયાની સ્મૃતિ રૂપે, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી, તન્વી ગૃપ દ્વારા અમદાવાદ જીસીઆરઆઈ (કેન્સર હોસ્પિટલ સિવિલ)ના લાભાર્થે મંગળવારે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.તેમા ૧૯૦ બ્લડ યુનીટ કેન્સરના દર્દીઓ કે જેઓ ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાંથી આવે છે. તેમને અર્પણ કરવામાં આવેલ છે. આ કેમ્પમાં તન્વીગૃપના બિપીનભાઈ ગોરધનભાઈ વિરડીયા અરવિંદભાઈ ગોરધનભાઈ વિરડીયાએ જહેમત ઉઠાવેલ આગામી ૨૩-૫-૨૫ના રોજ જીજ્ઞેશભાઈની કથામાં ખેરડી ખાતે રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.







# રાજકોટ શહેર પોલીસ દ્વારા આયોજીત સ્પોર્ટસ કોચિંગ સમર કેમ્પ સંપન્ન

## ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટબોલ અને સ્કેટીંગ રમતોમાં ૧૫૫ જેટલા રાજકોટ શહેર પોલીસ પરિવારના બાળકોએ ભાગ લીધો

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેર પોલીસ દ્વારા બાળકો માટે રાજય કક્ષાએ તેમજ રાષ્ટ્ર કક્ષાએ ભાગ લઇ સારૂ પરફોર્મન્સ આપે તે હેતુથી સતત ત્રીજા વર્ષે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટસ સમર કોચિંગ કેમ્પ ૨૦૨૫ તા.૦૫/૦૫/૨૦૨૫ થી ૨૦/૦૫/૨૦૨૫ એમ ૧૬ દિવસ સુધી પોલીસ મુખ્ય મથક ખાતે આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટબોલ અને સ્કેટીંગ રમતોમાં ૧૫૫ જેટલા રાજકોટ શહેર પોલીસ પરિવાર ના બાળકો અને પ્રજાજનોના બાળકોએ ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન પુજા યાદવ ડી.સી.પી. ટ્રાફિક, રાજકોટ શહેર દ્વારા કરવામાં આવેલ હતુ. ત્યારબાદ ખેલાડીઓ દ્વારા સ્પોર્ટસ ડાન્સ રજુ કરવામાં આવેલ હતો.

**દરેક વર્ગના લોકો મોબાઈલ છોડી સ્પોર્ટસના નશામાં ચડી જાય તો બાકી કોઇ બીજા નશામાં ચડતા નથી : પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા**

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે, આજના જમાનામાં નાના બાળકોથી લઈ મોટા સુધી તમામ વર્ગના લોકોને લોકોને મોબાઇલના નશા માથી બહાર લાવવા ખુબ જરૂરી છે જેના માટે આ પ્રકારની સ્પોર્ટસ એક્ટિવીટીઝમાં ભાગ લેતા રહેવુ જોઈએ જેથી શારિરીક અને માનસિક મજબુત બને.

આ સમર કેમ્પ મા ભાગ લેનાર તમામ ખેલાડીઓને સર્ટિફિકેટ તેમજ ઇનામ આપવામાં આવેલ હતા. ઓમનીટેક પ્રા.લી. તેમજ અહેસાસ ટ્રસ્ટ દ્વારા ખેલાડીઓને ટી-શર્ટ આપવામાં આવેલ હતા.એસીપી એમ. આઇ. પઠાણનાઓએ આભાર વિધી કરવામાં આવેલ હતી તેમજ એન્કરીન્ગ જગદેવસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ હતુ.

આ પુર્ણાહુતી કાર્યક્રમમાં બ્રજેશકુમાર ઝા- પોલીસ કમિશ્નર, મહેન્દ્ર બગડીયા - અધિક પોલીસ કમિશ્નર, પાર્થરાજસિંહ ગોહિલ - નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ, પુજા યાદવ નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક,જગદિશ બાંગરવા, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨, તેમજ તમામ એ.સી.પી.ઓ, પો.ઇન્સઓ વિગેરે હાજર રહેલ હતા.

# રવિવારે સમસ્ત લોહાણા સમાજના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન

## ધો.૧૨ પાસ અને ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટેનો સોનેરી તક

રાજકોટ, તા.૨૧

સમસ્ત લોહાણા સમાજના વિદ્યાર્થીઓ માટે રઘુવંશી શોર્ય સંગઠન અંતર્ગત તથા નક્ષત્ર એકેડેમી દ્વારા સંચાલિત GPSC અને વર્ગ ૩ ની વિવિધ કોમ્પિટેટીવ પરીક્ષાઓ માટે નિઃશુલ્ક (ગવર્મેન્ટ સ્કોલરશીપ અંતર્ગત) કલાસની શરૂઆત કરવા જઈ રહ્યા છીએ જેમાં ધોરણ ૧૨ પાસ અને ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટેનો સોનેરી અવસર પ્રાપ્ત થશે.

જે અંતર્ગત તા.૨૫ ને રવિવારના રોજ સાંજે ૪ કલાકે હેમુગઢવી હોલ મીની થિયેટરમાં સાંજે ૪ કલાકે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં આ ક્ષેત્રના અનુભવી નિષ્ણાંતો, અધિકારીઓ તથા રઘુવંશી સમાજ તથા મહાજનના અગ્રણીઓ દ્વારા હેતુલક્ષી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ઇચ્છુકોએ અશોકભાઈ હિંડોચા (મો.નં.૯૪૨૬૨ ૫૪૯૯૯) નો સંપર્ક કરવાનો રહેશે.

# વાંકાનેર તાલુકા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ, સૌરાષ્ટ્ર યુનિ.ના પૂર્વ સિન્ડિકેટ મેમ્બર હરદેવસિંહ જાડેજાનો જન્મદિવસ



રાજકોટ, તા.૨૧

વાંકાનેર તાલુકાના અગાભી પીપળીયા ગામના વતની અને રાજકોટ ને છેલ્લા ૩૧ વર્ષોથી પોતાની કર્મભૂમિ બનાવનાર અને પોતાની આગવી પ્રતિભાથી વિશાળ મિત્ર વર્તુળ ઊભું કરનાર હરદેવસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૫૫ વર્ષ પૂર્ણ કરી ૫૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓ સમાજ ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે.

વિદ્યાર્થીકાળથી જ નેતૃત્વના ગુણો ધરાવતા હરદેવસિંહ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મંત્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સિન્ડિકેટ મેમ્બર, મોરબી જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય, વાંકાનેર તાલુકા સંઘના સભ્ય, શૈક્ષણિક ક્ષેત્રે શ્રીમતી આર.ડી ગારડી બી.એડ, પી.ટી.સી તેમજ એમ.એડ કોલેજના ટ્રસ્ટી ઉપરાંત કે.જે.કોટેચા ગર્લ્સ સ્કુલના તેમજ સૌરાષ્ટ્ર સ્કૂલના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહેલ છે. તેઓ ''દીકરાનું ઘર'' વૃદ્ધાશ્રમ રાજકોટના કોર કમિટીના સભ્ય છે. તેમના જન્મદિને વિશાળ મિત્ર વર્તુળ દ્વારા તેમના મો.નં. ૯૮૨૫૪-૯૨૫૦૯ પર શુભેચ્છા વર્ષાવી રહ્યા છે.

# સદર ઉપાશ્રયના યુવા કમિટી મેમ્બર ધર્માંગ શાહનો આજે જન્મદિવસ



રાજકોટ, તા.૨૧

સદર ઉપાશ્રયના યુવા કમિટી મેમ્બર ધર્માંગ મધકાંતભાઈ શાહ નો જન્મદિવસ છે. તેઓ એલ.આઈ.સી. નાં એજન્ટ છે. હાલ તેઓ એમ.ડી.આર.ટી. એવોર્ડ થી સન્માનીત થયેલા છે. સદર ઉપાશ્રયમાં યુવા કમિટી મેમ્બર તરીકે સક્રીયપણે કાર્યરત છે. રાજકોટ સ્થાનવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળના સભ્ય છે. રાજકોટ જીવદયા ગ્રુપના પણ તેઓ સભ્ય છે.

રાજકોટ મહાનજશ્રીની ની પાંજરાપોળ, એનીમલ હેલ્પલાઈન-કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, જીવદયા ગ્રુપ-રાજકોટ, જનસેવા ટ્રસ્ટમાં પણ પોતાની સેવાઓ આપેલ છે. પિતા મધુકાંતભાઈ શાહ સદર ઉપાશ્રયના ટ્રસ્ટી છે. આ શુભદીને અગ્રણીઓ તરફથી ધર્માંગ શાહને મો.નં. ૯૪૨૮૨૯૬૯૧૯ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# જય ગોપાલ ટ્રસ્ટ રાજકોટ'' ના હોદેદારોને બિરદાવતા આઈ.પી.એસ અધિકારીઓ

''જય શ્રી ગોપાલ ટ્રસ્ટ'' ના હોદેદારોને રાજકોટ ના આઈ.પી.એસ અધિકારીઓએ બિરદાવેલ છે. જય શ્રી ગોપાલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા અનેક ગરીબ માતાપિતા વિહોણી દીકરીઓના વિનામૂલ્યે સમૂહ લગ્ન તેમજ સાધુ સંતો અને ગરીબ ગુરબાઓ માટે અન્નક્ષેત્ર જેવા ઉમદા સેવા કાર્ય થાય છે.સેવા કાર્યો માટે રાજકોટ ના આઈ પી એસ અધિકારીઓ, જેમાં ટ્રાફિક બ્રાન્ચના ડેપ્યુટી પોલીસ કમિશનર પૂજા યાદવ તેમજ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના ડેપ્યુટી પોલીસ કમિશનર પાર્થરાજસિંહ ગોહિલ તથા રાજકોટ ઝોન ૨ના ડેપ્યુટી પોલીસ કમિશનર જગદીશ બાંગરવા એ ટ્રસ્ટના પ્રમુખ વિજયબાપુ, ઉપપ્રમુખ રાજુભાઈ પ્રજાપતિ અને સહમંત્રી અને સુપ્રસિધ્ધ ''સ્ટુડિયો શિવ'' ના માલિક ભાવિનભાઈ ખખર ને અભિનંદન અને શુભેચ્છા પાઠવી બિરદાવેલ છે.



# કોંગ્રેસ અગ્રણી- એડવોકેટ રજત સંઘવીનો આજે જન્મદિવસ



રાજકોટ, તા.૨૧

જૈન શ્રેષ્ઠી, કોંગ્રેસ અગ્રણી, એડવોકેટ રજતભાઈ સંઘવીનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૫૮ વર્ષ પૂર્ણ કરી ૫૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આજે તેમના જન્મદિવસ નિમિતે સર્જનાત્મક તથા સમાજોપયોગી જીવનયાત્રા માટે તેમને સર્વ કાર્યોમાં સફળતાની શુભેચ્છા મળી રહી છે.





# ગાર્ડી વિદ્યાપીઠ અને ઓસ્ટ્રેલિયાના યુનિવર્સિટી ઓફ વોલોન્ગોગ વચ્ચે એમ.ઓ.યુ

રાજકોટ,તા.૨૧

રાજકોટના ટી વી મહેતા ચેરીટેબલ ફાઉન્ડેશન સંચાલિત ગાર્ડી વિદ્યાપીઠ અને યુનિવર્સિટી ઓફ વોલોન્ગોગ,ઓસ્ટ્રેલિયાના GIFT સિટી ગાંધીનગર ખાતે આવેલ ઈન્ડિયા કેમ્પસ વચ્ચે તાજેતરમાં સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ MOU હેઠળ બંને સંસ્થાઓ ભવિષ્યમાં શૈક્ષણિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક આદાન પ્રદાન કરશે તેમજ રીસર્ચ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓ અને પ્રોફેસર માટે યોગ્ય રિસોર્સનો પરસ્પર સહમતિથી એકબીજા માટે સદુપયોગ કરશે.

આ સમજૂતી કરાર અંતર્ગત બંને સંસ્થાના તજજ્ઞ દ્વારા વિવિધ ફેકલ્ટી ડેવલપ્લેન્ટ વર્કશોપ તેમજ અલગ અલગ વિષયોને કેન્દ્રમાં રાખતા સેમિનાર અને રિસર્ચ પ્રોજેક્ટ, પ્લેસમેન્ટ તેમજ ઇન્ટર્નશીપ જેવા અભ્યાસ સંલગ્ન વિકાસમાં પરસ્પર મદદરૂપ થવાનો હેતુ સાકાર થશે.

### આદિ જિન યુવક ચેરી.ટ્રસ્ટ-મુંબઈ દ્વારા

# શનિવારે અમદાવાદમાં વિકલાંગોને ૧૦૦થી વધુ વ્હીલચેરનું નિઃશુલ્ક વિતરણ

રાજકોટ તા.૨૧

આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (વાલકેશ્વર, મુંબઈ) દ્વારા આગામી તા.૨૪મીના શનિવારે અમદાવાદ આસપાસનાં વિકલાંગ, અપંગ, દરિદ્ર નારાયણ હોય તેવા પ્રભુજીઓનું સર્વે કર્યા બાદ ૧૦૦થી વધુ વ્હીલ ચેર વિનામૂલ્યે વિતરણ મંગલ મહેક ફાઉન્ડેશન અમદાવાદના સહયોગથી કરવામાં આવનાર છે. અમદાવાદ શહેરના આસપાસનાં વિસ્તારોના વિકલાંગ, અપંગ, દરિદ્ર નારાયણ કે જેઓ પોતે આર્થિક અને માનસિક રીતે મુંઝવણમાં હોય તેવા લોકોને ૧૦૦થી વધુ વ્હીલચેર વિનામૂલ્યે વિતરણ કરાશે.



અત્રે ઉલ્લેખનિય છે કે, આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ વાલકેશ્વર, મુંબઈના જયેશભાઈ જરીવાલાનાં નેજા હેઠળ સંસ્થા દ્વારા અનેકો સેવાના કાર્યો કરવામાં આવે છે જેમાં અબોલ-મુંગા જીવો માટે સતત ખડેપગે વર્ષોથી ગુજરાત-મહારાષ્ટ્રની પાંજરાપોળને ચારાથી લઈને શેડો, ગમાણ, ચબૂતરાઓ બનાવી આપે છે અને એ રીતે એક ભગીરથ સેવાનું કામ કરે છે. દર વર્ષે ઉનાળાની કાળઝાળ ગરમીમાં બાડમેર, સિરોહી, પાલી (રાજસ્થાન) રણ અને જંગલ વિસ્તારમાં દરરોજ પાણીના ટેન્કરની સેવા પૂરી પાડી રહ્યા છે. ગુજરાતના દરેક ગામમાં પક્ષીઓ માટે ચબુતરા બનાવવાનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે અત્યાર સુધીમાં ૧૫થી વધારે ચબુતરાઓનું નિર્માણ થઈ ચૂકયું છે. તેમજ અબોલ જીવો માટે વિવિધ પાંજરાપોળમાં ઘાસચારો પહોંચાડવામાં આવે છે. ઉનાળાની ગરમીની સીજનમાં તેમચ ચોમાસામાં વરસાદની ઋતુમાં અબોલ જીવોને આજીવન શાતા મળી રહે તે માટે તે માટે વિવિધ પાંજરાપોળમાં શેડનું નિર્માણ કરી આપવામાં આવી રહ્યું છે. દર વર્ષે મેગા એનીમલ કેમ્પનું વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમ અંગેની વિશેષ માહિતી માટે આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ વાલકેશ્વર મુંબઈના જયેશભાઈ શાહ (જરીવાલા) મો.૯૯૨૦૪ ૯૪૪૩૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

### સાવત્થી તીર્થધામમાં પૂ.આ.દેવશ્રી જિનચંદ્રસુરિજીમ.આદિ ઠાણાની નિશ્રામાં

# તા.૨૮ના પૂ.સાદવીજી શ્રી પ્રશમપ્રભાશ્રીજીમ.ની ૩૪મી પુણ્યતિથિ નિમિતે ૪૮ જોડા સાથે સામુહિક ભકતામર મહાપૂજન

**તા.૨૮ના સવારે સાદવીજી ભગવંત પૂ.પ્રશમપ્રભાશ્રીજીમ.ની પક્ષાલ પૂજાઃ પૂ.ગુરુ ભગવંતની નિશ્રામાં મહામાંગલિકઃ બપોરના ભકતામર મહાપૂજનનો પ્રારંભઃ તૈયારીઓનો ધમધમાટ**

રાજકોટ,તા.૨૧

રાજકોટ-અમદાવાદ હાઈવે પર બાવળા નજીક આવેલ ગુજરાતનું સુપ્રસિદ્ધ તીર્થ શ્રી સાવત્થી તીર્થધામના પરિસરમાં આગામી તા.૨૮મીના બુધવારે મોક્ષમાર્ગના શ્રેષ્ઠ આરાધક પૂજય સાદવીજી ભગવંત શ્રી પ્રશમપ્રભાશ્રીજીમ.પૂ.બા મહારાજ)ની ૩૪મી પુણ્યતિથિ નિમિતે ૪૮ જોડા સાથે સામુહિક ભકતામર મહાપૂજન ભણાવાશે.બપોરના ૧૨: ૦૧ કલાકે મહાપૂજનનો પ્રારંભ થશે.

પૂ.આચાર્ય દેવ શ્રીમદ્ વિજય ભુવનસૂરિજી મ.ના કુપાપાત્ર પટ્ટાલંકાર, દૈવી સ્વપ્નના સંકેતથી નિર્માતા પામેલ સાવત્થી તીર્થ સર્જક તથા ૮૪ જિનમંદિરોના પ્રતિષ્ઠા આર્ય, ઉપસર્ગ વિજેતા, તપાગચ્છા આર્ય, પરમવંદનીય ગુરુદેવ આ.શ્રીમદ વિજય જિનચંદ્ર સુરિશ્વરજી મહારાજા આ.ભ.શ્રી શરદચંદ્રસુરિજીમ.તથા આજીવન ગુરુ ચરણોપાલક તથા શિલ્પકલા નિપૂણ પૂજય મુનિપ્રવરશ્રી અજિતચંદ્ર વિજયજી મહારાજ આદિની નિશ્રામાં શ્રીભકતામર મહાપૂજનનું આયોજન કરવામાં આવેલ છે.તા.૨૮મીના બુધવારે કાર્યક્રમની વિગતો અનુસાર સાવત્થી તીર્થમાં સવારે નવા વાગે પૂ.બા મહારાજની મૂર્તિ પર પક્ષાલ ત્યારબાદ હાર પરિધાન કરાશે તથા પૂ.બા મહારાજની આરતી થશે.સવારે ૧૦ વાગે પૂ.ગુરુદેવ બેસતા મહિનાનું દર મહિનાની જેમ મહામાંગલિક ફરમાવશે.બપોરના ૧૨.૦૧ કલાકે ૪૮ જોડા સાથે પ્રભુભકિતમય સામુહિક શ્રી ભકતામર મહાપૂજનનો શુભારંભ થશે સાંજે ૬:૦૫ કલાકે ૧૦૮ દીવાની આરતી, મંગળ દીવો, શાંતિ કળશનું વિધાન થશે તેમજ પરમાત્માને રત્ન જડિત અંગ રચના થશે.સંપૂર્ણ સાધર્મિક ભકિતનું ઝરણું વહેશે.મહાપૂજનમાં વિધિકાર તરીકે જીગરભાઈ ધામી (અમદાવાદ) ભકિત સંગીત માટે આશુતોષ વ્યાસ વગેરે પધારશે.











**આ માનતુંગ સૂરિજી મહારાજા**

શત્રુંજય મહાતીર્થના રાજાધિરાજ પ્રથમ તીર્થકર યુગાદિદેવશ્રી આદિનાથ પરમાત્માની ભકિતથી ભરપુર પૂજય આ.શ્રી માનતુંગ સુરિજી મહારાજા રચિત શ્રી ભકતામર સ્ત્રોત મનોવાંછિત ફળદાયક તથા સર્પ મનોકામના પુરક સ્ત્રોત છે જૈનોના તમામ ફીરકાઓમાં ભકતાપર સ્ત્રોતના ગાન ગવાય છે.સાતમાં સૈકામાં વારાણસી નગરીમાં જૈનાચાર્ય શ્રી જિનસિંહસુરીજી મહારાજા પાસે દીક્ષિત બનેલા અને જૈનાચાર્ય માનદેવ સુરિજી મહારાજાની માટે આવેલા જૈનાચાર્ય શ્રી માનતુંગ સુરિજી મહારાજા કાશીનગરીમાં શ્રીહર્ષ મહારાજાની રાજસભામાં શકિત પરીક્ષણમાં મયુર પંડિત આવેલા ત્યારબાદ જૈનાચાર્યની શકિત પરીક્ષણમાં શ્રીમાનતુંગ સુરિજી મહારાજાને ૪૮ બેડીઓ મહેરાવેલી,અંધારા ઓરડામાં રખાયા હતા.તે શુભપલે જિનશાસનની મહા પ્રભાવના માટે તેમણે શ્રી આદિનાથ પ્રભુની સ્તવના મયથી રમ્ય શ્રી ભકતામર સ્ત્રોતની રચના કરતા ગયા તેમ તેમ બેડીઓ તુટતી ગઈ અને મંત્ર શકિતનો પ્રભાવ સૌ કોઈએ નિહાળતા અચંબામાં પડી ગયા હતા. પ્રભાતે મૂ.માનતુંગસુરિજીમ.બંધનમુકત બનીને બહાર આવ્યા એ વખતે રાજાહર્ષ તથા નગરજનો હર્ષનાદ કરવા લાગ્યા પૂજયશ્રીના વધામણા કરેલા હતા.આવા મહાન ભકતમર સ્ત્રોતની શાસનને ભેટ મળી છે.

# મણિયાર દેરાસરમાં પંન્યાસ પ્રવર શ્રી તારકચંદ્રસાગરજીમ. આદિની પધરામણીઃ રાત્રે ભકિત સંગીત





રાજકોટનું ૧૯૮ વર્ષ પ્રાચીન શ્રી સુપાર્શ્વનાથ જિનાલય (દાદાવાડી)માં મૂળનાયક રૂપે બિરાજતા શ્રી સુપાર્શ્વનાથ દાદાની તથા શ્રી માણિભદ્ર વીરની ૧૯૯મી ધજાનો મહોત્સવ તા.૨૨ના ગુરૂવારે યોજાશે આ પ્રસંગમાં નિશ્રા આપવા પંન્યાસ પ્રવરશ્રી તારકચંદ્રસાગરજી મ. આદિઠાણા રતલામથી ૧૫ દિવસનો ઉગ્ર વિહાર કરીને રાજકોટ પધારતા આજે ભવ્ય સામૈયું યોજાયું હતું.

પં.શ્રી તારકચંદ્રસાગરજી મહારાજ આદિની નિશ્રામાં આજે રાત્રે ૮-૩૦ કલાકે ભકિતકાર અંકુર શાહના ભકિત સંગીતના કાર્યક્રમમાં માંડવીચોક દેરાસરની આગામી ૨૦૦મી ધજાની ઉછામણી બોલાવવામાં આવનાર છે.

ઉપરોકત તસ્વીરમાં પૂ.પંન્યાસ શ્રી તારકચંદ્રસાગરજી મહારાજ આદિઠાણા તથા મણિયાર જૈન સંઘના પદાધિકારીઓ તેમજ શ્રાવક-શ્રાવિકાઓ જોડાયા તે નજરે પડે છે. બીજી તસ્વીરમાં ચાણકય એપાર્ટમેન્ટ ખાતે ગુરૂવંદના કરતા ભાવિકો નજરે પડે છે.

# સીટી બસની સેવામાં પંચર માટે ટેન્ડરની શરતો પણ જવાબદાર : ડ્રાઈવરોની ઉંમરનો ઉલ્લેખ જ થયો નહીં!

## લાયસન્સ સહિતના નિયમોના ભંગ બદલ કોર્પો. માત્ર દંડ કરી શકે, મુસાફરોની હેરાનગતિ યથાવત

રાજકોટ તા. ૨૧

રાજકોટમાં હાલ સીટી બસ સેવામાં મોટુ પંચર પડયુ છે અને ૧૫૦ જેટલી બસ ડ્રાઈવરોના વાંકે ચાલતી નથી ત્યારે આ સીટી બસ સંચાલનના ટેન્ડરમાં જ કેટલીક ક્ષતિ રહી ગયાનું બહાર આવ્યું છે. તેમાં ડ્રાઈવરની ઉંમરનો ઉલ્લેખ જ નથી અને લાયસન્સ સહિતની બેદરકારી હોય તો પણ માત્ર દંડની જોગવાઇ હોય, કોર્પો. દંડ સિવાય કઇ કરી શકે તેવું લાગતું નથી.

ઇન્દિરા સર્કલ પાસે સીટી બસે સર્જેલા ગંભીર અકસ્માત બાદ તંત્રએ સીટી બસના ટેન્ડરમાં દર્શાવેલ નિયમોની અમલવારી કરવાનું શરૂ કર્યુ છે અને એજન્સી તેમજ ડ્રાયવરો વિરુદ્ધ પગલા લેવામાં આવી રહ્યા છે. પરંતુ સીટીબસના ટેન્ડરમાં ડ્રાયવરોની ઉંમરનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય, ઉંમર બાધ વગર એજન્સીએ ડ્રાઈવર રોકયા છે. તેમાંથી મોટા ભાગનાને બે પાળીમાં કામ કરવું હોય કામે ચડતા નથી. ઉંમરના કારણે મેડીકલ પ્રશ્નો પણ હોય છે. પરંતુ તંત્ર દ્વારા ટેન્ડરમાં ડ્રાયવર પાસે હાજરમાં લાયસન્સ અને આઈડી પ્રુફ ન હોય તો ૨૫ કિલો મીટરની જોગવાઈ મુજબની દંડની વસુલાત કરવાનો ઉલ્લેખ કરાયો છે. આ શરતો કઇ રીતે નકકી થઇ તે પ્રશ્ન છે.

હવે ટેન્ડરની શરત મુજબ ડ્રાઈવર પાસે આઈડી કાર્ડ અને લાયસન્સ ન હોય તો એજન્સીને કિલોમીટર મુજબ દંડ ફટકારવામાં આવે છે. અકસ્માતોમાં ડ્રાયવર જ કારણભૂત હોય છે તેવુ સાબિત થતાં ડ્રાયવરોનું હેલ્થ ચેકઅપ સહિતના પગલા પણ લેવામાં આવી રહ્યા છે. પરંતુ ટેન્ડરમાં દર્શાવેલ શરત મુજબ જ તંત્ર કામગીરી કરતું હોય એજન્સી સામે વધુ કઇ થઇ શકતું નથી. ટેન્ડરમાં ડ્રાયવરની ઉંમરનો કોઈ ઉલેખ કરવામાં આવેલ નથી. નવી સૂચના મુજબના ડ્રાઈવરો મળતા નથી. આથી છેલ્લે તો મુસાફરોનો જ મરો થાય છે.









### આ મનપાંચમના મેળામાં, સાંવરિયો રે મારો સાંવરિયો

# ગુજરાતી સાહિત્યના આધુનિક યુગના કવિ રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે શબ્દાંજલી-સ્મરણાંજલી કાર્યક્રમ યોજાયો

રાજકોટ તા.૨૧

અમરેલીના વતની અને નિવૃત્તિ બાદ રાજકોટ કર્મભૂમિ બનાવનાર ગુજરાતી સાહિત્યના આધુનિક યુગના મોટા ગજાના સર્જક, ગુજરાતી ભાષાના કવિ, લેખક, બાળ સાહિત્યકાર, ગીતકાર એથીય વિશેષ મળવા જેવા ઉમદા માનવી અક્ષરનું નામથી ઓળખાતા સૌના હૃદયસ્થ કવિ રમેશ પારેખની ૨૦મી પુણ્યતિથિ નિમિત્તે દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા યોજાયેલ શબ્દાંજલિ સ્મરણાંજલિ કાર્યક્રમ સાહિત્યપ્રેમીઓની બહોળી ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સંપન્ન થયેલ છે.

કાર્યક્રમનો પ્રારંભ કવિ રમેશ પારેખની લોકપ્રિય રચના હે દીવા! તને પ્રણામથી થયેલ, કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત ગં.સ્વ. રસીલાબેન પારેખે ફુલહાર પહેરાવેલ તેમજ કાર્યક્રમના અતિથિઓ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, મોઢ વણીક સમાજના અગ્રણી કિરીટભાઈ સી.પટેલ, જાણીતા બીઝનેસમેન ગીરીશભાઈ કડવાણી, ગ્રંથાલય ભારતીના પ્રાંત સંયોજક દિલીપભાઈ ભટ્ટ, સાહિત્ય સેતુના પ્રમુખ વસંતભાઈ ગાદેશા તેમજ કવિઓ લેખકો સર્જકોએ પુષ્પાંજલિ અર્પેલ.

સાહિત્ય સેતુના સંયોજક અનુપમ દોશીએ રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે કવિને શ્રધ્ધાંજલી અર્પી સૌને રૂડો આવકાર આપેલ અને કાર્યક્રમની પૂર્વ ભૂમિકા રજૂ કરેલ.

રમેશ પારેખની લોકપ્રિય રચનાઓ ગીતો આ મનપાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે, આફળ વિકળ આંખ કાન વરસાદી ભીંજવે, મારા સપનામાં આવ્યા હરિ, આ શહેર તમારા મનસૂબા ઉથલાવશે, કહેવાય નહીં, હરિએ દઈ દીધો દેશવટો, સાંવરિયો રે મારો સાંવરિયો, દીર્ઘવકાવ્ય લાખા સરખી વાર્તા સહિતની ૧૦ સુંદર રચનાનું પઠન શહેરના કવિઓ મહેન્દ્ર જોષી, રાકેશ હાંસલીયા, પ્રકાશ હાથી અને કવયિત્રીઓ હર્ષિદા ત્રિવેદી અને વનીતા રાઠોડે રજૂ કરીને શબ્દાંજલિ અર્પલ. કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# રાજમાર્ગ પરના ખાડામાં વૃક્ષની ડાળીઓ મૂકવી પડી!

રાજકોટમાં ચોમાસા પહેલાની પ્રિ-મોન્સુન કામગીરી મામલે હાલ દેકારો બોલી રહ્યો છે કારણ કે દોઢ ઇંચ કમોસમી વરસાદે પણ રાજમાર્ગો પાણી પાણી કરી નાંખ્યા હતા અને લોકો હેરાન થયા હતા. આ સ્થિતિમાં રાજકોટના રસ્તા પર રહેલા ખાડા કેવી મુશ્કેલી ઉભી કરી શકે તે વિચારવા જેવી વાત છે. આમ તો સંખ્યાબંધ રસ્તા પર ખાડા હોય છે. તેમાં પણ પાઇપલાઇનના ખોદકામ બાદના રસ્તા ચોમાસામાં હેરાન કરે તેમ છે. હવે માલવિયા ચોકથી શાસ્ત્રી મેદાન તરફ જવાના રસ્તે રાજકુમાર કોલેજ બહાર એવો વિચિત્ર ખાડો પડયો છે કે અકસ્માત થઇ જાય. કોર્પો.ના આવા જોખમી ખાડાના કામ ચાલતા હોય ત્યારે ચેતવણીના બોર્ડ મૂકવામાં આવે છે. પરંતુ તંત્રના ધ્યાને આવા રાજમાર્ગનો ખાડો પણ ન આવતા કોઇ લોકોએ ધુળીની બોરીમાં ઝાડની ડાળીઓ લગાવીને રેડ સિગ્નલ મુકયું છે. અજાણતા કોઇ ટુ વ્હીલર આ ખાડામાંથી પસાર થાય તો અકસ્માત થઇ જાય. આવા અનેક ખાડાઓને તાત્કાલીક રીપેર કરવાનું કામ શરૂ કરવા વાહન ચાલકો પણ ધ્યાન દોરી રહ્યા છે.(તસ્વીર : પંકજ શીશાંગીયા)



# શુક્રવારે અપરા-ભદ્રકાલી એકાદશી

રાજકોટ,તા.૨૧

વૈશાખ વદ અગીયારસને શુક્રવારે તા.૨૩ મે નાં દિવસે અપરા એકાદશી છે. આ દિવસે મા ભદ્રકાલીન પ્રાગટ્ય થયું હોવાથી આ એકાદશીને મા ભદ્રકાલી એકાદશી પણ કહેવામાં આવે છે અપરા એકદશીનું વ્રત કરવાથી જો કોઈ પિતૃ પ્રેતગતી મા હોય તેમને મોક્ષ મળે છે. એકાદશીના દિવસે સવારે વહેલા ઉઠી ન્હાવાનાં જળમાં ગંગાજળ પધરાવી સ્નાન કરવું.

ત્યારબાદ નિત્ય પુજા કરી અને બાજોઠ ઉપર પીળુ વસ્ત્ર પાથરી તેનાં ઉપર વિષ્ણુ ભગવાનની છબી પધરાવવી બાજુમાં ઘીનો દિવો કરવો. તથા બાજુમાં પાણી ભરેલો ત્રાંબાનાં લોટા અથવા કળશમાં અબીલ, ગુલાલ, કંકુ પધરાવી આસોપાલવનાં પાંચ પાન પધરાવવા, સોપારી, રૂપિયો પધરાવવો અને તેની ઉપર આડુ શ્રીફળ રાખવું. આ કળશ ભગવાનની છબીની આગળ પધરાવવો. વિષ્ણુ ભગવાનની છબીને ચાંદલો-ચોખા કરી પોતે કરવા. કુલ પધરાવી અને અબીલ, ગુલાલ, કંકુ, ધુપબતી અર્પણ કરવી. નૈવેદ્યમાં મીઠાઈ તથા કાકડી ખાસ ધરાવી આરતી કરવી અને વિષ્ણુ સહસ્ત્રનામના જેટલા નામ બોલાઈ તેટલા બોલવા. અને ત્યાર બાદ પોતાનાં ઈષ્ટદેવ ની માળા કરવી. પિતૃને પ્રાર્થના કરવી અને એકાદશીની વ્રત કથા વાંચવી અથવા સાંભળવી શુક્રવારે સાંજના સમયે ભગવાનનાં કિર્તન કરવા, બ્રાહ્મણને દાન-દક્ષિણા આપવી તથા દિવસ દરમ્યાન નિંદ્રા કરવી નહી, ઉપવાસ અથવા એકટાણું કરવું બીજા દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્યકર્મ કરી સૌ પ્રથમ સ્થાપના પાસે બેસી અને જમણા હાથમાં જળ લઈ અને વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરવી કે મેં અપરા એકાદશીનું વ્રત કરેલું છે. આ વ્રતનું ફળ હું મારા પિતૃઓને અર્પણ કરૂં છું. જો કોઈ મારા પિતૃ પ્રેતગતીમાં હોય તો તેને મોક્ષગતીની પ્રાપ્તિ થાય.ત્યારબાદ હાથમાં લીધેલ જળ ભગવાન પાસે મુકવું અને કળશનું પાણી આખા ઘરમાં વિષ્ણુ ભગવાનનું નામ લઈ છાંટી દેવું. શ્રીફળ ભગવાન ના મંદિરે પધરાવવું આમ વ્રતની પૂર્ણાહુતિ કરવી.

જ્યોતિષી રાજદીપ જોશી (વેદાંત રત્નો)મો ૯૯૨૫૬૧૧૯૭૭

# બાલભવન રાજકોટ આયોજીત સમર વેકેશન 'મીની માઈન્ડ વર્કશોપ'માં ભાગ લેતા ૩૦૦ જેટલા ભૂલકાઓ

દર વર્ષે બાલભવન રાજકોટ દ્વારા ઉનાળુ વેકેશનનાં વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૫ થી ૧૬ વર્ષ નાં દરેક બાળકો ભાગ લેતા હોય છે. આ વર્ષે પણ સમર વેકેશન મીની માઇન્ડ વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યુ છે. વર્કશોપ માં કરાટે,યોગા, કેરમ, તેમજ સાંજ ના વર્કશોપ માં ગ્લાસ પેઇન્ટીંગ, મેગેજીન કાફ્ટ, કલર ટેકનીક જેવા વર્કશોપ માં ૩૦૦ જેટલા ભૂલકાઓએ ભાગ લઇ વેકેશન સમયનો સદ્ઉપયોગ કરી કંઇક નવું શિખ્યા. તેમજ રંગપુરણી, ડ્રોઈગ, ફોક - વેસ્ટર્ન ડાન્સ, ગરબા તાલીમ તેમજ પર્સનાલીટી ડેવલપમેન્ટનાં વર્કશોપમાં પણ બહોળી સંખ્યામાં બાળકો ભાગ લીધો હતો.વર્કશોપ પૂરો થયે બાળકોને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા હતા.



# કાંદિવલી પાવનધામના આંગણે રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિમ.ના દર્શનાર્થે આવેલા મહારાષ્ટ્રના સી.એમ.દેવેન્દ્ર ફડણવીસ

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મહાપ્રભાવક શ્રી ઉવસંગ્ગહર સ્તોત્રની સાધના કરી

રાજકોટ,તા.૨૧

કાંદિવલી (મુંબઈ) પાવનધામના આંગણે બિરાજતા રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિમ.ના દર્શનાર્થે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ આવેલા હતા.અને તેમના સાંનિધ્યમાં મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના કરી હતી. રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિમ.ની નિશ્રામાં લઘુસર્વતામદ્ર તપ તથા વર્ષીતપના તપસ્વીઓનો પારણા મહોત્સવ ધર્મોલ્લાસ સાથે ઉજવાયો હતો.



### લઘુસર્વતોભદ્ર તપ તથા વર્ષીતપના તપસ્વીઓનો પારણા મહોત્સવ ઉજવાયો

ત્યાગ અને તપસ્યા એ જૈન શ્રાવકોનું આભૂષણ કહેવાય છે અને આવું જ એક કઠિન તપ એટલે ૧૦૦ દિવસમાં ૭૫ ઉપવાસ રૂપ શ્રી લઘુસર્વતોભદ્ર મહાતપની શ્રેષ્ઠ આરાધના કરી ધન્ય બનેલા કોલકાતા નિવાસી વિરલદીદી અમિતભાઇ શાહનો એવમ વર્ષીતપ આરાધક શ્રી પથિકભાઈ શાહ, શ્રી રોશનીબેન શાહ, શ્રી અનીશાબેન શાહ, શ્રી મિતાબેન મહેતા, વિજયભાઈ મહેતા, પારુલદીદી શેઠનો તપ અનુમોદના એવમ પારણાં અવસર પાવનધામના આંગણે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે, બોરીવલી વિસ્તારના એમ. એલ. એ.સંજયભાઈ ઉપાધ્યાયની વિશેષ ઉપસ્થિતિ સાથે કોલકાતાના ભાવિકો એવમ લાઈવમાં ઉપસ્થિત હજારો ભાવિકોના તપ અનુમોદનાના ભાવો સાથે ઉજવાયો હતો.

લઘુસર્વતોભદ્ર મહાતપના તપસ્વી શ્રી વિરલદીદીએ તથા તેમનાં પરિવારજનોએ પરમ ગુરુદેવના તેમના પરના અનંત ઉપકારોની ભાવ અભિવ્યક્તિ કરતા કહ્યું હતું કે, ગુરુકૃપા વગર ઉગ્ર તપની આરાધના પૂર્ણ કરવી અશક્ય હતી.

કસોટી આવી પણ ગુરુવર્યોની કૃપાનું બળ જ અસંભવને સંભવ કરી શકે છે તે અમે અનુભવી લીધું. વર્ષીતપની તપસ્યા પર યશકલગી સમાન આયંબિલ વર્ષીતપના આરાધક યુવા તપસ્વી પથિકભાઈએ કેશલૂંચનની આરાધના કરી સ્વયંના વાળ પ્રત્યેના મોહને ઘટાડવાના પુરુષાર્થને સહુએ અહોભાવે વધાવ્યો હતો.

પાવન અવસરે ઉપસ્થિત મુંબઈ બોરીવલીના એમ.એલ.એ શ્રી સંજયભાઈ ઉપાધ્યાયે

પરમ ગુરુદેવનું માર્ગદર્શન અને કૃપા સતત મળતી રહે અને દેશ સેવાના કાર્યમાં વધુમાં વધુ સેવા આપી શકે એવી સદભાવના વ્યક્ત કરી હતી.


બપોરે ૪ વાગે મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટર શ્રી દેવેન્દ્ર ફડણવીસજી ગુરુદેવના દર્શને પધાર્યા હતા. દેવેન્દ્રજી એ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના ગુરુદેવના સાંનિધ્યે કરેલી હતી.

પાવનધામ મધ્યે ચાલી રહેલ બાળકો માટેના સ્પેશ્યલ સમર કેમ્પ અંતર્ગત બાળકોએ પરમ મહાસતીજી દ્વારા પ્રાપ્ત થયેલ બોધવચનો એવમ પ્રેકટીકલ સેશનસ દ્વારા તેઓને જે પ્રેરણા મળી હતી તે પોતાના શબ્દોમાં વર્ણવ્યું હતું.શ્રી જિગીષાબેન રાંભિયાના સુમધુર કંઠે તપ અનુમોદના અવસરમાં ભક્તિભાવે જોડાઈ સહુ એ તપ ધર્મનો જયજયકાર કરતા પાવનધામ ગુંજી ઉઠ્યું હતું.

# અમરિકાથી "માસ્ટર ઓફ સાયન્સ એન્ડ એકાઉન્ટીગ" ની પદવી મેળવતા ભામિની રાણપરા

રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ મ્યુનિસિપલ સેક્રેટરી સી. એન. રાણપરા ના પુત્રવધૂ ભામિની પાથે રાણપરા એ તાજેતરમાં અમેરિકાની ખ્યાતનામ કલકે યુનિવર્સિટી માંથી '' માસ્ટર ઓફ સાયન્સ એન્ડ એકાઉન્ટીગ'' ની પદવી મેળવી છે. તેઓ સોની સમાજના આગેવાન અરૂણભાઇ પારેખના પુત્રી છે. આ પદવી મેળવી તેઓએ તેમના કુટુંબ અને સોની સમાજનું ગૌરવ વધાર્યું છે.














# ભારે ઉકળાટ વચ્ચે વિસાવદરમાં અઢી, કોટડામાં ૨, ગોંડલ-કંડોરણામાં દોઢ ઈંચ

## સૌરાષ્ટ્રના જુનાગઢ, રાજકોટ, અમરેલી જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ : વડીયા–બગસરા દોઢ ઈંચથી પાણી પાણી : પાકને સતત ફટકો

રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્ર-કચ્છમાં ચોમાસા પૂર્વે ભારે બફારા વચ્ચે સારા વરસાદનું ટ્રેલર દેખાવા લાગ્યું છે. ગઇકાલે સાંજે જુનાગઢ, અમરેલી, રાજકોટ જિલ્લામાં ઝાપટાથી માંડી અઢી ઇંચ સુધી વરસાદ પડી ગયો છે.

ગોંડલ યાર્ડમાં માલ પલળી ગયો હતો. સોરઠાના વિસાવદર પંથકમાં અઢી ઇંચ (૬૨ મીમી) પાણી પડયું હતું. એ સિવાય રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણીમાં બે, ગોંડલમાં દોઢ, જેતપુર અડધો ઇંચ, જામકંડોરણામાં દોઢ ઇંચ વસરાદ પડયો હતો. અમરેલીના વડીયા કુકાવાવમાં પણ દોઢ, બગસરા દોઢ, લીલીયા ૧ ઇંચ પાણી વરસ્યું હતું.

આ સિવાય બરવાળામાં પોણો ઇંચ, અમરેલીમાં અડધો, ઉમરાળા, દસાડા, ગઢડા, સાવરકુંડલામાં ઝાપટા વરસ્યા હતા.

**ગોંડલ**

ગોંડલ શહેર અને તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ગત સાંજના ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો.

જેને કારણે માર્કેટિંગ યાર્ડમાં ભારે પવનના કારણે વૃક્ષો પડી ગયા. અને શેડ બહાર રખાયેલ ડુંગળી પલળી ગઇ હતી.

ગત સાંજે દિવસભર નાં બફારા બાદ સાંજે આકાશી રુખ બદલાતા વિજળીની ગાજવીજ તથા ભારે પવન વચ્ચે ગોંડલ માં સવા ઇંચ તોફાની વરસાદ વરસતા રાજમાર્ગોપર પાણી ફરી વળ્યા હતા. ગટરમાં પાણી જવાના બદલે ભૂગર્ભ ગટરમાંથી પાણી બહાર નીકળ્યાં હતા.

વરસાદ ને કારણે ખોડિયાર નગર, ઉમવાળા અંડર બ્રિજ,આશાપુરા અંડર બ્રિજ, સાતાપુલ માં પાણી ભરાયા હતા. જેને કારણે નગરપાલિકાની પ્રિમોન્સુન કામગીરી પર પાણી ફરી વળ્યા હતા

માર્કેટીંગયાર્ડના કમિશન એજન્ટ એસોસિએશન પ્રમુખ યોગેશભાઈ કયાડાએ જણાવ્યું હતું કે આજે વાતાવરણમાં એકાએક પલટો આવતા માર્કેટિંગ યાર્ડમાં વાવાઝોડું અને વરસાદનું વાતાવરણ હતું જેના હિસાબે અમારે આખો દિવસ જે સવારે ડુંગળીની આવક કરેલ હતી, શેડમાં ઉતરાવેલ હતી આવક પુષ્કળ પ્રમાણમાં હોય જેમાં થોડીક ડુંગળી બહાર ઉતરાવેલ હતી જેની અમે સૌ પહેલા હરાજી કરવામાં આવી હતી અને આખો દિવસ ડુંગળીના તોલ ચાલતા હોય અત્યારે પાંચ સાડા પાંચ વાગ્યે એકાએક વાતાવરણમાં પલટો આવતા જે ખેડૂતોનો માલ જોખાઈ ગયો છે વેપારીઓનો માલ જે લીધેલા બહાર પડ્યા હતા ગાડીઓ હજી લોડિંગ નહોતી થઈ તેવા અમુક વકલો માથે વરસાદ પડતા નુકસાન થવા પામી હતી.

**અમરેલી જિલ્લો**

અમરેલી, ખાંભા સહિતનાં વિસ્તારમાં ગઈકાલે બપોર બાદ હવામાન વિભાગની આગાહી અનુસાર હળવાથી લઈને થોડીવાર માટે ધોધમાર વરસાદ પડેલ હતો.

શહેરમાં સવારથી અસહ્ય બફારો અને ગરમીનો માહોલ જોવા મળ્યા બાદ બપોર બાદ અચાનક ધસી આવ્યા ધરાટોપ વાદળો ભારે પવન સાથે ધીમી ધારે વરસાદનું આગમન થયું હતું. અને સામાન્ય વરસાદથી શહેરનાં સરદાર સર્કલ સહિતનાં વિસ્તારોમાં પાણી ભરાયા હતા. હવામાન વિભાગની આગાહી અનુસાર ફરી ખાંભા ગીર પંથકમાં કમોસમી વરસાદ પડયો હતો અને ખાંભા ગીરના ગામડાઓમાં દાઢીયાળી, પીપળવા ગીદરડી સહિત ગામોમાં ફરી કમોસમી વરસાદ ખાબકયો હતો. આ કમોસમી વરસાદ ખેડુતોને ડુંગળી, તલ, બાજરી, કેરી સહિતના પાકને મોટા પ્રમાણમાં નુકસાને વેઠવાનો વારો આવ્યો છે ત્યારે જગતના તાતને મોય આવેલો કોળિયો જ જુટવાય ગયો છે ત્યારે ખાંભા ગીર તેમજ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો સરકાર પાસે સહાયની માંગ કરી રભ છે.

**ચલાલા**

અમરેલી જિલ્લામાંગઈકાલે સાંજના ૪ વાગ્યાથી જોરદાર વાવાઝોડું ત્રાટકયું હતું. ધોધમાર વરસાદથી ચલાલાના સ્ટેશન રોડ વિસ્તારમાં વીજળી પોલ ઉપર વીજળી પડતાં વીજ પુરવઠો બંધ રહ્યો હતો. જોરદાર પવન સાથે આવેલ વરસાદને કારણે કેરીના બગીચામાં રહેલી કેરીઓ પડતા ઈજારો રાખનારને મોટી આર્થિક નુકસાની ભોગવવાનો વારો આવી પડયો છે.

**વડીયા**

સમગ્ર રાજયમાં હાલ ત્રણ દિવસ માવઠા રૂપી વરસાદી માહોલ સર્જવાની આગાહી છે ત્યારે આગાહી ના પ્રથમ દિવસે જ અમરેલી જિલ્લા ના છેવાડાના ગ્રામીણ તાલુકા મથક એવા વડિયા માં સમી સાંજે વીજળી ના કડાકા સાથે ધોધમાર દોઢ ઇંચ (૪૧મીમી )વરસાદ ખાબક્યો હતો. આ વરસાદ થી વડિયાની મુખ્ય બજારો માં પાણી પાણી થઇ ગયુ હતુ.

ઉનાળુ પાક માટે વડિયા અને આસપાસ ના ગ્રામીણ વિસ્તાર માં તલ, મગ, અડદ, ડુંગળી જેવા પાકો નુ વાવેતર થયેલું હોય પાક તૈયાર થવાની તૈયારી માં હોય તે સમયે જ મેઘરાજા એ માવઠા રૂપી કહેર વરસાવતા ખેડૂતો ને પારાવાર નુકશાની નો સામનો કરવો પડ્યો છે. હાલ તો આ વિસ્તાર માં દીવસે ધોમધકતો તાપ અને સાંજે વરસાદી માહોલ જેવી બેવડી ઋતુ જોવા મળતા અને પાણીના ખાબોચિયાઓ અને કીચડ નુ સામ્રાજ્ય પણ સર્જાતા રોગચાળો વકરે તો પણ નવાઈ નહિ ત્યારે આ બાબતે આરોગ્ય વિભાગ પણ જાગે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.

**જેતપુર**

જેતપુર વિસ્તારમાં અસહ્ય ગરમી અને બફારા બાદ ગઇકાલે સાંજે વાતાવરણમાં એકાએક આવેલા પલ્ટા બાદ કમૌસમી વરસાદ ખાબકી પડતા માર્ગો પર પાણી નીકળી ગયા હતા સાંજના ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન ઝરમર સ્વરૂપે આ વરસાદ પડી જતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

## ભાવનગરમાં સવારે ૩૦ કિ.મી. ની ઝડપે ભારે પવન ફૂંકાયો

### તળાજામાં અડધો ઈંચ વરસાદ

**(વિપુલ હિરાણી) ભાવનગર તા.૨૨**

ગોહિલવાડ પંથકમાં આજે સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. સવારે ૭ વાગે તે જ પવન ફૂંકાયો હતો. જ્યારે જિલ્લાના તળાજા પંથકમાં અડધો ઇંચ વરસાદ પડ્યો હતો. જિલ્લાના અન્ય તાલુકામાં પવન સાથે છૂટો છવાયો વરસાદ પડ્યો હતો. ભાવનગર શહેર અને જિલ્લામાં ફરી કમોસમી વરસાદનો માહોલ ઊભો થયો છે. ગઈકાલે રાત્રે શહેરમાં વરસાદનું ઝાપટું પડી આ બાદ આજે સવારે સાત વાગે શહેરમાં ૩૦ કિ.મી. પ્રતિ કલાક ની ઝડપે ભારે પવન ફૂંકાયો હતો. તળાજામાં ૧૫ મી.મી., ગારીયાધારમાં ૫ મી.મી. , મહુવામાં ૨ મી.મી.અને જેસરમાં ૫ મી.મી. વરસાદ નોંધાયો છે.

## જૂની કલેકટર કચેરીમાં રેશનકાર્ડ e-KYC માટે લોકોની લાંબી કતારો





જૂની કલેક્ટર કચેરી પાઉન્ડમાં આવેલી ઝોનલ કચેરીના કંમ્પાઉન્ડમાં ખાતે આજે લોકોની ભારે ભીડ જામી હતી. e-KYC કરાવવા અને રેશનકાર્ડમાં સુધારા-વધારા કરાવવા માટે લોકો ઉમટી પડયા હતાં.

તાજેતરમાં, જે લોકોએ e-KYC કરાવ્યું નથી, તેમનું રાશન બંધ કરી દેવામાં આવ્યું છે, જેને કારણે મોટી સંખ્યામાં લોકો e-KYC કરાવવા માટે ઉમટી પડ્યા હતા. રાશન મળતું બંધ થતા, ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો માટે આ એક તાતી જરૂરિયાત બની ગઈ છે. જયારે બીજી રેશનકાર્ડમાં નામ ઉમેરવા, કમી કરવા કે સરનામું બદલવા જેવા સુધારા-વધારા માટે પણ લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

## કાલથી GFSI દ્વારા બે દિવસ રિન્યુએબલ ઊર્જાના ભવ્ય એક્સપો RE NETWORK-૨૦૨૫ નું આયોજન

### અમદાવાદ ખાતે મુખ્યમંત્રી અને ઉર્જા મંત્રીના હસ્તે ઉદઘાટનઃ એક્સ્પોમાં ગુજરાતની અગ્રણી કંપનીઓએ ભાગ લેશે

રાજકોટ, તા.૨૧

દેશમાં સોલાર ઉત્પાદન ક્ષેત્રએ ગુજરાત રાજ્ય દેશમાં અગ્રેસર રહ્યું છે અને દેશમાં સૌથી વધુ સોલાર પેનલ અને સોલાર સેલ બને વિન્ડ મીલનું ઉત્પાદન માત્ર ગુજરાત રાજ્યમાં થઈ રહ્યું છે, ત્યારે ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઇન્ડસ્ટ્રીઝ દ્વારા દેશની રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રની અગ્રણી કંપનીઓથી લઈને PM-SURYA-GHAR યોજનાના ચેનલ પાર્ટનરોને સાથે રાખીને GFSI દ્વારા ભવ્ય RE NETWORK-2025 એક્સ્પો નું આયોજન અમદાવાદ ખાતે તા. ૨૨ અને ૨૩ મે ના રોજ કરેલ છે.

જેમાં દેશ અને ગુજરાતની અગ્રણી કંપનીઓએ ભાગ લીધો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની દ્વારા RE NETWORK-2025 નું ઉદઘાટન કરાશે. તા. ૨૨ મે ના રોજ સવારે ૧૦ કલાકે આ એક્સપો ખુલ્લો મુકાશે. મુખ્યમંત્રી દ્વારા 'RE NETWORK-2025 એક્સપોને ગુજરાત સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ મળી રહે એ હેતુથી ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઇન્ડસ્ટ્રીઝના કમિટી મેમ્બર્સની મીટીંગ ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ અધિક સચિવ એસ. જે. હૈદર સાથે મુલાકાત કરેલ અને ઉર્જા વિભાગ દ્વારા RE NETWORK એક્સપોને વધુમાં વધુ સહયોગ મળેલ છે અને ઉર્જા વિભાગનું પેવિલીન પણ લગાવશે છે. તેમજ ગુજરાત રાજ્યની Industies કમિશનર, GIDC, GEDA વિભાગ ના પણ બુથ લાગેલ છે.આ ક્ષેત્રમાં સરકારની યોજનાઓ, પોલિસી, નવી ટેક્નોલોજી અને નાણાકીય બાબતોની જાણકારી વધુમાં વધુ ઉદ્યોગકારોને મળી રહે એવા હેતુથી અમદાવાદ ખાતે ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ કિશોરસિંહ ઝાલા, સચિન શાહ, નિલેષ પટેલ, ફાલ્ગુન ભટ્ટ, રાજેશ જોશી વગેરે દ્વારા ગુજરાતમાં સોલાર ઉર્જાનું ભવ્ય પ્રદર્શન અને સંવાદ RE NETOWRK-2025 Expo Conclave નું આયોજન Club O7 ખાતે કરેલ છે. જેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની વિવિધ વિભાગો દ્વારા ઊર્જાને લગતા સેમિનારનું આયોજન માર્ગદર્શન લેવામાં આવશે. આ કાર્યક્રમથી ગુજરાત રાજ્યના ઊર્જા ક્ષેત્રે એક નવી દિશા મળશે અને રાજ્યના ઊર્જા ઉદ્યોગને એક અલગ વેગ મળશે.

**સરકારની યોજનાઓ, પોલિસી, નવી ટેક્નોલોજી અને નાણાકીય બાબતોની જાણકારી ઉદ્યોગકારોને મળશે**

## સોનામાં ફરી ઉછાળોઃ રૂ. ૯૯૦૦૦ નજીક પહોંચ્યું

રાજકોટ, તા.૨૧

સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. જેમાં આજે સોનામાં રૂ. ૨૮૦૦ નો ધરખમ વધારો થયો છે. આ ઉપરાંત ચાંદીમાં પણ ભાવ વધ્યા છે. જેને પગલે ચાંદી ફરી એકવાર ૧ લાખને પાર પહોંચી ગયું છે. બે દિવસમાં સોનામાં મોટો ઉછાળો નોંધાયો છે. ત્યારે ફરી એકવાર સોનું ૧ લાખ નજીક પહોંચી ગયું છે.

૧૦ ગ્રામના હિસાબે, ૨૪ કેરેટ સોનું રૂ૯૮૮૦૦અને ૨૨ કેરેટ સોનું રૂ.૯૧૩૦૦ સુધી પહોંચી ગયું છે. આંતરરાષ્ટ્રીય બજાર ઉથલપાથલ ના કારણે ભાવ વધારો થયો છે. સોનાના ભાવ ૩,૩૦૫.૩૯ પ્રતિ ઔંસ સુધી પહોંચ્યા છે, જે એક અઠવાડિયાના ઉચ્ચતમ સ્તર છે. આ વૃદ્ધિનું મુખ્ય કારણ અમેરિકન ડોલરની નબળાઈ અને યુએસના નાણાકીય અનિશ્ચિતતા છે .







## સિવિક સેન્ટર બહારની ગટર છલકાતી બંધ કરવા પણ શું મોન્સુન પ્લાન ઘડવો પડશે?

મ્યુનિ. કોર્પોરેશનના સેન્ટ્રલ ઝોન સિવિક સેન્ટરમાં જન્મ-મરણના દાખલાના કામ માટે રોજ સેંકડો અરજદારો આવે છે પરંતુ આ કામગીરી માત્ર ત્રણ કોમ્પ્યુટર પર ચાલતી હોય, ગત સમાહે આરોગ્ય સમિતિ ચેરમેન કેતન પટેલે અધિકારીઓ સાથે જઇને હાલત જોઇ હતી. બાદમાં તાત્કાલીક અસરથી આધાર કેન્દ્રવાળા બિલ્ડીંગમાં વધુ ચાર સિસ્ટમ આ કામગીરી માટે મુકાવતા થોડી રાહત થઇ છે. આમ છતાં હજુ લાઇનો ઓછી થતી નથી તે હાલત આજે પણ જોવા મળી હતી. અધુરામાં પુરૂ બિલ્ડીંગ બહાર જ આવેલી ગટરની કુંડી અવારનવાર છલકાતી રહે છે. તમામ મુખ્ય અધિકારી અને પદાધિકારીઓ જયાં બેસે છે એ કચેરીના સિવિક સેન્ટર બહાર આજે પણ કુંડી છલકાતા ગંદુ પાણી છેક પદાધિકારીઓના પાર્કિંગ સુધી પહોંચ્યું હતું. તો બાજુમાં વોટર કુલરની ચોકડીમાં પણ ગંદી હાલત જોવા મળી હતી. હવે આ એક કુંડી પુરતો પણ શું કોર્પોરેશન અલગથી મોન્સુન પ્લાન બનાવવા માંગે છે તેવો સવાલ અહીં લાઇનમાં ઉભા રહેલા નાગરિકો પૂછતા હતા.**(તસ્વીર : દેવેન અમરેલીયા)**

## પુટીન-જીનપીંગ

(પહેલા પાનાનું ચાલું)

અને કેમલીન જે રશિયાના પાટનગરનો મુખ્ય રેડસ્કેપર ધરાવે છે ત્યાં વ્લાદીમીર પુટીનની સાથે ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગ પણ સામેલ હતા અને તે સમયે મોસ્કો પર એક મોટો ત્રાસવાદી હુમલો થયો હતો. તે રશિયાએ તે મારી હટાવ્યો હતો. હાલમાંજ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીતમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીને તે ઘટસ્ફોટ કર્યો હતો. વિકટરી ડે પરેડ પુર્વે રેશિયાએ યુક્રેન સાથે ત્રણ દિવસનું યુદ્ધ વિરામ જાહેર કર્યુ હતું. જો કે તે સમયે પણ યુક્રેન તરફથી આવતા સેંકડો ડ્રોન તોડી પાડયા હતા.

રશિયાએ આ સમયે ૫૨૪ ડ્રોન અને સ્ટ્રોન વેગે મિસાઈલ તોડી પાડયા હતા અને તે સમયે મોસ્કો પર ત્રાસવાદી હુમલાનો પણ ખતરો સર્જાયો હતો પણ રશિયાએ આ હુમલો નિષ્ફળ બનાવ્યો હતો. જો કે રશિયાએ આ અંગે કોઈ વધુ વિગતો જાહેર કરી નથી. રશિયાએ ભૂતકાળમાં સેવન વિદ્રોહીઓના ત્રાસવાદી હુમલાનો સામનો કર્યો હતો અને અનેક હુમલામાં સેંકડો રશિયનોએ જીવ ગુમાવ્યા હતા.

## નેશનલ હેરલ્ડ

(પહેલા પાનાનું ચાલું)

રૂા.૧૪૨ કરોડ કમાયા છે. એડીશનલ સોલીસીટર જનરલ એસ.વી.રાજુએ ટ્રાયલ કોર્ટને માહિતી આપી કે નેશનલ હેરલ્ડની સંપતિ નવે.૨૦૨૩માં જપ્ત કરવામાં આવી હતી ત્યાં સુધી સોનિયા-રાહુલ તેની આવકનો લાભ લઈ રહ્યા હતા અને આ રીતે રૂા.૧૪૨ કરોડની આવક અપરાધીક રીતે મેળવી છે. ઈડીની ખાસ અદાલતના ન્યાયમૂર્તિ વિશાલ ગોંગ્ને સમક્ષ તેઓએ આ દલીલો કરી હતી. ઈડીએ આરોપ મુકયો કે આ રીતે ગુન્હાહીત રીતે મેળવેલી આવક જ નહી પરંતુ તે આવક પોતાની પાસે રાખતા સમયે પણ મની લોન્ડ્રીંગ કર્યુ હતું. જો કે અદાલતે પણ એડીશનલ સોલીસીટર જનરલને અનેક પ્રશ્નો પુછયા હતા. જો કે અદાલતે કહ્યું કે તમામ એજન્સીએ કેટલીક બાબતોને અપરાધની કમાણી છે તે સાબીત કરવું પડશે. શું શેર સંપતિ અને ભાગની આવક એ મની લોન્ડ્રીંગના ઉદેશથી જ અપરાધની આવક તરીકે દર્શાવી શકશે તે પણ નિશ્ચિત કરવું પડશે. હવે આ કંપની સુનાવણી તા.૨થી૮ જુલાઈ વચ્ચે રોજબરોજના ધોરણે કરાશે.

## આઈટી રિટર્ન

(પહેલા પાનાનું ચાલું)

૧૨ મહિનામાં આઈટીઆર-યુ ફાઈલ કરવા પર ૨૫ ટકા વધારાનો ટેકસ અને ૨૪ મહિનામાં ફાઈલ કરવા પર ૫૦ ટકા વધારાનો ટેકસ ચૂકવવો પડશે. ૩૬ મહિનામાં આઈટીઆર-યુ ફાઈલ કરવા પર ૬૦ ટકા અને ત્યારબાદ ૪૮ મહિનામાં ફાઈલ કરવા પર ૭૦ ટકા વધારાનો ટેકસ આપવો પડશે.

જો સંબંધીત એસેસમેન્ટ યરમાં ઈન્કમટેકસ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યુ હોય અને આઈટીઆર-યુ ફાઈલ કરવાનું હોય તો કરદાતાએ ઓરિજીનલ આઈટીઆરનો એકનોલેજમેન્ટ નંબર ઉપલબ્ધ કરાવવો પડશે. આઈટીઆર-યુ એવી સ્થિતિમાં ફાઈલ કરવામાં આવી શકે છે. જયારે ઈન્કમની સાચી જાણકારી આપવામાં ન આવી હોય. પહેલા આઈટીઆર ફાઈલ ન કરવામાં આવ્યા હોય અને ખોટા ઈન્કમ હેડસ કે ખોટા ટેકસ રેટ પસંદ કરવામાં આવ્યા હોય. આઈટીઆર-યુ જો કે ત્યારે ફાઈલ નથી કરી શકાતા. જયારે તેને લઈને ઈન્કમ ઘટતી જોવા મળતી રહી હોય કે ઈન્કમટેકસ રિફંડ કલેમ કરવામાં આવી રહ્યો હોય.

## નેશનલ સ્પોટ એક્સચેંજ

(છેલ્લા પાનાનું ચાલું)

અશ્વિની ગુપ્તા (કંપની સેક્રેટરી)ની સ્ક્રુટિનાઇઝર તરીકે અને મુકેશ મિત્તલ (નિવૃત્ત આઇઆરએસ અધિકારી) ની ચેરપર્સન તરીકે નિમણૂક કરી હતી.

મતદાન ૨૦૨૫ની ૧૭ એપ્રિલે શરૂ થઈને ૨૦૨૫ની ૧૭ મેએ પૂરું થયું હતું.

સ્ક્રુટિનાઇઝરે સુપરત કરેલા અને = ચેરપર્સને ૨૦૨૫ની ૧૯ મેએ મંજૂર કરેલા ઈ-વોટિંગનાં પરિણામ વિશેના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મૂલ્યની દૃષ્ટિએ ૯૧.૩૫ ટકા હિસ્સો ધરાવતા ટ્રેડર્સે અને સંખ્યાની દૃષ્ટિએ ૯૨.૮૧ ટકા ટ્રેડર્સે સેટલમેન્ટના ઠરાવની તરફેણમાં મતદાન કરીને એના પર મંજૂરીની મહોર મારી હતી.

આ સેટલમેન્ટને પગલે એ તમામ ટ્રેડર્સને મોટી રાહત મળશે જેમનાં નાણાં જુલાઈ ૨૦૧૩માં સર્જાયેલી ગજાઉક પેમેન્ટ કટોકટીમાં ફસાઈ ગયાં હતાં.

નોંધનીય છે કે NSELએ ઑગસ્ટ ૨૦૧૩માં ૬૩ મૂન્સના સહયોગથી ૧૭૯ કરોડ રૂપિયાની ચુકવણી કરી હતી જેની મદદથી ૧૦ લાખ કરતાં ઓછી લેણી રકમ ધરાવતા ૭૦૫૩ નાના ટ્રેડર્સને લાભ મળ્યો હતો. ૬૩ મૂન્સ ફરી એક વાર ટ્રેડર્સના પડખે રહી છે. ૬૩ મૂન્સના એમડી-સીઈઓ એસ. રાજેન્દ્રે કહ્યું હતું કે 'ભારતમાં આવા પ્રકારનું પ્રથમ સેટલમેન્ટ થયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી ૬૩ મૂન્સ આ સેટલમેન્ટને પાર પાડી શકશે એવો વિશ્વાસ છે.'

## સિંહો

(પહેલા પાનાનું ચાલું)

૫૮ તાલુકાના ૩૫ હજાર ચોરસ કિ.મી વિસ્તારમાં વનકર્મીઓ અને સરપંચો, ગ્રામજનો સહિત ૩૮૫૪નું માનવ બળ આ કામગીરીમાં જોડાયું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વસ્તી અંદાજોના આંકડાઓની જાહેરાત કરી તે અવસરે વન મંત્રી મુળુભાઈ બેરા, રાજ્ય મંત્રી મુકેશ પટેલ, મુખ્ય સચિવ પંકજ જોષી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં સિંહ વસ્તી અંદાજની અગાઉની પરંપરાગત પદ્ધતિને બદલીને ટોટલ કાઉન્ટ બાય ડાયરેક્ટ સાઈટિંગ એટ બ્લોક સિસ્ટમ પદ્ધતિ કરાવી હતી.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનએ ૭૪માં સ્વતંત્રતા દિવસે સિંહોના લાંબાગાળાના સંરક્ષણ અને સંવર્ધન માટે પ્રોજેક્ટ લાયનની કરેલી જાહેરાત અન્વયે તાજેતરમાં નેશનલ વાઇલ્ડ લાઇફ બોર્ડની ગુજરાતમાં યોજાયેલી બેઠકમાં પ્રોજેક્ટ લાયન ૨૦૪૭ના ભવિષ્યલક્ષી આયોજન અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

સિંહ જતન, સંવર્ધન અને સંરક્ષણ માટે વડાપ્રધાનની પ્રતિબદ્ધતા આ પ્રોજેક્ટ લાયન ૨૦૪૭ વધુ સંગીન રીતે સાકાર કરશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ સ્પષ્ટ પણે ઉમેર્યું કે, ભૌગોલિક પરિસ્થિતિ અને આબોહવાની દ્રષ્ટિએ જ નહીં વન્ય પ્રાણી સંરક્ષણના સરકારના કાળજીભર્યા સાતત્યપૂર્ણ અભિગમથી જ સિંહનું સંખ્યાબળ ઉત્તરોત્તર વધ્યું છે.

તેમણે આ અંગેની વધુ વિગતો આપતા કહ્યું કે, ૨૦૦૧માં સિંહની સંખ્યા ૩૨૭, ૨૦૦૫માં ૩૫૯, ૨૦૧૦માં ૪૧૧, ૨૦૧૫માં ૫૨૩ અને ૨૦૨૦માં ૬૭૪ હતી તે હવે વધીને ૮૯૧ થઈ છે.

મુખ્યમંત્રીએ સિંહની વસ્તીના અંદાજો મેળવવામાં જે મોર્ડન ટેકનોલોજીનો વિનિયોગ કરવામાં આવ્યો છે તેની વિસ્તૃત ભૂમિકા પણ આપી હતી. વ્યક્તિગત ઓળખમાં મદદ થાય તે હેતુથી ફોટોગ્રાફ્સ લેવા માટે ડિજિટલ કેમેરા, કેમેરા ટ્રેપ્સ જેવા વિવિધ ટેકનોલોજીકલ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમુક સિંહોને રેડિયો કોલર પણ પહેરાવવામાં આવ્યા હતા જેથી તે સિંહ તેમજ તેના ગૃપનુ લોકેશન મેળવવામાં મદદ મળી હતી.

આ ઉપરાંત, e-gujforest એપ્લીકેશન સિંહ અવલોકનના રિયલ ટાઇમ ડેટા એન્ટ્રી કરવામાં મદદરૂપ થઈ હતી. જેમાં જીપીએસ લોકેશન અને ફોટાનો સમાવેશ થવાથી ચોકસાઇ અને કાર્યક્ષમતામાં વધારો થયો હતો. જીઆઈએસ સોફ્ટવેરનો ઉપયોગ સર્વેક્ષણ વિસ્તારોને રેખાંકિત કરવા અને સિંહોની હિલચાલ, વિતરણ પેટર્ન અને રહેઠાણના ઉપયોગને ટ્રેક કરવા માટે વિગતવાર નકશા વિકસાવવા માટે કરવામાં આવ્યો હતો. જરૂર જણાય ફોટાનો ઉપયોગ કરી સિંહોની વ્યક્તિગત ઓળખ કરી શકતા AI આધારિત સોફ્ટવેરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ક્યુઆર કોડ

(છેલ્લા પાનાનું ચાલું)

સુચના આપવામાં આવી છે. જેમનું રજીસ્ટ્રેશન થાય છે, પરંતુ ચછકોડ જનરેટ નથી થતો તેના માટે ટેકનિકલ સર્પોટ પણ આપવામાં આવી રહ્યો છે.

ભાજપમાં એવી ચર્ચા ચાલી રહી છે કે વડા પ્રધાનનો કાર્યક્રમ હોય તેમાં મોટી મેદની ભેગી કરવા માટે બસ અને અન્ય વાહનોનો ઉપયોગ થતો હોય છે. તેમાં કોણ આવે છે તે પણ જોવામાં આવતું નથી. પરંતુ પહેલી વાર ભાજપના જ કોર્પોરટેરો, હોદ્દેદારો સાથે પ્રતિષ્છઠિત નાગરિકો પણ છે તેઓને QR કોડ આપવામાં આવી રહ્યાં છે તે નવાઈની વાત છે. જેનો QR કોડ સ્કેન થશે તેમને જ કાર્યક્રમ સ્થળે એન્ટ્રી મળશે, તેમ હોવાથી હવે ક્યુઆર કોડ જનરેટ કરાવવા માટે દોડધામ થઈ રહી છે.

## કન્ફર્મ ટિકિટ

(છેલ્લા પાનાનું ચાલું)

ગુજરાતનાં અમદાવાદનાં કાલુપુર સ્ટેશન ઉપરાંત અસારવા તથા સાબરમતી સ્ટેશનો તેમજ વડોદરા, સુરત, વાપી, ઉધના સહિતનાં સ્ટેશનો પણ આ યાદીમાં સામેલ છે. મધ્યપ્રદેશનાં ઉજ્જૈન સ્ટેશને પણ આ સિસ્ટમ લાગુ પાડવા સૂચવાયું છે. હાલ રેલવે દ્વારા દેશભરનાં અનેક સ્ટેશનોનાં રિડમોડેલિંગ પ્રોજેક્ટ હાથ ધરાયા છે. રેલવે સ્ટેશનો પર હાલ કોઈપણ વ્યક્તિ સરળતાથી પહોંચી શકે તેવી પ્રથા નાબૂદ કરી એક્સેસ કન્ટ્રોલનો નિર્ણય લેવાયો છે. ઉધના જેવાં સ્ટેશનોએ અગાઉ ભારે ભીડના કારણે ભાગદડના બનાવો બન્યા હોવાથી ત્યાં પણ કન્ફર્મ ટિકિટ ધરાવતા પ્રવાસીઓને જ એન્ટ્રીનું વિચારાયું છે.

## બ્લડ કેન્સર

(પહેલા પાનાનું ચાલું)

છે. ભારતમાં આ માટે સ્વદેશી બાયોથેરાપીનો ઉપયોગ કરાયો હતો. આ કેન્સરના ઈલાજના પરિણામો મોલિક્યુલર થેરાપી એન્કોલોજી જર્નલમાં પણ પ્રસિદ્ધ કરાયા છે. જેમાં તબીબો છે. કાર-ટી-થેરપીના માધ્યમથી એક્યુટ લિમ્ફોપ્લાસ્ટીક લ્યુકેમિયા (એ.એલ.એલ.) અને લાર્જ બી સેલ્સ લિમ્ફોમા (એલબીસીએલ)નું પરિક્ષણ દર્દી પર કર્યુ હતું.

## બાનુ મુશ્તાક

(પહેલા પાનાનું ચાલું)

કહાણીઓ દર્શાવાઈ છે. જેમાં બાનુ મુશ્તાકે પિતૃ સત્તાત્મક સમાજમાં રહેતી મુસ્લિમ મહિલાઓની કઠણીઓને માર્મિક રીતે રજૂ કરી છે. ૧૯૯૦ થી ૨૦૨૩ વચ્ચે ત્રણ દાયકા દરમિયાન આવી ૫૦ કહાણીઓ તેમણે લખી હતી. દીપા ભષ્ઠીએ તેમાંથી ૧૨ કહાણીઓ પસંદ કરી તેનો અનુવાદ કર્યો હતો.

## અરબી સમુદ્ર

(પહેલા પાનાનું ચાલું)

બીજી તરફ હવામાન વિભાગ દ્વારા દિલ્હી, પંજાબ, હરીયાણા, ઉત્તર પ્રદેશ જેવા રાજયોમાં પણ હવામાન પલટો થવા સાથે વરસાદ થવાની આગાહી કરી છે.

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતની અધ્યક્ષતામાં યોજાનાર સમારોહમાં જહાજ અર્પણ થશે

# ભારતીય નૌસેનાને આજે એવું જહાજ મળશે જે દુનિયામાં કોઈની પાસે નથી!




## પાંચમી સદીની પરંપરાગત શૈલીમાં આ જહાજનું નિર્માણ કરાયુ છેઃ અજંતાની ગુફાઓના ચિત્રથી પ્રેરિત આ જહાજને કેરળના હજારો કારીગરોએ બનાવ્યું છેઃ જહાજની પ્રથમ સમુદ્રી યાત્રા ગુજરાતથી ઓમાન વચ્ચે થશે

નવી દિલ્હી તા.૨૧

ભારતીય નૌસેનાના બેડામાં આજે એક એવું જહાજ સામેલ થશે જે આજે દુનિયામાં કોઈની પાસે નથી. આ જહાજની ખાસિયત એ છે કે ભારતની પ્રાચીન પદ્ધતિથી આ સ્ટીચ્ડ જહાજ તૈયાર કરવામાં આવ્યું છે. ઈ.સ.ની પાંચમી સદીની પદ્ધતિથી આ જહાજ બનાવવામાં આવ્યું છે, જેમાં લાકડાની પતવારો છે. આ જહાજની પ્રથમ યાત્રા ગુજરાતથી ઓમાન વચ્ચે થશે, જેની તૈયારી થઈ ચૂકી છે. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતની અધ્યક્ષતામાં કારવાર બેઝ પર ભવ્ય





સમારોહમાં આ જહાજ અર્પણ કરાશે.

ભારતીય નૌકાદળ ૨૧ મે ૨૦૨૫ના રોજ કારવાર સ્થિત નેવલ બેઝ ખાતે એક ઔપચારિક કાર્યક્રમ દરમિયાન પ્રાચીન દરિયાઈ જહાજને સામેલ કરશે અને તેનું નામ જાહેર કરશે. સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત મુખ્ય અતિથિ તરીકે આ સમારોહની અધ્યક્ષતા કરશે, આ સ્ટીચ્ડ જહાજ ૫મી સદીના વહાણનું પુનર્નિર્માણ છે. જે અજંતા ગુફાઓના ચિત્રથી પ્રેરિત છે. આ પ્રોજેક્ટ ઔપચારિક રીતે જુલાઈ ૨૦૨૩માં સંસ્કૃતિ મંત્રાલય, ભારતીય નૌકાદળ અને મેસર્સ હોદી ઈનોવેશન વચ્ચે હસ્તાક્ષર કરાયેલા ત્રિપક્ષીય કરાર દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં સંસ્કૃતિ મંત્રાલય તરફથી ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. પૂર્ણ થયેલા જહાજનું કીલ બિછાવવાનું કામ ૧૨ સપ્ટેમ્બર ૨૩ના રોજ થયું હતું

આ સ્ટીચ્ડ જહાજ સંપૂર્ણપણે પરંપરાગત પદ્ધતિઓ અને કાચા માલનો ઉપયોગ કરીને કેરળના કારીગરો દ્વારા બનાવવામાં આવ્યું હતું. જેનું નેતૃત્વ માસ્ટર શિપરાઈટ બાબુ શંકરન દ્વારા કરવામાં આવ્યું હતું. આ જહાજ ફેબ્રુઆરી ૨૦૨૫માં મેસર્સ હોડી શિપયાર્ડ, ગોવા ખાતે લોન્ચ કરવામાં આવ્યું હતું. ભારતીય નૌકાદળે મેસર્સ હોદી ઈનોવેશન અને પરંપરાગત કારીગરોના સહયોગથી કોન્સેપ્ટ ડેવલપમેન્ટ, ડિઝાઇન, ટેકનિકલ માન્યતા અને ફેબ્રિકેશન સહિત પ્રોજેક્ટના અમલીકરણના સમગ્ર સ્પેક્ટ્રમની દેખરેખ રાખી છે. ડિઝાઇન અને બાંધકામમાં અનન્ય તકનીકી પડકારો ઉભા થયા હતા. કોઈ હયાત બ્લુપ્રિન્ટ્સ અથવા ભૌતિક અવશેષો વિના, ડિઝાઇન દ્વિ-પરિમાણીય કલાત્મક પ્રતિમાઓમાંથી મેળવવી પડી હતી. જહાજના દરેક પાસાને ઐતિહાસિક પ્રામાણિકતા અને દરિયાઈ યોગ્યતા વચ્ચે સંતુલન જાળવવું પડ્યું છે. જેના કારણે ડિઝાઇન પસંદગીઓ નવીન અને પ્રાચીન ભારતની દરિયાઈ પરંપરાઓ સાથે સુસંગત હતી. ટાંકાવાળા હલ, ચોરસ સઢ, લાકડાના ભાગો અને પરંપરાગત સ્ટીયરિંગ મિકેનિઝમનું મિશ્રણ આ જહાજને વિશ્વના કોઈપણ અન્ય નૌકાદળ સેવાના જહાજોથી અલગ બનાવે છે. નૌકાદળમાં સામેલ થયા પછી આ પ્રોજેક્ટ તેના બીજા મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશ કરશે, જ્યાં ભારતીય નૌકાદળ પરંપરાગત દરિયાઈ વેપાર માર્ગો પર આ જહાજનું સંચાલન કરવાના મહત્વાકાંક્ષી પડકારનો સામનો કરશે. જેનાથી પ્રાચીન ભારતીય દરિયાઈ યાત્રાની ભાવના ફરી જીવંત થશે. ગુજરાતથી ઓમાન સુધીના જહાજના પ્રથમ ટ્રાન્સઓસેનિક સફર માટે તૈયારીઓ પહેલાથી જ ચાલી રહી છે. સ્ટીલ્થ જહાજનું બાંધકામ પૂર્ણ થવાથી ભારતના સમૃદ્ધ જહાજ નિર્માણ વારસાની પુષ્ટિ થાય છે. પરંતુ ભારતના દરિયાઈ વારસાની જીવંત પરંપરાઓનું જતન અને સંચાલન કરવાની ભારતીય નૌકાદળની પ્રતિબદ્ધતા પણ પ્રતિબિંબિત થાય છે.

---

ખૂબસૂરત ટ્રાવેલ યુ-ટ્યુબર જયોતિ ત્રણ વખત પાકિસ્તાન ગઈ હતીઃ છેક અફઘાન સીમા સુધી પહોંચી હતી

# પહેલગામ હુમલા સમયે પણ જયોતિ પાક. જાસૂસના સંપર્કમાં હતીઃ NIA તપાસમાં જોડાઈ

## દાનિશ અને જયોતિના વોટસએપ ચેટ અને લેપટોપની માહિતી પણ મેળવાઈ



નવી દિલ્હી તા.૨૧

પહેલગામ હુમલા બાદ ભારતમાં સક્રીય પાકિસ્તાની જાસૂસો પર બોલાવવામાં આવી રહેલી ધોંસમાં ટ્રાવેલ યુ-ટ્યુબર જયોતિ મલ્હોત્રાના રોજ નવા નવા જાસૂસી રહસ્યો ખુલ્યા છે અને સમગ્ર તપાસનો દૌર હવે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ પોતાના હાથમાં લઈ લીધો છે અને તેને પહેલગામ પણ લઈ જઈને તે કોને કોને મળી હતી તે નિશ્ચિત કરાશે. પાકિસ્તાન દૂતાવાસમાં રહેલા એક અધિકારી કે જે અન્ડર કવર પાકિસ્તાની જાસૂસ હતા તે દાનિશ અને જયોતિની મિત્રતા જાણીતી હતી અને જયોતિને પાકિસ્તાનમાં વીવીઆઈપી સુવિધાઓ પણ દાનિશે ગોઠવી હતી. તપાસ એજન્સી હાલ જો કે કોઈ રહસ્ય ખોલતી નથી.પરંતુ જયોતિના મોબાઈલ તેમજ લેપટોપના ડેટા પણ મેળવાઈ રહ્યા છે. માર્ચના આખરમાં તે પહેલગામ પહોંચી હતી. એટલું જ નહી હુમલા પહેલા તે દિલ્હીમાં દાનિશને મળી હતી અને બંને વચ્ચે વોટસએપ ચેટ પણ થતી હતી. એટલું જ નહી તે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીના અધિકારીઓ સાથે પણ સંપર્કમાં હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે પહેલગામ હુમલા પછી જે તનાવ સર્જાયો અને ઓપરેશન સિંદુર પણ થયુ તે સમયે પણ જયોતિ સક્રીય હતી અને પાકિસ્તાનના ઈન્ટેલીજન્સ ઓપરેટીવ સાથે તે સતત વાતચીત કરતી હતી.

જયોતિની તપાસમાં મીલીટ્રી ઈન્ટેલીજન્સ પણ જોડાઈ છે. જયોતિ ત્રણ વખત પાકિસ્તાન જઈ આવી છે. એટલું જ નહી પાકિસ્તાન તેમજ અફઘાનીસ્તાનની સીમા સુધી તે પહોંચી હતી અને ત્યાં પણ વિડીયો બહાર આવ્યા છે. જયોતિના બેન્ક ખાતાની પણ તપાસ કરવામાં આવી છે. તેણે વિદેશી ચલણમાં પણ લેવડદેવડ કરી હોવાનું ખુલ્યુ હતું.

### હવે પહેલગામ લઈ જઈને સ્થાનિક કોન્ટેકો તપાસાશેઃ છ કલાક સુધીની પુછપરછમાં બેન્ક ખાતા અને વિદેશી ભંડોળની લેવડદેવડ પણ ચકાસણી હેઠળ



### જયોતિ પાકિસ્તાની ઉચ્ચ અધિકારી સાથે લગ્ન કરવા માંગતી હતી

પાકિસ્તાની જાસૂસ તરીકે જાહેર થયેલી જયોતિ મલ્હોત્રા વાસ્તવમાં કોઈ પાકિસ્તાની ઉચ્ચ અધિકારી સાથે લગ્ન પણ કરવા માંગતી હોવાનું ખુલાસો થયો છે જેમાં દાનિશ સાથે તેનું નામ જોડાઈ રહ્યું છે. જો કે ભારતે પહેલગામ હુમલા પછી દાનિશ સહિતના અધિકારીઓને ભારતમાંથી તગડી મુકયા છે પણ જયોતિની વોટસએપ ચેટમાંથી એ બહાર આવ્યું છે કે તે કોઈ પાકિસ્તાની સાથે લગ્ન કરવા માંગતી હતી અને તેથી જ વારંવાર તે પાડોશી દેશની મુલાકાત લેતી હતી.

---

ડોકટર જેકીલ અને મિસ્ટર હાઈડની કથાને જીવંત કરતો સિરિયલ કિલર

# ડોકટર ડેથ! ૧૦૦થી વધુ લોકોનો હત્યારો તબીબ હત્યા બાદ મૃતદેહો મગરમચ્છોને ખવડાવી દેતો

## ડોકટર પેરોલ જમ્પ મારીને ફરાર થઈ ગયા બાદ ક્રાઈમ બ્રાન્ચે ફરી ઝડપી લીધોઃ આશ્રમમાં સાધુ બની લોકોની સારવાર કરતો હતો!

નવીદિલ્હી તા.૨૧

ડોકટરનું કામ મરતાને જીવતદાન આપવાનું છે અને આથી જ ડોકટરને દેવદૂત સાથે સરખાવવામાં આવે છે પણ અલીગઢના એક ડોકટરે શૈતાનને શરમાવે તેવા કૃત્યો કર્યા છે. આ સિરિયલ કિલર ડોકટર અને તેની ગેંગે ૧૦૦થી વધુ લોકોની હત્યા કરી છે. એટલું જ નહીં પોલીસ તેને પકડી ન શકે એટલે મૃતદેહોને તે મગરમચ્છોને ખવડાવી દેતો હતો. ડોકટર ડેથના નામથી જાણીતા આ ડોકટર પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયો હતો. જેને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી લીધો છે. આ ડોકટર અલીગઢના પુરેજા ગામનો ડો. દેવેન્દ્રકુમાર શર્મા છે.



આ ડોકટરે પોતદાની ગેંગ સાથે મળીને વર્ષ ૧૯૯૫થી ૨૦૦૪ દરમિયાન ૧૦૦થી વધુ લોકોની હત્યા કરી છે. આ ડોકટરે વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૦૪ દરમિયાન ડો. અમિત સાથે મળીને ગેરકાયદે ૧૨૫ લોકોની કિડની ટ્રાન્સપ્લાન્ટ પણ કરી હતી. વર્ષ ૨૦૦૪માં તેની ધરપકડ બાદ સીરિયલ કિલીંગ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ રેકેટનો ખુલાસો થયો હતો.

ઉલ્લેખનીય છે કે ડો. દેવેન્દ્ર સામે અગાઉ ૨૧ હત્યાના કેસમાં ચાર્જસીટ દાખલ થઈ ચૂકી છે. તેને દિલ્હીમાં ૭ કેસમાં આજીવન કારાવાસ અને ગુરૂગ્રામમાં એક કેસમાં ફાંસીની સજા જાહેર થઈ ચૂકી છે. જૂન ૨૦૨૩માં તે બે મહિનાના પેરોલ પર બહાર આવ્યો હતો. ત્યારબાદ તે હાજર નહોતો થયો.

ફરાર થયા બાદ તે રાજસ્તાનમાં સોદામાં એક આશ્રમમાં બાબા તરીકે રહેતો હતો. ત્યાં તે લોકોને દવા આપીને સારવાર પણ કરતો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે તેને દોસાથી પકડી લીધો છે. ડો.દેવેન્દ્ર બીએએમએસ ડોકટર છે.

આ ડોકટરે પોલીસ સામે એવી ચોંકાવનારી કબુલાત આપી હતી કે ૫૦ હત્યા કર્યા બાદ તેને યાદ નથી કે તેણે કેટલા લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે.

આ ડોકટરે ૧૯૮૪માં તેનો અભ્યાસ કરીને દોસા આવ્યો હતો અને દોસામાં જનતા કિલનિકના નામે હોસ્પિટલ શરૂ કરી હતી.

ટાવર લગાવવાના કામમાં તેની સાથે ૧૧ લાખની ઠગાઈ થઈ હતી. ત્યાર બાદ તે અપરાધની દુનિયામાં આવી ગયો હતો. શરૂઆતમાં તેણે બોગસ ગેસ એજન્સી ખોલી ઠગાઈ કરી હતી. બાદમાં તેણે પોતાની ગેંગ બનાવી હતી તે ટેકસી-ટ્રક બુક કરાવતો હતો અને તેના ડ્રાઈવરોની હત્યા કરીને શબોને નહેરમાં નાખી મગરમચ્છોને ખવડાવી દેતો હતો અને ટ્રક અને કારોને ગ્રે માર્કેટમાં સારા ભાવે વેચી નાખતો હતો. ડો. અમિત સાથે મળી આ ડોકટર દેવેન્દ્રે કિડની ટ્રાન્સપ્લાન્ટ કૌભાંડ ચલાવ્યું હતું. આ રેકેટમાં તે પકડાયો હતો.

---

# આકાશદીપ રડાર સિસ્ટમે પાક સેનાના મથકોનું પગેરૂ મેળવી લીધુ હતુ

## ભારતીય હુમલા સમયે પાક. સેનાના કમાન્ડર અને જવાનો જીવ બચાવવા મસ્જીદમાં છુપાયા હતા

નવી દિલ્હી તા.૨૧

ઓપરેશન સિંદુર સમયે ભારતે જે રીતે પાક કબ્જાના કાશ્મીર અને પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પણ મિસાઈલ તેમજ ડ્રોન હુમલા કરીને આતંકી કેમ્પોનો ખાત્મો કર્યો પછી પાક સેનામાં એટલો ગભરાટ ફેલાઈ ગયો હતો કે પાકિસ્તાની સેનાના કમાન્ડર સહિતના જવાનો ચોંકીઓ છોડીને મસ્જીદોમાં છુપાઈ ગયા હતા. હાલમાં જ બહાર આવેલી માહિતી મુજબ ભારતીય સેનાએ પાક દળોને જવાબ આપવા કુપવાડાના તંગધાર ક્ષેત્રમાં એલઓસી પાસે લીપા ઘાટી ક્ષેત્રમાં જબરો હુમલો કર્યો હતો અને મોતને વરસતુ જોઈને પાકિસ્તાની કમાન્ડર અને સૈનિકોને જીવ બચાવવા ભાગવુ પડયુ હતું અને તેઓ નજીકની એક મસ્જીદમાં છુપાઈ ગયા હતા. પાકની ૭૫મી ઈન્ફન્ટ્રી બ્રિગેડના કમાન્ડર અને તેના સાથીદારો વચ્ચે જે રેડીયો સંદેશ ભારતીય સેનાએ આંતર્યો હતો તેમાં કમાન્ડર સૈનિકોને મસ્જીદમાં પહોંચી જવા જણાવતો હતો અને એમ કહેતો હતો કે ચોંકીઓ તો ફરી બનાવી લેવાશે અત્યારે જીવ બચાવો.



### ભારતીય સેનાએ આંતરેલા સંદેશાઓ પરથી ઘટ્ટસ્ફોટઃ કમાન્ડર ખુદ સૌથી પહેલા ભાગ્યો હતો

ભારતીય સેનાની ચીનારકોડના અધિકારીઓએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે ભારતે આ ક્ષેત્રમાં પાકની ત્રણ ચોકીઓ શસ્ત્ર અને ઈંધણ ડેપો ઉડાવી દીધો હતો. હવે પાકને તે તૈયાર કરવામાં મહિનાઓ લાગશે. દેશની આકાશદીપ રડાર સીસ્ટમો પાકિસ્તાન તરફથી જે રોકેટ અને ડ્રોન છોડાઈ રહ્યા હતા તેના પરથી આ તમામ ડેપોનું પગેરુ મેળવી લીધુ હતું.

---

# હરિયાણાની મોડલ-ઍક્ટ્રેસ ચર્ચામાઃ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં નરેન્દ્ર મોદીની તસવીરોવાળો નેકલેસ પહેર્યો

ફ્રાન્સમાં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ચાલી રહ્યો છે. આ વર્ષે ઘણી ભારતીય હસ્તીઓ આ પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે પહોંચી છે. રુચિ ગુજ્જર નામની એક મોડલ-ઍક્ટ્રેસ પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપવા પહોંચી હતી. આમ તો તે જાણીતી નથી, પણ રેડ કાર્પેટ પર રુચિના ડ્રેસિંગ અને ખાસ કરીને ગળાના હારના કારણે લોકોનું ધ્યાન તેની તરફ ખેંચાયું હતું કારણ કે રુચિએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તસવીરોથી ડિઝાઈન કરેલો હાર પહેર્યો હતો.



૨૦૨૩માં મિસ હરિયાણાનું ટાઇટલ જીતનાર મોડલ અને અભિનેત્રી રુચિ ગુજ્જરનું કહેવું છે કે આ હાર પહેરીને તેણે નરેન્દ્ર મોદી પ્રત્યે સન્માન વ્યક્ત કર્યું છે. રુચિ પરંપરાગત રાજસ્થાની પોશાકમાં રેડ કાર્પેટ પર ઊતરી હતી. કાનમાં રુચિનો લુક ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની ઝલક રજૂ કરી રહ્યો હતો.

આ હારની પસંદગી વિશે રુચિ ગુજ્જરે જણાવ્યું હતું કે 'મેં જે હાર પહેર્યો છે એ માત્ર ઝવેરાત નથી, પરંતુ એનાથી કંઈક વધુ છે. આ શક્તિ, દૂરદર્શિતા અને વિશ્વ મંચ પર ભારતના ઉત્થાનનું પ્રતીક છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં એને પહેરીને હું મારા દેશના વડા પ્રધાનનું સન્માન કરવા માગતી હતી કારણ કે તેમના નેતૃત્વે ભારતને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે.'

---

# અમેરિકી વિઝા માટે વિદ્યાર્થીની ડીગ્રી તપાસવા ખાસ સેલ ઉભા કરાશે

## મુંબઈ ખાતેની અમેરિકી કોન્સ્યુલેટ દ્વારા તમામ યુનિ.ને પત્ર લખાયો

અમદાવાદ તા.૨૧

અમેરિકામાં અભ્યાસ માટે વીઝા સહિતની અરજીઓ કરનાર ગુજરાતના વિદ્યાર્થીઓની માર્કશીટ અને અન્ય ડોકયુમેન્ટનું ખાસ વેરીફીકેશન અમેરિકી ક્રોસ્યુલેટ દ્વારા શરુ કરવામાં આવ્યું છે અને ગુજરાત યુનિ. સહિત રાજયની યુનિ.માં તેમજ તમામ ખાનગી યુનિ.માં પણ ક્રોસ વેરીફીકેશન કર્યા બાદ જ આગળની કાર્યવાહી કરાશે. અમેરિકી ક્રોસ્યુલેટ જનરલ મુંબઈ એ રાજયની તમામ સરકારી અને ખાનગી યુનિ.ને એક પત્ર લખીને એક વેરીફીકેશન સેલ ઉભો કરવા માંગણી કરી છે જયાં અમેરિકી વિઝા માટે અરજી કરતા તમામ વિદ્યાર્થીઓની ડીગ્રી અને માર્કશીટ તેમજ અન્ય શૈક્ષણિક ડોકયુમેન્ટ ચકાસાશે. સામાન્ય રીતે આ પ્રકારની ચકાસણીમાં જે તે દુતાવાસ કે જે વીઝા પ્રક્રિયા તે યુનિ.ને ડીગ્રીઓ મોકલે છે અને તેનું વેરીફીકેશન કરતુ હોય પરંતુ પ્રથમ વખત અમેરિકી દૂતાવાસે ખાસ સુવિધા ઉભી કરવા માંગણી કરી છે.




---

ઉંમરને નહીં ભાવનાને મહત્વ આપતો એક સશક્ત સંદેશો

# જોધપુરની પાંચ વર્ષની હૃદયા બની દેશભક્તિની પ્રેરણાઃવિંગ કમાન્ડર વ્યોમિકાનો અભિનય કરી બધાનું દિલ જીત્યું


## વિશિષ્ટ રીતે ઉચ્ચાર્યું શિવ તાંડવ સ્તોત્રઃ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ

જોધપુર, તા.૨૧

જોધપુરમાં આયોજિત તિરંગા યાત્રામાં દેશભક્તિનું એક અનોખું દ્રશ્ય જોવા મળ્યું, જ્યારે માત્ર પાંચ વર્ષની નાનકડી હૃદયાએ વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહનું પાત્ર ભજવી સૌને ચકિત કરી દીધા. દેશપ્રેમથી ભરપૂર આ નાની બાળકીએ પોતાના આત્મવિશ્વાસ અને સમર્પણથી સમારોહમાં ઉપસ્થિત દરેકના દિલમાં સ્થાન બનાવ્યું. શિવ તાંડવ સ્તોત્રના ઉચ્ચારણ અને વાયુસેના પાયલટનો અભિનય કરતો હૃદયાનો વીડિયો દેશભરમાં ગુંજ્યો, અને ઉંમરને નહીં ભાવનાને મહત્વ આપતો એક સશક્ત સંદેશો અપાયો.

ઓપરેશન સિંદૂર પછી વ્યોમિકા સિંહનું નામ સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બન્યું છે. તેમનો આત્મવિશ્વાસ અને દેશભક્તિ અનેક લોકોને પ્રેરણા આપી રહી છે. જોધપુરની નાની હૃદયાએ તિરંગા યાત્રામાં વ્યોમિકા સિંહ બનવાનો માન મેળવીને એ નામને જીવંત કરી દીધું. આ પ્રસંગે હૃદયાએ વિશિષ્ટ રીતે શિવ તાંડવ સ્તોત્ર પણ ઉચ્ચાર્યું. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે અને દેશભરમાંથી લોકોએ તેની બહાદુરી અને આત્મવિશ્વાસને સલામ કરી છે. તિરંગા યાત્રામાં કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત સહિત અનેક મોટા ભાજપ નેતાઓ ઉપસ્થિત રહ્યા. હૃદયાએ તેમના સમક્ષ શિવ તાંડવ સ્તોત્ર વાંચ્યું ત્યારે દરેક જણ આશ્ચર્યચકિત થઈ ગયા. હૃદયાના પિતા રાહુલ પુરોહિતએ જણાવ્યા મુજબ, હૃદયા માત્ર પાંચ વર્ષની છે પરંતુ તેમાં દેશપ્રેમ અને સમર્પણનો જુસ્સો ભરેલો છે. ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવ દરમિયાન તે રોજ નવી માહિતી જાણવા ઉત્સુક રહેતી. કાશ્મીરમાં બનેલ પહેલગામ ઘટના વિશે પણ તે ચિંતિત હતી.

શિવ તાંડવ સ્તોત્ર યાદ રાખવા માટે હૃદયાએ સતત મહેનત કરી હતી. આજે તેની મહેનત અને અભિનયે સમગ્ર દેશમાં એક નવો સંદેશો પહોંચાડ્યો છે કે, દેશપ્રેમ માટે ઉંમર મહત્વની નથી, ભાવનાએ મહત્વ છે. મહત્વની વાત એ છે કે, આ શિવ તાંડવ એટલું ફેમસ થઈ ગયું કે ખુદ ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોતાના ફેસબુક પર આ વીડિયો શેર કર્યો અને.. ગર્વ અનુભવ્યું હતું..



### ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોતાના ફેસબુક પર વીડિયો શેર કરી ગર્વ અનુભવ્યો

---

# 'વોર ૨' માટે કિયારાએ પોતાના કરીઅરમાં પહેલીવાર આપ્યા બિકિની શોટઃ બોલ્ડ લુકે મચાવી ધમાલ

બોલીવુડની મોસ્ટ અવેટેડ એક્શન ફિલ્મ 'વોર ૨'નો ટીઝર રિલીઝ થઈ ગયું છે અને તેણે શરૂઆતથી જ દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે. ફિલ્મમાં હતિક રોશન ફરી એકવાર ધમાકેદાર એન્ટ્રી સાથે પરત ફર્યા છે, જ્યારે દક્ષિણના સુપરસ્ટાર જુનિયર NTR ખલનાયકના રોલમાં જોવા મળશે. એક ઝલકથી લોકોના દિલ જીતી લેનાર કિઆરા અડવાણી પણ આ ફિલ્મનો મહત્ત્વનો ભાગ છે, જેમાં કિઆરાનો બોલ્ડ અને ગ્લેમરસ લુક ખૂબ ચર્ચામાં છે. આ ટીઝર લોકોને પસંદ પડી રહ્યું છે. આ ટીઝરમાં કિઆરાની એક જ ઝલક જોવા મળી, પણ તે એમાં છવાઈ ગઈ છે. આ ફિલ્મમાં કિઆરાનો અત્યંત ગ્લેમરસ લુક જોવા મળશે. ટીઝરમાં તે બિકિનીમાં બોલ્ડ લુકમાં જોવા મળી રહી છે. કિઆરાએ આ ફિલ્મ માટે પોતાના કરીઅરમાં પહેલી વાર બિકિની શોટ આપ્યા છે અને પોતાના લુકને કર્લી હેરથી કમ્પ્લીટ કર્યો છે.



---

# ભારતે તોડી પાડેલા પાક.ના ચીની બનાવટના મિસાઈલના કાટમાળની ડિમાન્ડ

## અમેરિકા સહિતના દેશોએ ભારતનો સંપર્ક કર્યો

નવી દિલ્હીઃ ઓપરેશન સિંદુર દરમ્યાન પાકિસ્તાન જે રીતે ભારત પર ચીની બનાવટના મિસાઈલ અને ડ્રોનથી હુમલો કરવા પ્રયાસ કર્યો તે તમામ તોડી પડાયા હતા અને આ રીતે હુમલો કામીયાબ બનાવાયો હતો. જેમાં પાકથી જે પીએમ-૧૫૯ મિસાઈલને તોડી પાડવામાં આવી હતી તે ચીની બનાવટની હતી અને ચીનના આ તોડી પડાયેલ મિસાઈલના કાટમાળની ડિમાન્ડ નિકળી છે. અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યુઝીલેન્ડ વિ. દેશો ઉપરાંત ફ્રાન્સ અને જાપાનમાં પણ આ મિસાઈલના કાટમાળ માંગી રહી છે. જેથી આ મિસાઈલના નિર્માણમાં ચીનની ટેકનોલોજીની માહિતી મેળવી શકાય. તા.૯ મે ના પંજાબના હોશીયારપુરમાં આ પીએમ-૧૫-ઈ મિસાઈલનો કાટમાળ પડયો હતો. જે ૧૨ મે ના ભારતીય હવાઈદળે જાહેરમાં દર્શાવ્યો હતો. પ્રથમ વખત આ ચીની બનાવટના મિસાઈલનો યુદ્ધમાં ઉપયોગ થયા પણ ભારતીય એન્ટી ડિફેન્સ સિસ્ટમે તે હવામાંજ તોડી પાડી હતી. આ મિસાઈલ આધુનિક અને લાંબા અંતરે કામ કરનારી છે જેની અનેક ખુબીઓ છે.



# ડૂબી રહેલા બાળકને બચાવવા જતા શુક્લ પીપળીયાના સરપંચ કાનજીભાઈ ચારોલા ડૂબી ગયા, સારવારમાં મોત

**રાજકોટ નજીક શુક્લ પીપળીયા ગામે વેકેશન હોવાથી સરપંચની વાડીએ વેકેશન હોવાથી સગીરો, બાળકો પાણીની મોટી ટાંકીમાં ન્હાવા પડ્યા હતા**

રાજકોટ, તા.૨૧

રાજકોટની ભાગોળે સાત હનુમાન નજીક આવેલા શુક્લ પીપળીયા ગામે ડૂબી રહેલા બાળકને બચાવવા જતા શુક્લ પીપળીયાના સરપંચ કાનજીભાઈ ચારોલા ડૂબી ગયા હતા. તેમનું સારવારમાં મોત થતા ગામમાં શોક છવાઈ ગયો હતો. આ અંગે મળતી વિગત મુજબ, કાનજીભાઈ મગનભાઈ ચારોલા(ઉ. વ. ૬૦, રહે. શુક્લ પીપળીયા ગામ) ગઈકાલે બપોરે ૦૩:૦૦ વાગે પોતાની વાડીએ હતા ત્યારે પાણીની મોટી ટાંકીમાં પડી જતા ડૂબી જતા બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અત્રે ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસીને કાનજીભાઈ ને મૃત જાહેર કર્યા હતા. તેમની સાથે આવેલા ગ્રામજનોએ જણાવ્યું હતુ કે કાનજીભાઈ છેલ્લા ત્રણ વર્ષથી શુખલપીપળીયા ગામના સરપંચ છે. હાલમાં સ્કૂલ શાળાઓમાં વેકેશન હોવાથી ગામના બાળકો



કાનજીભાઈ ની વાડીએ આવેલી પાણીની મોટી ટાંકીમાં નહાવા માટે પડ્યા હતા જેમાં અચાનક એક બાળક ડૂબવા લાગતા ત્યાં હાજર કાનજીભાઈ તુરંત જ દોડીને બાળકને ડૂબતા બચાવી લીધો હતો પરંતુ અકસ્માતે તેઓ ટાંકીમાં પડી ગયા હતા અને ડૂબવા લાગ્યા હતા. આસપાસના લોકોને ગ્રામજનોને જાણ થાય તે પહેલા જ કાનજીભાઈ પાણીમાં ડૂબી ગયા હતા. ગ્રામજનોએ ડૂબી ગયેલા કાનજીભાઈ ને પાણીની ટાંકીમાંથી બહાર કાઢ્યા હતા અને સારવારમાં ખસેડ્યા હતા પણ તેઓનું જીવ બચી શક્યો નહોતો. કાનજીભાઈ ૧૦ ભાઈ બહેનમાં ચોથા નંબરના હતા. તેમને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. કાનજીભાઈ ગામમાં લોક પ્રિય આગેવાન હતા. તેમના અવસાનથી નાના એવા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

**ડૂબી રહેલા બાળકને બહાર કાઢી લીધો હતો પણ પોતે ટાંકીની બહાર નીકળી શક્યા નહોતા, હાજર ગ્રામજનોએ ડૂબી ગયેલા કાનજીભાઈને બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા**



## હજુ સોમવારે જ શ્રેષ્ઠ ગ્રામ પંચાયતનો એવોર્ડ કાનજીભાઈને મળ્યો હતો : ચેતન કથીરિયા

કાનજીભાઈના અવસાન અંગે દુઃખ વ્યક્ત કરતા રાજકોટ તાલુકા પંચાયતાના પ્રમુખ ચેતન કથીરિયાએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ મુકતા જણાવેલ કે, રાજકોટ તાલુકા પંચાયત દ્વારા સોમવારે કરવેરા વસૂલાતની કામગીરીમાં શ્રેષ્ઠ ગ્રામ પંચાયતના એવોર્ડથી સન્માન આપવામાં આવેલ. તેમાં રાજકોટ તાલુકાના પીપળીયા ગ્રામ પંચાયત સરપંચ કાનજીભાઈ મગનભાઈ ચારોલાનું પણ સન્માન કરવામાં આવેલ. પરંતુ કોને ખબર કે કુદરતને અલગ જ કરવું હશે. પોતાની વાડીએ પાણીના ટાંકામાં નાના બાળકો નાહતા હતા તેમાંથી એક બાળક ડૂબતા તેમને બચાવવા ટાંકામાં પડતા અકસ્માતે કાનજીભાઈ અવસાન પામ્યા હતા. ભગવાન શ્રીરામ એમના આત્માને શાંતિ આપે.

# રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા અકસ્માત વિમા પોલીસી અંતર્ગત રૂા.૪૦ લાખના ચેક અર્પણ કરાયા







ધોરાજી : રાજકોટ ખાતે વિઠલભાઈ રાદડીયા જીલ્લા બેંક ભવનખાતે રાજકોટ જીલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ લી.દ્વારા લેવાયેલ અકસ્માત વિમા પોલીસી અંતર્ગત જુદા જુદા તાલુકાની દુધ ઉત્પાદક મંડળીના ૪ સભાસદોનુ અકસ્માતે અવસાન થતા તેમના વારસદારોને ૪૦ લાખની વિમાની રકમના ચેક અર્પણ કરતા યુવા સહકારી નેતા જયેશ રાદડિયાના હસ્તે કરાયા હતાં. આ કાર્યક્રમમા રાજકોટ ડેરીના ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા તેમજ પુર્વ ચેરમેન ગોવિંદભાઈ રાણપરીયા વિશેષ ઉપસ્થિત રહેલ હતા. શંભુભાઈ રાતડીયાના વારસદાર ચંપાબેન રાતડીયા રકમ રૂ.૧૦/- લાખ ભાડવા દુધ ઉ.સહ.મંડળી લી. તા.કોટડા સાંગાણી ઈસ્માઈલભાઈ શેરસીયાના વારસદાર ફાતમાબેન શેરસીયા રકમ રૂ.૧૦/- લાખ સરધારકા દુધ ઉ.સહ.મંડળી લી. તા.વાંકાનેર ભરતભાઈ ખુંટના વારસદાર જાગૃતીબેન ખુંટ રકમ રૂ.૧૦/- લાખ વિરવા દુધ ઉ.સહ મંડળી લી. તા.લોધીકા ભીખાભાઈ સાંકળીયાના વારસદાર શ્રી વનિતાબેન સાંકળીયા રકમ રૂ.૧૦/- લાખ શ્રી વડોદ દુધ ઉ.સહ.મંડળી લી. તા.જસદણને અર્પણ કરાયા હતા.

(તસ્વીર અને અહેવાલ : સાગર સોલંકી/ધર્મેન્દ્ર બાબરીયા-ધોરાજી)

# અમરેલીના તત્કાલીન કલેકટર પી.કે.ગઢવીનું ગાંધીનગર ખાતે અવસાન : શ્રધ્ધાંજલી અર્પણ

**રાજવી કવિ કલાપીની યાદમાં મ્યુઝિયમની ભેંટ આપી હતી**

(મિલાપ રૂપારેલ)અમરેલી, તા.૨૧

અમરેલી ખાતે પ્રવીણભાઈ ગઢવી (આઈએએસ) સન ૨૦૦૩માં કલેક્ટર તરીકે પદભારસંભાળ્યો હતો. અને તેઓ સન ૨૦૦૬ સુધી અમરેલીનાં કલેક્ટર તરીકે સેવા આપી હતી. તે સમયે વખતે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ સ્વાંત સુખાય નામનો એક પ્રોજેક્ટ કર્યો હતો. જેમાં ગુજરાતના દરેક જિલ્લાના કલેક્ટરોને પોતાના જિલ્લામાં એક કામ સાવ નિસ્વાર્થ ભાવે કરવાનું આયોજન કરવાનું હતું. ત્યારે તેઓ



રાજવી કવિ કલાપીના પરમ ચાહક હતા. તે નિમિતે તેઓ લાઠી આવ્યા અને કલાપીના મહેલોની પરિસ્થિતિ જોઈને તેમનું હૃદય દ્રવી યઠયું હતું. તેમણે કવિ કલાપીને અંજલિ આપતી એક કવિતા રચી હતી. અને રાજવી કવિ કલાપીની યાદમાં લાઠીમાં મ્યુઝિયમ બનાવવાનું નક્કી કર્યુ હતું. લાઠીમાં ઘનશ્યામસિંહજી રાણા અને અંતુલભાઈ ભાયાણી સાથેની એક ટીમ તૈયાર કરી હતી. અને કલાપી તીર્થ સંગ્રહાલયના નિર્માણનું કામ શરૂ કર્યુ હતું. લાઠીના ઉદ્યોગપતિ મનજીભાઈ ધોળકિયા, ગોવિંદભાઈ ધોળકિયા, ઘનશ્યામભાઈ શંકર અને અનેક મહાનુભાવો તથા અમરેલી જિલ્લાના કલાપીના ચાહકોના અનુદાનથી લાઠીમાં કલાપી તીર્થ સંગ્રહાલયનું નિર્માણ કરાવ્યું હતું. અને તે સમયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગત તા. ૧૩/૬/૨૦૨૫ના રોજ લોકાર્પણ કરાવીને લાઠી સહિત કલાપીના તમામ ચાહકોને યાદગાર ભેટ આપી છે.

ગાંધીનગર ખાતે પ્રવીણભાઈ ગઢવી (આઈએએસ)નું હાર્ટએટેકના કારણે ગાંધીનગર ખાતે દુઃખદ અવસાન થયાના સમાચાર અમરેલીમાં પ્રસરી જતાં સ્વ. પ્રવીણભાઈ ગઢવીના આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે એવી મંગલ કામના સાથે પ્રાર્થના અમરેલી જિલ્લાના કવિ તથા સાહિત્યકારો કરવામાં આવેલ છે. તથા લાઠીના જનતા અને કલાપી તીર્થ સંગ્રહાલયના સૌ ટ્રસ્ટીઓએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# લાઠીનાં લુવારીયા ગામે યુવાનને સિંહે ફાડી ખાધો : ગામ ભયભીત

**મોડી રાતે સિંહ દર્શન દરમિયાન ટોળાએ સિંહની પજવણી કર્યાની ચર્ચા : છંછેડાયેલા સિંહે યુવાન પર હુમલો કરતા મોત :વન વિભાગને જાણ કર્યા વિના પરિવારે અંતિમવિધિ કરી નાખી : બનાવના પગલે વનવિભાગ દ્વારા તપાસનો ધમધમાટ**

(મિલાપ રૂપારેલ)અમરેલી, તા.૨૧

લાઠી તાલુકાના લુવારીયા ગામે ગઈકાલે મોડી રાત્રિના સમયે સિંહ દર્શન કરવા પહોંચેલા ટોળાએ સિંહની પજવણી કરતા એક યુવકને સિંહે ફાડી ખાધો હતો. આ સિંહ હુમલાથી ૨૧ વર્ષીય યુવકનું મોત નિપજયું હતું. આ બનાવમાં મૃત યુવકને અમરેલી સિવિલમાં પી.એમ. કરાવી પરિવારે અગ્નિ સંસ્કાર કરી દીધા હતા. જો કે મીડિયા દ્વારા વનવિભાગને જાણ કરતા વનવિભાગ દોડતું થયું હતું. જો કે ધારી વનવિભાગ દ્વારા સિંહ હુમલાથી મોત કે અન્ય કારણ તેને લઈને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના લુવારીયા ગામે મોડી રાત્રિના સમયે સિંહ દર્શન કરવા પહોંચેલા ટોળામાંથી કોઈએ સિંહની પજવણી કરતા કોઈ કારણોસર સિંહે અરદીપભાઇ રામકુભાઇ ખુમાણ નામના ૨૧ વર્ષિય યુવક ઉપર હુમલો કરી દેતા તેમને તાત્કાલિક અમરેલી દવાખાને ખસેડાયેલ જયાં તેમનું મોત નિપજયું હતું. આ બનાવમાં મૃત યુવકનું સિવિલમાં પી.એમ. કરાવી પરિવારે અગ્નિ સંસ્કાર કરી દીધા હતા. જો કે મીડિયા દ્વારા વનવિભાગને જાણ કરતા વનવિભાગ દોડતું થયું હતું. જો કે ધારી વનવિભાગ દ્વારા સિંહ હુમલાથી મોત કે અન્ય કારણ તેને લઈને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમયથી લાઠી તાલુકાના કેટલાંક ગ્રામ્ય વિસ્તારમાં સિંહોઆવેલ હોય અને પોતાનું ત્યાં જ રહેઠાણ બનાવેલ છે. ત્યારે અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી સિંહ દર્શન કરવા માટે અથવા તો સિંહની પજવણી કરવાના બનાવમાં વધારો થતાં વન્ય પ્રાણીઓ સિંહ હિંસક બની જતાં હોય છે. ત્યારે આ બનાવ બનવા પાછળ પણ આ જ કારણભૂત હોવાનું મનાઈ રહયું છે. આ બનાવમાં લાઠી પોલીસમાં કોઈ જંગલી પ્રાણીએ હુમલો કરી મોત નિપજાવ્યાનું જાહેર થતાં પોલીસ તથા વનવિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# ગોંડલના ચરખડી ગામની સીમમાં ટ્રેક્ટરના તોતિંગ વ્હીલ નીચે આવી જતાં સાત વર્ષના બાળકનું કમકમાટીભર્યુ મોત

**બાળક રમતો હતો ત્યારે વાડી માલિકે ટ્રેક્ટર ચલાવી દેતાં દુર્ઘટના સર્જાઈ, એકના એક પુત્રના મોતથી શ્રમિક પરીવાર શોકમાં ગરકાવ, ગુનો નોંધાયો**

રાજકોટ. તા.૨૧

ગોંડલના ચરખડી ગામની સીમમાં આવેલી વાડીએ ખેત મજૂરી કરનાર દંપતીનો એકનો એક પુત્ર ટ્રેક્ટર હેઠળ કચડાઈ જતા તેનું કમકમાટીભર્યું મોત થયું હતું. દંપતી જેની વાડીએ ખેત મજૂરી કરતા હતા તે વાડી માલિક ટ્રેક્ટર આગળ લેવા જતા સાત વર્ષનો બાળક રમતા રમતા ટ્રેક્ટરના ટાયર નીચે આવી જતા આ કરૂણતા સર્જાઈ હતી. બનાવ અંગે બાળકના પિતાની ફરિયાદ પરથી પોલીસે વાડી માલિક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના નોંધારા ગામના વતની અને હાલ ગોંડલમાં ચરખડી ગામની સીમમાં ઉદયભાઈ સવજીભાઈ કંડારીયાની વાડીએ છેલ્લા એક મહિનાથી ખેતમજૂરી કામ કરનાર અખિલેશ ભાવસિંહ નહાલ (ઉ.વ ૨૭) નામના આદિવાસી યુવાને અકસ્માતની આ ઘટના અંગે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા



એક મહિનાથી અહીં ચરખડી ગામની સીમમાં ઉદય સવજીભાઈ કંડારીયાની વાડીએ ખેત મજૂરી કામ કરે છે. પરિવારમાં સાત વર્ષનો પુત્ર તેજ હતો અને બે વર્ષની પુત્રી ખુશી છે.

ગઈકાલે યુવાન તથા તેની પત્ની પૂજા બંને વાડીએ ખેત મજૂરી કામ કરતા હતા અને તેમના બંને સંતાનો અહીં આસપાસ રમતા હતા. ટ્રેક્ટરમાં જુવાર ભરતા હતા તે વખતે ટ્રેક્ટર આગળ ખસેડવાની જરૂર પડતા વાડી માલિક ઉદયભાઈએ ટ્રેક્ટર આગળ ચલાવતા ફરિયાદીનો પુત્ર તેજ લ ટ્રેક્ટર નીચે રમતો હોય જે ટ્રેક્ટરના તોતિંગ ટાયર નીચે આવી જતા તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને રાડારાડી કરવા લાગતા માતા-પિતા દોડયા હતા.

બાદમાં ૧૦૮ ને ફોન કર્યો હતો પરંતુ તેને આવવામાં સમય લાગતા ઉદયભાઇના મિત્રની કારમાં બાળકને સારવાર માટે ગોંડલ સરકારી હોસ્પિટલ લઈ જવા માટે નીકળ્યા હતા. દરમિયાન ગુંદાળા ચોકડી પાસે ૧૦૮ આવતા તેમાં બાળકને સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. અહીં ટૂંકી સારવાર બાદ બાળકનું મોત થયું હતું.

બાળકના પિતાની ફરિયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે વાડી માલિક ઉદય સવજીભાઈ કંડારીયા (રહે. ચરખડી ) વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. એકના એક પુત્રનું અકસ્માતમાં મોત થતાં દંપતી શોકમાં ગરકાવ થઈ ગયું હતું.

# અમૃત સ્ટેશનોમાં ઝલકતુ ગુજરાતઃ ઓખા-મીઠાપુર-કાનાલુસ રેલ્વે સ્ટેશનો પુનઃવિકાસમાં દિવ્ય-ભવ્ય સુવિધાસભર બન્યા

**૭.૧૨ કરોડના ખર્ચે ઓખા, પાંચ કરોડનાં ખર્ચે મીઠાપુર અને ૭.૫૬ કરોડનાં ખર્ચે કાનાલુસ રેલ્વે સ્ટેશનનું પરિવર્તન**



ઓખા



મીઠાપુર

રાજકોટ,તા.૨૧

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા ૧૩૦૦થી વધુ સ્ટેશનોમાંથી જે ૧૦૩ સ્ટેશન હાલમાં તૈયાર થયા છે, આ સ્ટેશનો પર ભવ્ય પ્રવેશદ્વાર, આકર્ષક રવેશ, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક પ્રતીક્ષા રૂમ, ટિકિટ કાઉન્ટર, મોડર્ન શૌચાલય અને દિવ્યાંગજનો માટે સુલભ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. પ્લેટફોર્મ પર શેલ્ટર, કોચ ઇન્ડિકેશન સિસ્ટમ અને માહિતી માટે ડિજિટલ ડિસ્પ્લે લગાવવામાં આવ્યા છે. તમામ સુવિધાઓને દિવ્યાંગજન અનુકૂળ બનાવવામાં આવી છે. વળી, દરેક સ્ટેશન પર ગુજરાતની લોક કલા, સંસ્કૃતિ અને પરંપરાઓની ઝલક પણ જોવા મળી રહી છે.



કાનાલુસ

**મીઠાપુર રેલવે સ્ટેશન**

ઓખાથી માત્ર ૧૦ કિમી દૂર આવેલું મીઠાપુર રેલવે સ્ટેશન લાંબા સમયથી ગુજરાતમાં ટાટા કેમિકલ્સના ઔદ્યોગિક કેન્દ્ર માટે એક મહત્ત્વપૂર્ણ પહોંચ બિંદુ તરીકે કાર્ય કરતું રહ્યું છે. હવે, દૂરંદેશી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પશ્ચિમ રેલવે નેટવર્કના આ મહત્ત્વપૂર્ણ નોડનો પરિવર્તનકારી પુનર્વિકાસ કરવામાં આવ્યો છે, જેનાથી આધુનિક સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓના નવા યુગની શરૂઆત થઈ છે.

મીઠાપુર ધીમે ધીમે યાત્રીઓ અને માલ પરિવહન બંને માટે એક મહત્ત્વપૂર્ણ સ્ટોપ તરીકે વિકસિત થયું છે. આ સ્ટેશન પેસેન્જર, એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનોને સેવા પ્રદાન કરે છે. ૫ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે કરવામાં આવેલા આ સ્ટેશનના આધુનિકીકરણથી કાર્ય અને દેખાવ બંનેમાં ઉલ્લેખનીય સુધારો આવ્યો છે.

સ્ટેશનની સામે હવે એક નવો પ્રવેશદ્વાર છે જે વિશાળ અને દેખાવમાં આકર્ષક છે, તે સ્ટેશનની દશ્યતા અને કદને વધારે છે અને સાથે જ એક કાર્યાત્મક ભૂમિકા પણ ભજવે છે. આ ઢંકાયેલો વિસ્તાર વાહન પિક-અપ અને ડ્રોપ-ઓફ માટે નિર્ધારિત લેન પ્રદાન કરે છે, જેનાથી યાત્રીઓ માટે સરળ અને આરામદાયક સંક્રમણ સુનિશ્ચિત થાય છે. પરિવર્તનના કેન્દ્રમાં પ્લેટફોર્મ નંબર ૧ની સુધારેલી સપાટી છે, જેને તમામ યાત્રીઓ, ખાસ કરીને વૃદ્ધો અને સામાન લઈ જનારાઓ માટે સુગમ અવરજવર પ્રદાન કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. સ્ટેશનના સમગ્ર લેઆઉટને સુગમ પહોંચને પ્રોત્સાહન આપવા, ભીડ ઘટાડવા અને કાર્યક્ષમ બોર્ડિંગને સમર્થન આપવા માટે ફરીથી તૈયાર કરવામાં આવ્યું છે. નવનિર્મિત કવરશેડે યાત્રીઓના અનુભવને વધુ સુધાર્યો છે. આ સંરચનાઓ ખાસ કરીને પ્રતિકૂળ હવામાન દરમિયાન આવશ્યક આશ્રય અને આરામ પ્રદાન કરે છે, સાથે જ બહેતર ભીડ વ્યવસ્થાપન અને સ્ટેશન નેવિગેશનની સુવિધા પણ પૂરી પાડે છે. આ ઉપરાંત, પરિસરમાં નવા સ્થાપિત સાઇનેજે રસ્તો શોધવા, સુરક્ષા અને સંચાલન કાર્યક્ષમતામાં સુધારો કર્યો છે.

**ઓખા રેલ્વે સ્ટેશનઃ-**

ગુજરાતના પશ્ચિમી છેડે આવેલું ઓખા રેલવે સ્ટેશન લાંબા સમયથી દરિયાકાંઠાના શહેરને ભારતના મુખ્ય ગંતવ્યો સાથે જોડતું એક મહત્વપૂર્ણ ટર્મિનસ રહ્યું છે. ઓખાને પશ્ચિમ રેલવે હેઠળ એનએસજી-૪ સ્ટેશન તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. આ ઓખા બંદરની સેવા કરે છે અને બેટ દ્વારકાની યાત્રા કરનારા તીર્થયાત્રીઓ માટે એક મુખ્ય પરિવહન બિંદુ તરીકે કાર્ય કરે છે. શહેરની પર્યટન અને ઉદ્યોગ બંનેમાં એક વ્યૂહાત્મક ભૂમિકા છે અને આ સ્ટેશન મુંબઈ, પુરી, રામેશ્વરમ, ગુવાહાટી, દેહરાદૂન અને વારાણસી જેવા પ્રતિષ્ઠિત શહેરોની યાત્રાની સુવિધા પૂરી પાડે છે.

પોતાના મહત્વને ધ્યાનમાં રાખીને ઓખા રેલવે સ્ટેશનમાં તાજેતરમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વ્યાપક પરિવર્તન કરવામાં આવ્યું છે. પુનર્વિકાસ કાર્ય ૭.૧૨ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય એક વિશ્વસ્તરીય, મુસાફર-અનુકૂળ સ્ટેશન બનાવવાનો છે, જે કાર્યક્ષમતા અને સૌંદર્ય બંનેને જાળવી રાખે છે.

સ્ટેશનના આગળના ભાગને સૌંદર્યની દષ્ટિએ ફરીથી તૈયાર કરવામાં આવ્યો છે, જેનાથી ઓખાને એક નવી ઓળખ મળી છે જે તેના દરિયાકાંઠાના આકર્ષણ અને ધાર્મિક મહત્વ સાથે પડઘો પાડે છે. સુધારેલો આગળનો ભાગ માત્ર દશ્ય આકર્ષણને જ નથી વધારતો પરંતુ સ્ટેશનની દશ્યતા અને કદને પણ વધારે છે. પ્લેટફોર્મ નંબર ૧ પર સંપૂર્ણપણે સપાટી સુધારણા જોવા મળી છે, જેનાથી વૃદ્ધ મુસાફરો અને સામાન લઈ જનારા સહિત તમામ માટે સુરક્ષિત અને સરળ અવરજવર સુનિશ્ચિત થાય છે. બોર્ડિંગ અને ડિબોર્ડિંગની સરળતામાં નોંધપાત્ર સુધારો થયો છે.

**કાનાલુસ રેલ્વે સ્ટેશનઃ-**

જામનગરથી માત્ર ૨૬ કિલોમીટરના અંતરે આવેલું કાનાલુસ જંકશન રેલવે સ્ટેશન લાંબા સમયથી ગુજરાતના રેલવે નેટવર્કમાં એક સામાન્ય પરંતુ મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરતું રહ્યું છે. રિલાયન્સ રિફાઇનરીથી તેની વ્યૂહાત્મક નિકટતા અને રોજિંદા આવતા નિયમિત મુસાફરો સાથે આ સ્ટેશન સ્થાનિક સમુદાયોને જોડવામાં અને આસપાસના ઔદ્યોગિક પરિદ્રશ્યને ટેકો આપવામાં અહમ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવે હેઠળ NSG-5 સ્ટેશન તરીકે વર્ગીકૃત, કાનાલુસ હવે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વ્યાપક પુનર્વિકાસ પછી એક નવી ઓળખ સાથે ઉભરી આવ્યું છે.

રૂા.૭.૫૬ કરોડના ખર્ચે કરવામાં આવેલા આ કાર્યમાં કાનાલુસ રેલવે સ્ટેશનના પરિવર્તનને આધુનિક ઉપયોગિતા અને ક્ષેત્રીય સુસંગતતાને ધ્યાનમાં રાખીને સમજી વિચારીને અમલમાં મૂકવામાં આવ્યું છે. હવે સ્ટેશનમાં વધુ સારું માળખાકીય સુવિધા અને ઉન્નત સુવિધાઓ છે, જે મુસાફરોને એક વધુ સારો મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે. આ પુનર્વિકાસ સ્ટેશન માટે એક નવા યુગનું પ્રતીક છે, જે લાંબા સમયથી ક્ષેત્રની કનેક્ટિવિટીનો અભિન્ન ભાગ રહ્યું છે.

સૌથી પ્રભાવશાળી પરિવર્તનોમાંનું એક પ્લેટફોર્મની સપાટીમાં સુધારો છે, ખાસ કરીને પ્લેટફોર્મ ૧ પર, જે હવે મુસાફરો, જેમાં વૃદ્ધો અને સામાન લઈ જનારા લોકોનો સમાવેશ થાય છે, તેમના માટે સુરક્ષિત અને સુગમ પહોંચ પ્રદાન કરે છે. કવરશેડ લગાવવામાં આવ્યા છે, જેનાથી આરામ અને ભીડ વ્યવસ્થાપનમાં નોંધપાત્ર સુધારો થયો છે, જેનાથી રાહ જોવાનું વાતાવરણ વધુ વ્યવસ્થિત અને સુરક્ષિત બન્યું છે. એક આકર્ષક નવા પ્રવેશદ્વારે સ્ટેશનના દેખાવની સાથે સાથે તેની કાર્યક્ષમતામાં પણ વધારો કર્યો છે. મુસાફરોને લેવા અને છોડવા માટે છાયાવાળી વાહન લેન દ્વારા પૂરક આ ભવ્ય અગ્રભાગ, લાવણ્ય અને સુવિધા બંને પ્રદાન કરે છે. વાહનો અને રાહદારીઓની સરળ અવરજવર માટે પરિભ્રમણ અને પાર્કિંગ વિસ્તારોનો સંપૂર્ણ પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. સમર્પિત લેન, સંરચિત પાર્કિંગ અને સારી રીતે જાળવેલા રાહદારી માર્ગો હવે સ્ટેશનના પરિવેશને વ્યાખ્યાયિત કરે છે, જેનાથી એકંદર પરિવહન અનુભવ વધુ સરળ અને કાર્યક્ષમ બને છે.

# જામનગરના કાલાવડ નાકા બહાર નદીના પટના સંખ્યાબંધ દબાણો દૂર કરવા મેગા ડિમોલિશન









## આજે જુદા જુદા ત્રણ વિસ્તારમાં અંદાજિત ૫૦,૦૦૦ ચોરસ ફૂટ જગ્યા ખુલ્લી કરાવવા માટે મ.ન.પા. ની પોલીસ બંદોબસ્ત સાથે પાડતોડની કાર્યવાહી

જામનગર તા.૨૧

જામનગર મહાનગરપાલિકા દ્વારા રિવર ફ્રન્ટ પ્રોજેક્ટને લઈને કાલાવડ નાકા બહારથી લઈને છેક નાગેશ્વર વિસ્તાર સુધીમાં નદીના પટમાં ખડકી દેવાયેલા દબાણોને દૂર કરવા માટેની કાર્યવાહી ચાલી રહી છે, જેના ભાગરૂપે આજે સવારે મેગા ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું, અને જુદા જુદા ત્રણ વિસ્તારમાં આવેલા ૧૧૬ જેટલા મકાનો- દુકાનો સહિતના દબાણો દૂર કરીને અંદાજે ૫૦,૦૦૦ ફૂટ જગ્યા ખુલ્લી કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને તેમાં મહાનગરપાલિકાના અધિકારીઓની મોટી ટીમ અને ૨૦૦ થી વધુ સ્ટાફ ઉપરાંત સીટી એ. ડિવિઝન નો મહિલા પોલીસ સહિત નો વિશાળ પોલીસ કાફલો જોડાયો છે, અને મેગા ડીમોલેસનની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

જામનગરમાં કાલાવડ નાકા બહાર રંગમતી નદીના પટ્ટનો વિસ્તાર, કે જેમાં અલગ અલગ ત્રણ વિસ્તારો કે જ્યાં મહાનગરપાલિકાની સરકારી જગ્યામાં ગેરકાયદે રહેણાંક મકાન- દુકાનો વગેરે ખડકી દેવાયા હતા, જે પૈકી નદીના પટના ત્રિકોણીય વિસ્તારમાં અંદાજે ૫૭ જેટલા મકાનો ખડકાયેલા હતા. જે તમામને અગાઉથી નોટિસ આપીને જગ્યા ખાલી કરી દેવા માટેની સુચના અપાઇ હતી. ત્યારબાદ આજે સવારે દિમોલેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું.


જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદીના સીધા માર્ગદર્શન હેઠળ ડી.એમ.સી. દેવેન્દ્રસિંહ ઝાલા, આસી. કમિશનર ભાવેશ જાની ની રાહબરી હેઠળ કંટ્રોલિંગ અધિકારી મુકેશ વરણવા તથા એસ્ટેટ શાખા ની ટીમ, ટીપીઓ શાખા ની ટીમ, ફાયર વિભાગની ટુકડી વગેરે મળી ૨૦૦ થી વધુ કર્મચારીઓ આજના મેગા ડીમોલેસનમાં જોડાયા હતા, અને અલગ અલગ ત્રણ ટીમો બનાવાઈ હતી.

સમગ્ર ડીમોલેસનની કાર્યવાહી હાથ ધરવા માટે ૧૨ જેસીબી મશીનો, ૩ હિટાચી મશીન, ટ્રેક્ટર સહિતની મશીનરીના ઉપયોગ કરવામાં આવ્યો છે, અને વહેલી સવારથી પાડતોડની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

જે ત્રણેય સ્થળે સીટી એ. ડિવિઝન ના પી.આઈ. એન.એ.ચાવડા ની રાહબરી હેઠળ મોટો પોલીસ કાફલો બંદોબસ્ત માં જોડાયો છે જેમાં મહિલા પોલીસની પણ મોટી ટીમ સાથે રાખવામાં આવી છે.

જેમાં એક સ્થળે ૪૭ મકાનોનું દબાણ ખુલ્લું કરાવાઈ રહ્યું છે, જ્યારે બીજા સ્થળે ૧૬ દુકાનો સહિત ૪૬ જેટલા બાંધકામો ને તોડી પાડવાની કાર્યવાહી ચાલી રહી છે, જ્યારે ત્રીજા સ્થાને ૨૩ મકાનો પર મહાનગરપાલિકા નો હથોડો વીંઝવામાં આવ્યો છે, અને અંદાજે ૫૦,૦૦૦ ફૂટથી વધુ જગ્યા ખુલ્લી કરાવવા માટેની કાર્યવાહી ચાલી રહી છે.

### જનરલ મુનીરથી રાહુલ ગાંધી અને છગન ભુજબળથી બચુ ખાબડ આ તમામની રસપ્રદ ખબરો



# આ બધુ ન્યુ નોર્મલ છે !



## પાકિસ્તાનમાં પરાજીત જનરલ મુનીરને ફાઇવ સ્ટાર ફિલ્ડ માર્શલનો ખિતાબ અપાયો તે પણ પ્રથમ વખત બન્યુ છે કે કોઇ પરાજીત જનરલને પ્રમોશન અપાયું હોય જોકે ચર્ચા એવી છે કે આ તેમનો એક્ઝીટ રૂટ તૈયાર કરાયો છે, જનરલે પોતાના દુઃસાહસમાં પાકિસ્તાનને ૧૫ બિલીયન ડોલરનું નુકસાન કરી દીધુ છે અને આંતરરાષ્ટ્રીય આબરૂ ગઇ તે જુદી પણ શું શરીફમાં તે દમ છે ?

## ઓપરેશન સિંદુર બાદ દેશ આખો સરકાર અને સૈન્યની સાથે થઇ ગયો કોંગ્રેસને પણ કદાચ મને કમને જોડાવવું પડયૂં તેવું લાગે છે તેનો રાષ્ટ્રવાદ બહુ ચગ્યો નહીં અને રાહુલ ગાંધીએ શોલેની જેમ પૂછી લીધુ જેને પાકિસ્તાનમાં પણ સપોર્ટ મળી ગયો તો કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ખડગેએ તો ઓપરેશનને 'છોટા સા યુધ્ધ' ગણાવી દીધુ આમ કોંગ્રેસથી બહુ રાષ્ટ્રીય બનવાનું રહેવાતુ નથી તે ખુદ સાબિત કરે છે



### મહારાષ્ટ્રમાં ભાજપ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કેટલા રાજકીય પાપ કરાવશે તે નિશ્ચિત નથી, છગન ભુજબળને ફડણવીસ સરકારમાં જ મંત્રી બનાવવા પડયા આ એ જ મુખ્યમંત્રી ફડણવીસ છે ૨૦૧૪-૧૯ના ગાળામાં ભુજબળને જેલમાં નાખ્યા હતા અને હવે ફરી તેને મંત્રીમંડળમાં લેવા પડયા છે, ફડણવીસને ચકકી પીસીંગ પવારને પણ સ્વીકારવા પડયા છે તો કોંગ્રેસના રાહુલ અને સોનિયાને જામીન પર ગણાવવાનો ટોણો મારતા ભાજપે અહીં જામીન પર રહેલા ભુજબળને મંત્રીમંડળમાં લીધા



### વધુ એક ન્યુ નોર્મલ... મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ તિરંગા યાત્રા વચ્ચે પણ સલામત છે હજુ ભાજપના મહિલા મોરચા દ્વારા સિંદુર યાત્રા યોજવાની છે ત્યારે વિજય શાહના કપાળે લખાયેલી ખુરશી સલામત રહેશે કે કેમ તે પ્રશ્ન છે ગુજરાતમાં પણ એક ન્યુ નોર્મલ બન્યુ, બચુ ખાબડએ મે ભ્રષ્ટાચાર કર્યો નથી તેવું કહીને મોવડી મંડળને ફીકસમાં મુકી દીધુ જે સરકાર તેના જ પુત્રો સામે એકશન લઇ રહી છે, દેશે હજુ આવા કેટલાય ન્યુ નોર્મલ જોવા પડશે

જો તમને પાકિસ્તાનના પરાજીત જનરલ આસીફ મુનીરને ફિલ્ડમાર્શલનો હોદ્દો અપાયો તેનો આશ્ચર્ય થતો હોય તો કદાચ સૌથી મોટુ આશ્ચર્ય તો એ થતા રહી ગયું કે જનરલ મુનીર એ ખુદે પોતાને ફિલ્ડ માર્શલ જાહેર કરી ન દીધા બાકી પાકિસ્તાનના જનરલ અયુબ ખાને તો સત્તા સંભાળવા માટે ખુદને પ્રમોશન આપી દીધુ હતું અને ત્યારબાદનો તેમનો પણ ઇતિહાસ જાણીતો પાકિસ્તાનના લશ્કરી જનરલો યુધ્ધ મેનીયાથી પીડાય છે અને તે ભારત સિવાય કોઇ સામે યુધ્ધ કરી શકે તેમ નથી અને ઇતિહાસ છે કે પાકિસ્તાનના જનરલોએ જયારે જયારે ભારત સામે યુધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો તો તેમને પરાજય જ મળ્યો છે અને તેમાં ઓપરેશન સિંદુરના પગલે પરાજીત થયેલા જનરલને દેશની સરકાર સન્માન આપે તે પણ એક આશ્ચર્ય છે પણ સરકારની પણ કેટલીક મજબુરી છે કે તેને જનરલોને સાચવવા પડે છે સતા જાળવવા માટે પરંતુ જયાં સુધી જનરલ મુનીરનો સવાલ છે ત્યાં સુધી પાકિસ્તાની મીડિયામાં એવી ચર્ચા છે કે હવે જનરલ મુનીરના દિવસો ભરાઇ ગયા છે અને તેમને સન્માનભેર લાગે તેવી રીતે વિદાય આપવા માટે ફાઇવ સ્ટાર જનરલનો હોદ્દો આપવામાં આવ્યો છે. જો લશ્કરી દ્રષ્ટિએ જોઇએ તો આ હોદો એક સાંકેતિક છે ખાસ કરીને પાકિસ્તાનને લાગે વળગે છે ત્યાં સુધી જનરલ મુનીર નિવૃત થયા બાદ પોતાનો ફાઇવ સ્ટાર સાથેનો યુનિફોર્મ પહેરી શકશે એટલું જ નહીં સામાન્ય રીતે તેમને સલામી આપવા માટે જે બેટન અત્યાર સુધી છાતી સુધી લઇ જવાતી હતી તે નાક સુધી લઇ જવાશે નહીંતર જનરલ મુનીરે પાકિસ્તાનનું નાક કાપી નાખ્યુ છે તે વાસ્તવિકતા છે. પાકિસ્તાનના જ અખબારો લખે છે કે ઓપરેશન સિંદુર એ દેશને ૮૬ કલાકમાં ૧૫ બીલીયન ડોલરમાં પડયુ છે અને હજુ કેટલુ વધુ તે આર્થિક નુકસાની લાવશે તે પણ પ્રશ્ન છે. દુનિયાભરમાં બેઇજજતી થઇ તેના માટે જનરલ મુનીરને દોષ દેવામાં આવે છે કે જેણે પહેલગામમાં આંધળુ સાહસ કર્યુ અને સામેથી આક્રમક વ્હોરી લીધુ પાકિસ્તાનના જનરલો અનેક વખત પોતાની પોઝીશન ટાઇટ કરવા માટે યુધ્ધનો માર્ગ લેતા હોય છે અને અંતે પોતે પાકિસ્તાનના શાસક બની જાય છે. પરંતુ ૧૯૭૧માં જયારે જનરલ યાયા ખાને તે સમયના પૂર્વ પાકિસ્તાનમાં અત્યાચાર વધાર્યા અને બાંગ્લાદેશના સર્જનનું કારણ આપ્યું પછી તેમનો જે પરાજય થયો તે પછી સતા તેઓએ ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને સોંપીને વિદાય લીધી ભુટ્ટોએ તે સમયે સૈન્ય પર જવાની તક જોઇ અને તુર્ત જ તેમના એક વિશ્વાસુને દેશના સૈન્ય વડા બનાવી દીધા પરંતુ પાકિસ્તાન સૈન્યના ડીએનએમાં સતા છે અને તેથી થોડો સમયમાં ફરી એક વખત પાકિસ્તાન સેના ભુટ્ટો પર હાવી થઇ ગઇ ભુટ્ટોએ તેના માટે અલગ ફેડરલ ફોર્સ પણ બનાવી હતી. પરંતુ તે ટકી શકી નહીં આમ જનરલ મુનીર હવે કેટલો સમય હવે પાકિસ્તાન સૈન્યનું નેતૃત્વ કરી શકશે તે પણ પ્રશ્ન છે.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

#### કોંગ્રેસનો રાષ્ટ્રવાદ આટલો તકલાદી કેમ

ઓપરેશન સિંદુર શરૂ થયો તો દેશભરમાં અદભુત દ્રશ્યો હતા. સૌ સરકારની સાથે આવી ગયા હતા લાંબા સમયથી પાકિસ્તાન સામે જે રીતે આક્રોશ હતો તેને હવે એકશનમાં ફેરવવાની મોદી સરકારની તૈયારીમાં સૌ ગર્વ અનુભવતા હતા અને ભારતીય સેનાએ પણ દેશને જરા પણ નિરાશ થવા દીધો નહીં તે સમયે વિપક્ષમાં પણ ખાસ કરીને કોંગ્રેસ પક્ષને મને કમને સરકારની સાથે જોડાવવું પડયું તેવું લાગે છે કે માહોલ થોડો સામાન્ય બનતો જાય છે. કે તુર્ત જ કોંગ્રેસે હવે તેની ભુતકાળની ટેવની જેમ ઓપરેશન સિંદુર સામે પણ પ્રશ્ન ઉઠાવવા લાગ્યા છે તો કોઇ બીજુ નહીં ખુદ રાહુલ ગાંધીએ જે રીતે ભારતે કેટલાક વિમાનો ગુમાવ્યા તે પ્રશ્ન પુછીને તો હદ કરી નાખી એટલું જ નહીં કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ તો ઓપરેશન સિંદુરને 'છોટા સા યુધ્ધ' તરીકે દર્શાવ્યું. તેઓએ વડાપ્રધાન શા માટે કાશમીર ન ગયા તે પ્રશ્નને ચગાવી રહ્યા છે. આમ કહીને કોંગ્રેસે એ નિશ્ચિત કર્યુ છે કે તેનો રાષ્ટ્રવાદ તે બહુ લાંબો સમય ચલાવી શકે તેમ નથી. રાહુલ ગાંધી જે પ્રશ્ન ઉઠાવે છે તેને પાકિસ્તાનમાં સપોર્ટ મળે છે ભાજપ જો જવાબ આપે તો કદાચ તેમાં ખોટુ નથી. રાજકારણ શરૂ કરવાની તક કોંગ્રેસ જ આપે છે.

#### છગન ભુજબળની મીનીસ્ટ્રીમાં એન્ટ્રી

રાજકીય મજબુરી કેવી હોય છે તે ફરી એક વખત સાબિત થઇ ગયું છે મહારાષ્ટ્રમાં ફડણવીસ સરકારમાં ફરી એનસીપીના નેતા છગન ભુજબળની એન્ટ્રીએ અને તેમના એક માટે યોજાયેલી શપથ વિધિ એ જબરી ચર્ચા જગાવી છે અને આ જ ફડણવીસ સરકારે ૨૦૧૪થી ૧૯માં ભુજબળને મની લોન્ડ્રીંગ એકટ હેઠળ જેલમાં મોકલ્યા હતા અને બે વર્ષ જેલમાં રહ્યા પછી હાલ પણ જામીન પર છે જોકે ફડણવીસ સરકારના નાયબ મુખ્યમંત્રી અજીત પવાર માટે ખુદ જેલમાં ચકકી પીસીંગનો યોગ બનતા બનતા રહી ગયો અને તે પણ ફડણવીસના હાથે લખાયુ હતું અને એ પણ બન્યું એ જ ફડણવીસને પછી વ્હેલી સવારે અજીત પવાર સાથે શપથ લેવા પડયા હતા અને ફરી જુદા પડયા અને ફરી સામે લડયા, ફરી સાથે થયા અને તેમને નાયબ મુખ્યમંત્રી પદે સ્વીકારવા પડયા છે. આમ રાજકારણનું ચકકર કેવું ચાલે છે તે પણ જોવું એક રસપ્રદ બની ગયુ છે અને સૌથી મહત્વનું એ છે કે રાહુલ કે સોનિયાનો ઉલ્લેખ આવે તો ભાજપ એ કહેવાનું ચુકતું નથી કે એ બંને જામીન પર છે. હવે ભાજપની સરકારમાં જ જામીન પર રહેલા ભુજબળ મંત્રી બની ગયા અને તેમની નજર ગૃહમંત્રાલય પર છે તે પણ કહી દીધુ જોકે મળશે તે નિશ્ચિત છે. પણ ચર્ચા એવી છે કે સ્થાનિક ચૂંટણીઓમાં ઓબીસી ફેકટરને ધ્યાનમાં રાખીને ભુજબળને લેવાની ફરજ પડી છે. નહીંતર તે ડેમેજ કરી શકે તેમ હતા અને તેથી ફડણવીસના હાથે વધુ એક રાજકીય પાપ ભાજપે કરાવ્યું છે.

#### વિજય શાહ અને બચુ ખાબડ સલામત કેમ!

મધ્યપ્રદેશ અને ગુજરાત વચ્ચે નર્મદાનો સંબંધ છે અને બીજો એક પણ સંબંધ હવે જોડાઇ ગયો છે. મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહે ઓપરેશન સિંદુરમાં સૈન્ય બ્રિફીંગ કરનાર કર્નલ સોફીયા કુરેશી અંગે જે વિધાનો કર્યા તેના સુપ્રીમ કોર્ટે પણ આકરી ઝાટકણી કાઢીને અભુતપૂર્વ પગલામાં એક મંત્રી સામેની તપાસ માટે મધ્યપ્રદેશ બહારના ત્રણ આઇપીએસ અધિકારીઓની સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ રચી છે જોકે તે જયારે રીપોર્ટ આપે ત્યારે ખરૂ પણ મહત્વપૂર્ણ એ છે કે હજુ વિજય શાહની ખુશી સલામત છે અને ગમે ત્યારે વિકેટ પડે પણ વિધાનો પછી તુર્ત જ શા માટે તેમને દુર ન કરાયા તે પ્રશ્ન છે. આવી સ્થિતિ ગુજરાતમાં બચુ ખાબડની છે જેમને ગઇકાલે ખુલ્લેઆમ કહી દીધુ કે ભ્રષ્ટાચાર મે કર્યો હોય તે સાબિત કરો તેણે મોવડી મંડળને જવાબદારી સોંપી દીધી અને તેના પુત્રો રીમાન્ડ પર છે તેમ છતાં પણ તેઓ બિન્દાસ છે. આમ આ તમામ આજે જે લખાયુ છે તે ન્યુ નોર્મલ છે.

# ચેન્નાઈને હરાવીને રાજસ્થાનની વિજયી વિદાય

## રાજસ્થાનનાં તમામ ૧૪ મેચ પુરાઃ અંતિમ મુકાબલામાં ધોની સેનાને ૬ વિકેટે હરાવી



મુંબઇ :

IPL 2025ની ૬૨મી મેચમાં રાજસ્થાન રોયલ્સે ૬ વિકેટે ચેન્નઈ સુપર કિંગ્સને હરાવીને જીત સાથે પોતાની વર્તમાન સીઝનની સફર પૂરી કરી હતી. ચેન્નઈએ આયુષ મ્હાત્રે અને ડેવાલ્ડ બ્રેવિસ જેવા યંગ બેટર્સની શાનદાર ઇનિંગ્સની મદદથી ૮ વિકેટ ગુમાવીને ૧૮૭ રન ફટકાર્યા હતા, રાજસ્થાને વૈભવ સૂર્યવંશી અને સંજુ સેમસન વચ્ચેની ૯૮ રનની પાર્ટનરશિપના આધારે ૧૭.૧ ઓવરમાં ચાર વિકેટે ૧૮૮ રન બનાવી શાનદાર જીત મેળવી હતી.

આ મેચ દરમ્યાન દિલ્હીના સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં ફેન્સ ચેન્નઈના કેપ્ટન ધોનીને રમતો જોવા ઊમટી પડ્યા હતા. રાજસ્થાને ૧૪ ગ્રુપ-સ્ટેજ મેચમાંથી માત્ર ચાર જીત સાથે પોઇન્ટ્સ ટેબલમાં નવમા ક્રમે રહીને સીઝનનો અંત આણ્યો હતો.

ટોસ હારીને પહેલાં બેટિંગ કરવા ઊતરેલા ચેન્નઈએ ૭.૪ ઓવરમાં ૭૮ રનના સ્કોરે પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર આયુષ મ્હાત્રે (૨૦ બોલમાં ૪૩ રન) અને ડેવાલ્ડ બ્રેવિસ (૨૫ બોલમાં ૪૨ રન)ની ધમાકેદાર બેટિંગની મદદથી ચેન્નઈ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવી શક્યું હતું. ઑલરાઉન્ડર શિવમ દુબે (૩૨ બોલમાં ૩૭ રન)એ છઠ્ઠી વિકેટ માટે બ્રેવિસ સાથે ૫૯ રન અને ધોની (૧૭ બોલમાં ૧૬ રન) સાથે સાતમી વિકેટ માટેની ૪૩ રનની ભાગીદારીથી સન્માજનક સ્કોર ઊભો કર્યો હતો. યુધવીર સિંહ અને આકાશ મધવાલને સૌથી વધુ ૩-૩ વિકેટ મળી હતી.

રાજસ્થાનના ઓપનર વૈભવ સૂર્યવંશી (૩૩ બોલમાં ૫૭ રન)એ કેપ્ટન સંજુ સેમસન (૩૧ બોલમાં ૪૧ રન) સાથે બીજી વિકેટ માટે ૫૯ બોલમાં ૯૮ રનની ભાગીદારી કરીને રન-ચેઝને સરળ બનાવી દીધો હતો. સંજુ રાજસ્થાન માટે ૪૦૦૦ IPL રન ફટકારનાર પહેલો પ્લેયર પણ બન્યો હતો. વિકેટકીપર-બેટર ધ્રુવ જુરેલે (૧૨ બોલમાં ૩૧ રન અણનમ) વિજયી સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી હતી. ચેન્નઈ તરફથી રવિચન્દ્રન અશ્વિને સૌથી વધુ બે વિકેટ ઝડપી હતી.

**પોઇન્ટ ટેબલ**

| ટીમ | મૅચ | જીત | હાર | નો-રિઝલ્ટ | નેટ રન-રેટ | પૉઇન્ટ |
|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૧૨ | ૯ | ૩ | ૦ | +૦.૭૯૫ | ૧૮ |
| બૅન્ગલોર | ૧૨ | ૮ | ૩ | ૧ | +૦.૪૮૨ | ૧૭ |
| પંજાબ | ૧૨ | ૮ | ૩ | ૧ | +૦.૩૮૯ | ૧૭ |
| મુંબઈ | ૧૨ | ૭ | ૫ | ૦ | +૧.૧૫૬ | ૧૪ |
| દિલ્હી | ૧૨ | ૬ | ૫ | ૧ | +૦.૨૬૦ | ૧૩ |
| કલકત્તા | ૧૩ | ૫ | ૬ | ૨ | +૦.૧૯૩ | ૧૨ |
| લખનઉ | ૧૨ | ૫ | ૭ | ૦ | -૦.૫૦૬ | ૧૦ |
| હૈદરાબાદ | ૧૨ | ૪ | ૭ | ૧ | -૧.૦૦૫ | ૯ |
| રાજસ્થાન | ૧૪ | ૪ | ૧૦ | ૦ | -૦.૫૪૯ | ૮ |
| ચેન્નઈ | ૧૩ | ૩ | ૧૦ | ૦ | -૧.૦૩૦ | ૬ |

# IPL ની ફાઈનલ અમદાવાદમાં રમાશે

મુંબઇ: ભારતીય ક્રિકેટ બૉર્ડે વર્તમાન IPL સીઝનના પ્લેઑફ રાઉન્ડની મેચોનાં નવાં વેન્યુની જાહેરાત કરી હતી. બોર્ડની જાહેરાત અનુસાર ટુર્નામેન્ટના એક અઠવાડિયાના સ્થગિત થયા પહેલાં હૈદરાબાદ અને કલકત્તા પ્લેઑફ મેચનું આયોજન કરવાનાં હતાં. હવામાન પરિસ્થિતિઓ અને અન્ય પરિમાણોને ધ્યાનમાં રાખીને IPL ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા પ્લેઑફ માટે નવાં સ્થળો ન્યુ ચંડીગઢ અને અમદાવાદ નક્કી કરવામાં આવ્યાં છે.

ન્યુ ચંડીગઢના મુલ્લાનપુરસ્થિત નવા સ્ટેડિયમમાં ક્વોલિફાયર-વન (૨૯ મે) અને એલિમિનેટર (૩૦ મે)ની મેચ રમાશે. ૨૦૨૪થી આ સ્ટેડિયમમાં ૯ જેટલી IPL મેચ રમાઈ છે અને પહેલી વાર પ્લેઑફ મેચની યજમાની કરશે, જ્યારે ક્વોલિફાયર-ટૂ (એક જૂન) અને ફાઇનલ મેચ (ત્રણ જૂન)ની યજમાની અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને મળી છે. અમદાવાદસ્થિત વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં ૨૦૨૨ અને ૨૦૨૩ની IPL ફાઇનલ મેચ સહિત ઘણી પ્લેઑફ મેચ રમાઈ હતી.



કવોલીફાયર-૨ પણ અમદાવાદમાં: કવોલીફાયર-૧ અને એલીમીનેટર ન્યુ ચંદીગઢમાં યોજાશેઃ ક્રિકેટ બોર્ડની જાહેરાત

# બુધવારનો મેચ બેંગ્લોરને બદલે હવે લખનઉમાં રમાશે

## વરસાદી જોખમને દ્યાને રાખીને સ્થળ બદલાવાયું

મુંબઇ:

ભારતીય ક્રિકેટ બોર્ડે વર્તમાન સીઝનની ૬૫મી મેચના વેન્યુના ફેરફારની પણ જાહેરાત કરી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ (RCB) અને સનરાઇઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૨૩ મેએ યોજાનારી મેચ હવે લખનઉના એકાના સ્ટેડિયમમાં રમાશે. વરસાદી વાતાવરણને કારણે મેચ પર અસર થઈ શકે એવી શક્યતાને કારણે આ મેચ બેન્ગલોરથી લખનઉમાં શિફ્ટ કરવામાં આવી છે.

આ પહેલાં ૧૭ મેએ બેન્ગલોર અને કલકત્તા વચ્ચેની મેચ વરસાદને કારણે રદ રહી હતી. બેન્ગલોરની ટીમ હવે પોતાની અંતિમ બે ગ્રુપ-સ્ટેજ મેચ લખનઉના એકાના સ્ટેડિયમમાં જ રમવાની છે. બેન્ગલોર ૨૭ મેએ લખનઉ સુપર જાયન્ટ્સ સામે પોતાની અને આ સીઝનની પણ અંતિમ ગ્રુપ-સ્ટેજ મેચ રમશે.



## તમામ મેચને વધારાનો એક કલાક ફાળવવામાં આવ્યો

ભારતીય ક્રિકેટ બોર્ડે પોતાના નિવેદનમાં જણાવ્યું કે, મંગળવાર (૨૦ મે) થી પ્લેઓફ સ્ટેજ સુધીની તમામ મેચમાં રમતની પરિસ્થિતિઓ માટે વધારાનો એક કલાક ફાળવવામાં આવ્યો છે. વરસાદની સ્થિતિ વચ્ચે પણ મેચ રમાવાની સંભાવનાઓમાં વધારો કરવા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# લખનઉ પ્લે ઓફમાંથી ફેંકાયુ છતાં માલિક ગોયન્કા ટીમની પડખે

### પંતના પરફોર્મન્સથી ટીમ માલીક નારાજ હતા




લખનઉ :લખનઉ સુપર જાયન્ટ્સની ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની હાર સાથે પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. હમણાં સુધી ૧૨માંથી માત્ર પાંચ મેચ જીતનાર લખનઉની ટીમ પોતાની છેલ્લી ચારેય મેચ હારી ચૂકી છે. લખનઉ હવે પોતાની અંતિમ મેચ ગુજરાત ટાઇટન્સ (બાવીસમી મે) અને રોયલ ચેલેન્જર્સ બેન્ગલુરુ (૨૭ મે) સામે રમશે.

ટીમના આ ખરાબ પ્રદર્શન બાદ માલિક સંજીવ ગોયનકાએ કેપ્ટન રિષભપંત સહિતના પ્લેયર્સ સાથેનો ફોટો શેર કરીને લખ્યું કે 'સીઝનનો બીજો ભાગ પડકારજનક રહ્યો છે, પરંતુ આપણે ઘણું બધું શીખી શકીએ છીએ. ઉત્સાહ, પ્રયત્ન અને શ્રેષ્ઠતાની ક્ષણો આપણને આગળ વધવા માટે ઘણું બધું આપે છે. બે મેચ બાકી છે; ચાલો, ગર્વથી રમીએ અને સીઝનનો અંત મજબૂતીથી કરીએ.' ૨૦૨૨ અને ૨૦૨૩માં એલિમિનેટર મેચ રમનાર લખનઉની ટીમ ૨૦૨૪ બાદ ૨૦૨૫માં પણ પ્લેઑફમાં પહોંચી શકી નથી.

### ૨૭ કરોડનો ખેલાડી રહ્યો ફ્લોપ

# ઋષભ પંત આ સિઝનમાં માત્ર એક જ વખત ૨૭ રનનો આંકડો પાર કરી શક્યો : તેને ૧૧ ઈનિંગ્સમાં માત્ર ૧૩૫ રન જ બનાવ્યાં



નવી દિલ્હી : આઈપીએલ ૨૦૨૫માં સોમવારે લખનઉ સુપર જાયન્ટ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં SRHએ લખનઉને છ વિકેટે પરાજય આપ્યો હતો. ફરી એકવાર એલએસજીનો કેપ્ટન રિષભ પંત ફ્લોપ રહ્યો હતો. ચાલું સિઝનમાં લખનઉની ટીમના કંગાળ પ્રદર્શનનું એક કારણ પંતની કંગાળ બેટીંગ પણ રહી છે. મેગા હરાજીમાં પંતને લખનઉએ ૨૭ કરોડમાં પોતાની ટીમમાં સામેલ કર્યો હતો, પરંતુ તે અત્યાર સુધી માત્ર એક જ વખત ૨૭ રનનો આંકડો પાર કરી શક્યો છે. બાકીની મેચોમાં તે ૨૫થી વધુ રન બનાવી શક્યો નથી. સોમવારે લખનઉની ટીમ પણ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે.

**આ સિઝનમાં પંતનું પ્રદર્શન :-**

પંતે આ સિઝનમાં અત્યાર સુધીમાં ૧૧ ઈનિંગ્સમાં ૧૨.૨૭ની એવરેજ અને ૧૦૦ની સ્ટ્રાઇક રેટથી ૧૩૫ રન બનાવ્યાં છે. તેમાં માત્ર એક અડધી સદીનો સમાવેશ થાય છે. બાકીની ૧૦ ઇનિંગ્સમાં તેનો સર્વોચ્ચ સ્કોર ૨૧ રન રહ્યો છે. તેણે આ સિઝનમાં ૦, ૧૫, ૨, ૨, ૨૧, ૬૩, ૩, ૦, ૪, ૧૮ અને ૭ રનની ઈનિંગ રમી છે. પોતાની પ્રથમ આઇપીએલ સિઝન એટલે કે ૨૦૧૬ને બાદ કરતાં પંતે ક્યારેય કોઇ સિઝનમાં ૩૦૦થી ઓછા રન બનાવ્યાં નથી. આ તેની બીજી સિઝન છે જ્યારે તેણે ૨૦૦ થી ઓછા રન બનાવ્યાં છે. ૨૦૧૬માં પંતે ૧૦ મેચમાં ૧૯૮ રન બનાવ્યાં હતાં. જેમાં એક અડધી સદીનો પણ સમાવેશ થાય છે.

**પંતની આઈપીએલ કારકિર્દી :-**

પંતે અત્યાર સુધી આઈપીએલ કરિયરમાં ૧૨૩ મેચોમાં ૩૨.૮૮ની એવરેજ અને ૧૪૬.૧૧ની સ્ટ્રાઇક રેટથી ૩૪૧૯ રન બનાવ્યાં હતાં. જેમાં એક સદી અને ૧૯ અડધી સદીનો સમાવેશ થાય છે. પંત આ સિઝનની મેગા હરાજીમાં સૌથી મોંઘા ખેલાડી તરીકે ઉભરી આવ્યો હતો. તે આઇપીએલ ઇતિહાસનો સૌથી મોંઘો ખેલાડી છે, પરંતુ તેનું પ્રદર્શન ખુબ જ નબળું રહ્યું છે. આ કારણે તેમની ટીમને પણ નુકસાન થયું છે. હવે જોવાનું એ રહેશે કે લખનઉની ફ્રેન્ચાઈઝીના માલિક સંજીવ ગોએન્કા કેવી પ્રતિક્રિયા આપે છે.

**પંતે કઈ સિઝનમાં કેટલા રન બનાવ્યાં :-**

પંતે ૨૦૧૭માં ૧૪ મેચમાં ૩૬૬ રન, ૨૦૧૮માં ૧૪ મેચમાં ૬૮૪ રન, ૨૦૧૯માં ૧૬ મેચમાં ૪૮૮ રન, ૨૦૨૦માં ૧૪ મેચમાં ૩૪૩ રન, ૨૦૨૧માં ૧૬ મેચમાં ૪૧૯ રન, ૨૦૨૨માં ૧૪ મેચમાં ૩૪૦ રન અને ૨૦૨૪માં ૧૩ મેચમાં ૪૪૬ રન બનાવ્યા હતા. તેની અણનમ ૧૨૮ રનની ઇનિંગ્સ તેની શ્રેષ્ઠ ઇનિંગ્સ છે જે તેણે ૨૦૧૮ માં સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ફટકારી હતી. પંતે ગયા વર્ષે કાર અકસ્માત બાદ પુનરાગમન કર્યું હતું અને ત્રણ અડધી સદી ફટકારી હતી, પરંતુ આ વર્ષે તેનું પ્રદર્શન કંઇ ખાસ રહ્યું નથી. લખનઉની ટીમની શરૂઆત સારી રહી હતી, પરંતુ વચ્ચે જ તે પાટા પરથી ઉતરી ગઈ હતી. આ ટીમે અત્યાર સુધીમાં ૧૨માંથી પાંચ મેચ જીતી છે, જ્યારે સાતમાં તેનો પરાજય થયો છે.

### ખાદ્ય ખર્ચમાં ફક્ત ૦.૫%નો વધારોઃ પર્સનલ કેર ખર્ચ ૯.૯% વધ્યો

# દેશમાં દવા અને દારૂ બન્નેના ખર્ચ વધ્યા



## કુટુંબદીઠ શરાબ પાછળનો ખર્ચ ૧૨ વર્ષનો સૌથી વધુ ૧૫.૭% વધ્યોઃ તબીબી ખર્ચમાં પણ ૧૭.૪%નો વધારોઃ મનોરંજન હવે ઘરમાં સમાયુઃ આઉટ ડોર ખર્ચ ઘટયો



નવી દિલ્હીઃ હજું હાલમાંજ એક ખબર આવ્યા કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ વર્ષે રૂા.૧૫૦૦૦ કરોડથી વધુનો શરાબનો ગેરકાનુની ધંધો છે અને તેમાં બુટલેગરથી પોલીસ અને પોલીટીશ્યનો સૌ કમાય છે પણ દેશનું ચિત્ર જુદુ છે. એક માત્ર ગુજરાત જ ડ્રીમ સ્ટેટ છે. બિહાર પણ ધીમે ધીમે ‘ભીનુ’ બનવા લાગ્યુ છે. તે સાથે રાષ્ટ્રીય સર્વેમાં માહિતી મળી છે. ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં દેશમાં હાઉસ હોલ્ડ- શરાબનો ખર્ચ ૧૫.૭% વધી ગયો છે જે ૨૦૨૨ બાદનો સૌથી વધુ છે. જો કે શરાબ અને સ્વાસ્થ્ય બન્ને સાથે સાથે ચાલી શકે નહી પણ દેશમાં તેઓ ખર્ચમાં તો તાલ મીલાવે જ છે. સરકારે જ જાહેર કરેલા આંકડા પરથી રસપ્રદ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં દેશમાં હાઉસહોલ્ડ એટલે કે કુટુંબ દીઠ શરાબનો ખર્ચ ૧૫.૭% વધ્યો છે તો બીજી તરફ હેલ્થ એટલે કે આરોગ્ય પાછળનો ખર્ચ ૧૭.૪% વધ્યા છે. જે ૧૨ વર્ષનો સૌથી વધુ છે. ૨૦૨૩ના નાણાકીય વર્ષમાં તે ૭.૨% વચ્ચે હતો જે આરોગ્ય ખર્ચ વધ્યો છે. તેમાં દવા-હોસ્પીટલ અને તબીબોની ફીનો સમાવેશ થાય છે. જેમાં સતત વધારો થયો છે. આમ દેશના લોકો દવા અને દારૂ બન્નેને સાથે રાખવા લાગ્યો છે. જયારે ખાદ્ય અને નોન-આલ્કોહોલીક એટલે કે શરાબ સિવાયના પીણા પાછળનો ખચ ૫% વધ્યો છે. જયારે કપડા અને ફુટવેર પાછળનો ખર્ચ ઘટયો છે. ખાદ્ય અને નોન-આલ્કોહોલીક પીણા પાછળનો વધેલો ખર્ચ લોકોની લાઈફ સ્ટાઈલ બદલઈ છે તે દર્શાવે છે. આવકનુ પ્રમાણ વધ્યુ છે. લોકો ખાદ્ય પર ઓછો અને ‘શોખ’ પાછળ વધુ ખર્ચ કરે છે અને પર્સનલ ગુડસ સર્વિસ એટલે કે વ્યક્તિગત રીતે સારસંભાળ અને કોસ્મેટીક તથા અન્ય ખર્ચ ૯.૯% વધ્યા છે. જે ૨૦૧૫ બાદ સૌથી વધુ છે. જો કે ભારતમાં મનોરંજન હવે ડિજીટલ અને ડ્રોઈંગરૂમ પુરતુ મર્યાદીત થયુ છે તેથી સાંસ્કૃતિક અને સામાજીક કાર્યક્રમો, શો વિ. પાછળનો ખર્ચ ઘટયા છે. જે ૪.૧%નો ઘટાડો દર્શાવે છે પણ ચિંતા પરના ખર્ચમાં ઘટાડાની છે. ખાસ કરીને ગ્રામ્ય ક્ષેત્રમાં તે અડધો જેટલો એક દશકામાં થયો છે. સરકાર લોકોનો ખર્ચ વધે અને તે રીતે ઉત્પાદન તથા ઈન્ડસ્ટ્રીઝ તથા રોજગારને વેગ મળે તે જોવા માંગે છે અને આ વર્ષના તમામ ડેટા તા.૩૦ મે ના જાહેર થશે.

# ૧ વર્ષમાં ૨૧૦૬ મિલ્કતોને નોટીસ : માત્ર ૧૫ ફાયર NOC ઈશ્યુ!

| વોર્ડ | કુલ નોટીસ | એન.ઓ.સી. |
|---|---|---|
| ૧ | ૧૮૭ | ૧ |
| ૯ | ૧૬૭ | ૦ |
| ૧૨ | ૧૬૮ | ૩ |
| ૧૩ | ૧૬૯ | ૨ |
| ૪ | ૧૭૧ | ૦ |
| ૫ | ૩૬ | ૨ |
| ૬ | ૭૧ | ૩ |
| ૧૨ | ૧૯ | ૧ |
| ૨ | ૭૪ | ૦ |
| ૩ | ૧૨૬ | ૧ |
| ૧૬ | ૭ | ૦ |
| ૧૭ | ૭ | ૦ |
| ૧૮ | ૬૬ | ૦ |
| ૭ | ૨૩૫ | ૦ |
| ૧૪ | ૧૧૬ | ૦ |
| ૮ | ૨૦૨ | ૦ |
| ૧૦ | ૧૦૨ | ૧ |
| ૧૧ | ૮૩ | ૧ |
| કુલ | ૨૧૦૬ | ૧૫ |

## અર્ધા વોર્ડમાં એક પણ સર્ટીફીકેટ અપાયું નથી : ‘સેનાપતિ’ વગરની ફાયર શાખાની કામગીરી માત્ર નોટીસ આપવા પૂરતી રહી ગઇ : સૌથી વધુ નોટીસો વોર્ડ નં.૭ અને ૮માં...

રાજકોટ, તા. ૨૧

શહેરના નાના મવા રોડ પર ટીઆરપી ગેમઝોનમાં ગત તા. ૨૫-૫ના રોજ સર્જાયેલા ભીષણ અગ્નિકાંડની ઘટનાને એક વર્ષ થવા આવ્યું છે અને કોંગ્રેસ દ્વારા ન્યાય માટે નવું આંદોલન શરૂ કરાયું છે ત્યારે મનપાની સેનાપતિ વગરની ફાયર શાખાએ એક વર્ષમાં ફાયર એનઓસીની કામગીરી ટોકનરૂપ પણ નહીં કર્યાનું જનરલ બોર્ડમાં જ તંત્રએ સ્વીકાર્યુ છે. આગની ઘટના બાદથી કોર્પો.માં ચીફ ફાયર ઓફિસરની જગ્યા ખાલી છે અને શાખાના અધિકારીઓ જાણે પરાણે કામ કરતા હોય તે રીતે એક વર્ષમાં ૨૧૦૬ નોટીસ સામે માત્ર ૧૫ એનઓસી ઇસ્યુ કર્યા છે.

ગેમ ઝોન અગ્નિકાંડ બાદ પૂરા રાજકોટમાં ફાયર સેફટી ચેકીંગ શરૂ કરાયું હતું. રહેણાંક અને બિનરહેણાંક ઇમારતોને ધડાધડ નોટીસ અપાઇ હતી. ગેમ ઝોન, લગ્ન હોલ, વાડી, પાર્ટી પ્લોટ, અનેક કોમર્શિયલ મિલ્કતો સીલ કરવાના પગલા પણ લેવાયા હતા. પ્રસંગો પણ બંધ થવાની નોબત આવતા રાજય સરકારનું માર્ગદર્શન મેળવીને સોગંદનામાના આધારે ધીમે ધીમે જગ્યા ખોલવા મંજૂરી અપાતી હતી. ફાયર એનઓસી માટેના કડક નિયમોનો અમલ શરૂ કરાવાયો હતો. આ દરમ્યાન ચીફ ફાયર ઓફિસરની પણ ધરપકડ થતા ત્યારથી આ જગ્યા ખાલી છે.




વચ્ચે થોડો સમય આવેલા કચ્છના ચીફ ફાયર ઓફિસર તો ઓફિસમાં જ લાંચ લેતા પકડાતા રાજકોટ કોર્પો.ની આબરૂનો ધજાગરો થયો હતો. કોર્પો.ના કોઇ ઓફિસર આ ચાર્જ સંભાળવા તૈયાર થતા ન હતા. અન્ય શહેરોમાંથી કોઇ અધિકારી રાજકોટમાં આવવા તૈયાર નથી. આથી હાલ વર્ગ-૩ના સ્ટેશન ઓફિસર આ હોદો સંભાળે છે. પરંતુ જવાબદારીથી કંટાળીને તેઓ પણ રાજીનામુ આપી ચૂકયા છે. તેમને દર મહિને સમજાવીને હોદા પર ચાલુ રાખવામાં આવે છે. બાકી તેઓ હવે નોકરી કરવા માંગતા ન હોવાનું અધિકારીઓ અને પદાધિકારીઓને જણાવી ચૂકયા છે.

હવે જનરલ બોર્ડમાં અપાયેલા જવાબ મુજબ એક વર્ષમાં શહેરના ૧૮ વોર્ડમાં ફાયર એનઓસી માટે ૨૧૦૬ નોટીસ આપવામાં આવી હતી. તેમાંથી ૧૫ મિલ્કતોને જ ફાયર એનઓસી અપાયા છે. મતલબ કે અન્ય મિલ્કતો કાં તો ફાયર એનઓસી લેતી નથી અથવા તેને સર્ટીફીકિટ મળવાપાત્ર નથી. આ સંજોગોમાં ફાયર સેફટીનો મુદ્દો તો પાછળ જ રહી ગયો છે. હવે તો રહેણાંકમાં પણ ફાયર સેફટી સર્ટીફીકિટ માટે નોટીસો જઇ રહી છે. વોર્ડવાઇઝ જોઇએ તો રાજકોટમાં સૌથી વધુ નોટીસ વોર્ડ નં.૭ના જુના રાજકોટના વિસ્તારોમાં ૨૩૫ આપવામાં આવી છે પરંતુ કોર્પો. કચેરી પાછળના કનક રોડ સ્ટેશનના આ વિસ્તારમાં એક પણ એનઓસી ઇસ્યુ થયું નથી. કાલાવડ રોડના વોર્ડ નં.૮માં ૨૦૨ નોટીસ સામે પણ કોઇ પ્રમાણપત્ર ઇસ્યુ થયું નથી. કુલ આઠ ફાયર સ્ટેશન હેઠળ કોર્પો.નો આ વહીવટ ચાલે છે. પરંતુ વોર્ડ નં.૯, ૪, ૨, ૧૬, ૧૭, ૧૮, ૭, ૮ અને ૧૪માં એક પણ સર્ટીફીકિટ ઇસ્યુ નહીં થયાનું ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે લેખિતમાં જણાવ્યું છે.

કનક રોડ અને કાલાવડ રોડ ફાયર સ્ટેશનોએ સૌથી વધુ નોટીસ આપી છે તે ઉલ્લેખનીય છે.

# પાર્કિંગની જગ્યા ન હોય તો કાર નહિં ખરીદી શકાય

## મહારાષ્ટ્ર સરકારે નવી નીતિ બનાવી



મુંબઈઃ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં વાહનોની સંખ્યામાં છેલ્લાં કેટલાંક વર્ષમાં ધરખમ વધારો થયો છે જેને કારણે પાર્કિંગની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. આ સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે સોમવારે નવી પાર્કિંગ પોલિસી બાબતે એક મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય વિશે રાજ્યના પરિવહનપ્રધાન પ્રતાપ સરનાઈકે કહ્યું હતું કે ‘મુંબઈ મેટ્રોપોલિટન રીજન (MMR) ક્ષેત્રમાં પાર્કિંગ અને ટ્રેફિકની વધી રહેલી મુશ્કેલી અને ઉકેલ બાબતે હાઈ લેવલની બેઠકમાં લાંબી કરવામાં આવી હતી. અમે હાઉસિંગ સોસાયટીઓમાં પાર્કિંગની જગ્યાની વ્યવસ્થા થાય એ વિશે વિચારી રહ્યા છીએ. ડેવલપમેન્ટના નિયમ મુજબ ફ્લેટની સાથે ફરજિયાત પાર્કિંગની અને જગ્યા આપવામાં આવે એ જરૂરી છે. સંબંધિત વિભાગ દ્વારા પાર્કિંગની જગ્યા અલોટ કરવામાં આવી હોવાનું સર્ટિફિકેટ નહીં હોય તો નવી કારનું રજિસ્ટ્રેશન નહીં કરીએ. આ ઉપરાંત MMRમાં વાહનો પાર્ક કરવા માટે પાર્કિંગ પ્લાઝા બનાવવાની વિચારણા કરવામાં આવી ચર્ચા રહી છે. અર્બન ડેવલપમેન્ટ વિભાગ હાઉસિંગ આના પર કામ કરી રહ્યો છે.’

# કન્ફર્મ ટિકિટ વિના હવે ગુજરાત અને મુંબઈના ૧૨ રેલવે સ્ટેશને નો-એન્ટ્રી

## રેલવે બોર્ડ દ્વારા દરખાસ્ત મોકલાઈઃ અગાઉ ભારે ભીડથી ભાગદોડના બનાવો બન્યા હોવાથી નિર્ણય

નવીદિલ્હી,તા.૨૧

રેલવે સ્ટેશનોએ હાલ કોઈપણ વ્યક્તિ સરળતાથી દાખલ થઈ શકે છે. તેને બદલે હવે મહત્વનાં રેલવે સ્ટેશનો પર પણ મેટ્રો જેવી એકસેસ કન્ટ્રોલ સિસ્ટમ અસ્તિત્વમાં આવશે. મતલબ કે પ્રવાસીની ટિકિટ સ્કેન થયા બાદ જ તેને રેલવે સ્ટેશનમાં એન્ટ્રી મળશે. મુંબઈ અને ગુજરાતનાં ૧૨ મહત્વનાં સ્ટેશનોએ આવી સિસ્ટમ લાગુ કરવા માટે વેસ્ટર્ન રેલવે દ્વારા રેલવે બોર્ડને દરખાસ્ત મોકલાઈ છે.

યાદીમાં સામેલ મુંબઈનાં સ્ટેશનોમાં બોરીવલી, અંધેરી અને બાંદરા ટર્મિનસનો સમાવેશ થાય છે. આમાંથી બોરીવલી અને બાંદરા ટર્મિનસથી ગુજરાત આવતી જતી ટ્રેનો થોભે છે. બીજી તરફ અંધેરી મુંબઈનું વેસ્ટર્ન લાઈનનું લોકલ ટ્રેનોનું મહત્વનું મથક છે. અહીંથી જ મેટ્રો સેવાઓ સાથે ઈન્ટરચેન્જ પણ સામેલ છે.

(અનુ. પાના નં. ૧૨ પર)

# નેશનલ સ્પોટ એકસચેંજમાં ફસાયેલા ૫૬૮૨ ટ્રેડર્સના ૧૯૫૦ કરોડ પરત મળવાનો માર્ગ મોકળો;સેટલમેન્ટને સમર્થન

## ૯૦ ટકાથી વધુ ટ્રેડર્સોએ વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ મંજુર કરતા લો ટ્રીબ્યુનલને સોંપાઈ

મુંબઈઃ નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડે (NSEL) પોતાની પેરન્ટ કંપની ૬૩ મૂન્સ ટેકનોલોજીઝ લિમિટેડના સહયોગથી ૫૬૮૨ ટ્રેડર્સ સાથેની આખરી અને સૌહાર્દપૂર્ણ વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NOT), મુંબઈ સમક્ષ રજૂ કરી હતી. આ વન ટાઈમ સેટલમેન્ટનો મૂળ પ્રસ્તાવ મોટી સંખ્યામાં ટ્રેડર્સનું પ્રતિનિધિત્વ કરી રહેલા સંગઠન - એનએસઈએલ ઇન્વેસ્ટર્સ ફોરમ (NIT) દ્વારા મૂકવામાં આવ્યો હતો.

આ સ્કીમ ઑફ સેટલમેન્ટ અનુસાર ૫૬૮૨ ટ્રેડર્સને ૨૦૨૪ની ૩૧ જુલાઈની એમની લેણી રકમના પ્રમાણ અનુ એર કુલ ૧૯૫૦ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવશે. એને પગલે ૬૩ મૂન્સ ગ્રુપની વિરુદ્ધના તમામ કાનૂની કેસ બંધ કરવામાં આવશે અને ટ્રેડર્સના તમામ હક ૬૩ મૂન્સના ફાળે જશે.

NCLTએ આ પ્રસ્તાવિત સ્કીમ ઑફ સેટલમેન્ટ પર ટ્રેડર્સનું ઈ-વોટિંગ કરાવવાનો ૨૦૨૫ની ૮ એપ્રિલના રોજ આદેશ આપ્યો હતો. NCLTએ ઈ-વોટિંગ પર દેખરેખ રાખવા માટે

(અનુ. પાના નં. ૧૨ પર)

# ગોંડલ રોડની પ્રેમવતીનો શરતભંગનો રિપોર્ટ કલેકટરને સોંપતા પ્રાંત અધિકારી

## કલેકટર તંત્ર દ્વારા વર્ષો પૂર્વે ઔદ્યોગિક હેતુ માટે ફાળવાયેલ ૧૦ હજાર ચો.મીટર જમીનમાં શરતભંગ થયાનું તપાસમાં ખુલ્યા બાદ તાલુકા મામલત્તદારના રિપોર્ટના આધારે કાર્યવાહી

રાજકોટ તા.૨૧

શહેરના ગોંડલ રોડ ચોકડી પાસે આવેલી પ્રેમવતી (રેસ્ટોરન્ટ)નો શરતભંગનો રીપોર્ટ અંતે સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા જીલ્લા કલેકટર પ્રભવ જોશીને સોંપી દેવામાં આવેલ છે.

કલેકટર તંત્ર દ્વારા વર્ષો પૂર્વે ઔદ્યોગિક હેતુ માટે સર્વે નં.૩૮ પૈકી ૧ની ૧૦ હજાર ચો.મીટર જમીન ઔદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી હતી. પરંતુ આ જમીન ઉપર બીએપીએસ સંસ્થા દ્વારા હેતુ ફેર કર્યા વગર પ્રેમવતી રેસ્ટોરન્ટ ગાર્ડન ખડકી દેવામાં આવેલ હોવાનું ખુલ્યું હતું. તાલુકા મામલતદારની તપાસમાં આ પ્રકરણમાં શરતભંગ થયાનું ખુલ્યું હતું. આ મામલે તાલુકા મામલતદાર દ્વારા અગાઉ સીટી પ્રાંત-૨ અધિકારીને રીપોર્ટ કરવામાં આવેલ હતો. જે બાદ ફરી શરતભંગના આ પ્રકરણમાં પૂર્તતા રીપોર્ટ તાલુકા મામલતદાર મકવાણા દ્વારા સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈનને સોપવામાં આવેલ હતો. જે બાદ હવે સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા આ મામલે કલેકટર પ્રભવ જોશીને રીપોર્ટ સોંપી દેવામાં આવેલ છે. આ પ્રકરણમાં હવે કલેકટર પ્રભવ જોશીના પગલા તરફ મીટ મંડાઈ છે.

# રામવન પાસે ટ્રકે એક્ટિવાને હડફેટે લીધું, મંછાનગરના પાંચ બહેનના એકના એક ભાઈ સંજય જાદવનું મોત

## ૨૨ વર્ષીય મૃતક કામ સબબ આજીડેમ ચોકડી તરફથી ગોંડલ ચોકડી જતો હતો, બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો

રાજકોટ, તા.૨૧

અકસ્માત સ્પોટ ગણાતા રામ વન પાસે આજે વધુ એક અકસ્માતની ઘટના બની છે. જેમાં પાંચ બહેનના એકના એક ભાઈએ જીવ ગુમાવ્યો છે. આજીડેમ ચોકડી પાસે મંછાનગરમાં રહેતો ૨૨ વર્ષીય સંજય જાદવ એકટીવા લઈને જઈ રહ્યો હતો ત્યારે કાળમુખા ટ્રકે હડફેટે લેતા તેનું કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે પોલીસ સૂત્રો તરફથી મળતી વિગત મુજબ, સંજય ભુરાભાઈ જાદવ (ઉંમર વર્ષ ૨૨, રહે. મંછાનગર શેરી નંબર ૫, આજીડેમ ચોકડી) આજે બપોરે તેનું એકટીવા લઈ આજીડેમ ચોકડીથી ગોંડલ ચોકડી તરફ હાઈવે રોડ ઉપર જતો હતો. ત્યારે બપોરે ૧:૦૦ વાગ્યા આસપાસ તે રામવન અને મુરલીધર બ્રિજની વચ્ચે રોડ પર જઈ રહ્યો હતો ત્યારે અચાનક બેફામ સ્પીડમાં



આવેલા કાળમુખા ટ્રકે સંજયને એકટીવા સમેત હડફેટે લીધો હતો. અકસ્માત સર્જાતા સંજય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવતા સારવારમાં દમ તોડી દીધો હતો.

બનાવની જાણ થતા પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. સંજયના પરિવારજનોએ જણાવ્યું કે, સંજય પાંચ બહેન અને એક ભાઈમાં મોટો હતો. તેના પિતા ભુરાભાઈ કારખાનામાં નોકરી કરે છે અને સંજય પોતે પણ કારખાનામાં નોકરી કરતો હતો. આજે તે કામ સબબ પોતાનું એકટીવા લઈને ગોંડલ ચોકડી તરફ જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. પાંચ બહેનના એકના એક ભાઈએ અકસ્માતમાં જીવ ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો હતો.

# ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં કાર્યક્રમોમાં QR કોડ વિના પ્રવેશ નહીં



## કાર્યક્રમોમાં જે અપેક્ષિત હોય તેમના QR કોડ જનરેટ કરવાની પ્રક્રિયા શરૂઃ કોડ સ્કેન થયા બાદ એન્ટ્રી મળશે

રાજકોટ,તા.૨૧

વડોદરામાં મુખ્યમંત્રીના કાર્યક્રમ દરમિયાન હરણી બોટ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓના વાલીઓએ પૂછેલા પ્રશ્નો બાદ હવે આગામી દિવસોમાં ગુજરાતમાં વડાપ્રધાનનો કાર્યક્રમ થવા જઈ રહ્યો છે, તેમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં હાજર રહેનારાઓને QR કોડ આપવામાં આવી રહ્યાં છે. આ QR કોડ સ્કેન કરાયા બાદ જ કાર્યક્રમમાં એન્ટ્રી મળશે. સુરતમાં ભાજપના કોર્પોરેટરો, હોદ્દેદારો સાથે એન.જી.ઓ. જે હાજર રહેવાના હોય તેઓને QR કોડ માટેની પ્રક્રિયા થઈ રહી છે. વડા પ્રધાનના કાર્યક્રમમાં હાજર રહેનારાની QR કોડ બાદ જ એન્ટ્રીની વાત સુરતમાં ચર્ચાનો વિષય બની છે.

ઓપરેશન સિંદૂર પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલી વાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત મુલાકાત દરમિયાન અમદાવાદ, દાહોદ, ભૂજમાં કાર્યક્રમોમાં હાજરી આપી શકે છે. આ કાર્યક્રમમાં સુરત પાલિકાના ૫૦૦ કરોડથી વધુના પ્રકલ્પોના લોકાર્પણ અને ખાત મુર્હૂત કરવામાં આવશે. જેમાં ૧૫૦ કરોડના બાયોડાયવર્સીટી પાર્કનો સમાવેશ થાય છે. વડાપ્રધાનના આ કાર્યક્રમમાં સુરતથી ૧૪૦૦ લોકો જાય તેવો અંદાજ કરવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમમાં ભાજપના કોર્પોરેટરો, શહેરના હોદ્દેદારો, વોર્ડના પ્રમુખ, માજી પ્રમુખ સાથે શહેરના એન.જી.ઓના સભ્યો, તબીબ અને સી.એ. જેવાને હાજર રાખવા માટે કવાયત શરૂ થઈ રહી છે. જોકે, જેમને અપેક્ષિત હોય તેવાને QR કોડ જનરેટ કરવામાં આવી રહ્યાં છે. ભાજપના ગ્રુપમાં QR કોડ માટે

(અનુ. પાના નં. ૧૨ પર)

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

શેડ ભાડે આપવાના છે @શાપર મે. રોડ
80 થી 100 વારના
ફુલ બાંધકામ, ડબલ હાઇટ, ઓફીસ સાથે
98795 20700

પ્લોટ વેચવાનો છે
150 વારના 3 પ્લોટ વેચવાના છે
ભોમેશ્વરમાંજાગૃતિશ્રમજીવીસોસાયટીમાં
પ્લોટ વેચવાના છે
વિષ્ણુ વિહાર સોસાયટીમાં
98242 12436

Managed By : M.B. Education & Cheritable Trust
SEN SARVODAYA COLLEGE
(AFFILIATED TO SAURASHTRA UNIVERSITY & AICTE APPROVED)
B/h. P.D.M. College Campus, Gondal Road, Rajkot. Ph. : 0281-2366537, Mo. 9409780700
B.C.A. B.Sc.(IT) B.Sc. M.Sc.(IT)
પ્રવેશ માટે સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરવો, રજાના દિવસે પણ પ્રવેશ કાર્યવાહિ ચાલુ છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
વ્યાજદર ફક્ત ૯.૨૫%* થી
GST સરોગેટ ઓવરડ્રાફ્ટ સુવિધા
છેલ્લા ૧ વર્ષનું GST રિટર્નના વેચાણનાં ૩૦%નું ધિરાણ
સિક્યુરીટી કવરેજ ૧૨૫%
રૂા. ૨.૫૦ કરોડ સુધી ધિરાણની સુવિધા
જામીનની જરૂરિયાત નહિ
*શરતોને આધિન
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક સહકારથી સમૃદ્ધિ

